# શ્રીવેણુગીત

પ્ર. ચુનીલાલ પરીખ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શ્રીકૃષ્ણાય નમઃ

શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ

# શ્રીવેણુગીત

## શ્રીમદ્ભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધ અ. ૧૮.

## ગુજરાતી ભાષાન્તર

શ્રીમદ્વલ્લભાચાર્યજીકૃત શ્રીસુબોધિનીજી તેમજ અન્ય સર્વ ટીકાઓના આધારે


પ્રથમ અનુવાદક—

પ્રાપ્તભગવચ્ચરણ શાસ્ત્રીજી મગ્નલાલ ગણપતિરામ, એમ, એ.

ઉપોદ્ઘાતના લેખક-ગોસ્વામી શ્રીવ્રજનાથલાલજી વિ. મહારાજ.

સંશોધક-શ્રીવૈષ્ણવસેવામંડલ, ૪૭૮ ડંકનરોડ, મુંબઈ.



પ્રકાશક—**ચુનીલાલ પરીખ.**

ઓ. સે. શ્રીવૈષ્ણવસેવામંડલ, ૪૭૮ ડંકનરોડ, મુંબઈ.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

નોંછાવર—પ્રતના રૂા. ૦-૧૨-૦. પોસ્ટેજ જુદું.

પવિત્રાએકાદશી, શ્રીવલ્લભાબ્દ ૪૫૯.

શ્રાવણ શુદ ૧૧. વિક્રમ સંવત્ ૧૯૯૩.

# શ્રીસુબોધિનીજી

શું વાંચવાથી શ્રીભાગવતનો ગૂઢ અર્થ સમજાય ?
શ્રીહરિરાયજીએ શેના અવલોકનવિના વૃથા જન્મ કહ્યો છે ?
કયા ગ્રંથમાં પુષ્ટિમાર્ગના મૂલભૂત સિદ્ધાન્તો મળે ?
શું વાંચવાથી માહાત્મ્ય જાણી સેવામાં પ્રેમ વધે ?
બબેવાર પ્રભુની આજ્ઞા ઉથાપીને પણ શ્રીવલ્લભાધીશે
વૈષ્ણવોને શું અમુલ્ય દાન આપ્યું ?
શું વાંચવાથી સાંપ્રદાયિક મતભેદો દુર ભાગે ?
રસરૂપ પ્રભુનો રસાસ્વાદ શું વાંચવાથી મળે ?
વૈષ્ણવનું સર્વસ્વ શ્રીભાગવત—આધિદૈવિકસ્વરૂપ—
શ્રીનાથજી તેમની લીલા સમજાવનાર ઉત્તમ ગ્રંથ કયો ?
વેદવૃક્ષ, ફ્લ શ્રીભાગવત, તેનો રસ સમજાવનાર શું ?
આ સર્વનો ઉત્તર એક જ જે 'શ્રીસુબોધિનીજી'
વિજ્ઞપ્તિ—વૈષ્ણવોએ અવશ્ય શ્રીસુબોધિનીજીના સંપૂર્ણ પ્રકાશનમાટે એક પણ મિનિટ ગુમાવવી જોઈએ નહિ.

પ્રકાશક.

સર્વહક પ્રકાશકોને સ્વાધીન.

પુસ્તકો મળવાનાં ઠેકાણાં—

પ્રથમ તમારા જ ગામમાં મેમ્બરતરીકે જે વૈષ્ણવે સામટી પ્રતો મંગાવી હોય તેની તપાસ કરી ત્યાંથી જ છુટક ખરીદનારાઓએ ખરીદવી, અથવા સાંપ્રદાયિક બૂકસેલરો પાસેથી ખરીદવી.

મુંબઈ માટે કાયમી મેમ્બરો—ચુનીલાલ પરીખ એન્ડ કું૦

મારબલ, માંગલોરી નળીઆં, સર્વે જાતની લાદીઓ, તથા
ટાઇલ્સના વેપારીઓ અને એજન્ટો.
૪૭૮ ડંકનરોડ, મુંબઈ નં. ૪.

Printed by Fakirchand Maganlal Badami. at The "Jain Vijayanand" Printing Press. Kanpith Bazar SURAT & Published by Chunilal Parikh, Hon. Secy. Shri Vaisnav Sava Mandal 478, Duncan Rd. Bombay. 17-8-1937.

## અખંડભૂમંડલ-આચાર્યવર્ય શ્રીકૃષ્ણવદનવિરહ વૈશ્વાનરાવતાર શ્રીમદ્‌વલ્લભાચાર્યજી
## (શ્રીમહાપ્રભુજી)



**श्रीभागवतगूढार्थप्रकाशनपरायणः । साकारब्रह्मवादैकस्थापको वेदपारगः ॥**
**मायावादनिराकर्ता सर्ववादिनिरासकृत् । भक्तिमार्गाब्जमार्त्तण्डः स्त्रीशूद्राद्युद्धृतिक्षमः॥**
**श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमः । तत्सारभूतरासस्त्रीभावपूरितविग्रहः ॥**
**पृथक्शरणमार्गोपदेष्टाश्रीकृष्णहार्दवित् । प्रतिक्षणनिकुंजस्थलीलारससुपूरितः ॥**

શ્રીભાગવતના ગૂઢ અર્થનો પ્રકાશ કરવામાં તત્પર એવા; બ્રહ્મ સાકાર છે, એ વાદના એક જ સ્થાપન કરનારા, અને વેદના પારને પામેલા એવા **શ્રીમદ્વલ્લભાચાર્યજી.**

માયાવાદનું ખંડન કરનારા, સર્વ વાદિઓનો પરાજય કરનારા, ભક્તિમાર્ગરૂપી કમલને વિકસાવનાર સૂર્યરૂપ, અને સ્ત્રીઓ, શૂદ્રો, વગેરેનો ઉદ્ધાર કરવા સમર્થ એવા **શ્રીવલ્લભાચાર્યજી.**

શ્રીભાગવતરૂપી અમૃતસમુદ્રનું મથન કરનારા, અને તેના સારભૂત 'રાસ' અને 'સ્ત્રીભાવ'થી પૂરાયલા શ્રીઅંગવાળા **શ્રીવલ્લભાધીશ.**

વિલક્ષણ-જુદા એવા શરણમાર્ગનો ઉપદેશ કરનારા, શ્રીકૃષ્ણના હાર્દને જાણનારા, અને ક્ષણે ક્ષણે નિકુંજમાં થતી (રાસ)લીલાના રસે કરીને પરિપૂર્ણ એવા **શ્રીમહાપ્રભુજી.**

श्रीकृष्णाय नमः

# પ્રાસંગિક નોંધ

પુષ્ટિમાર્ગ એટલે અનુગ્રહનો જ માર્ગ; સ્વેચ્છાચારી વૃન્દાવનવિહારી રસેશ શ્રીકૃષ્ણ અનુગ્રહ કરી નિજ સેવકપાસે જે અને જેટલી સેવા કરાવે તેટલી જ સેવા તે સેવકથી બની શકે. **તામસસાધનપ્રકરણનું** ભાષાંતર સં. ૧૯૯૧ ના કાર્તિકમાસમાં પ્રકટ કર્યું; તે વખતે કાર્ય કર્તાઓનો ઉમંગ અને ખરીદનારાઓની પણ આતુરતા જોતાં એવો મનોરથ સેવેલો જે બીજા જ વર્ષમાં **તામસપ્રમેયપ્રકરણનું** ભાષાંતર પણ અવસ્ય પ્રકટ કરી શકાશે, તેથી તેના પ્રકાશનમાટે જાહેર કરી દીધું.

લોટ, પાણી અને લાકડાં, એ સાહિત્ય હોય અને જ્યારે યથાયોગ્ય રીતે અનુભવી રસોઈ બનાવનાર મળે ત્યારે જ સુંદર અને ઉત્તમ સામગ્રી બને, અને પછી તે પ્રભુને અંગીકાર કરાવી પ્રસાદ લઈએ તો જ રસાસ્વાદ આવે, તેમ આ નામ સેવાકાર્યમાં પણ (૧.) શુદ્ધ સરળ ગુજરાતી ભાષાંતર કરનાર, (૨.) પુરેપુરી **દ્રવ્યની** ગોઠવણ, (૩.) સંશોધન, સારો પ્રેસ, વગેરે સર્વ પ્રકાશક કાર્યોત્તેજક વ્યવસ્થા વગેરે; આ ત્રણે સામગ્રી પ્રભુના અનુગ્રહથી મળે, અને (૪.) સાંપ્રદાયિક સર્વ જનતા તરફથી લાગણી પૂર્વક સંપૂર્ણ ઉત્તેજન; આ સર્વ અંગો ભેગાં મળે તો જ આ નામસેવાના અંગભૂત શ્રીસુબોધિનીજીનું પ્રકાશનકાર્ય ઉમંગપૂર્વક ચાલુ રહે.

**ભાંષાતરવિષે**—તામસસાધનપ્રકરણમાટે ભાષાંતર, પ્રેસકૉપી, વગેરે સહજમાં ગોઠવણ થઈ હતી, પણ પ્રભુ ઇચ્છાએ ત્યારપછી વધુ ગુજરાતી ભાષાંતરમાટે ઉપેક્ષા જ સેવાઈ; કાર્યની ગતિ અટકી પડી; નવા ભાષાંતરમાટે કાંઈ પણ સંજોગો ન જણાતાં પ્રાપ્ત ભ.ચ.પરમપૂજ્ય મગનલાલ ગણપતિરામ શાસ્ત્રીજીના વેણુગીતના અનુવાદતરફ દૃષ્ટિ પડી, અને આ અધ્યાય **પ્રમેયપ્રકરણમાંનો** જ છે, એટલે જો પછીથી બીજા ૭ અધ્યાયના ભાષાંતરની ગોઠવણ થશે તો આખું પ્રમેયપ્રકરણ પણ પ્રકટ કરી શકાશે; એ જીજ્ઞાસાથી કાર્ય શરુ કર્યું. મુરબ્બી ધીરજભાઈ ને વાત કરી, તેમની તબીયત નરમ, આંખ નબળી, છતાં પણ જો કોઈ તેમને ત્યાં જઈ લખી લે તો સંસ્કૃતમય શબ્દોનું સરળ ભાષાંતર તેઓશ્રી ફક્ત લખાવે એમ જણાવ્યું; જે કાર્ય મેં જ દુકાનનું કાર્ય છોડીને પણ તેમના સમયાનુસાર પુરું કર્યું, અને તેમણે જે પ્રમાણે લખાવ્યું તે ડીક્ટેક્ટ કરી લીધું; તે તેમના જ શબ્દોથી સ્પષ્ટ સમજાશે. ફક્ત ડીક્ટેક્ટ કરાવેલી (લખાવેલી) ભાષાંતરની નોંધ ઉપરથી જ જો છપાવવામાં આવે તો બોલવામાં અને સમજવામાં ફેર હોય તે સર્વ અશુદ્ધિ રહી જાય; તેથી પ્રેસકૉપી તો શાસ્ત્રીજીના ભાષાંતર સાથે મેળવીને સુધરાવવી જ જોઈએ, મંદ વાતાવરણમાં પ્રભુએ તેમાટે ભાઈ મોહનલાલ ગુ. જરીવાળા અને હરિલાલની સહાયતા મેળવી આપી અને ના હિંમત થતો બચાવ્યો, જ્યાં જ્યાં ફેરફાર જણાયો ત્યાં સુધારા વધારા કર્યા, શ્રીસુબોધિનીજી અને વિવેચનને છુટું પાડી મેં બરાબર મેળવી લીધું, અને ફુલ નહિ ને ફુલની પાંખડી, તેમ જ ત્વરાએ નહિ પણ બે માસના કાર્યને બાર માસે ફક્ત **વેણુગીતનો** એક જ અધ્યાય પ્રકટ કરવા હું ભાગ્યશાળી થયો અને હવે મારે પ્રમેયપ્રકરણ તેમજ વધુ સુબોધિનીજીનાં ભાષાંતરના કાર્યની સેવામાટે પ્રભુના અનુગ્રહપર જ છોડવું પડે છે.

જે વિદ્વાનની **તામસપ્રમેય**પ્રકરણ તેમ જ કોઈ પણ સુબોધિનીજીનું સંપૂર્ણ સાહિત્ય સાથે સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાની ઇચ્છા થાય. તેઓશ્રીને લખી જણાવવા હું વિનવું છું, જેથી પુસ્તકો વગેરેની ગોઠવણ કરી આપવામાં આવશે, અને ભાષાંતરમાટે ગોઠવણ થશે.

**દ્રવ્યવ્યવસ્થા**—શ્રીસુબોધિનીજીનું પ્રકાશનકાર્ય એ ઘણું જ અગત્યનું અને કાયમી છે; ઉત્તમમાં ઉત્તમ **નામસેવા** છે; છતાં દ્રવ્યપાત્ર વર્ગ તરફથી આ સેવામાટે ઉપેક્ષા જ થતી જોવામાં આવે છે.

બનવા જોગ છે જે કદાચ તેઓનું દ્રવ્ય આવી ઉત્તમ સેવાના કાર્યમાં અંગીકાર કરવાની પ્રભુની ઇચ્છા જ નહિ હોય, તેનો પ્રત્યક્ષ અનુભવ પણ સાક્ષી પૂરે છે. મુરબ્બી ભગવદીય વૈષ્ણવ × × × તેઓએ મુરબ્બી ધીરજભાઈદ્વારા રૂ. ૨૫૦) સાધનપ્રકરણ છપાવવામાં આપવાનું સ્વીકારી કાર્યનો આરંભ મારી પાસે કરાવ્યો, મેં સેવાકાર્ય ઉપાડી લીધું, અને તે છપાવી પણ દીધું, પ્રાસંગિક નોંધમાં તેની નોંધ પણ છપાવી, પણ જ્યારે પ્રેસનું ફાઈનલ બીલ ચુકવવાનો અને બાઈન્ડિંગ કરાવી પ્રકટ કરવાનો વખત આવ્યો ત્યારે નાણાંની આવશ્યકતા પડી, એટલે રૂ. ૨૫૦) આપવાની માગણી કરી, અને તેમણે ચેક મોકલી આપવા પણ જણાવ્યું; દીવાળીના દીવસોમાં જ ભગવદિચ્છાથી કહો–કોઈની શીખવણીથી કહો કે પોતાની કાર્યકુશળતાથી કહો–ગમે તેમ હો પણ બીજે દિવસે મને ખબર આપવામાં આવી કે "રૂપીઆના બદલામાં તેટલી કિંમતનાં ફાળે પડતાં પુસ્તકો લેવામાં આવશે નહિ, પણ લોનતરીકે સહી લઈ રૂપીઆ આપવામાં આવશે, જે જેમ જેમ પુસ્તકો વેચાતાં જાય તેમ તેમ રૂપીઆ તેમને ત્યાં ભરવા પડશે" આ સાંભળતાં જ હું ચમક્યો અને જે મિત્રોએ "ધાર્મિક સેવાકાર્ય તો પ્રથમથી જ રૂપીઆ લીધાવિના શરુ ન જ કરાય" એમ સલાહ આપેલી અને જે માટે હું ઉપેક્ષા કરતો તે અનુભવ્યું. જે વ્યક્તિઓ ફક્ત આવા ભરોંસે કાર્ય કરવા નિકળે છે તેમનાં પુસ્તકો બે ત્રણ વર્ષ પ્રેસમાં કેમ રખડે છે તેની તથા તેમની મુસિબતની ખાત્રી થઈ. એક બાજુ દેવાતરીકે ચીઠી આપી સેવાકાર્ય પુરું કરવું કે કેમ; બીજી બાજુ પ્રેસનો હિસાબ આપવો, બાઇન્ડિંગ ખરચ કરવું, ખીસામાંથી અત્યારસુધી તો ખરચ કરી કાર્ય ચલાવેલું જ અને ગ્રંથ જાહેર કર્યા પ્રમાણે વાયદાસર પ્રકટ કરવો, વળી પ્રથમથી જ ભીખ માગીને કે શરમાવીને પારકા પૈસા ધર્માદાતરીકે લઈ કામ કરવાની વિરુદ્ધ, એટલે મારાથી તેવી પ્રવૃત્તિ પણ હવે કેમ થાય ? આ સર્વ વિચારોરૂપી રાહુએ કાળીચઉદશની કાળરાત્રિમાં ઘેર્યો, કાંઈ રસ્તો નહિ સુઝવાથી મૂઝવણમાં પડ્યો, પ્રભુ દીનદયાળ છે, અનુગ્રહ કરી શરુ કરાવેલું કાર્ય તો પુરું કરાવવું જ હશે એટલે પ્રભુએ મૂઝાએલ હૃદયમાં દીવાળીનું પ્રભાત પ્રકટતાં જ હૈયાની હોળી બુજાવી દીપાવળીના દિવસે દીવા જેવી જ્યોત પ્રકટાવી, અને સદ્બુદ્ધિ આપી જે હજારો રૂપીઆ પહાણામાં રોકાય અને માલ વેચાયાવિના વર્ષોના વર્ષો પડી રહે, ખોટ પણ આવે, ત્યારે તે માટે આટલી મૂઝવણ નહિ, અને બસો ચારસો વધુ રૂપીઆ શ્રીસુબોધિનીજી જે પ્રભુના સ્વરૂપરૂપ ગણાય તેના પ્રકાશનકાર્યમાં રોકવા પડે તેમાટે આટલી બધી ફીકર, સાવધાન ! પૈસા ક્યાંથી આવ્યા ? શામાટે વૈષ્ણવને પ્રભુ દ્રવ્ય આપે છે ? તે વિચાર; તરત જ તમામ રૂપીઆ દુકાનમાંથી જ રોકવા અને પુસ્તકો વેચીને ભરી દેવા, એ રીતે નિર્ણય થઈ ગયો, ચિંતારૂપી રાહુ ભાગી ગયો, અને કાર્ય પૂર્ણ થયું; નવીન વર્ષના આનન્દમાં વૃદ્ધિ થઈ. હજુ પણ એક વધુ અનુભવ પ્રભુને અપાવવો હશે જે આ ગોઠવણ થતાં જ ભગવદીય વૈષ્ણવ વિવેક કરવા ચૂક્યા નહિ અને વિવેક કર્યો જે 'તમારું દીલ દુઃખાતું હતું તો મને કહેવું હતું, તમે સમજાવ્યું હોત તો રૂપીઆ આપત, સેવામાં ન વપરાયા તે ઠીક ન થયું" વિચાર કર્યો જે બધું બની ગયું, ગ્રંથ બંધાઈ ગયો, હવે બોલવાથી શું લાભ ? વિચાર કરી માગણી સ્વીકારી, તે તેમને ત્યાં જ અનામત રાખવા અને પ્રમેયપ્રકરણના કાર્યમાં વાપરવા, એમ નિર્ણય થયો; જેથી દ્રવ્યવિના આગળ સેવા ન જ થાય જાણી "રૂ. ૨૫૦) ધર્માદા ખાઈ ગયા અને પુસ્તકો પણ બહુ કિંમત રાખી ડબલ કમાણી કરી સેવાને નામે ઉદર પોષણાર્થ સ્વાર્થ સાધુ નિકળ્યા છે" એવા આક્ષેપો સહન કર્યા, પણ પ્રેસનોટ બહાર ન પાડી. પ્રમેયના અંતર્ગત આ વેણુગીતના અધ્યાયનું કાર્ય શરુ કર્યું, અને છપાઈ ગયું કે પ્રેસના બીલમાટે અને બાઇન્ડિંગ ખરચમાટે રૂપીઆ બસોપચાસની લેખિત માગણી કરી; પણ દ્રવ્યનો અંગીકાર જ પ્રભુને કરવો ન હોય તે આપવાની બુદ્ધિ જ કેમ થાય અને આપવામાટે સાચી સલાહ પણ કેમ મળે ?

પ્રભુ ઇચ્છા. આ નોંધથી જેઓને દ્રવ્યવ્યવસ્થામાટે શંકા પડી હોય તેમણે સત્ય હકિકત જાણી તે શંકા હવે દૂર કરવી.

આ 'વેણુગીત' અધ્યાયના પ્રકાશન કાર્યમાટે સર્વ દ્રવ્યની ગોઠવણ લોનતરીકે મેસર્સ **ચુનીલાલ પરીખ એન્ડ કું.** પાસે જ કરવામાં આવી છે, અને સસ્તુસાહિત્યમાફક **"શ્રીસુબોધિનીજી પ્રકાશન માટે સરળ યોજના"** મુજબ જેઓએ પ્રતો ખરીદવા લખાવ્યું છે, અને બીજા જેઓની ઇચ્છા થશે, તે સર્વ મેમ્બરોને લગભગ પડતર કિંમતે પુસ્તકો આપીને વસુલ થયલી રકમ ભરી દેવામાં આવશે. આ ગ્રંથમાટે લંબાણ સમયસુધી વેચાણ વગેરે સર્વ કડાકુટ તેમ જ મુંબાઈ જેવા શહેરમાં ગ્રંથો સાચવવાની મુસિબતમાં ઉતરવા ઇચ્છતો નથી; કદાચ એમાસસુધીમાં પુસ્તકો વેચતાં કાંઈ પણ નફો ફાજલ પડશે તો તે વધુ પ્રકાશન કાર્યમાં જ વાપરવામાં આવશે.

**સંશોધન કાર્ય**—પ્રથમ કાર્યમાં સર્વ સહકારીઓ તરફથી પૂર્ણ ઉત્સાહ હતો, આ વખતે મુરબ્બી ધીરજભાઈ તરફથી આંખ નબળી હોવાના કારણે તદ્દન ઉપેક્ષા થઈ, ભાઈ મંગળદાસને સંસ્કૃત પ્રકાશનકાર્ય મળવાથી આ ગુજરાતી કાર્યમાટે બહુ આવશ્યતા ન જણાઈ, છતાં સ્નેહવશ થઈ તદ્દન ના ન કહેવાઈ એટલે તેમનાથી બન્યાં તેટલાં કેટલાંક પ્રુફ શોધવા સહાય કરી; કોઈ કોઈ પ્રુફ શાસ્ત્રી બાલમુકુન્દપાસે શોધાવ્યાં અને મુખ્યત્વે ગયા પ્રકરણમાં અનુભવ મળેલો તે ઘણો જ કામ લાગ્યો, અને સંશોધનમાટે સેવાકાર્ય અટકયું નહિ, ઉલટો પ્રભુએ અનુગ્રહ કરી મને અભ્યાસ પણ ઠીક કરાવ્યો. આ ગ્રંથના સંશોધનમાટે મારાથી બની તેટલી સર્વ કાળજી મેં રાખી છે, છતાં હું હજુ વિદ્યાર્થીદશામાં છું, એટલે જે કાંઈ ભૂલો રહેલી માલૂમ પડે તે મને દર્શાવવા સર્વને વિનવું છું; જે બીજી વખત તેવી ભૂલો ન રહે તે માટે કાળજી રહે.

**સુંદર તક**—જેમ તેમ સેવા કાર્ય ૭૦–૭૫ ટકા આવ્યું કે વળી શુભેચ્છકો તરફથી નોટીસ મળી જે "આગળ વેણુગીત છપાવવાનું કાર્ય બંધ કરવું" પ્રભુએ આ વિરોધ સામે થવા હિંમત આપી અને વિરોધ સહન કરવા ધૈર્ય આપ્યું, અને કોઈપણ સંજોગોમાં પ્રકાશન સેવાકાર્ય તો ન જ અટકાવવું એવો નિશ્ચય થયો; પણ શુદ્ધિપત્રક અને ઉપોદ્ઘાત એ બેમાટે સહાયકવિના કાર્ય જલદી પૂર્ણ ન જ થઈ શકે; જેથી નામસેવામાં રતિવાળા પરમ પૂજ્ય ગોસ્વામી શ્રીવ્રજનાથલાલજી મહારાજને સર્વ નિવેદન કર્યું; જે જાણતાં જ "સેવા બંધ નહિ કરવી" એમ આજ્ઞા થઈ અને ઉપોદ્ઘાત આપશ્રીએ સ્વયં ટુંક સમયને લઈ ટુંકમાં જ જલદી લખી મોકલ્યો અને શુદ્ધિપત્રકમાટે શાસ્ત્રી ગોકુળદાસ કેસવજી મ્હેતા જામનગરવાળાને ભલામણ કરી. આ રીતે મુસિબતે ઉલટા મને ગોસ્વામિ બાલક તરફથી લખાયેલ સુન્દર 'ઉપોદ્ઘાત' અને ઘણીજ કાળજીપૂર્વક શોધેલું 'શુદ્ધિપત્રક' એ બંને પ્રકટ કરવાની સુન્દર તક મળી, અને વૈષ્ણવોને પણ અલભ્ય લાભ મળ્યો. સર્વ ગોસ્વામિ બાલકો આ પ્રમાણે કટિબદ્ધ થઈ સર્વ આકર ગ્રંથોનાં ભાષાન્તરોમાટે પણ સહાય કરે તો સંપ્રદાયને ઘણી જ સુન્દર તક સાંપડે અને પ્રકાશનમાટે એ મત પણ પછીથી ન જ પડે, અને થોડા જ દ્રવ્યથી મ્હોટું કાર્ય થઈ શકે.

ગયા તામસસાધનપ્રકરણમાં ચિત્રો મૂકવામાટે ઇચ્છા થયલી અને તેમાટે બ્લોક મેળવવા પ્રયાસ કરેલો, પણ બ્લોકો છાપવામાટે મળી શકયા નહિ અને દ્રવ્યસંકોચથી નવા પણ બનાવરાવી શકયો નહિ. આ વેણુગીતમાટે પ્રભુના અનુગ્રહથી તે ઇચ્છા પાર પડે છે. શ્રીનાથજીબાવાની કૃપાથી હું નાથદ્વારા જઇ શકયો અને ત્યાં બરાબર ભાવપૂર્વક ચિત્ર ચિત્રાવવા ઓર્ડર આપ્યો, જે બે માસે તૈયાર થઈ મળ્યું એટલે તદ્દન નવા જ ચાર રંગી બ્લોકો બનાવીને છપાવી આ સાથે પ્રકટ કરું છું. આશા રાખું છું જે વૈષ્ણવો અવશ્ય વધાવી લેશે. પાછળ 'વેણુગીતમનોરથયોજના' છપાવી છે ને આશા રાખું છું જે મંદિરોમાં મનોરથરચના ગોઠવતાં અવશ્ય તે ઉપયોગી થઈ પડશે.

વૈષ્ણવવૃન્દ તરફથી ઉત્તેજન–ત્રણે વ્યવસ્થા કરીને ગ્રંથ પ્રકટ કરવામાં આવે, છતાં પણ તે કાર્યને જો જાહેર જનસમૂહ ઉત્તેજન ન આપે તો કાર્ય અટકી જ પડે. તામસસાધનપ્રકરણ માટે મને કડવો અનુભવ મળ્યો, જનસમૂહના ઉત્તેજનની આશાએ લોનતરીકે રૂપીઆ લીધા નહિ અને તરત જ વેચાણના રૂપીઆ આવશે તે ભરી દઈશું એવી આશા રાખેલી, તે વ્યર્થ ગઈ. સાંપ્રદાયિક પ્રવૃત્તિના દ્વેષીઓએ તેમની યુક્તિ અજમાવી અને કેટલાંક એકપક્ષી પત્રોમારફત ઉપોદ્‌ઘાતના શબ્દોના ખોટા અર્થ ઉપજાવી ભ્રમ ઉત્પન્ન કરવામાં આવ્યો અને જુવાઓ તો તે છાપે જ શાના ! જે ભ્રમ દૂર થાય. વર્ણાશ્રમસંબંધિ શુદ્ધપુષ્ટિમાર્ગીયને છાજે તેવા શ્રીમહાપ્રભુજીનાં વાક્યોથી સુગંઠિત કરેલા વિચારોમાટે પણ પત્રોએ ભ્રાંતિ ફેલાવી, અને તે ભ્રાંતિભર્યું વાતાવરણ એટલું બધું પ્રસર્યું જે પ્રકાશનકાર્ય છોડી ભ્રાંતિનિવારક કાર્ય કરવાની ફરજ પડી. પ્રથમ તો વિવાદાસ્પદ બાબતનો નિર્ણય ખાનગીમાં કરવા મેં મારાથી બનતો સંપૂર્ણ પ્રયાસ કર્યો, છતાં પ્રભુની ઇચ્છા જ હજુ વર્ણાશ્રમસંબંધિ વિચારોનું વધારે દોહન કરાવવાની હશે જે ખાનગીમાં નિર્ણય ક્યાંથી જ થાય; છેવટે જાહેરમાં ચર્ચા ચલાવવામાં એક વર્ષ વિતિ ગયું. ચર્ચાના અંતે તાત્પર્ય તો એ જ અવલોક્યું જે એક પક્ષ શુદ્ધપુષ્ટિમાર્ગના શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તો આપશ્રીનાં જ વાક્યોથી પ્રતિપાદન કરે છે, બીજો પક્ષ સિદ્ધાન્તો માને છે, પણ આધુનિક કોઈ તેવા અધિકારીઓ જ જણાતા નથી એટલે મૂલ સિદ્ધાન્તો શામાટે પ્રકટ કરવા જોઈએ ? જ્યારે ત્રીજો પક્ષ તો શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ દર્શાવેલા ‘વર્ણ’ના અને ‘આશ્રમ’ના મુખ્ય ધર્મોને છોડીને આચાર-ધર્મોને જ વર્ણાશ્રમધર્મ મનાવી ભ્રાંતિ ફેલાવતો હતો તે પણ પોકળતા ખુલ્લી થઈ ગઈ, અને ચર્ચા બંધ પડી; ચર્ચા બંધ પડતાં વળી કાર્ય તરફ દૃષ્ટિપાત થયો.

સસ્તુ સાહિત્યવાળા ૫ થી ૬ હજાર પ્રત છપાવે, કલ્યાણવાળા ૨૫/૩૦ હજાર પ્રત છપાવે, તેની સરખામણીએ આ ફક્ત જુજ પ્રતો છપાવવામાં આવે, તેમાં તા. ૩૦ જુન ૧૯૩૭ સુધી ફક્ત ૩૭૦ પ્રતોના પૈસા જમા આવ્યા, (આ વર્ષમાં ફક્ત ૩૦ પ્રત જ ખપી) આશરે પ્રત એકસોને સુમારે ભેટ, અભિપ્રાય, તેમ જ સાહિત્ય ફેલાવાર્થ અમુલ્ય વહેંચવામાં આવી હશે, છતાં પણ કિંમત સંબંધિ આ કાર્યને ઉપરનાં કાર્યોના દૃષ્ટાન્તો આપી વૈષ્ણવોમાં ભ્રમ ઉત્પન્ન કરવા વૈષ્ણવો જ ચુક્યા નથી. ભ્રમ ઉત્પન્ન કરનારાઓ હંમેશાં સત્યવસ્તુથી અજાણ જ હોય છે, જેઓએ પ્રથમથી ઓર્ડરો નોંધાવેલા તેમને, ધાર્મિક સંસ્થાઓને, વગેરેને તો રૂ.૧–૮–૦માં જ ગ્રંથ વેચેલો અને હજુ પણ ધાર્મિક સંસ્થાઓને સસ્તી કિંમતે જ વેચવામાં આવે છે; વેચવાનું કમિશન, પુસ્તકો સંગ્રહ કરવાનો ખરચ, અને જુજ નકલો જ વરસ દહાડે વેચાય, તે સર્વ જોતાં તો હજુ પણ વધુ કિંમત છાપી હોત તો ખોટું નહોતું. આટલી કિંમત રાખવા છતાં હજુ મુદ્દલ રકમ વસુલ ભરાઈ શકી નથી તે જ સાક્ષી પૂરે છે; છતાં આજકાલ કાર્યની આધ્યાત્મિકતા તરફ કોઈ જોતા જ નથી પણ સ્થૂલ દૃષ્ટિએ જોઈ વિરોધી સૂર કહાડવા નિકળી પડે છે, તેઓને મુદ્દલ રકમ આપી સર્વ પુસ્તકો લઈ લેવા પણ ઑફર આપવા છતાં પણ ફક્ત ખોટો જ વિરોધ કરવો હોય તેને તે ખરીદવાં કેમ રુચે, પ્રભુ ઇચ્છા.

આ વેણુગીતના પ્રકાશનમાટે જનસમૂહને પોષાય તેવી બની તેટલી સસ્તી કિંમત રાખવામાં આવી છે; પણ સાથે સાથે જણાવીએ છીએ જે પરચુરણ વેચાણ ફક્ત બે માસસુધી જ ખુલ્લું રહેશે અને ત્યાંસુધીમાં સીધાં મંડળપાસેથી પુસ્તકો ખરીદનારને જ સસ્તામાં મળશે; બીજા સર્વ વેચનારા અને પૈસા રોકનારા તેમનો નફો ચડાવીને જ વેચશે. આ ગ્રંથ સસ્તામાં અને સરળતાથી શ્રીસુબોધિનીજીનું કાર્ય ચાલુ રહે તેવી યોજનાનુસાર અખતરાતરીકે પ્રકટ કરું છું, અને બંધા-ઈને તૈયાર થશે કે તરત જ ૨૫ અને તેથી વધુ પ્રતોના ખરીદનારને જથ્થાબંધ વેચી દેવામાં આવશે; અથવા કોઈ પણ સ્નેહીને ધર્માદા ફંડખાતે લખવાનો આગ્રહ કરીને પણ પુસ્તકો વેચી દેવા તજવીજ કરવામાં આવશે. ઉપોદ્‌ઘાત ગોસ્વામિ બાલકના હસ્તથી લખાયલી છે, કિંમત સસ્તી, અને બાઈન્ડિંગ

અપ-ટુ-ડેટ એટલે સાધારણ જનસમૂહ જડપભેર ખરીદીને ઉત્તેજન અવશ્ય આપશેજ. કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય, એ ન્યાયે જો વૈષ્ણવસમૂહ આ સેવાકાર્ય ચાલુ રાખવા ઇચ્છતો હોય તો તે ફક્ત વધુ પ્રમાણમાં ગ્રંથો **ખરીદી** ઉત્તેજન આપે તે જ ઉત્તમ માર્ગ છે, આ વખતની પ્રત ૧૦૦૦ બે માસમાં ખપી જશે, તો બીજી વખત આથી પણ સસ્તી કિંમતે વધુ પ્રતો છપાવી પ્રકટ કરવામાં આવશે. દરેક ગામમાંથી ફક્ત ૨૫ નકલના જ રૂપીઆ મનીઓડરથી મોકલી સામટી પ્રતો મંગાવી લે તો ધનિકોની સહાયવિના જે કાર્ય અદ્ધર લટકે છે, તે સહેલાઈથી સાધારણ જનસમૂહના ઉત્તેજનથી અવશ્ય કરી શકાય.

આ ગ્રન્થ છપાવવા સહાયભૂત મુખ્ય માન તો પ્રાસ ભ.ચ. મગ્નલાલ ગ. શાસ્ત્રી અને છપાવવા દ્રવ્યસહાયક ભગવદીય રણછોડદાસ સોનીને ઘટે છે; જો તે કાર્ય ન થયું હોત તો હું આ કાર્ય કરી જ શકત નહિ, તેથી હું તેમનો અત્યંત આભાર માનું છું. ભાષાંતર લખાવવામાટે મુરબ્બી ધીરજભાઈ નો, કેટલાંક પ્રુફો શોધવામાટે પ. ભ. ભાઈ મંગળદાસનો, વ્યાકરણસંબંધિ શંકા સમાધાનમાટે મુરબ્બી કલ્યાણજી શાસ્ત્રીનો, જ્યારે જ્યારે અગવડ પડે ત્યારે પ્રેસકૉપી, પ્રુફ વગેરે શોધી તેમાં શંકા સમાધાન માટે ગોકુળાધીશના મંદિરવાળા બાલમુકુન્દ શાસ્ત્રીજીનો અને અત્યંત કાળજીપૂર્વક શુદ્ધિપત્રક તૈયાર કરવામાટે શાસ્ત્રી ગો. કે. જામનગરવાળાનો અને પ્રેસકૉપી શોધવા ભાઈ જરીવાળા અને હરિલાલ, વગેરે સર્વનો આભાર માનું છું. ઉપોદ્ઘાતમાટે ગો. **શ્રીવ્રજનાથલાલ બાવાનો** અત્યંત ઋણી છું, અને વાક્ય યાદ આવે છે જે આપશ્રીનું કૃપાપૂર્વક મારા કાર્યનું અવલોકન અને પ્રીતિપૂર્વક તેમના સહકારની યાચના સિવાય અન્ય શું ઇચ્છીએ. સર્વ બાલકો આવી રીતે કટિબદ્ધ થઈ જો નામસેવાનું કાર્ય ઉપાડે તો અધુરું રહેલું સર્વ કાર્ય અવશ્ય જલદી જ પૂર્ણ થઈ શકે અને અગાધ શ્રમ લઈ વિદ્વાન્ આચાર્યોએ દાન કરેલ સાહિત્યનો સહજમાં ઉદ્ધાર થાય; પરમકૃપાળુ પ્રભુ એવો પણ અનુગ્રહ અવશ્ય કરશે.

પ્રભુએ સર્વની સહાયથી આ યથાશક્તિ જે સેવા કરાવી, તેના ફલરૂપ આ **વેણુગીત અધ્યાયનો ભાષાંતર** ગ્રન્થ અતિ આનંદપૂર્વક વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણચંદ્રના ચરણકમલમાં નિવેદન કરું છું.

પવિત્રાએકાદશી સં. ૧૯૯૩.
૪૭૮, ડંકનરોડ, મુંબઈ ૪.

**ચુનીલાલ પરીખ**
ઓ. સે. શ્રીવૈષ્ણવસેવામંડળ.મુંબઈ.

---

## ભાષાંતરવિષે

**શ્રીવેણુગીત**નું ભાષાંતર મારા પરમ મિત્ર ભ. ચ. પ્રાસ શાસ્ત્રી મગ્નલાલ ગણપતિરામે કર્યું હતું, તેમાં શબ્દનો અસલ રસ જાળવી રાખવાને સંસ્કૃત શબ્દો જ મુખ્યત્વે રહેવા દીધા હતા. મેં એમને ઘણીવાર કહ્યું હતું કે 'સામાન્ય વૈષ્ણવથી આ ભાષાંતર સમજી શકાશે નહિ' ત્યારે એમનો ઉત્તર એ જ હતો કે 'તેમને માટે મારું ભાષાંતર છે જ નહિ, એ તો તમારે માટે છે, તમારે સામાન્ય વૈષ્ણવોને માટે એ ભાષાંતર સરલ કરી આપવું.' એમનું કહેવું સત્ય હતું. દરેક ટીકા–શ્રીસુબોધિનીજી, ટિપ્પણી, પ્રકાશ, લેખ, યોજના અને કારિકાર્થની એકવાકયતા કરી ભાષાંતર કરવું એ ઘણું વિકટ, શ્રમદાયક કાર્ય છે. તે કાર્ય એમણે કર્યા પછી સરલ ભાષામાં તેને મૂકી આપવું અઘરું નથી. પ્રકૃતિ અસ્વસ્થ છતાં, આંખો તદ્દન નબળી છતાં, ભાઈ **ચુનીલાલની ઇચ્છાને માન આપી** પથારીમાં પડ્યા પડ્યા આ ભાષાંતર રમતમાં મેં ભાઈ ચુનીલાલને લખાવ્યું છે. તેને જોઈ જવાનું, સુધારવાનું, પ્રુફ જોવાનું, વગેરે સર્વ કાર્ય ભાઈ ચુનીલાલે પોતે અથવા અન્યદ્વારા કર્યું છે. કવચિત્ ઠીક લાગ્યું ત્યાં એમણે યોગ્ય ફેરફાર પણ કર્યો છે. માટે જે રૂપમાં આ ભાષાંતર બહાર પડે છે, તેનું માન, તેમજ વાકયરચના, જોડણીની શુદ્ધિ, પ્રુફશોધન વગેરે સર્વમાં જે ત્રુટિ રહી ગઈ હોય તેનું જોખમ એમને શિર જ છે.

**ધીરજલાલ વ્રજદાસ સાંકળીઆ**

# વેણુગીતમાં શું શું અવલોકન કરશો ?


પાન

૧-૩. ગોસ્વામી **શ્રીવ્રજનાથલાલજી** મહારાજશ્રી લિખિત ઉપોદ્‌ઘાત.

૧-૨. બ્રહ્માનન્દ કરતાં ભગવદ્રસની અધિકતા; પુષ્ટિમાર્ગની ગતિ મર્યાદામાર્ગથી વિપરીત વગેરે.

૩-૬. તામસભક્તોની ભગવાન્‌માં આસક્તિ,હરિ કાલથી અધિક, માટે બારને બદલે તેરપ્રકારની લીલા.

૭-૮. અચ્યુત એવા ભગવાને ગાયો, ગોપોસહિત આધિદૈવિક વૃન્દાવનસુધી પ્રવેશ કર્યો. શ્લોક ૧.

૯-૧૦. મધુપતિએ કેવલશૃંગારરસમાટે કરેલું વેણુકૂજન; વૃન્દાવનનું વર્ણન. શ્લોક ૨.

૧૦-૧૩. ઉદ્‌બુદ્ધ પ્રેમ તે જ આસક્તિ,વેણુકૂજનથી કામદેવની જાગૃતતા; મૂર્છા પામેલી ગોપિકાઓ. શ્લો ૩-૪.

૧૪-૨૯. શ્લોકની સંગતિ અને શ્રીગુસાંઇજીકૃત વ્યાખ્યાન; અધરસુધારસનું વિવેચન; પ્રભુની સ્વચ્છંદ લીલા; વેણુ અને વેદની સમાલોચના; આખા પ્રમેયપ્રકરણનો સાર; નિરોધ(દશમ)સ્કન્ધપછી ૧૧મો અને ૧૨મો સ્કન્ધ શા માટે? "ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે" તેપર સુંદર વ્યાખ્યાન. શ્લોક ૫.

૩૦-૩૧. મનને હરણ કરે એવું વેણુનાદસ્વરૂપ; ગોપીજનનું પ્રપંચવિસ્મરણ અને પરમાનંદવિલાસ. શ્લો ૬.

૩૧-૩૨. સંયોગ અને વિપ્રયોગરસ; **પ્રમેયમાર્ગ**ની પ્રમાણમાર્ગથી વિપરીતતા ભૂષણરૂપ, અક્લિષ્ટ કોણ?

૩૩-૩૮. ઇન્દ્રિયવાન્‌નું ઉત્તમ ફલ શું? સર્વાત્મભાવનું વિવેચન;ગોપિકાઓની ઉપનિષદ્રૂપતા;મોક્ષ અને સ્વરૂપ-ભોગનું તારતમ્ય;કેવલ ભગવદુપાસક ગોપીજન બલદેવજીના મુખનું નિરૂપણ પણ કરતાં નથી. ૭.

૩૯-૪૭. કેવલ રસરૂપ પ્રભુનું વર્ણન, શાસ્ત્રોક્ત રસ કેમ ઉત્પન્ન થાય? રસ અને કામનો ભેદ; રસ-નિષ્પત્તિ પ્રકાર; 'रसो वै सः' શ્રુતિ પ્રતિપાદ્ય **'રસ'** સ્વરૂપનું યથાયોગ્ય દિગ્દર્શન; શ્રીકૃષ્ણનું પર-બ્રહ્મત્વ-સદાનન્દત્વ અને બહાર પ્રકટ દર્શન આપવા છતાં રસત્વને બાધ આવતો નથી. શ્લો. ૮.

૪૮-૫૬. વેણુનાદ મનના ધર્મરૂપ કામને દૂર કરીને ભગવદ્ધર્મરૂપ કામને પ્રકટ કરે છે; વેદધર્મો અને ભગ-વદ્ધર્મોની મીમાંસા; બ્રહ્માનન્દ અને વિષયાનંદ બન્નેને તુચ્છ કરનાર વેણુ; ભગવાન્ દાન કરે તો અનધિકારીને પણ રસભોગ સંભવે; નદીનો પ્રવાહ અટકે, વૃક્ષને રોમાંચ થાય, એવો સુધાનો ચમત્કાર; ગોપીજનોની અનન્યતાની પક્ષે શ્રીગુસાંઇજી, ગોપીજનોના ભાવનું વર્ણન. શ્લો. ૯.

૫૭-૬૧. ચરણમાહાત્મ્ય; ચરણારવિન્દનો આવિર્ભાવ ક્યાં? લોકવેદાતીત પુરુષોત્તમ જ પુષ્ટિમાર્ગીયમાટે; ભગવચ્ચરણારવિન્દ બિરાજે તે પૃથ્વીને પણ ધન્ય; અપરાધીન એવા ભગવાન્ પણ ભક્તને વશ છે; જ્ઞાનીઓથી પણ ભક્તોની ઉત્તમતા. શ્લોક ૧૦.

૬૧-૬૪. વેણુના ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી અને વૈરાગ્ય ધર્મોનું નિરૂપણ; 'વૃન્દાવન ગુણાતીત' પર સ્વતંત્ર લેખ. મર્યાદામાર્ગમાં ભગવાન્ ભોજન વગેરે કરતા નથી, પણ પુષ્ટિમાર્ગમાં ભોજન વગેરે કરે છે.

૬૫. શાસ્ત્રીય પ્રેરણાવિનાજ દેશકાલાનુસાર ભગવાન્‌ને સુખકારક થાય,એવી સેવા પુષ્ટિમાર્ગીયે કરવી.

૬૬-૬૮. પૂજાનો અને સેવાનો વિમર્શ; જીવનું કર્તવ્ય શું? ભગવાન્‌નું કર્તવ્ય શું? શ્લોક ૧૧.

૬૯-૭૦. પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગીય ધર્મો દૂષણ છે? પુષ્ટિમાર્ગમાં સેવા જ મુખ્ય, શ્રીમદ્‌ગોસ્વામિકૃતલેખ.

૭૧-૭૪. 'વનિતા'એટલે વનમાં ગયલા પુરુષો; યૌવનમાં આવેલી સ્ત્રીઓ. પૂર્વાવસ્થા ભૂલેલી દેવીઓ. ૧૨.

૭૫-૮૦. વેણુગીતની અમૃતતા; પશુઓને ભગવત્સાક્ષાત્કાર; મર્યાદાનું ઉલ્લંઘન દૂષણ કે ભૂષણ? શ્લો. ૧૩.

૮૧-૮૨. મુનિ પણ રસાનુભવમાટે પક્ષિયોનિ ધરે છે; કુમારિકાઓ ઋષિ છે; વેણુગીત નાદબ્રહ્માત્મક છે. ૧૪.

૮૩-૮૪. નદીઓની સ્થિતિ, મેઘની સખ્ય અને આત્મનિવેદનસુધીની ભક્તિ અને સર્વસ્વનું દાન. ૧૫-૧૬.

૮૫-૮૮. વનમાં રહેનારી ભીલડીઓની ભગવદ્‌ભક્તના સંગથી પૂર્ણતા અને ધન્યતા. શ્લોક ૧૭-૧૮.

૮૯-૯૧. કંદ વગેરેનો ભોગ શામાટે? ગતિવાન્‌નું સ્તંભન, તરુ ને રોમાંચ; રામકૃષ્ણનું પધારવું. શ્લોક ૧૯.

૯૨. પરસ્પર વર્ણન કરતાં ગોપિકાઓની ભગવદ્રસમાં તન્મયતા; સ્વૈરચ્છાચારીનું સ્વચ્છંદ રમણ. ૨૦.

૯૩-૯૬. તત્ત્વાર્થદીપનિબંધ તામસપ્રમાણપ્રમેયપ્રકરણોનું ભાષાંતર.

૯૭-૯૮. પુરુષોત્તમસહસ્રનામ; ૯૯. વેણુગીતમનોરથયોજના; ૧૦૦. શુદ્ધિપત્રક.



શ્રીવલ્લભકુલભૂષણ વિદ્યાનુરાગી ગોસ્વામી શ્રીવ્રજનાથલાલજી મહારાજ.

---

શ્રીહરિઃ શરણમ્

# વેણુગીતઉપોદ્‌ઘાત

**भावः प्रेम प्रणयः स्नेहो रागानुरागव्यसनानि ।**
**अङ्कुरकन्दलशाखापल्लवकलिकाप्रसूनफलानीति ॥ (श्रीहरिरायचरणाः)**

**ફલાસ્વાદ.** વિભુ-વિરહ-વહ્નિવદનાવતાર, અદેયદાનદક્ષ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણના ગ્રન્થ-રત્નોમાં શ્રીમતી સુબોધિનીજીની અનિર્વચનીયતા ચમકી ઊઠે છે, કેમકે તેની મધુરતા ઇતરથી ગમ્ય નથી; માત્ર પ્રભુકૃપયા તેને ભુક્ત-ભોગી જ અનુભવી શકે છે; તેથી જ રસિકશિરોમણિ શ્રીહરિરાય મહાપ્રભુ આજ્ઞા કરે છે કે જેણે એક વાર પણ **રસસરિતાસમી શ્રીમતી સુબોધિનીજીનું દર્શન નથી કર્યું, તેનું જીવન પૃથ્વિપર વ્યર્થ** છે. પ્રાતઃસ્મરણીય શુદ્ધ પુષ્ટિમાર્ગનાં પ્રકાશક શ્રીમદ્‌ગોપીજનો પણ તેને જ મળતો આદેશ કરે છે કે **"ચક્ષુધારીઓનું જો પરમ ફલ હોય તો તે કેવલ સખાઓથી અને પશુઓથી વીંટલાયલા, અને અનુરક્ત કટાક્ષોનું મોચન કરતા શ્રીરસેશના મુખારવિન્દનું નિરીક્ષણ કરવું"** એ જ છે.

શ્રીવેણુગીતના 'अक्षण्वतां फलमिदं न परं विदामः' એ શ્લોકપરની શ્રીમતી સુબોધિનીજીમાં અને કારિકાઓમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે **ચક્ષુધારીઓનું વા ઇન્દ્રિયધારીઓનું સર્વોત્કૃષ્ટ ફલ 'પ્રભુનાં દર્શન કરવાં'** એ જ છે. જેમ મનુષ્યો આમ્રફલને મેળવી તેનો બધી રીતે આસ્વાદ લેવા પોતાની રસના ઇન્દ્રિયને તત્ર નિરુદ્ધ કરે છે, તેમ પ્રભુરૂપ મધુર ફલને પ્રાપ્ત કરી જીવોએ પ્રત્યેક ઇન્દ્રિયોના નિરોધપૂર્વક તદ્‌વિષયક જ અભિલાષા સેવતાં તેનો આસ્વાદ ગ્રહણ કરવો જોઈએ. વિસ્તાર ભયથી 'અગ્યારે ઇન્દ્રિયોદ્વારા પ્રભુનો ભોગ, એ જ ફલ છે,' તેનું વિવેચન શ્રીમહાપ્રભુજીની કારિકાઓને અનુસરીને અત્ર નથી કરતો; આ ગ્રન્થમાં જ વાચક સ્વયં તેને સારી રીતે સમજી શકશે.

શૃંગારકલ્પદ્રુમાત્મક પ્રભુને પ્રત્યક્ષ પેખી ઉપાસકો ભુજપાશમાં બાંધવા અને અધરે રહેલી દુર્લભ સુધાનું પાન કરવા તલસે, એ સ્વાભાવિક છે; જે કામાદિ વિકારોથી મુક્ત છે, અને નિષ્કામ પ્રભુનું સ્મરણ કરે છે, તે જ તેનું પાન કરી શકે છે. જ્યાંસુધી શ્રીગોપીજનોમાં કામ રહ્યો હતો ત્યાંસુધી તેમને સુધાપ્રાપ્તિ નહોતી થઈ; પણ જ્યારે તે કામ નિવૃત્ત થયો ત્યારે તેમનું હૃદય નિર્મલ

બન્યું, અને નાદાત્મક બ્રહ્માનન્દમાં મગ્ન થઈ શ્રીગોકુલમાં રહીને પણ દિવસે વૃન્દાવનસ્થિત ગોચારણ-પરાયણ પ્રભુના સ્વરૂપનું, ચેષ્ટાઓનું અને પ્રભુની રસીય લીલાઓનું વર્ણન કરાવા લાગ્યું, એનું જ નામ **શ્રીવેણુગીત.** તે દ્વારા નિ:સાધન જીવો આવો સુધાત્મક ફલાસ્વાદ લઈ શકે છે અન્યથા નહિ.

**અધરસુધા**–પ્રભુની **અધરસુધા** પ્રભુના લોભાત્મક અધરે રહેલી છે, અને તે ત્રણ પ્રકારની છે. તેની ઉપયોગિતા અને પ્રકારો જાણવા જેવાં છે. શ્રીવ્યાસભગવાને સમાધિમાં જે મધુરતાનો અનુભવ નહોતો અનુભવ્યો, તેનો અનુભવ શ્રીમહાપ્રભુજી મહત્કૃપા કરી અસ્મદાદિને શ્રીમતી સુબોધિનીજીદ્વારા કરાવે છે. પ્રભુની **અધરસુધા** પ્રભુથી જુદી હોઈ શકે નહિ. 'यत्र यत्र सुधात्वं तत्र तत्र प्रभुत्वम्' "જ્યાં જ્યાં સુધાત્વ ત્યાં ત્યાં પ્રભુત્વ" એ વ્યાપ્તિ અસ્થાને નથી. બ્રહ્માણ્ડમાં મધુરમાં મધુર પદાર્થ જો હોય તો તે પ્રભુ જ છે. અતઃ તેનું અધર મધુર હોય તેમાં નવાઈ નહિ; જ્યારે અધર મધુર હોય ત્યારે તદ્‌ગત સુધા મધુર હોવી જોઈએ જ; શ્રીઅગ્નિકુમાર 'શ્રીમધુરાષ્ટક'ની વિવૃતિમાં જણાવે છે કે मधुरा श्रीमद्राधा अधरसुधा च तस्या अधिपतेः—" **'મધુરા'** એટલે શ્રીમદ્‌રાધા અને અધરસુધા, એ ઉભયના જે અધિપતિ તે **મધુરાધિપતિ.** ત્યાંજ સર્વ મધુરતાની પરિસીમા છે. શ્રીઆચાર્યચરણ સુધા–ત્રયનું નિરૂપણ કરતાં શ્રીવેણુગીતનાં શ્રીસુબોધિનીજીમાં જણાવે છે કે—"सुधा त्रिविधा देवभोग्या भगवद्भोग्या सर्वाभोग्या च।" સુધા ત્રણ પ્રકારની છે–દેવભોગ્યા, ભગવદ્‌ભોગ્યા અને સર્વાભોગ્યા. શ્રીવેણુગીતના પાંચમા શ્લોકમાં દ્રવાનન્દાત્મક સર્વાભોગ્યા સુધાનું વર્ણન કરેલું છે. અધરસુધા લોભાત્મક અધરે રહેલી હોઈ યથાયોગ્ય સુધાનું દાન કરે છે. **સર્વાભોગ્યા સુધા** श्रोत्रैकपेया છે. દેવતાઓ વડે જે સુધાનો ઉપભોગ થાય, તેને **દેવભોગ્યા સુધા** કહેવાય છે. અત્ર **'દેવ'** શબ્દથી સ્વર્ગે કામાશન કરતા દેવો નથી લેવાના, પણ 'अत्र देवा साक्षिणः' આ વાક્યાનુસાર ગોપ, ગોપીજન, મૃગ, વગેરે સર્વ લીલાનુભવ કરનાર દેવો સમજવાના છે. તેઓથી જે ભોગ્ય સુધા તે **દેવભોગ્યા સુધા,** 'गोप्यः किमाचरदयं कुशलं स्म वेणुः' આ પદ્યમાં વર્ણિત વૃંદાવનની તરુ લતાઓ અને સરિતાઓ જે સુધાપાનથી રોમાંચિત થયાં તેનું જ નામ **દેવભોગ્યા સુધા.** 'गोविन्दंवेणुमनुमत्तमयूरनृत्यम्' અને 'आकर्ण्यवेणुरणितम्' વગેરે પદ્યોમાં તેનું જ વર્ણન છે.

પ્રભુ વેણુના સપ્ત રન્ધ્રોમાંથી નાદદ્વારા ભક્તહૃદયમાં જે સુધાનું સ્થાપન કરી સ્વયં પાન કરે છે, તેને **ભગવદ્ભોગ્યા સુધા** કહેવાય છે. તેમાં પણ કેશગ્રહણયુક્ત સ્વામિનીજીઓની અધરસુધાનું પ્રભુ જે પાન કરે છે, તે મુખ્ય **ભગવદ્ભોગ્યા સુધા** છે. તેવી રીતે અન્ય વનસૌન્દર્યનો ઉપભોગ યમુનાદિ જલાશયોમાં વિહાર અને પદ્મ–પુષ્પાદિનું સૌરભ ગ્રહણ, એ બધામાં ભગવદ્‌ભોગ્યા અધરસુધા સમજવાની છે; કેમકે એ બધાને પ્રભુ વેણુદ્વારા અધરસુધા પીવરાવે છે, અને પછી ઉપયોગી કરી તેમાં રહેલી પોતાની જ અધરસુધાનું સ્વયં પાન કરે છે.

**'સર્વાભોગ્યા સુધા'** એ દ્રવાનન્દાત્મક પ્રભુનું સ્વરૂપ છે, **પ્રાપ્ત ભ.ચ. પ્રો. મગ્નલાલ ગ. શાસ્ત્રીજી** એનું વિવેચન કરતાં લખે છે કે 'ઉત્તરદલાત્મક સ્વરૂપભૂત વિપ્રયોગાનન્દ તે **સર્વાભોગ્યા સુધા.'** જેમ **કાનમાં** દુઃખની નિવૃત્તિ કાજે ઔષધિ રેડવામાં આવે છે, તેમ દ્રવાનન્દાત્મિકા સર્વાભોગ્યા સુધાનો પ્રવેશ નથી, પણ એ સીધી હૃદયમાં જ કર્ણદ્વારા પ્રવેશે છે, અને દેહેન્દ્રિયોમાં ફેલાઈ જાય છે. જ્યારે આ સુધા હૃદયમાં રહી સર્વત્ર પ્રસરે છે ત્યારે જ શ્રીમદ્‌ગોપીજનો **'શ્રીવેણુગીત'**નું વર્ણન કરી શકે છે.

પ્રભુનું સ્વરૂપ આનન્દમય છે, એ આનન્દ પણ ઉભયવિધ છે–ઘનાનન્દ અને દ્રવાનન્દ; જેમ ગુલાબની કતલી એ 'ઘનરૂપ' છે, અને એનું શરબત એ 'દ્રવીભૂત' છે. [આ દૃષ્ટાન્તમાટે હું પૂ૦ પ્રખર પંડિત ભટ્ટ શ્રીબલભદ્ર શર્મા ભાવચરણનો ઋણી છું]. તેવી રીતે **'સર્વાભોગ્યા સુધા'** એ પ્રભુનું દ્રવાનન્દાત્મક સ્વરૂપ છે; એ દ્રવાનન્દાત્મક સ્વરૂપ જ્યારે કર્ણદ્વારા સર્વ ઇન્દ્રિયોમાં ફેલાઈ

જાય છે, ત્યારે સ્મરવેગથી વા સ્મરણવેગથી જે વર્ણનની અશક્તિ ઉદ્ભવેલા, એ સ્વતઃ દૂર થઇ જાય છે; એટલું જ નહિ પણ તેની સાથે અભિતઃ રમણ પણ પ્રાપ્ત થાય છે.

દેવભોગ્યા સુધા અને ભગવદ્ભોગ્યા સુધાનો અનુભવ પણ સર્વાભોગ્યા સુધાથી જ મળે છે, તેથી તે સર્વોત્કૃષ્ટ છે. તે સુધા વેણુના સપ્ત રન્ધ્રોમાંથી વેણુને સ્પર્શ કર્યાવિના નાદબ્રહ્મ જોડે જોડાઈ ઉભરાઈ બ્હાર ઢોળાય છે; અતઃ તે શ્રોત્રૈકપેયા છે, તેનો સાક્ષાત્ ઉચ્છિષ્ટ અનુભવ શક્ય નથી. તે બ્રહ્માનન્દથી પણ અધિક હોઈ સર્વને ભગવદીયત્વનું સંપાદન કરાવે છે. વસ્તુતઃ તે આનન્દસારભૂતા છે; તે સાધનતાને કદિ પણ પ્રાપ્ત નથી થતી; માટે નાદબ્રહ્મમાં તે સુધાને યોજવા નાદોત્પત્તિસ્થાન વેણુમાં અને તેમાંયે વળી તેના સપ્ત રંધ્રોમાં અમૃતરૂપે પ્રભુ પૂરે છે.

સુધા ત્રૈવિધ્ય, ઐશ્વર્યાદિ ષડ્ગુણ અને ધર્મિરૂપે એકવીસ પ્રકારની છે; જ્યારે સર્વાભોગ્યા સુધા વેણુરન્ધ્રનો સ્પર્શ કર્યા સિવાય નાદદ્વારા બ્હાર ઉભરાય છે, ત્યારે તે વેણુના મધ્યભાગને પણ સ્પર્શતી નથી, કેવલ નાદદ્વારા બ્હાર ઢોળાઈ કર્ણદ્વારા હૃદયમાં ફેલાઈ વર્ણન કરનારાં શ્રીગોપીજનોના મુખમાં આવી તેને સ્વભોગયોગ્ય કરે છે. જ્યાંસુધી એ સુધાનો અંશ અન્તઃકરણમાં પ્રવેશતો નથી ત્યાંસુધી તેને સુધાભોગની યોગ્યતા મળતી નથી. અત એવ એના માટે રસપૂરથી સુધાંશના પ્રવેશાર્થ શ્રીવેણુગીતમાં વર્ણન છે.

વેણુનાદ રસાત્મક છે, તેનો પ્રવેશ ધારાની જેમ કર્ણદ્વારા હૃદયમાં થાય છે. એ જ દ્રવાનન્દાત્મક વેણુનાદ નિષ્કામ હૃદયવાળા ભગવદીયોની સર્વેન્દ્રિયમાં જલપ્રવાહની જેમ વિવિધ રસના ભાવનિર્ઝરથી પુષ્ટરસ પૂરરૂપ થઈ જાય છે, અને તેથી એ સમાન શીલવ્યસનવાળા ભક્તજનથી કરાયલા પરસ્પર નાદસ્વરૂપના વર્ણનરૂપે બ્હાર પ્રકટ થાય છે; એનું અસ્તિત્વ સર્વત્ર છે; વ્રજાંગનાઓનું એક પણ હૃદય તે સુધાથી આર્દ્ર થયાવિના નથી રહ્યું. એ શ્રોત્રૈકપેયા અધરસુધાના પ્રવેશથી જ નિરોધની સિદ્ધિ થાય છે. અત એવ સંભોગનીય શ્રીગોપીજનોથી જુદી ગોપીઓમાં, ગોપવૃન્દમાં, અને સર્વત્ર જે નિરોધ છે, તે સંભોગનીય શ્રીગોપીઓની અપેક્ષાએ સ્વલ્પતર છે; તેથી શ્રીમદ્ભાગવતમાં ભક્તિનિરૂપણ પછી જ નિરોધનું વર્ણન છે.


અતઃ એવું અનેરું સુધાપાન કરવા શ્રીમદ્ગોપીજનો વેણુગીતનું વર્ણન કરે છે; માટે જ શ્રીસુબોધિનીકાર 'एतदर्थमेव वर्णनम्' એમ કહે છે. પ્રભુને મુખ્ય રસનું દાન કરવાની ઇચ્છા છે; તેથી 'बर्हापीडं नटवरवपुः' એ શ્લોકના ઉત્તરાર્ધમાં વર્ણવાયલી સુધાસંવલિત વેણુસ્વરૂપે શ્રીમદ્ગોપીજનોને વશ કરી અધરામૃતનું પાન કરાવતા-કરતા પ્રભુ વૃંદાવનમાં પ્રવિષ્ટ થાય છે, અને 'क्लिश्यति कामपि' વગેરે પ્રકારની સ્વચ્છન્દતા સંપાદિત કરે છે; પ્રભુનુંઆ પ્રકારનું સ્વાચ્છન્દ્ય શ્રીનન્દાલયે સંભવતું નથી.

આવું ફલાત્મક **શ્રીવેણુગીત** સર્વે કોઈ સમજી શકે તેવો **પરીખ**નો આ પ્રકાશનનો પ્રયાસ જરૂર શ્લાઘ્ય અને અભિનંદનીય છે. ભગવચ્છાસ્ત્ર નિષ્ણાત પ્રાપ્ત ભગવચ્ચરણ પરમ ભગવદીય શ્રીમગનલાલ શાસ્ત્રીજીનો શ્રીવેણુગીતનો અનુવાદ વિ. સ. ૧૯૮૬માં પ્રકટ થયો હતો, પણ તેમનું સાહિત્ય વિદ્વદ્ભોગ્ય હોઈ સાધારણ જનતા લાભ ન મેળવી શકે એ સ્વાભાવિક છે; પરન્તુ એ વિષય સ્પષ્ટ છે કે શ્રીયુન શાસ્ત્રીજીની સામ્પ્રદાયિક સાહિત્યસેવા પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં અવશ્ય સુવર્ણાક્ષરે અંકિત રહેશે. તેમના ગંભીર અનુવાદને આવા સરલ રૂપમાં મૂકવાથી સાધારણ ભણેલ પણ કામ ક્રોધાદિરહિત વ્યક્તિ તેનો સારો ઉપયોગ કરશે, તો પ્રકાશકની સેવા સાર્થક થઈ ગણાશે इति।

તા. ૬-૫-૧૯૩૭
શ્રીવલ્લભાચાર્ય પ્રાકટ્યોત્સવ
સં. ૧૯૯૩. નવાનગર.

લેખક
ગો. વ્રજનાથ શર્મા

वेणु कूजन



Lakshmi Art, Bombay, 8.

वेणु कूजन

श्रीकृष्णाय नमः

श्रुतिरूपगोपिकावर्णितनिखिलगुणाय नमः ॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

# શ્રી વેણુગીત

## શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધ

### અધ્યાય ૧૮ મો.

શ્રી **વલ્લભાચાર્યજીના** સિદ્ધાન્ત પ્રમાણે શ્રીપુરુષોત્તમ **નામ** અને **રૂપ** એમ બન્ને પ્રકારે નિત્ય ક્રીડા કર્યા જ કરે છે. એ શ્રીપુરુષોત્તમનું સૂક્ષ્મ બીજરૂપ નામસ્વરૂપ તે **ગાયત્રી** કહેવાય છે. તે બીજરૂપ ગાયત્રીમાંથી કલ્પવૃક્ષરૂપ નામસ્વરૂપ પ્રકટ થયું તે **વેદ** કહેવાય છે, અને એ કલ્પવૃક્ષ વેદનું ફલ રસરૂપ નામસ્વરૂપ તે **શ્રીમદ્‌ભાગવત** છે. બીજ અને વૃક્ષ કરતાં **રસરૂપ ફલ** વધારે ઉત્તમ છે, વધારે સ્વાદદાયક છે, એમ સર્વનો અનુભવ છે. આ દૃષ્ટિથી જોતાં બીજરૂપ **ગાયત્રી** કરતાં અને કલ્પવૃક્ષ **વેદ** કરતાં પણ તેનું રસરૂપ ફલ **શ્રીમદ્‌ભાગવત** વધારે **સુન્દર** અને **રસદાયક હોય એ** સ્વાભાવિક જ છે, અને આ પ્રમાણે ગાયત્રી જેનું મૂલ છે, એવા કલ્પવૃક્ષરૂપ વેદના અર્થરૂપ-ફલરૂપ શ્રીમદ્‌ભાગવતશાસ્ત્ર કે જે **બ્રહ્માનન્દ કરતાં પણ અધિક ભગવદ્‌રસનું** સૌ સૌના અધિકાર પ્રમાણે ક્ષણે ક્ષણે **પાન કરાવે છે,** તે જ જીવનનું મુખ્ય ફલ છે, એમ સ્વાભાવિક જ્ઞાન થાય છે.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ **ગાયત્રીભાષ્ય** પ્રકટ કરીને ગાયત્રીનો ખરો અર્થ શું છે તે સારી રીતે સમજાવ્યો છે, અને **તત્ત્વાર્થદીપનિબંધના** શાસ્ત્રાર્થપ્રકરણમાં ગીતાશાસ્ત્રનો અર્થ બહુ ટૂંકમાં સારી રીતે સમજાવ્યો છે, અને કૃપા કરી તેનાપર **પ્રકાશ** નામની ટીકા પણ પોતે જ લખી છે. વળી વ્યાસસૂત્ર ઉપર **શ્રીઅણુભાષ્ય** કરી સૂત્રનો અર્થ બહુ સારી રીતે સ્પષ્ટ કર્યો છે, અને આ પ્રમાણે ગાયત્રી, ગીતા અને સૂત્ર ઉપર બહુ સુન્દર વિવેચન કરી ત્રણ પ્રસ્થાનની અન્દર રહેલા રસાત્મક પ્રભુના ભજનાનન્દની રૂપરેખાનું આનન્દદાયક દર્શન કરાવ્યું, અને ત્યાર પછી ચોથા પ્રસ્થાન શ્રીમદ્‌ભાગવતમાં ત્રિવિધ[1] દુઃખ હરણ કરનાર શ્રીહરિ જે આનન્દરૂપ શ્રીકૃષ્ણ છે તેની

---

૧. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક.

અગાધ લીલામાં પ્રવેશ કરી જીવોને પ્રભુની લીલાનું અવગાહન કરાવી નિરોધનું દાન કર્યું. શ્રી-સુબોધિનીજીમાં પદે પદે વિરલ આનન્દનો અનુભવ થાય છે, અને કોટિમાં વિરલ અત્યંત અંતરંગ શ્રીપદ્મનાભદાસ વગેરે જ તેનો યથાર્થરૂપે અનુભવ કરી શકે છે. શ્રીસુબોધિનીજી એટલાં તો શબ્દથી અને અર્થથી ગંભીર છે, કે તે ગાયત્રીનાં પણ ગાયત્રી છે, વેદનાં પણ વેદ છે, ગીતાનાં પણ ગીતા છે, સૂત્રનાં પણ સૂત્ર છે, એટલુંજ નહિ પરંતુ સર્વ દર્શનનાં દર્શનરૂપ છે, ફલનાં ફલરૂપ છે, અને રસનો પણ રસ છે. આવા ઉત્તમ શ્રીસુબોધિનીજીના **'શ્રીવેણુગીત'** નામના એક અધ્યાયનું આપણે આનન્દથી અવગાહન કરીશું. શ્રીમદ્‌ભાગવતના બાર સ્કન્ધમાં ૩૩૨ અધ્યાય છે, તેમાં શ્રીપુરુષોત્તમની અનન્ત લીલાનું પ્રતિપાદન સર્ગ, વિસર્ગ, વગેરે દશ ભાગમાં બહુ સુન્દર રીતે કરેલું છે. આશ્રયસુધીની બાર લીલામાં દશમી **નિરોધલીલા જ શ્રીપુરુષોત્તમના હૃદયરૂપ** છે અને તેથી જ તે બહુ ગૂઢ છે. ૮૭ અધ્યાયના આ નિરોધસ્કન્ધમાં પાંચ પ્રકરણ છે, તેમાં પ્રથમ જન્મપ્રકરણ છે. નિરોધ ભક્તિથી પણ અધિક છે, તેથી નિરોધનું દાન કરવાને સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપે જ પોતે જ પ્રકટ થાય છે, તેથી પ્રથમ જન્મપ્રકરણમાં સ્માર્ત ત્રિમૂર્તિ પરિપૂર્ણ શ્રીપુરુષોત્તમના પ્રાકટ્યનું સુન્દર વર્ણન છે. **શ્રીપુરુષોત્તમનું સ્વરૂપ તે જ ફલ, તે સિવાય બીજું કાંઈ ફલ જ કહેવાય નહિ,** એમ આ ભક્તિમાર્ગનો મુખ્ય સિદ્ધાન્ત છે, બીજું કાંઈ ફલ કહેવાતું હોય તો તે શ્રીપુરુષોત્તમના સંબંધને લીધે જ. શ્રીપુરુષોત્તમના ફલાત્મક સાક્ષાત્ સ્વરૂપનો સંબંધ જેવો તામસ કહેવાય છે, તે ભક્તોને થાય છે તેવો બીજા કોઈને પણ થતો નથી. અહીં **તામસ** શબ્દ દૃઢ આસક્તિસૂચક ભાવવાચક છે, સામાન્ય અર્થમાં નથી, તેથી 'अधो गच्छन्ति तामसाः।' 'કનિષ્ટ ગુણની વૃત્તિવાળા તામસ જીવોની અધોગતિ થાય છે' (ગી. ૧૪–૧૮) એમ જે સામાન્ય રીતે કહેવાય છે, તે પણ આ સ્થલમાં થતી નથી, એટલું જ નહિ પણ ઉલટું તેમની ઉચ્ચગતિ જેવી થાય છે તેવી બીજા કોઈની પણ થતી નથી. સાત્ત્વિક જીવની અભિરુચિ શાસ્ત્રમાં કહેલા જ્ઞાનમાર્ગને વિષે હોય છે અને રાજસ જીવ તો હંમેશાં કર્મ કરવામાં આસક્ત હોય છે, તેથી સ્વભાવનો વિજય ન થયલો હોવાથી જ્ઞાનમાર્ગમાં આસક્ત સાત્ત્વિક જીવને અને લૌકિકઅલૌકિક કર્મોમાં આસક્ત ચિત્તના વિક્ષેપવાળા રાજસ જીવને ફલરૂપ શ્રીપુરુષોત્તમના સ્વરૂપનું સ્મરણ હોતું નથી, અને મહારસરૂપ **ઉત્તમોત્તમ** ફલરૂપ નિરોધ તેમને સિદ્ધ થઈ શકતો નથી, એથી ઉલટું તામસ જીવ તો મૂઢ હોય છે, તેથી જ્યાં તેનું ચિત્ત દૃઢતાથી લાગે તે વસ્તુમાંથી તેનો આગ્રહ જતો જ નથી, એ વાત લોકમાં પણ પ્રસિદ્ધ છે. તામસ વ્રજજનનો ફલરૂપ શ્રીકૃષ્ણના સ્વરૂપને વિષે એવો તો દૃઢ સ્વાભાવિક સ્નેહ થઈ ગયો હતો કે સાક્ષાત્ ભગવાને તેમને ધર્મનો ઉપદેશ દશ શ્લોકથી કર્યો તોપણ ધર્મી સ્વરૂપને છોડીને તે ધર્મનો અંગીકાર કરવાની તેમની લેશમાત્ર પણ ઇચ્છા થઈ નહિ, અને આગળ જતાં પ્રભુસ્વરૂપથી ભિન્ન જ્ઞાનનો પણ ઉદ્ધવજીદ્વારા મોકલેલા સંદેશાનો સ્વીકાર ન જ કર્યો. સાર એ કે સર્વાત્મભાવથી નિરોધ તો કેવલ શ્રીવ્રજજનને જ ફલીભૂત થયો. આમ તામસ ધર્મને સામ્ય (સરખાપણું) હોવાથી અને પુષ્ટિમાર્ગની ગતિ મર્યાદામાર્ગથી વિપરીત હોવાથી જન્મપ્રકરણ પછીના અઠ્ઠાવીશ અધ્યાયના પ્રકરણને **તામસપ્રકરણ** કહેવામાં આવ્યું છે. ખરી રીતે તો એ **નિર્ગુણ** જ છે, અને જે નિઃસાધન ભાગ્યવાન્ ભગવદીયોને નિરોધનું દાન કરવાને પરિપૂર્ણ શ્રીપુરુષોત્તમ સાક્ષાત્ ભૂતલ ઉપર પ્રકટ થયા તે **શ્રીવ્રજજન** પણ તામસ નથી પણ **નિર્ગુણ** જ છે. "મારી ભક્તિ-વાળા મારા જ સ્વરૂપાત્મક યોગીને ઘણું ખરું જ્ઞાન કે વૈરાગ્ય હિતકારક નથી" (ભા. ૧૧-૨૦-૩૧) "સ્વર્ગ, નરક અને મોક્ષને સમાન રીતે જુએ છે" (ભા. ૬-૧૭-૨૮) વગેરે વાક્યોથી જ્ઞાન અને વૈરાગ્યથી સાધ્ય મોક્ષને પણ તેઓ નરકતુલ્ય ગણે છે, તેથી ભક્તિમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગ વગેરે

**શ્રીસુબોધિનીજી વેણુગીતકારિકાર્થઃ—**

અરાઢમા અધ્યાયમાં ગોપીજનની આસક્તિનું સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવે છે વર્ણન કરનાર અને વર્ણન કરવાની વસ્તુના ભેદથી ગોપોની આસક્તિનું પણ વર્ણન કરવામાં આવે છે. (કા.૧)[1]

---

હીન છે, અને 'ભગવાનમાં જ પરાયણ વિશુદ્ધ ભાવવાળાં શ્રીવ્રજજન સર્વથી ઉત્તમ છે,' એમ ભક્તિમાર્ગમાં પ્રસિદ્ધ છે, તેથી ભગવાનનું પ્રાકટ્ય થયું કે તરત જ નિરોધના દાનને માટે મુખ્ય અધિકારી શ્રીવ્રજજનનો જ પ્રસંગ આ તામસપ્રકરણમાં (વસ્તુતઃ નિર્ગુણપ્રકરણમાં) વર્ણન કર્યો.

ખરું જોતાં તો પુષ્ટિમાર્ગીય પ્રભુનું પ્રાકટ્ય સાધનનિષ્ઠ જીવોને માટે છે જ નહિ, કિન્તુ કેવલ નિઃસાધનને માટે જ છે, તેથી કેવલ નિઃસાધન પ્રભુના સ્વરૂપની જ આકાંક્ષાવાળા શ્રીવ્રજજનના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ પણ પ્રભુનું સાક્ષાત્ સ્વરૂપ જ છે. એ સિદ્ધાન્ત સ્પષ્ટ કરવાને આ તામસપ્રકરણના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એમ ચાર ભાગ છે. પોતાના જ સ્વરૂપથી અભિન્ન ( જુદી નહિ એવી ) પ્રમાણાત્મક બાલલીલાનો સ્વીકાર કરીને પ્રભુ શ્રીવ્રજજનને **પ્રેમનું દાન** કરે છે, પ્રમેયાત્મક ગોચારણ વગેરે લીલા કરીને પ્રભુ શ્રીવ્રજજનને **આસક્તિનું** દાન કરે છે, અને સાધનાત્મક શ્રીગોવર્ધનોદ્ધરણ વગેરે લીલાનો સ્વીકાર કરીને પ્રભુ શ્રીવ્રજજનને **વ્યસન**-નું દાન કરે છે. આ સુન્દર પ્રકારે પ્રમાણરૂપ **પ્રેમ,** પ્રમેયરૂપ **આસક્તિ** અને સાધનરૂપ **વ્યસન** એટલે સર્વાત્મભાવનું પોતાના સ્વરૂપથી જ દાન કરીને બ્રહ્માનન્દથી પણ અધિક પરમ પવિત્ર **ભજનાનન્દરૂપ પુષ્ટિમહારસરૂપ રાસોત્સવ** વગેરે અવિચલ નિત્યલીલામાં પ્રવેશરૂપ ઉત્તમોત્તમ **ફલનું** દાન પણ પ્રભુ તેમને કરે છે. તામસપ્રકરણની અને સાક્ષાત્ સ્વરૂપે સારસ્વત-કલ્પમાં પ્રકટ થયલા પ્રભુસ્વરૂપે નિરોધરૂપી મહાફલનું દાન આપવાને કરેલી અગીઆર વર્ષની શુદ્ધ પુષ્ટિમાર્ગીય લીલાનાં વર્ણનની અહીં જ સમાપ્તિ થઈ જાય છે. આ દશમનિરોધસ્કન્ધના આ પ્રકારના બીજા તામસપ્રકરણમાં મધ્યમણિની માફક બીજું પ્રમેયપ્રકરણ છે, તેના અંતમાં **શ્રીવેણુ-નાદનો** પ્રાદુર્ભાવ થાય છે અને તે સર્વને ઉપકારક છે. એ વેણુનાદની સુધાવિના પુષ્ટિમાર્ગીય પ્રભુના રસાત્મક સ્વરૂપમાં આધિદૈવિકતા આવતી નથી, અને જો આધિદૈવિકતા સિદ્ધ ન થાય તો તે પછીની બધી લીલાનો આવિર્ભાવ જ થાય નહિ.

[1]**વિવેચનઃ**–શ્રીવલ્લભાચાર્યજીએ સ્વીકારેલા ક્રમ પ્રમાણે દશમસ્કન્ધના ૧૮ મા અધ્યાયમાં **શ્રીવેણુગીત**નો પ્રસંગ છે. આ આખા પ્રમેયપ્રકરણમાં **આસક્તિ**નું વર્ણન છે. તેથી આ છેલ્લા સાતમા અધ્યાયમાં શ્રીગોપીજનની આસક્તિનું વર્ણન સ્ફુટ રીતે કર્યું છે.

ગયા સત્તરમા અધ્યાયમાં "જનોનો તાપ દૂર થયો પણ કૃષ્ણમાં જેનું ચિત્ત આસક્ત છે એવાં ગોપીજનનો તાપ દૂર થયો નહિ" એ વાક્યમાં, અને તેના કરતાં પણ પહેલાં, શ્રીગોપીજનની આસક્તિનું સામાન્ય વર્ણન તો આવી જ ગયું છે, તો પણ આ અધ્યાયમાં તો તેમની **આસક્તિનું** ખાસ નિરૂપણ છે. પહેલાં પણ આસક્તિ તો હતી જ પણ તે જણાવનાર વર્ણન કર્યું ન હતું, પણ આ અધ્યાયમાં તો તે વર્ણન પણ છે, તેથી પ્રકરણની અને આ અધ્યાયની સામાન્ય (વર્ણન) અને વિશેષ ભાવરૂપ(વર્ણન)ની સંગતિ છે. વર્ણનનો વિષય ભગવચ્ચરિત્ર જ છે. દિવસનું ચરિત્ર અને રાત્રિનું ચરિત્ર જેમ જુદાં છે, તેમ દિવસના ચરિત્રનું વર્ણન કરનાર શ્રી-ગોપીજન અને રાત્રિના ચરિત્રનું વર્ણન કરનાર ગોપો પણ જુદા જ છે. શ્રીગોપીજનનો નિરોધ મુખ્ય હોવાથી આ પ્રકરણના પાંચ અધ્યાયમાં ગોપવર્ગને નિરોધનું દાન થયાનું વર્ણન છે. તે પણ ગોપીજનના નિરોધને માટે જ છે. અર્થાત્ ગોપનો નિરોધ પણ ગોપિકાએ કરેલા વર્ણનમાં પ્રયોજક હોવાથી ગોપિકાઓને માટે જ છે, એમ સિદ્ધ થાય છે. બાલકો જેમ પોતાના સહજ સ્વભાવથી

તેમના ઉદ્બોધને માટે વનમાં પ્રવેશ અને બોધનું નિરૂપણ કરવામાં આવે છે. જે ભગવાન્માં આસક્ત હોય તે ભગવાનના ગુણોમાં પણ આસક્ત હોય. (કા. ૨)[૧].

જે જોયું અને અનુભવ્યું હોય તેનું વર્ણન ઉત્સાહથી સર્વની આગળ કરે છે, તેમ ગોપો કાંઇ બાલક-પણાથી સર્વની સમક્ષ ભગવચ્ચરિત્રનું વર્ણન કરતા નથી, પરન્તુ પ્રભુમાં આસક્તિ હોવાથી જ તેનું વર્ણન કરે છે, અને આસક્તિનો આ સ્વભાવ જ છે, કે પ્રભુચરિત્રનું જે જ્ઞાન પોતાના સર્વસ્વરૂપે થયું હોય તેનું સ્પષ્ટ વર્ણન સર્વની આગળ થતું જ નથી, પરન્તુ કેવલ પોતાના સમાન જેની આસક્તિ હોય તેની આગલ જ તે વર્ણન થાય છે જેમ ગોપો પ્રભુમાં આસક્ત છે, તેમ શ્રીગોપીજન પણ પ્રભુમાં આસક્ત છે, તેથી ગોપો સ્વસમાનશીલ શ્રીગોપીજન આગળ જ પોતપોતાના ઘરમાં જ પોતાના સર્વસ્વરૂપ ભગવચ્ચરિત્રનું સુન્દર વર્ણન કરે છે. આથી એ સ્પષ્ટ થઇ જાય છે કે જેમ દિવસે શ્રીગોપીજન ભગવાનનાં ગુણગાન કરે છે, તેમ રાત્રિએ ગોપો પણ સ્વસમાનશીલ શ્રીગોપીજનના આગળ ભગવાનના ગુણગાન કરે છે, તેથી ગોપોની પણ આસક્તિ સ્પષ્ટ માલૂમ પડી આવે છે. પ્રમેયપ્રકરણના આરંભમાં પણ આ બાબત જણાવી હતી, તેથી અન્તમાં પણ અન્તરંગ ક્રીડાને માટે વનપ્રવેશના પ્રસંગમાં પણ सगोगोपालकः અને गोपवृन्दैः વગેરે શબ્દોથી ગોપવર્ગ પણ સાથે છે, તેનું ફરીથી સ્મરણ કરાવ્યું. જો એમ ન કરે તો જેમ કાત્યાયનીવ્રત અને વરદાનના પ્રસંગમાં પ્રભુ પધાર્યા ત્યારે ગોપોને સાથે લીધા ન હતા, અને ગોપીજનના કાર્યની સિદ્ધિ થયા પછી ગોપો આવ્યાં હતા તેમ અહીં પણ પ્રભુ એકલા જ પધારત. સાર એ કે અંતરંગ ક્રીડાને માટે વૃન્દાવનમાં પ્રવેશ કરવાના પ્રસંગમાં ગોપોને સાથે લીધેલા છે, તે ગોપોની પ્રભુના સ્વરૂપમાં આસક્તિ સિદ્ધ કરી આપે છે. શ્રીગોપીજન ભગવચ્ચરિત્રનું વર્ણન દિવસે આસક્તિપૂર્વક કરે છે, તે તો આ અધ્યાયમાં સ્પષ્ટ છે. દિવસે સર્વે ગોપીજન શ્રીગોકુલમાં પોતાના ઘરમાં જ હોય છે, તો પણ ભગવાન વનમાં જે જે લીલા કરે છે તે તે સર્વ લીલા ભગવદ્ભાવના સામર્થ્યને લીધે પોતાના હૃદયમાં અનુભવે છે, અને તેનું ગાન કરે છે, તેમ સર્વે ગોપો રાત્રિની ભગવલ્લીલાને પોતાના અતિશય આસક્તિના સામર્થ્યથી પોતાના હૃદયમાં અનુભવે છે, અને ગાન કરે છે. પરન્તુ ભગવાને કરેલી રાત્રિલીલા અતિ ગોપ્ય હોવાથી ગોપવર્ગે ગાયેલી તે લીલાનું વર્ણન ભાગવતમાં શ્રીશુકદેવજીએ સ્પષ્ટ કર્યું નથી. 'શ્રીગોપીજને દિવસની લીલાનું ગાન કર્યું' એમ કહેલું હોવાથી જ ગોપવર્ગે રાત્રિલીલાનું ગાન કર્યું એમ કહેવાઇ ગયલું સમજવું. अन्ये तदनुरूपाणि શ્લોકમાં ગોપોએ કરેલાં ગુણગાનનું સૂચન થઇ જાય છે, કેમકે લીલાના ગાનનું કારણ આસક્તિ તો ગોપ અને ગોપીઓ બંનેમાં સમાન જ છે, અને જ્યાં જ્યાં આસક્તિ હોય ત્યાં ગુણગાન થાય જ. (કા—૧.)

[૧]વેણુગીતના આ આસક્તિના વર્ણનના પ્રસ્તાવમાં વીશ શ્લોક છે. તેમાંના પ્રથમ શ્લોકમાં વૃન્દાવનપ્રવેશનું વર્ણન છે, અને બીજા શ્લોકમાં વેણુકૂજન પ્રભુએ કર્યું તેનું વર્ણન છે, તે બંને શ્લોક ગોપીજનની આસક્તિના ઉદ્બોધનને (જાગૃતિને) માટે છે. જો કે સત્તરમા અધ્યાયમાં गोभिस्तयोस्तदद्भुतम એ શ્લોકમાં ગોપોની આસક્તિ સ્પષ્ટ કહેલી છે, અને આ અધ્યાયમાં ગોપીજનની ભગવદ્ગુણમાત્રમાં આસક્તિ સ્પષ્ટ કહી છે, તો પણ કાર્યથી કારણનું અનુમાન થાય છે. ભગવદ્-ગુણમાં આસક્તિ એ કાર્ય છે અને ભગવાનમાં આસક્તિ એ કારણ છે. ભગવાનમાં આસક્તિ હોય તો જ ભગવદ્ગુણગાનરૂપ કાર્યમાં આસક્તિ સંભવે, કારણવિના કાર્ય સંભવે નહિ. ભગવાનના ગુણમાં આસક્તિ—કાર્ય સ્ફુટ છે, તો ભગવાનમાં આસક્તિ—કારણ પણ છે જ, એમ નિશ્ચય થાય છે. જે ભગવાનમાં આસક્ત હોય તે જ ભગવદ્ગુણમાં પણ આસક્ત થાય, તેથી ગુણમાં આસક્તિ હોવાને લીધે ભગવાન્માં આસક્તિ છે, એમ જ્ઞાન થાય એ સ્પષ્ટ જ છે. (કા. ૨.)

આસક્તિ પ્રેમના પછી જ થાય છે. પ્રેમ પણ ભગવાને જ કરેલો હોય છે. ઉદ્બોધન પણ હરિએ કરેલું હોય છે, બીજો કોઇ ઉદ્બોધક હોતો નથી. (કા. ૩.)[1] તેથી પંચપર્વા વિદ્યાની અન્તે આસક્તિથી તેનું સ્ફુટ વર્ણન કરવામાં આવે છે. (કા. ૩½)[2] અહીં હરિ કાલથી અધિક છે.

---

[1]જ્યાં જ્યાં ગુણમાં આસક્તિ હોય ત્યાં ત્યાં ગુણીમાં પણ આસક્તિ હોય જ એવો કાંઇ નિયમ નથી, એમ સમજીને ભગવદાસક્તિ ગુણસંબંધને લીધે થયલી કદાચ ગૌણ હશે એમ પણ ન માનવું, કેમકે પ્રથમ તો પ્રેમ જ થાય, અને ત્યાર પછી આસક્તિ થાય, તેથી ભગવદાસક્તિ ગૌણ છે જ નહિ પરન્તુ મુખ્ય છે. આસક્તિ પહેલાં પ્રેમ હોવો જ જોઇએ, જો પ્રેમ જ ન હોય તો सगोपालकः એ પદમાં સખિમંડલ સાથે છે, એમ કહ્યું તે કહેત જ નહિ, માટે પ્રેમ પ્રથમ છે, અને આસક્તિ તેના પછી છે. વૃન્દાવનપ્રવેશરૂપ પહેલા શ્લોકમાં તે જ પ્રેમનું નિરૂપણ છે, અને તે પ્રેમ જ્યારે જાગૃત થાય ત્યારે તેમાંથી આસક્તિ થાય છે, તેથી બીજા શ્લોકમાં વેણુકૂજનરૂપ ઉદ્બોધનનું નિરૂપણ કર્યું છે. જો પ્રેમ લૌકિક હોય તો કોકિલ વગેરેના કૂજનથી પણ તેવા પ્રેમનો ઉદ્બોધ (જાગૃતતા) થાય, પરન્તુ અલૌકિક ભગવદ્વિષયક પ્રેમનું ઉદ્બોધન તેનાથી થઇ શકતું નથી, તેથી તેના ઉદ્બોધન માટે અલૌકિક ભગવાને કરેલા પ્રવેશ અને વેણુકૂજનનું વર્ણન કર્યું. તે વેણુ-કૂજન પણ ગમે તે કરે તો અલૌકિક પ્રેમનો ઉદ્બોધ થાય નહિ, તેથી પ્રભુએ પોતે જ વેણુકૂજન કર્યું. વેણુકૂજનથી પ્રભુએ પોતે ઉદ્બોધન કર્યું, અને પ્રેમ તો જીવે કરેલા શ્રવણ વગેરે સાધનો-થી પ્રથમ સિદ્ધ થઇ ગયો જ હતો, એમ પણ નથી. પ્રેમ આસક્તિની પૂર્વ અવસ્થા છે, અને તે પ્રેમ પણ હરિએ જ દાન કર્યો. પ્રમાણપ્રકરણની લીલા પ્રકટ કરીને પ્રભુએ પોતાના સ્વરૂપને વિષે પ્રેમનું દાન શ્રીવ્રજજનને પોતે જ કર્યું અને પ્રમેયપ્રકરણની લીલા પ્રકટ કરીને આસક્તિનું દાન પણ પોતે જ કર્યું. વૃંદાવનમાં ગાયો અને ગોપાલો સહિત પ્રવેશ કર્યો અને વેણુકૂજન કર્યું, તે હરિએ પોતે જ કર્યું. માત્ર પ્રેમ, આસક્તિ અને વેણુકૂજન, એટલાં જ ભગવાને કરેલાં છે, એમ પણ નહિ, પરન્તુ અહીં તો બધી સામગ્રી ભગવાન્ પ્રકટ કરે છે, કારણ કે અંગીકાર માત્રથી સર્વ સિદ્ધ કરે છે. સાધનની સંપત્તિ પણ પોતે જ કરીને ફલદાન કરે છે, તેથી **પુષ્ટિમાર્ગમાં સાધન પણ પ્રભુ જ છે.** જેને વેદના પ્રમાણની આકાંક્ષા હોય તેને "यमेवैष वृणुते" (ભગવાન્ જેને વરે છે તે જ ભગવાનને પ્રાપ્ત કરે છે,) વગેરે શ્રુતિરૂપાનું યૂથ સંપૂર્ણ સંતોષ આપે છે. શ્રી-ગોપીજન પર ભગવાનનો પ્રેમ જ ન હોત તો વૃંદાવનમાં પ્રવેશ જ ન કરત, અથવા પ્રવેશ કર્યા પછી ઉદ્બોધ ન કરત, પણ એ બંને કર્યું, તેથી એમનો પ્રેમ છે, એમ નિશ્ચય છે. ભગવાનનો પણ આપણે વિષે પ્રેમ છે, એમ જાણ્યા પછી જ શ્રીગોપીજનનો પ્રેમ ઉદ્બુદ્ધ (જાગૃત) થયો, અને એવી જ રીતિએ ઉદ્બુદ્ધ પ્રેમ મુખ્ય છે, અને બીજો સાધનસાધ્ય પ્રેમ તો માત્ર ગૌણ છે, એમ આ બે શ્લોકથી સૂચવીને આગલ આવતું સર્વ વર્ણન ભગવાને દાન કરેલી આસક્તિપૂર્વક જ થયું છે, એમ શ્રીશુકદેવજીએ સ્પષ્ટ કર્યું. (કા. ૩)

[2]कुसुमितवनराजि શ્લોકમાં જો કે બીજા ઉદ્બોધક કહ્યા છે, તો પણ વસ્તુતઃ અહીં સર્વનું ઉદ્બોધન ભગવાને જ કરેલું છે, કારણ કે આ સર્વ વર્ણન ભગવદ્ગુણગાનમાં આસક્ત શ્રીશુકદેવજી કરે છે. આસક્તિ પર્યન્તનું અલૌકિક દાન થયું હોય તો પણ જ્યાં સુધી ભગવાન્ પોતે વિદ્યાનું દાન ન કરે ત્યાં સુધી પ્રભુના સ્વરૂપનું, ગુણનું અને લીલાનું જ્ઞાન જ થઇ શકતું નથી એ "यमेवैष वृणुते" શ્રુતિનું સ્વારસ્ય છે, તેથી શ્રીગોપીજને વર્ણન કરવાનો ઉપક્રમ કર્યો, પણ તેમની આસક્તિ વિદ્યાસહિત ન હતી, તેથી વર્ણનના ઉપક્રમને અંતે 'तद् वर्णयितुमारब्धाः' (તે વર્ણન કરવાને શરુ કર્યું તો પણ) શ્લોકને અન્તે बर्हापीडं नटवरवपुः એ શ્લોકથી વિદ્યાનું-પ્રશ્નના

પુરુષોત્તમ જ છે. (કા. ૪). તેથી તેર પ્રકારની લીલા જુદી જુદી કહી છે. (કા. ૪½)[૧].

સ્વરૂપના જ્ઞાનનું સર્વ પરિકરસહિત સ્ફુટ વર્ણન કર્યું છે. પ્રભુદત્ત આસક્તિથી ગાનની શરુઆત થઈ, તો પણ સ્મરના વેગને લીધે મન વિક્ષિપ્ત થઈ ગયું, જ્ઞાન થઈ શક્યું જ નહિ, તેથી અંતે પ્રભુએ પોતે જ શ્રીગોપીજનને વિદ્યાનું પણ દાન કર્યું, તેનું વર્ણન बर्हापीडम् શ્લોકમાં સ્ફુટ છે. સાર એ કે ગુણગાનમાં પ્રેમ, આસક્તિ અને વિદ્યા જે સર્વની અપેક્ષા છે, તે બધું ભગવદાધીન જ છે. વિદ્યા પણ બે પ્રકારની છે. અમૂર્ત અને મૂર્ત, (અપ્રકટ અને પ્રકટ). નાદબ્રહ્મરૂપ અમૂર્ત વિદ્યાનો અંતઃકરણમાં અનુભવ કરાવીને તે વિદ્યાના ફલરૂપ સ્વરૂપનો અનુભવ પણ પહેલાં આ વેણુગીતમાં તો ગાનદ્વારા અંતઃકરણમાં જ કરાવ્યો. આગળ જતાં રાસોત્સવના પ્રસ્તાવમાં તો પોતાના લોકની વ્યાપિવૈકુંઠની બાહ્ય અનુભવ કરાવતી મૂર્તિમાન્ વિદ્યા વડે તે વિદ્યાના ફલરૂપ સ્વરૂપાનન્દના અનુભવનું દાન બહાર અંગસંગદ્વારા પ્રભુ કરાવશે. પણ અહીં વેણુગીતમાં તો વિદ્યા અને તેનું ફલ બન્ને અમૂર્ત છે. મૂર્તિમાન્ વિદ્યા અને તેના ફલનો પ્રસંગ તો ફલ પ્રકરણમાં જ કહેવાશે. સાર એ કે વિદ્યા શબ્દનો પ્રયોગ જેમ ઉપાસનાના અર્થમાં તેમ સાક્ષાત્કારના અર્થમાં પણ થઈ શકે છે. અથવા વિદ્યાનો અર્થ વિદ્યાશક્તિ જ થાય છે. વિદ્યાવિના ભગવત્પ્રાપ્તિ નથી એ **विद्ययामृतमश्नुते** (વિદ્યાવડે અમૃતનો ભોગ કરે છે.) એ શ્રુતિનો મર્મ છે, તેથી શ્રીવ્રજજનમાં પણ અહીં વિદ્યાનું નિરૂપણ કર્યું છે. આ અધ્યાયના પ્રારંભથી પાંચમા શ્લોક बर्हापीडं नटवरवपुः સુધી વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભક્તિ એમ પંચપર્વા વિદ્યાનું પ્રતિપાદન છે. એ પંચપર્વા વિદ્યાનું દાન થયું કે તરત જ શ્રીગોપીજનને ભગવદ્ગુણવર્ણનરૂપ ભગવત્પ્રાપ્તિ સિદ્ધ થઈ. ગાનનો પણ ફલોન્મુખ (ફલ આપવાને તત્પર) ઉપક્રમ થયો, તેથી આ વિદ્યા બ્રહ્મવિદ્યાથી પણ અધિક છે. બ્રહ્મવિદ્યાનું પણ ફલ છે, એમ નિશ્ચય થઈ રહે છે. વસ્તુતઃ લીલાસ્થ જીવની વિદ્યા પણ અલૌકિક છે, અને શ્રીગોપીજનને જ તે અલૌકિક વિદ્યાનું દાન થયું છે. આ વિદ્યાનાં પાંચ પર્વ પણ વિલક્ષણ છે. ભગવાન્ સિવાય સર્વ પદાર્થમાત્રમાંથી અનુરાગની નિવૃત્તિ એ અહીં વૈરાગ્ય છે, પુરુષોત્તમ રસાત્મક છે એવું જ્ઞાન સાંખ્ય છે, ચિત્તની ભગવાનમાં જ તન્મયતા એ અહીં યોગ છે, ભગવાનના વિરહથી થતા તાપક્લેશનો અનુભવ એ અહીં તપ છે, અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની આકાંક્ષારહિત ભગવદાસક્તિ એ અહીં ભક્તિ છે. આ પંચપર્વા પુષ્ટિમાર્ગીય વિદ્યાનું દાન શ્રીવ્રજસુન્દરીઓને થયું છે. એ વિદ્યાનું પાંચમું પર્વ ભગવદાસક્તિરૂપ ભક્તિ, તેનું નિરૂપણ આ અધ્યાયમાં છે. સાર એ કે શ્રીગોપીજનની આ પ્રકારની ભગવદાસક્તિ આ ૧૮મા શ્રીવેણુગીત અધ્યાયનો અર્થ છે.

बर्हापीडं नटवरवपुः એ શ્લોકમાં જે ભગવત્સ્વરૂપના અનુભવનું વર્ણન કર્યું છે, તે બ્રહ્મભાવની પણ પછીની અવસ્થા છે, એ અવસ્થા ભક્તિથી જ પ્રાપ્ત થાય છે. भक्त्या मामभिजानाति એ શ્લોકમાં જે ભક્તિ કહી છે, તેનાથી જે અભિજ્ઞાત—ભગવાનના સ્વરૂપનું સર્વ પ્રકારે જ્ઞાન તે જ આ શ્લોકમાં કહેલો ભગવત્સ્વરૂપનો અનુભવ છે. શ્રીગોપીજનને આ અનુભવનું દાન થયું. તે अक्षण्वतां फलमिदम् વગેરે શ્લોકમાં સ્પષ્ટ થાય છે, તેથી આ અધ્યાયમાં જે વર્ણન છે, તે શ્રીગોપીજનની ભગવદાસક્તિને લઈને જ છે, એ નક્કી છે. વર્ણન તો अक्षण्वतां फलमिदम् એ શ્લોક પછી જ શરુ થાય છે, તેથી એ આસક્તિપૂર્વક છે. કેવલ સાધનરૂપ જ નથી પણ ફલરૂપ છે, અને તેથી જ તે પંચપર્વા વિદ્યાની અંતમાં થયલું છે. આટલે સુધી આ અધ્યાયના શરુઆતના ૭ શ્લોકનું સ્વારસ્ય સ્પષ્ટ કર્યું. (કા. ૩½). [૧]આગળ તેર શ્લોકવડે શ્રીગોપીજને કરેલું ભગવાનના ગુણોનું વર્ણન છે, અને

સુબોધિનીજી:-ભગવાનની લીલાને માટે ગયા અધ્યાયના અન્તે શરદ્દઋતુનું વર્ણન કર્યું, ત્યાર પછી અહીં લીલાનેમાટે ભગવાને વૃન્દાવનમાં પ્રવેશ કર્યો, તે इत्थम् એ શ્લોકથી કહે છેઃ-

**इत्थंशरत्स्वच्छजलं पद्माकरसुगन्धिना।**
**न्यविशद् वायुना वातं सगोगोपालकोच्युतः ॥१॥**

**આ પ્રકારની શરદ્દઋતુથી જેનું જલ સ્વચ્છ થયું છે, અને પદ્માકરના સુગન્ધવાળો વાયુ જેમાં વાય છે, એવા વૃન્દાવનમાં ગાયો અને ગોપાલોને લઇને અચ્યુત ભગવાને પ્રવેશ કર્યો.**

સુબોધિનીજી+:-આ પ્રકારની જે શરદ્દઋતુ તેનાથી સ્વચ્છ થયલું છે જલ જેમાં એવા વૃન્દાવનમાં અચ્યુત ભગવાને પ્રવેશ કર્યો, એવો સંબંધ છે.[1] અહીં પણ પહેલાંની માફક આધિદૈવિક શક્તિઓની સાથે લીલા કહેવાની છે,[2] તેમાં નાયકના ઉત્કર્ષને માટે અચ્યુત [3] પદ મૂક્યું છે. તેમાં પણ ગાયો અનુભવ કરાવનારી છે, ગોપાલો સેવક છે. શક્તિઓના નિર્ભયત્વને

છેલ્લા વીશમા શ્લોકમાં આ આસક્તિને પ્રતિપાદન કરનાર પ્રમેયપ્રકરણનો ઉપસંહાર છે. શ્રીગોપીજનને ગાયેલા વેણુગીતના શ્લોકની સંખ્યા તેર હોવાનું પણ ખાસ મર્મ છે. પ્રવાહી જીવ બારમાસ-રૂપ કાલની ઉપાસના કરે છે, માર્યાદિક જીવ બાર અંગવાળા પુરુષની ઉપાસના કરે છે, એ કાલ અને પુરુષ બન્નેથી ઉત્તમ, જેનું ગાન શ્રીગોપીજન કરે છે તે ભગવાન તેર અંગવાળા છે. આ શુદ્ધ પુષ્ટિમાર્ગીય તેર અંગવાળા પ્રભુ નિત્યલીલાસ્થ હરિ છે. ક્ષર અને અક્ષર પુરુષથી ઉત્તમ પુરુષોત્તમ છે. ઇન્દ્રિયવાળાઓનું ફલ છે. અર્થાત્ શ્રીવ્રજસીમંતિનીઓ જેનું ગાન કરે છે, તે નિત્યલીલાસ્થ પુરુષોત્તમનાં સ્વરૂપ, ગુણ અને લીલામાં સર્વ નિત્ય અથવા કાલાતીત છે. એમ સહજ સિદ્ધ થઇ રહે છે, તેથી જ અહીં ભક્તવાક્યમાં કાલથી અધિક હરિનું અને ક્ષર અને અક્ષરથી ઉત્તમ એવા પુરુષોત્તમનું વર્ણન થાય છે, અને તેમની તેર પ્રકારની લીલાનું જુદા જુદા શ્લોકથી વર્ણન કર્યું છે. (કા. ૪૬).

[1]વિવેચન×:-આ શ્લોકમાં 'વૃન્દાવન' પદ સ્પષ્ટ વાપર્યું નથી, તોપણ ગયા અધ્યાયમાં લીલાના સ્થાન તરીકે વનનું વર્ણન છે, તેમ જ આ અધ્યાયમાં પણ બીજા શ્લોકમાં कुसुमितवनराजि એ પદમાં વન શબ્દ પણ છે, અને પાંચમા શ્લોકમાં તો वृन्दारण्यं प्राविशत् એમ સ્પષ્ટ જ કહ્યું છે, તેથી પ્રવેશનું સ્થલ વૃન્દાવન જ છે, એ વાત નક્કી છે. [2]ભગવાનની શક્તિઓમાં પણ ભગવાનની માફક અલૌકિક-પણું, નિત્યપણું અને સ્વાભાવિક ધર્મત્વ છે, એ જણાવવાને અને ભગવદ્યોગ્ય શ્રીગોપીજનનું અલૌકિક-પણું, નિત્યપણું અને સહજ ધર્મત્વવાળા સ્વરૂપનું જેમને ભાન નથી તેવા અજ્ઞાનીથી તેમનું સ્વરૂપ જ ગુપ્ત રાખવાને અહીં શક્તિ પદ વાપર્યું છે. [3]આ લીલામાં નાયક ઉત્કૃષ્ટ છે એ જણાવવાને પ્રભુને માટે

+અહીં સંસ્કૃત શ્રીસુબોધિનીજીમાત્રના આધારે તેનું ભાષાંતર આપવામાં આવ્યું છે.

×અહીં ભ. ચ. પ્રાપ્ત મગનલાલ શાસ્ત્રીજીના ગુજરાતી વેણુનાદના અનુવાદના આધારે ટિપ્પણીજી, પ્રકાશ, યોજના વગેરેનું સંયુક્ત સરલ ભાષામાં વિવેચન આપવામાં આવ્યું છે. સુબો-ધિનીજી સાથે સંબંધ ધરાવતાં વાક્યોના બનતા ૧-૨ એમ નંબરો આપ્યા છે.

માટે આ દેવો સાક્ષી છે.[૪] જલ અને સ્થલ એ બે ભેદથી રમણ બે પ્રકારનું છે.[૫] **નિર્ભર** (ગાઢ)
રમણમાં વાયુની અપેક્ષા છે. જલક્રીડામાં તો નિર્મળતા અને ઠંડીનો અભાવ જોઇએ તેથી શરદ્
એ પદથી નિર્મળતા અને ઠંડીનો અભાવ એ બન્ને કહ્યાં, જેથી **શરદ્‌ઋતુ વડે જ્યાં જલો**
**સ્વચ્છ છે ત્યાં પ્રવેશ કર્યો;** કર્મનો નિર્દેશ ખાસ કરીને કર્યો નથી. શ્લોકમાં એવા **'વનમાં'**
એમ ખાસ કરીને કર્મ મૂક્યું નથી, તેથી ક્રીડાને માટે જલમાં પણ પ્રવેશ કર્યો એમ સમજવું.
પદ્માકરોની જે સારી છે ગંધ તેની શીતલતા સહિત એવો સુગંધી વાયુ તે **પદ્માકરસુગંધિ.** એવો
વાયુ જે વનમાં વાય છે તેમાં **પ્રવેશ** કર્યો. ગંધવાળો હોવાથી તે વાયુ મન્દ છે, એમ પણ કહ્યું.
ક્રીડામાં આટલાની જ અપેક્ષા છે. વિશેષણના ધર્મો પ્રધાન હોવાને લીધે વિશેષ્યનો નિર્દેશ કર્યો
નથી. (આ શ્લોકમાં 'इत्थंशरत्स्वच्छजलम्' એ એક અને 'पद्माकरसुगन्धिना वायुना वातम्' એ બીજું
એમ બે વિશેષણ સ્પષ્ટ કહ્યાં છે, પણ એ બે વિશેષણનું વિશેષ્ય वनम् સ્પષ્ટ કહ્યું નથી, તેનું
કારણ કે વિશેષણો જ મુખ્ય છે.) **સ્વચ્છ છે જલ,** અને **શીતલ મંદ સુગંધયુક્ત છે વાયુ,**
(એવા વનમાં) **પ્રવેશ કર્યો.**[૬] न्यविशद् એ પદથી એમ કહ્યું, કે **નિતરામ** એટલે આધિદૈવિક-
છેક અન્દરના ભાગ સુધી પ્રવેશ કર્યો. (૧૮.)[૭]

---

**અચ્યુત** પદ વાપર્યું છે. સ્વરૂપથી જેની કદાપિ ચ્યુતિ (સ્ખલન) જ ન થાય તે **અચ્યુત.** [૪]એવા
ઉત્કૃષ્ટ નાયકની લીલામાં **ગાયો** પણ અનુભવ કરનાર છે, તેથી પણ નાયકનો નિર્દોષ ઉત્કર્ષ સિદ્ધ થાય
છે. ગાય જેવા ભગવદ્‌ભક્તો જ આ લીલાનો અનુભવ કરનાર હોય છે. જેમ ગાયો અનુભવ
કરનાર છે તેમ **ગોપો** આ લીલામાં **સેવક** છે. **શક્તિઓ** એટલે શ્રીગોપીજનની નિર્ભયતા સિદ્ધ
કરવામાં એ ગોપરૂપ **સેવકોનો** વિનિયોગ કરવામાં આવે છે. આ **ગોપો દેવો** છે. સોળમા
અધ્યાયમાં आसन् सुविस्मिताः એ પદોના વ્યાખ્યાનમાં એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે,
કે તેમની ઇન્દ્રિયો નિર્દોષ છે, તેથી તેઓ દેવ છે. શ્રીગોપીજન સાથેની ભગવલ્લીલામાં **નિર્ભયતા**
કરનાર નિર્દુષ્ટ ઇન્દ્રિયવાળા દેવરૂપ ગોપો સાક્ષી છે. એ સાક્ષિત્વથી લીલાનું દિવ્યત્વ પણ સિદ્ધ
થઇ જાય છે. સાક્ષી સ્વાર્થથી અને ભિન્નસ્વાર્થથી ફલભોગને સમર્પણ કરનાર અને ફલભોગમાં
અધિકાર પ્રમાણે વર્તાવનાર પણ હોય છે. આ સર્વ ગુણો અહીં અંતરંગ ગોપવર્ગમાં છે,
તેથી ઉપનિષદ્ વગેરેમાં જેમ પરમાત્માને સાક્ષી કહ્યા છે તેમ અહીં **ગોપોને સાક્ષી** કહ્યા.
[૫]પ્રભુની નિર્દોષ અને પૂર્ણગુણ લીલામાં **રમણ** પણ **જલ** અને **સ્થલના ભેદથી બે પ્રકારનું છે.**
[૬]જલ અતિશય **શીતલ (ઠંડુ)** ન હોય અને **નિર્મલ** હોય તો જ જલક્રીડા પણ રસાલ થાય,
**સ્થલમાં નિર્ભર** (ગાઢ) **રમણમાં** પવનની પણ અપેક્ષા રહે છે. ઋતુ **શરદ્** છે, તેથી **જલ નિર્મલ**
છે, અને તે અતિશય શીતલ પણ નથી. [૬]પવન ગંધવાન્ છે, તેથી જ ગંધના ભારથી તે મન્દ–ધીમો
પણ છે. ક્રીડામાં શીત, મંદ અને સુગન્ધિ, એમ ત્રણ પ્રકારનો પવન અને બહુ શીતલ નહિ
એવા સ્વચ્છ જલની જ અપેક્ષા છે. આ શ્લોકમાં જલનું જ અને વાયુનું જ પ્રાધાન્ય છે, તેથી
સ્થલ (વૃન્દાવન)નો નિર્દેશ કર્યો નહિ. [૭]નિતરામ્ પ્રવેશ કર્યો, એટલે **આધિદૈવિક** સુધી પ્રવેશ કર્યો.
જ્યાં આવીને મળેલી દેવતાઓ પોતપોતાનું કાર્ય નેત્રભૃકુટિના વિલાસથી કરે છે, ત્યાં સુધી
પ્રવેશ કર્યો. **ગાયો** અને **ગોપાલો સહિત ભગવાને** નિકુંજ પ્રદેશપર્યન્ત પ્રવેશ કર્યો, એમ પરોક્ષ
રીતિએ જણાવવાને **આધિદૈવિક** પદનો પ્રયોગ કર્યો છે, અને તેનો સંકેત 'નિ' ઉપસર્ગથી
શ્રીશુકદેવજીએ કર્યો છે.

**સુબોધિનીજી:**-પહેલા શ્લોકમાં વૃન્દાવન પ્રવેશ કહીને હવે દેવતાનો ઉદ્બોધ કર્યો, તે 'કુસુમિત' શ્લોકથી કહે છેઃ-

**कुसुमितवनराजिशुष्मिभृंगद्विजकुलजुष्टसरःसरिन्महीध्रम् ।**
**मधुपतिरवगाह्य चारयन् गाः सहपशुपालबलश्चुकूज वेणुम् ॥२॥**

**કુસુમિત થયલી વનની પંક્તિઓથી મત્ત થયલા ભ્રમર અને પક્ષીઓનાં ટોળાંથી સેવાયલાં છે સરોવર, નદીઓ અને પર્વતો જેમાં, એવા વનમાં પ્રવેશ કરીને ગોપ અને બલદેવજી સહિત ગાયો ચરાવતાં મધુપતિ ભગવાને વેણુનું કૂજન કર્યું. ૨.**

**સુબોધિનીજી:**-**મધુપતિ**[1] **ભગવાને ગાયો ચરાવતાં વેણુનું કૂજન કર્યું.** વસંતના અધિપતિ રસવાળા શૃંગારાત્મા પ્રભુએ ધર્મ[2] કરતાં ક્રિયા અને જ્ઞાનશક્તિસહિત[3] દેવતાનો ઉદ્બોધ કરવાને[4] **વેણુનાદ કર્યો.** જાગૃત થયલી દેવતા, જો સામગ્રી હોય નહિ તો રમણ કરી

---

[1]**વિવેચન:**-**મધુપતિ** પદમાં મધુનો અર્થ કોઈક ટીકાકાર 'યાદવ' કરે છે, પરન્તુ તેવા અર્થમાં જરાપણ સ્વારસ્ય નથી, તેથી 'મધુ'નો અર્થ 'વસન્ત' જ કરવો; અને તે શૃંગારના આત્મા રસરૂપ ભગવાનને અથવા રસવાળા શૃંગારાત્માએ-વસન્તના અધિપતિએ વેણુનુંકૂજન કર્યું, એમ અર્થનું સ્વારસ્ય અનુભવમાં લેવું. તે **રસ** અથવા **રસવાળા શૃંગારરસાત્મા** છે, તેથી જ **મધુના** એટલે વસન્તના તે અધિપતિ છે. [2]લોકસિદ્ધ કાંઈ કાર્ય ન હોય તો વૃન્દાવનમાં જવું, અને ત્યાં લાંબો વખત સ્થિતિ કરવી, એ લોકવિરુદ્ધ કહેવાય; અને જે લીલા કરવાની છે, તેનું લોકને જ્ઞાન થાય, તે રસવિરુદ્ધ છે. આ પ્રકારના લોકજ્ઞાનનું અને રસવિરોધનું સમાધાન કરીને, સર્વ સિદ્ધ કરી આપવાનું સામર્થ્ય ગોચારણરૂપ **ધર્મમાં** છે; કારણ કે સાક્ષાત્ અને પરંપરાના ભેદે કરીને, ધર્મ ચતુર્વર્ગને (ધર્મ, અર્થ, કામ અને મોક્ષને) પણ સિદ્ધ કરે છે. ગોચારણરૂપ **ધર્મ કરતાં કરતાં વસન્તના અધિપતિ ભગવાને વેણુકૂજન કર્યું.** તેથી સાક્ષાત્ અને પરંપરાએ ચતુર્વર્ગને સિદ્ધ કરનાર ભગવત્સંબંધી **ગોચારણરૂપ ધર્મ** કરીને, લોક અને રસના પરસ્પર સર્વ વિરોધનું સમાધાન કરીને, **ધર્મ** વગેરે ચારે પુરુષાર્થનું સંપાદન કરી દીધું. [3]ગોપ **ક્રિયાશક્તિ**રૂપ છે, કારણ કે અંતરંગ કાર્યને માટે પ્રભુએ **ક્રિયાશક્તિ** તેમનામાં સ્થાપેલી છે; અને **જ્ઞાનશક્તિ**રૂપ **બલદેવ** પ્રતિબન્ધની નિવૃત્તિમાટે છે. જો કે ક્રિયાશક્તિનું સ્થાપન પણ બલદેવજીમાં છે, તથાપિ અંતરંગ લીલામાં બલદેવજીનો તેટલો અધિકાર નહિ હોવાથી, અહીં તેમનામાં માત્ર **જ્ઞાનશક્તિનું** જ સ્થાપન કર્યું. ગોચારણરૂપ ધર્મમાં **ક્રિયાશક્તિસહિત** પશુપાલ ગોપોનો અને **જ્ઞાનશક્તિસહિત** બલદેવજીનો પણ સહભાવ સાર્થક છે. ગોચારણ વગેરે ક્રિયામાં અંતરંગ કાર્યને માટે ગોપનો ઉપયોગ છે, અને પ્રતિબન્ધક આસુર સંપત્તિની નિવૃતિપૂર્વક ભક્તોની સાથે સ્વચ્છન્દ લીલાપ્રસંગમાં અને ભક્તરક્ષામાં બલદેવજીનો વિનિયોગ છે. આ પ્રમાણે ભગવાનની **ક્રિયાશક્તિવાળા** પશુપાલના અને ભગવાનની **જ્ઞાનશક્તિવાળા** બલદેવજીના સહભાવથી મધુપતિ ભગવાનનું 'यः सर्वज्ञः सर्वशक्तिः' એ શ્રુતિમાં કહેલું સર્વશક્તિપણું પણ સ્પષ્ટ થયું. અર્થાત્ પરબ્રહ્મમાં ક્રીડાને માટે **ક્રિયા** અને **જ્ઞાનશક્તિ** સર્વદા જ અપેક્ષિત છે, એમ સ્પષ્ટ થયું. જો એમ ન હોય તો સર્વધર્મવાળા સર્વશક્તિવાળા **સરસ શૃંગારાત્મા** મધુપતિ ભગવાનના નિર્ધર્મકપણાના અને અકર્તૃત્વાદિ વિવર્તથી× તો રસનિષ્પત્તિમાં જ વિપ્લવ (ગોટાળો) થઈ જાય. [4]સરોવરના, નદીના અને પર્વતની નિકટમાં વસતી ત્રણ પ્રકારની **દેવતા**-વનસુન્દરીના **ઉદ્બોધનમાટે મધુપતિ ભગવાને અસ્પષ્ટ વેણુકૂજન કર્યું;** વેણુનાદ પણ કર્યો. ઇચ્છિત કાર્યને માટે બોધકનું સ્થાપન, તે જ **ઉદ્બોધન.**

---

× છીપમાં રૂપુ દેખાય, તેમ બ્રહ્મની અંદર જગત્ દેખાય, તે **વિવર્ત** કહેવાય.

શકતી નથી, તેથી ભગવાન્ **મધુપતિ**[૫] છે, (સર્વ સામગ્રીસહિત છે), એમ નિરૂપણ કર્યું. વિભાવો વગેરેનું નિરૂપણ કરે છે, કે **કુસુમિત** (ખીલેલાં પુષ્પ છે એવી) થયલી છે **વનની પંક્તિઓ** જેમાં, તેનાથી **મત્ત થયલા છે ભ્રમર** અને **પક્ષીઓ**, તેનાં જુદાં જુદાં ટોળાંઓથી સેવાયલાં છે, **નદીઓ સરોવરો** અને **પર્વતો** જેમાં,[૬] એવા વનમાં પ્રવેશ કર્યો. આવા પ્રકારનું વન જોઈને, તેમાં પ્રવેશ કરીને, તેમાં રહેલી ત્રણ પ્રકારની દેવતાની જાગૃતી માટે કેવલ શૃંગારને[૭] માટે જ **કૂજન કર્યું**. ૨.

**સુબોધિનીજી**:-એ પ્રમાણે ઉદ્બોધન કહીને, તેમની સાથે રમણ થતાં કૂજીત વડે કરીને, કામિનીઓના કામનો ઉદ્બોધ થતાં વ્રજસ્ત્રીઓનો કામ પણ જાગૃત થયો. પછી કામને વશ થઈને ભગવાન્‌ને જાગૃત કરવાને માટે પોતાની સખીઓની આગળ એટલે પોતાના સમાન શીલ, વ્યસન, વગેરે જેમનાં છે તેમની આગળ તેના ગુણોનું વર્ણન કરવાને માટે આરંભ કર્યો, તે 'तद् व्रजस्त्रिय:' એ શ્લોકથી કહે છે[૧]:—

[૫] દેવતાનો ઉદ્બોધ થાય તોપણ રસરૂપ સામગ્રીનો નાયકમાં અભાવ હોય, તો ઉદ્ભુત થયલી દેવતાની પણ ત્યાં રતિ સિદ્ધ થાય નહિ; આ દૂર કરવાને ભગવાન્‌નું નામ **સરસ શૃંગારાત્મા મધુપતિ** એમ કહ્યું. [૬] **કુસુમિત** થયેલી જે વનરાજી, તેથી કરીને **મત્ત** થયલા **ભ્રમર**, અને જુદી જુદી જાતનાં **પક્ષીઓ** ઉભરાઈ જાય છે, એવાં **સરોવર, નદીઓ** અને **પર્વત** છે, તેવા વનમાં લીલા કરવાને માટે અવગાહન કરીને, સરોવર નદી અને પર્વતમાં રહેલી ત્રણ **પ્રકારની વનસુન્દરીના ઉદ્બોધનને માટે; કેવલ શૃંગારરસને માટે જ વેણુકૂજન કર્યું**. આ સર્વ નિરૂપણ વિભાવ વગેરેનું થયું. [૭] મધુપતિ ભગવાનના કૂજનથી રસાત્મક-પ્રેમાત્મક શૃંગારરસનું ઉદ્બોધન સર્વથા યુક્ત જ છે. **કેવલ અને ધર્મસહિત**, એમ બે પ્રકારના શૃંગારરસમાં પણ કૂજનનું કથન **કેવલ**×શૃંગારરસની (વિપ્રયોગ શૃંગાર-રસની) નિષ્પત્તિને માટે છે. ધર્મસહિત સર્વ ગુણ અને લીલાથી વિશિષ્ટ સ્વરૂપનો અનુભવ કરાવનાર કાંઈ કૂજન નથી; પરન્તુ તે તો સુધાસંવલિત નાદ જ કરે છે; અને તે બાબત 'बर्हापीडम्' અથવા 'अक्षण्वताम्' શ્લોકમાં સ્પષ્ટ કહેવામાં આવશે. (૨)

[૧] **વિવેચન**:-આ પ્રકારે પહેલા શ્લોકમાં ભગવાને કરેલા વૃન્દાવનપ્રવેશનું અને બીજા **શ્લોકમાં ભગવાને** કરેલા દેવતાઓના ઉદ્બોધનનું વર્ણન કરીને, ત્રીજા શ્લોકમાં શ્રીશુકદેવજી વ્રજસુન્દરીઓએ કરેલા **ભગવદ્ગુણગાનના** વર્ણનનો આરંભ કહે છે. શ્રીવનસુન્દરીઓની સાથે ભગવાને કરેલા રમણના **પ્રસંગમાં શ્રીવ્રજસુન્દરીનો** પણ કામ એટલે અભિલાષા, રતિ અથવા પ્રેમ, ઉદ્બુદ્ધ થઈ ગયો. ઉદ્બુદ્ધ **પ્રેમ** તે જ **આસક્તિ** હોવાથી વ્રજભક્તની પણ આસક્તિ પ્રકટ થઈ. પ્રભુએ વેણુકૂજનદ્વારા **શ્રીવનસુન્દરીના** શૃંગારરસનું મુખ્ય, અને વ્રજસુન્દરીના શૃંગારરસનું તો પ્રાસંગિક જ ઉદ્બોધન કર્યું. ભગવાને કરેલા વેણુકૂજનથી **કામિનીના કામનું** ઉદ્બોધન થાય છે, તેથી પ્રસંગને લઈને કૂજનદ્વારા **શ્રીવ્રજસુન્દરીની પણ** ઉત્કંઠા પ્રકટ થઈ. શબ્દથી કામને જાગૃત કરીને શ્રીવ્રજસુન્દરીઓએ પણ 'अन्तःप्रविष्टो भगवान्' એ કારિકામાં કહેલા પ્રકારની માફક, પોતાના હૃદયમાં બિરાજતા ભગવાનના વર્ણનદ્વારા **શબ્દથી** જ બહારઉદ્બોધ કરવાને (જેમ ભગવાને વેણુનાદ કરીને વ્રજસ્ત્રીઓનો ઉદ્બોધ કર્યો તેમ) ગુણગાને **કરીને** વ્રજસ્ત્રીઓએ ભગવાનનો ઉદ્બોધ કરવો જોઈએ; તેથી (ભગવાનમાં અને ભક્તમાં બન્નેમાં શબ્દ જ ઉદ્બોધક છે તેથી) પોતાના **સમાન શીલ** અને **વ્યસન** જેમનાં છે, એવાં પોતાનાં **સખી-જનના આગળ** ભગવદ્ગુણના **વર્ણનનો પ્રારંભ કર્યો**, એ પ્રસંગ શ્રીશુકદેવજી ત્રીજા શ્લોકમાં કહે છેઃ—

× વિપ્રયોગ શૃંગારરસ તે જ **કેવલ** શૃંગારરસ, જે નાટ્યમાં પ્રસિદ્ધ છે. **ધર્મસહિત સર્વ** સામગ્રીયુક્ત સંયોગ શૃંગારરસ તો સંભોગદશામાં અનુભવાય છે.

**तद् व्रजस्त्रिय आश्रुत्य वेणुगीतं स्मरोदयम् ।**
**काश्चित् परोक्षं कृष्णस्य स्वसखीभ्योऽन्ववर्णयन् ॥३॥**

**વ્રજસ્ત્રીઓએ તે સ્મરનો ઉદય કરનાર વેણુગીતનું સર્વપ્રકારે શ્રવણ કરીને કેટલાંક ગોપીજને કૃષ્ણની પરોક્ષમાં પોતાનાં સખીજન આગળ વર્ણન કર્યું. ૩.**

**સુબોધિનીજી:**–આધિદૈવિક કૂજન હોવાથી બહુ સારી રીતે શ્રવણ કર્યું; નહિ તો વનમાં થયલો વેણુનાદ વ્રજમાં રહેલાં ગોપીજનો કેમ શ્રવણ કરી શકે?[1] જેમ સર્વ દેવો જાગૃત થયા તેમ કામદેવ પણ જાગૃત થયો, કારણકે નાદ ઉદ્દીપનવિભાવ છે.[2] એ વ્રજસ્ત્રીઓમાં

---

૧ **વિવેચન:**–પ્રભુએ વૃન્દાવનમાં પ્રવેશ કરીને પ્રથમ અસ્પષ્ટ વેણુકૂજન કર્યું; પછી વેણુદ્વારા લીલાવિશિષ્ટ સ્પષ્ટ અર્થવાળા રસનિરૂપક સ્વરૂપનું ગાન કર્યું. જો વેણુનાદ **આધિદૈવિક ન હોય તો વેણુનાદનું સર્વ પ્રકારે શ્રવણ વ્રજમાં રહેલાં શ્રીગોપીજન કેવી રીતે કરે?** વળી આ વેણુનાદનું શ્રવણ પણ કેવલ વ્રજમાં રહેલાં શ્રીગોપીજન જ કરી શક્યાં, બીજાંઓ નહિ, તેથી વેણુનાદ આધિદૈવિક છે, એમ સિદ્ધ થઈ જાય છે. [2]ભગવાન્ જે જે કાર્ય કરે છે, તેમાં પ્રયોજન હોય છેજ, જીવની માફક પ્રયોજનવિનાનું વ્યર્થ કામ ભગવાન્ કરતા નથી. રમણને માટે ભાવને ઉદ્દીપ્ત કરવો, એ જ કૂજનનું પ્રયોજન હોવાથી, જેમની સાથે ભગવાનને રમણની ઇચ્છા જ નથી, તેઓ પણ જો શ્રવણ કરે તો તે ભગવાને કરાવેલું શ્રવણ પ્રયોજનવિનાનું થઈ જાય, તે યોગ્ય નથી. કેટલાએક કહે છે કે 'શ્રવણ તો સર્વેએ જ કર્યું, પરન્તુ રતિ–સ્થાયીભાવ વ્રજમાં રહેલાં શ્રીગોપીજનમાં જ હોવાથી, તેમના જ **ભાવનું ઉદ્દીપન** થયું, અને બીજાને થયું નહિ,' એ મત દોષવાળો છે; કેમકે સર્વજ્ઞ ભગવાન્ જીવની માફક પ્રયોજનવિનાનું કાર્ય કરતા નથી. વળી વેણુનાદ શુષ્ક–લુખ્ખો નાદમાત્ર જ નથી, વસ્તુતઃ તો તે વેણુનાદ સુધાસંવલિત (સુધામિશ્રિત) છે; વેણુનાદમાં સુધાની નિષ્ઠા છે. જો એમ ન માનીએ તો **"વેણુનાદ નિષ્ઠા–સુધા પોતાના પ્રવેશમાત્રથી જ ભગવદીયપણું સંપાદન કરી આપે છે."** એ ભગવદીયપણું પ્રાપ્ત કરાવવારૂપ સુધાના સ્વભાવની હાનિનો પ્રસંગ આવે. આ કારણને લીધે, શ્રવણ તો સર્વેએ જ કર્યું પણ જેમને વિષે રતિરૂપ સ્થાયીભાવ છે તેમના જ ભાવનું ઉદ્દીપન થયું" આ પ્રકારના પ્રયોજન વિનાના જીવતુલ્યતા સંપાદન કરનાર પક્ષનો પરીત્યાગ કરીને, પોતાના પ્રવેશમાત્રથી જ વેણુનાદમાં રહેલી સુધાનો ભગવદીયપણું સંપાદન કરવારૂપ સ્વભાવ લક્ષમાં રાખીને, ભગવાનનો ઉત્કર્ષ જેમાં સિદ્ધ થાય, એવા સપ્રયોજનવાળા સિદ્ધાન્તનો જ આદર કરવો. જે ભક્તો સ્વામિનીભાવવાળા છે, અને જેમને દૂરથી પણ શ્રવણ કરાવવાની ભગવાન્‌ની ઇચ્છા છે, તેમને વિષે જ ભગવાને વેણુકૂજનના શ્રવણની સિદ્ધિ સ્થાપી, એટલે તેમને જ શ્રવણ થયું. કારણ કે ભાવનું ઉદ્દીપન કરવું, તે તો કૂજનનો સ્વભાવ જ છે. જીવની કૃતિ કરતાં ભગવાનની કૃતિનો આ પ્રકારે સનાતન ઉત્કર્ષ, વેણુકૂજનનું આધિદૈવિકત્વ સારીરીતે સિદ્ધ કરે છે. વેણુકૂજનના જેઓ અધિકારી છે, અને જેમને ભગવાને સ્વામિનીભાવે અંગીકાર કરેલા છે, તેઓ દૂરથી પણ ભગવાનના સ્વરૂપનું દર્શન અને વેણુનાદનું શ્રવણ કરી શકે; જેમને તે અધિકાર નથી, તેઓ સમીપમાં પણ દર્શન, શ્રવણ, વગેરે ન જ કરી શકે. એ વિલક્ષણતા સકારણ છે, ફલ સમર્પક છે, અને આધિદૈવિક-તામાં સર્વથા યોગ્ય છે. તેનું નિરૂપણ ધન્યવાદને યોગ્ય છે. ભગવાને કરેલા **ઉદ્દીપનવિભાવરૂપ** વેણુકૂજનથી સર્વ લીલોપયોગી વ્રજસીમન્તિની વગેરે દેવતાઓનો ઉદ્બોધ થયો, તેમ **સ્મર** (કામદેવ)નો પણ ઉદ્બોધ થયો; કારણ કે આધિદૈવિક સ્મર પણ લીલોપયોગી દેવતા છે. ઉદ્બોધ, ઉદય અને ઉત્થાન, એ સર્વ પદનો અર્થ એ જ કે પોતાનો સેવાનો સમય આવ્યો, એમ સમજીને

કેટલાંક કામથી મૂર્છિત જ થઈ ગયાં, વળી કેટલાંકને કૃપાવડે ભગવાનનો હૃદયમાં સંગ પ્રાપ્ત થયો, તેમણે તેવો સંગ થયા પછી કૃષ્ણની પરોક્ષમાં રહેલાં પોતાના સમાન શીલ અને વ્યસનવાળાં સખીજન આગળ વર્ણન કર્યું.[3](૩.)

સેવાને માટે સાવધાન થવું તે. પોતાનો સેવાનો સમય આવ્યો તેથી લીલોપયોગી વ્રજસીમન્તિની વગેરે સર્વ સાવધાન થઈ ગયાં, તેમ જ આધિદૈવિક **સ્મર**(કામ) પણ ત્યાંના ભક્તસમાજના માન, પરિહાર, વગેરે કાર્યને માટે તે સમાજની માનસી ઉત્કંઠા જાગૃત કરીને, પોતાની સેવામાં સાવધાન થઈ ગયો. **નાદ ઉદ્દીપનવિભાવ** છે, તેથી નાદથી સ્મરનો ઉદય થાય તે યુક્ત છે. [3]વેણુનાદનું શ્રવણ કરનાર શ્રીવ્રજસીમન્તિનીમાં પણ કોઈક તો સ્મરના ઉદયથી **મૂર્છિત થઈ ગયાં**, તોપણ ફરીથી ભગવાનના ગીતનું શ્રવણ કરીને કૃપાથી કોઈકને અન્તઃસ્થિત ભગવાનનો હૃદયમાં સમાગમ પણ પ્રાપ્ત થયો. જેમને મૂર્છા થઈ તેમને તો વ્યભિચારીભાવરૂપ અજ્ઞાન જ રહ્યું; તેથી તેમનાથી ભગવદ્ગુણનું વર્ણન ન જ થઈ શક્યું; પરન્તુ ગીત શ્રવણ કર્યા પછી જેમને ભગવત્કૃપાથી પ્રભુનો હૃદયમાં **સંગ પ્રાપ્ત થયો**, તેમણે તેવા **સંગથી પ્રભુની પરોક્ષમાં પોતાના સમાન શીલ અને વ્યસનવાળાં સખીજન આગળ** જ **વર્ણન કર્યું.** આ પ્રકારે વેણુગીત શ્રવણ કરનારાંઓમાં પણ જેઓ મૂર્છિત થયાં તે, અને જેઓ વર્ણન કરી શક્યાં તે, એમ બે ભેદ છે, અને તે રસના પોષક જ છે. ગીતનું શ્રવણ કર્યા પછી મૂર્છા ન થતાં આંતર ભગવત્સંગ થાય, અને પોતાની સખીઓ આગળ વર્ણન કરી શકાય, એ પણ ભગવત્કૃપાવિના થતું નથી. તેથી સર્વ શ્રવણ કરનાર ગોપીજનોએ વર્ણનનો આરંભ ન કર્યો, પણ જે ખાસ કૃપાપાત્ર હતાં તેવાં કોઈક જ વ્રજસીમન્તિનીએ 'अक्षण्वताम्' વગેરે તેર શ્લોકથી વર્ણનની શરૂઆત કરી. અહીં આ સમજવાનું છેઃ—'अक्षण्वताम्' વગેરે તેર શ્લોકથી વર્ણન, ત્રીજા શ્લોકની સમાપ્તિમાં 'अन्ववर्णयन्' પદથી શ્રીશુકદેવજીએ કહ્યું, પછી તે ગોપીજને કયે પ્રકારે વર્ણન કર્યું? એમ વર્ણનપ્રકારની જીજ્ઞાસા થતાં, શ્રીશુકદેવજીએ 'तद् वर्णयितुमारब्धाः' એમ ચોથા શ્લોકમાં આરંભદશામાં સ્મરના વેગથી થયેલો પ્રતિબન્ધ કહ્યો. આ પ્રતિબન્ધ નિવૃત્ત કરવાનું સામર્થ્ય નિઃસાધન ગોપીજનમાં નથી, તેથી 'बर्हापीडम्' વગેરે પાંચમા શ્લોકમાં કહેલા ગુણલીલા-વિશિષ્ટ નિજ સ્વરૂપથી ભગવાને તે પ્રતિબન્ધ નિવૃત્ત કર્યો, અને વેણુરવની સુધાદ્વારા ભગવદ્ગુણનું વર્ણન કરવાની શક્તિનું દાન ગોપીજનને કર્યું. આમાં કહેલું 'बर्हापीडम्' પદ ઉદ્બુદ્ધશૃંગારરસરૂપ, 'नटवरवपुः' પદમાં કહેલા વિપ્રયોગ શૃંગારરસરૂપ, અને સંયોગ શૃંગારરસરૂપ, એમ દ્વિદલવિશિષ્ટ, 'कर्णयोः कर्णिकारम्' પદમાં કહેલા શૃંગારરસમધ્યપાતી ઉચ્છલિત રસભાવવાલા, 'वासः कनककपिशम्' પદમાં કહેલા ગોપ્યરસવાલા, 'वैजयन्तीञ्च मालाम्' પદમાં કહેલા વૈજયન્તીમાલા અને વનમાલાવાળા શૃંગારરસમાં ઉપયોગી સર્વરસ સબંધી યશને જણાવનાર, અને 'रन्ध्रान् वेणोरधरसुधया पूरयन्' પદમાં કહેલા ભોગ્યત્વ સૂચિત **નિગૂઢ પુષ્ટિમાર્ગના તત્ત્વરૂપ સ્રીભાવ**, અને તે સ્રીભાવથી સૂચિત ભક્તવશ્ય, આવા આવા શુદ્ધપુષ્ટિમાર્ગીય રસસ્વરૂપનું બોધન વેણુરવે કર્યું, ત્યારે ગોપીજનમાં નાદનો પ્રવેશ કર્ણદ્વારા થયો, અને નાદમાં રહેલી સુધાના સંબંધથી તેમના દેહમાં, ઇન્દ્રિયમાં, પ્રાણમાં, અન્તઃકરણમાં અને જીવમાં પણ **શુદ્ધપુષ્ટિમાર્ગીય રસાત્મક સ્વરૂપનો પૂર્ણ પ્રાદુર્ભાવ થયો.** આ સર્વ પાંચમા શ્લોકમાં કહીને ગાનના પ્રતિબન્ધને દૂર કરવાને અલૌકિક સામર્થ્યનું દાન શ્રી-શુકદેવજીએ પ્રતિપાદન કર્યું. આમાં 'वृन्दारण्यं प्राविशत्' પદથી શ્રીશુકદેવજીએ પ્રભુના વૃંદાવનપ્રવેશ-નું કથન કર્યું. ત્યાં પણ 'वृन्दावन' પદથી શ્રીગોપીજનના હૃદયનો બોધ પણ થઈ રહે છે, કારણ કે એમનાં હૃદય વૃન્દાવનરૂપ જ છે, અને 'वृन्दावनं सखि भुवो वितनोति कीर्तिम्' એ દશમા શ્લોકના વ્યાખ્યાનમાં વૃન્દાવનનું યથાર્થ સ્વરૂપ તે જ પ્રકારે વર્ણન કરવામાં આવશે. આ પ્રકારે સુધાસંવલિત

**સુબોધિનીજી**:–તેમને પણ વળી કામનો ઉદ્‌બોધ થતાં વિશેષ વર્ણન કરવાની શક્તિ રહી નહિ, તે 'तद् वर्णयितुम्' એ શ્લોકથી કહે છે:–૧

**तद् वर्णयितुमारब्धाः स्मरन्त्यः कृष्णचेष्टितम् ।**
**नाशकन् स्मरवेगेन विक्षिप्तमनसो नृप ॥४॥**

તેનું વર્ણન કરવાનો **આરંભ કર્યો**, પણ હે રાજા! કૃષ્ણની **લીલાનું સ્મરણ કરતાં સ્મર–કામના વેગથી તેમનાં** ચિત્ત વિક્ષિપ્ત થઈ ગયાં, અને વર્ણન કરી શક્યાં નહિ. ૪.

**સુબોધિનીજી**:–પોતે અનુભવ કરેલું તે ભગવાનનું રૂપ અથવા વેણુગીત કાર્યથી, કારણ–થી, ફલથી અને સ્વરૂપથી વર્ણન કરવાને **આરંભ કર્યો**, પછી વચમાં વર્ણન કરવાને માટે **કૃષ્ણની લીલાનું સ્મરણ થયું**, ત્યારે તે સ્મરણથી થયલા **કામને લીધે** જે વેગ અથવા ચિત્તની ચંચળતા ઉત્પન્ન થઈ, તેને લીધે તેમનાં મન વિક્ષિપ્ત (આકુળવ્યાકુળ) **થઈ ગયાં**. શ્લોકમાં 'રાજા,' એમ સંબોધન મૂક્યું. છે, તે રાજા તરીકે ધર્મવાન્ છે; તેથી તેનું જીતેન્દ્રિયપણું સૂચવ્યું.[૨] ૪.

---

વેણુનાદદ્વારા શુદ્ધપુષ્ટિમાર્ગીય રસાત્મક ભગવત્સ્વરૂપનો પ્રવેશ નિઃસાધન ગોપીજનના હૃદયમાં થયો, પછી તે વેણુનાદમાં રહેલી સુધાના પ્રતિક્ષણ વધવાથી, તેના ઉદ્‌ગારરૂપ વર્ણન થયું, તે 'इति वेणुरवम् राजन्' એ છઠ્ઠા શ્લોકમાં કહ્યું. આ પ્રકારના સમન્વયથી સિદ્ધ થઈ રહે છે, કે 'स्वसखीभ्योन्ववर्णयन्' માં જે અનુવર્ણન કહ્યું, તે વર્ણનના પ્રકારની જીજ્ઞાસા થતાં ચોથા 'तद् वर्णयितुमारब्धाः' શ્લોકમાં વર્ણનના આરંભમાં પ્રતિબન્ધ કહીને, પાંચમા 'बर्हापीडम्' શ્લોકમાં નિઃસાધન વ્રજભક્તના પ્રતિબન્ધની નિવૃત્તિપૂર્વક વર્ણનશક્તિ આપનાર ગુણલીલાવિશિષ્ટ ઉદ્‌ભુત શૃંગારરસરૂપ સ્વરૂપાત્મક વેણુનાદનું વર્ણન કરીને, છઠ્ઠા શ્લોકમાં 'इति वेणुरवम्' પદથી વર્ણનનું સમર્થન શ્રીશુકદેવજીએ કર્યું. (૩)

[૧]**વિવેચન**:–આ પ્રકારે ત્રીજા શ્લોકમાં કામદેવને ઉદ્દીપન કરનાર વેણુગીતનું ગોપીજને કરેલું 'શ્રવણ' કહ્યું, અને તેમનામાંથી પણ કોઈક જ વર્ણનનો આરંભ કરી શક્યાં એમ કહ્યું. જે ગોપી-જન મૂર્છિત થયાં હતાં તેમને તો પ્રથમથી જ વર્ણનની શક્તિ ન હતી, પરન્તુ વિશેષ કૃપાથી જેમને મૂર્છા થઈ ન હતી, અને હૃદયમાં ભગવત્સંબંધ પ્રાપ્ત થયો હતો, અને જેમણે વર્ણનનો પ્રારંભ કર્યો હતો, **તેમને પણ** ભગવલ્લીલાના સ્મરણથી ફરીથી **કામનો ઉદ્‌બોધ થયો**. ભગવાનના વેણુ-કૂજનથી અને વેણુગીતથી કામનો પહેલાં ઉદ્‌બોધ તો આરંભમાં જ થયો હતો, તેમાં પણ વર્ણનને માટે કૃષ્ણલીલાની કરેલી સ્મૃતિથી ફરીથી વિશેષ રીતે કામનો ઉદ્‌બોધ થયો; તેથી તેમની પણ **વિશેષતઃ વર્ણન કરવાની શક્તિ રહી નહિ**, એ પ્રસંગ શ્રીશુકદેવજી કહે છે.

[૨]**વિવેચન**:–લીલામાં પોતે **અનુભવ** કરેલા ભગવત્સ્વરૂપનું અથવા વેણુગીતના ભગવત્સ્વ-રૂપનું વર્ણન ચાર રીતે નિરૂપણ કરવાનો આરંભ કર્યો. ૧. **કાર્યથી**; ૨. **કારણથી**, **ફલથી**, અને ૪. **સ્વરૂપથી**. શ્રીગોપીજને લીલામાં અનુભવેલા ભગવત્સ્વરૂપનું; અથવા શ્રીવનસુન્દરીની સાથે લીલા કરનાર અને પ્રભુએ જ શ્રીગોપીજનને ઉદ્‌બોધ કરવાને વેણુદ્વારા ગાયેલા ભગવત્સ્વરૂપ-નું, અથવા ચાલતા વેણુગીતરૂપ ભગવત્સ્વરૂપનું વર્ણન, આલિંગન, વગેરે **કાર્યથી**, ભગવદ્‌ભાવના ઉદ્‌બોધરૂપ **કારણથી**, સ્વરૂપાનન્દના સ્થાપનરૂપ **ફલથી**, અને વિવૃત (પ્રકટ) અવયવત્વ વગેરે **સ્વરૂપથી**, એ ચાર પ્રકારે નિરૂપણ કરવાનું શરુ કર્યું. તેમાં વચમાં કૃષ્ણની લીલાનું સ્મરણ વર્ણન કરવાને માટે થયું, અને તેથી **કામ ઉદ્દીપ્ત થયો**; તેથી ચિત્તચાંચલ્યરૂપ વેગ પ્રકટ થયો અને તેથી વર્ણન કરનાર ગોપીજનનાં મન **વિક્ષિપ્ત થઈ ગયાં**. જ્યારે એ પ્રતિબન્ધ નિવૃત્ત થયો ત્યારે ચારે પ્રકારે વેણુગીતનું વર્ણન થયું.એ વર્ણનમાં 'वृन्दावनं सखि०' એ શ્લોકમાં **કાર્યથી** વેણુગીતનું નિરૂપણ છે, 'अक्षण्वतां फलम्' એ શ્લોકમાં **કારણથી** છે; કારણ કે વેણુગીતનું **કારણ**. ભગવાનનું

**સુબોધિનીજી**:–તે વ્રજસ્ત્રીઓથી જેનું વર્ણન થઈ શક્યું નહિ, તે તેમની અશક્તિ જણાવવાને માટે શ્રીશુકદેવજી પોતે જ 'बर्हापीडम्' એ પાંચમા શ્લોકથી વર્ણન કરે છેઃ–

**बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं बिभ्रद् वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ।**
**रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दैर्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥५॥**

**મયૂરપિચ્છના મુકુટને ધારણ કરનાર, નટરૂપ અને વરરૂપ શ્રીઅંગને ધારણ કરનાર બન્ને કર્ણમાં કર્ણિકાર પુષ્પને ધારણ કરનાર, સુવર્ણના જેવા પીળા વસ્ત્રને ધારણ કરનાર અને વૈજયન્તી માલાને ધારણ કરનાર, અધરસુધાથી વેણુના છિદ્રને પૂરતા, અને જેમની કીર્તિ ગવાઈ રહી છે, એવા પ્રભુએ ગોપના ટોળાંની સાથે પોતાના ચરણથી રમણરૂપ થઈ રહેલા વૃન્દાવનમાં પ્રવેશ કર્યો. ૫.**

## શ્રીગુસાંઇજીનો પ્રથમ સ્વતંત્ર લેખ:–

**શંકા**: અહીં એમ શંકા થાય છે કે આ પાંચમા શ્લોક 'बर्हापीडम्'નો સંબંધ જ આગલા તેમ પાછલા શ્લોકો સાથે નથી. ચોથા શ્લોકમાં वर्णयितुं नाशकन् (વર્ણન કરી શક્યાં નહિ,) એ પદથી વર્ણનની અશક્તિ કહીને, પાંચમા શ્લોકમાં 'वृन्दारण्यं प्राविशत्' થી વૃન્દાવનમાં પ્રવેશ કહીને, છઠ્ઠા શ્લોકમાં 'इति वेणुरवम्' વગેરે પદથી વેણુરવનું શ્રવણ કરીને, વર્ણનનો આરંભ કર્યો, એમ શ્રીશુકદેવજી કહે છે. અહીં વચ્ચેના પાંચમા શ્લોકમાં કહેલો વૃંદાવનપ્રવેશ, તે ચોથા શ્લોકમાં કહેલી વર્ણનની અશક્તિનું કાર્ય નથી, તેમ જ છઠ્ઠા શ્લોકમાં કહેલા વર્ણનના આરંભનું કારણ પણ નથી; તેથી વચમાં આ પાંચમો શ્લોક સંબંધવિનાનો છે, અને તેની કાર્યકારણના અભાવરૂપ અસંગતિ સ્પષ્ટ છે; અથવા જો સ્મરનો વેગ અને તેનું કારણ, કૃષ્ણની ચેષ્ટાનું સ્મરણ વર્ણનની અશક્તિમાં હેતુરૂપ હોય, તો તે સ્મરણ પાંચમા શ્લોકથી આગળ જતાં પણ આવશ્યક હોવાથી અશક્તિ ચાલુ જ છે; પાંચમા શ્લોક પછી પણ ચાલુ રહેતી કૃષ્ણચેષ્ટાની સ્મૃતિને લીધે જ અશક્તિચાલુ જ છે, તોપણ શ્રીગોપીજન વર્ણન કરી શક્યાં, તેથી આ શ્લોકની **અસગતિ** સ્પષ્ટ જ છે.

**આ અસંગતિનું સમાધાન**:–આ અધ્યાયના પહેલા શ્લોકમાં 'न्यविशत्' પદથી પ્રવેશમાત્ર કહ્યો, પણ પ્રવેશ પછી ઇચ્છિત કાર્ય (કર્મ) ભગવલ્લીલાનું કથન કર્યું નથી; તેથી न्यविशत्ના કાર્ય (કર્મ) તરીકે, આ ચાલતા પાંચમા શ્લોકની સંગતિ છે. બીજા શ્લોકમાં 'चुकूज वेणुम्' પદથી વેણુકૂજન કહ્યું, પછી ત્રીજા શ્લોકમાં શ્રીગોપીજને તે કૂજનનું શ્રવણ કર્યું, એ 'तद् व्रजस्त्रिय आश्रुत्य' પદથી કહ્યું. તેથી કૂજનના સ્વભાવમાત્રથી શ્રીગોપીજનનો ભાવ ઉદ્દીપ્ત થયો, એમ પ્રાપ્ત થાય છે, ત્યાર પછી આગળના વર્ણન વગેરે કાર્યને 'પ્રિયતમ ભગવાને લીલાવિશિષ્ટ સ્વરૂપનું વેણુદ્વારા (કૂજનથી જુદું) **ગાન** કર્યું, તેનું પણ શ્રવણ શ્રીગોપીજને કર્યું,' એમ ત્રીજા શ્લોકમાં કહેલા 'वेणुगीतम्' પદથી સ્પષ્ટ જણાય છે, તેથી ત્રીજા શ્લોકમાંના 'आश्रुत्य શ્રવણ કરીને' પદની કૂજનના અને વેણુગીતના ભેદથી આવૃત્તિ સમજવી. **કૂજનનો** અને **નાદનો** આ ભેદ आश्रुत्य પદની આવૃત્તિમાં બીજ(કારણ) રૂપ છે, તેથી શ્રીગોપીજને પ્રથમ પ્રભુએ કરેલા કૂજનનું શ્રવણ કર્યું અને પછી સ્મરને ઉદ્દીપ્ત કરનાર વેણુગીતનું પણ શ્રવણ કર્યું, એમ પ્રાપ્ત થાય છે. બીજા શ્લોકમાં તો 'जगौ' પદ નથી, માત્ર 'चुकूज' પદ છે, તોપણ ત્રીજા શ્લોકમાં 'आश्रुत्य वेणुगीतम्' પદમાં 'गीतम्' પદ કેમ કહ્યું? એ શંકાનો પણ

મુખારવિન્દ છે, અને તેનું નિરૂપણ આ શ્લોકમાં છે. 'गोप्यः किम्' શ્લોકમાં **સ્વરૂપથી** છે, અને 'गा गोपकैः' શ્લોકમાં **ફલથી** નિરૂપણ છે. સ્મરના વેગથી ચિત્ત ચંચલ થતાં, શ્રીગોપીજન આ પ્રકારે **વિક્ષિપ્ત** મનવાળાં થઈ ગયાં, પણ હે પરીક્ષિત! તું તો ધર્મવાન છે, જીતેન્દ્રિય છે અને ધીર છે; **રાજા હોવાથી** આ રસનું તને જ્ઞાન નથી. (૪)

પરિહાર ‘आश्रुत्य’ પદની આવૃત્તિથી થઈ જાય છે. ત્રીજા શ્લોકમાં ‘तत्’ પદથી બીજા શ્લોકના કૂજનનો અનુવાદ કરીને પછી ‘વેણુગીતને બરાબર સાંભળીને સ્મરનો ઉદય થયો.’ એમ વિશેષતા કહી; તેથી ભગવાને કરેલી બીજી ગાનરૂપ ક્રિયા પણ સમજી જ લેવી. પ્રથમ કૂજનક્રિયાથી જે કામનો ઉદય થયો તે તો પ્રાસંગિક માત્ર છે, પરન્તુ બીજી ગાનક્રિયાથી જે કામનો ઉદય થયો, તે તો વસ્તુતઃ ખાસ ઉદ્દેશ જ છે. વેણુકૂજન કર્યા પછી કામનો ઉદય થાય, એ ઉદ્દેશથી જ ભગવાને આ બીજી ગાનની ક્રિયા કરી છે. કૂજનથી ગાન ભિન્ન છે. ગાન અથવા ગીત સ્પષ્ટ અર્થવાળું અને રસ-નિરૂપક હોય છે; કૂજન તેવું હોતું નથી. ગીતના શ્રવણથી લીલાવિશિષ્ટ ભગવત્સ્વરૂપનો શાબ્દિક અનુભવ હૃદયમાં થયો, અને તેથી જ શાબ્દિક અનુભવ પછી ભગવાનની ચેષ્ટાના અનુભવથી ચેષ્ટાનું સ્મરણ થયું એમ કહ્યું, કારણ કે સ્મરણકાલે કાંઈ અપરોક્ષ (પ્રત્યક્ષ) અનુભવ ન હતો. ભગવાનના ચેષ્ટિતના સ્મરણ પછી શ્રીગોપીજન તેવા સ્વરૂપવિના રહી શક્યાં જ નહિ, તેથી ‘તે ભાવના સ્વ-ભાવથી તે ચેષ્ટિતનું વર્ણન તેમણે કરવા માંડ્યું.’ એમ ત્રીજા શ્લોકની સમાપ્તિમાં કહ્યું. ગુણલીલા-વિશિષ્ટ સ્વરૂપનો સર્વ પ્રકારે અનુભવ થાય, ત્યારે જ આ વર્ણન થઈ શકે. પરન્તુ ચાલતા પ્રસંગમાં તો ભગવાને ગાનરૂપ ક્રિયા, કામના ઉદયને માટે જ કરી હતી; તેથી જે શાબ્દિક અનુભવ કરાવ્યો તે પ્રત્યક્ષ અનુભવ માટે નહિ, પણ માત્ર સ્મરણ કરાવવાને માટે જ હતો. તે કારણથી પ્રથમ શ્રી-ગોપીજનને સર્વાંશે ભગવાનના સ્વરૂપનો અનુભવ થયો નહિ, અને તેથી તેઓ વર્ણન કરી શક્યાં નહિ.

શ્રીગોપીજનની વર્ણનની શક્તિ જ ન રહી, ત્યારે જે લીલા કરવાની ઇચ્છા હતી, તે સિદ્ધ થઈ શકશે નહિ, એમ જોઈને પ્રભુએ એવો અપૂર્વ નાદ પ્રકટ કર્યો કે જેના શ્રવણથી ગુણલીલા-વિશિષ્ટ ઉદ્‌બુદ્ધ(જાગૃત)રસાત્મક સ્વરૂપનો સર્વ ઇન્દ્રિયમાં, પ્રાણમાં, અંતઃકરણમાં અને જીવમાં પણ પૂર્ણ રીતે પ્રાદુર્ભાવ થયો, ત્યારે તેનું વર્ણન શ્રીગોપીજન કરી શક્યાં, અને તેમાં સર્વ પ્રકારે રમણ પણ કરી શક્યાં. આવો પ્રકાર હોવાથી શ્રીશુકદેવજીએ પ્રથમ ચોથા શ્લોકમાં વર્ણનની અશક્તિ કહી, પાંચમા શ્લોકમાં તે વર્ણનશક્તિનું કારણ કહ્યું, અને આગળ છઠ્ઠા શ્લોકમાં इति वेणुरवम् પદને ‘इति’ વિશેષણ કહીને, આ પાંચમા શ્લોકમાં કહેલો વેણુરવ પહેલાંના જેવો વેણુરવ જ નથી, પરન્તુ સ્વરૂપાત્મક છે; એમ સિદ્ધ કરીને વેણુરવની પહેલાના કૂજનનાદથી વિશેષતા પ્રકટ કરી. પ્રથમ તો વેણુનાદ આવો ન હતો, તેથી તેનું શ્રવણ કરીને શ્રીગોપીજન વર્ણન કરી શક્યાં નહિ, પણ આ ‘बर्हापीडम्’ શ્લોકમાં કહેલા વેણુરવનું શ્રવણ કરીને તો વર્ણન અને રમણ પણ કરી શક્યાં, તેથી આ શ્લોકની સંગતિ બરાબર સિદ્ધ થઈ રહે છે. સાર એ કે આ અધ્યાયના પ્રથમ શ્લોકમાં ‘પ્રવેશ-માત્ર’નું જ કથન છે, ‘કર્મ’નું કથન નથી. તેથી કર્મનો નિશ્ચય કરી આપનાર, આ પાંચમો શ્લોક સુસંગત જ છે. **શંકા:** પરન્તુ પ્રથમ **વેણુકૂજન** પછી કેવલ **વેણુનાદ**, અને છેવટે ગુણલીલાવિશિષ્ટ ઉદ્‌બુદ્ધરસાત્મક સ્વરૂપનો સર્વ ઇન્દ્રિય વગેરેમાં આવિર્ભાવ કરનાર **વેણુરવ**, આ પ્રકારનો ક્રમ પ્રભુએ શા માટે આદર્યો? **ઉત્તર: કૂજનના, ગીતના** અને **રવના**, વિવિધ પ્રકારના રસના ક્રમવાર આવિર્ભાવથી મહાન્ રસ પ્રકટ થાય છે. તેથી પ્રભુએ આ પ્રકારે ક્રમ આદરીને આ રસની દુર્લભતા જણાવી. પરમકાષ્ઠાપન્ન સ્વતંત્ર મહાફલનું દાન કરવાની ઇચ્છાથી જ પ્રભુએ આ સર્વ કર્યું. જો એમ ન હોત તો જ્યારે ઇન્દ્ર, મહાદેવજી[1], વગેરેને આ રસનું જ્ઞાન ન થયું ત્યારે જેમ તેમની ઉપેક્ષા કરી, તેમ અહીં પણ ઉપેક્ષા જ કરત. આ પ્રસંગમાં કાંઇક આગળ કહેવાનું છે તે હવે કહીશું. પાંચમા શ્લોકની સંગતિમાં બીજ શું છે, તેનું વર્ણન અહીં કર્યું.

૧. પુષ્ટિસ્થપ્રભૂપેક્ષિત અત એવ પુષ્ટિલીલાબાહ્ય શર્વાદિને (મહાદેવજીને) રસાત્મક પુષ્ટિમાર્ગના આચાર્ય માનવાની બુદ્ધિ પણ તાદૃશની જ થાય, ભગવત્કૃપાપાત્રની તો કદાપિ ન જ થાય. (મ. ગ. શાસ્ત્રીજી.)

## શ્રીગુસાંઇજીકૃત બીજો સ્વતંત્ર લેખ:-

અત્યારસુધી અસંગતિ અને તેનું સમાધાન સ્મરવેગેન પદમાં 'સ્મર'નો અર્થ 'કામ' લઈને કર્યું; પરન્તુ 'કામ' અર્થ લેવાથી, 'આ વર્ણન સર્વાત્મભાવવાળાં શ્રીગોપીજને કરેલું નથી,' એમ શંકા રહી જાય, તેથી હવે 'સ્મર'નો અર્થ 'સ્મરણ' કરવામાં આવે છે. અધિકારી જુદા જુદા હોવાથી બન્ને અર્થ યોગ્ય જ છે. **સ્મર**નું–ભાવનું ઉદ્દીપન કરવું, એટલો જ કૂજનનો ધર્મ હોવાથી, ભાવને ઉદ્દીપ્ત કરનાર વર્ણન શરુ કરતાં જ **સ્મરણના** વેગથી ચિત્તનું ચાંચલ્ય થયું, અને ચિત્તના વિક્ષેપરૂપ પ્રતિબન્ધ થયો, અને વર્ણનની અશક્તિનું અને સ્મરવેગનું કારણ કૃષ્ણની ચેષ્ટાનું **સ્મરણ** છે, એમ શ્રીશુકદેવજીએ કહ્યું.હવે **સ્મરનો વેગ** અને તેનો હેતુ **ભગવત્સ્મરણ** તો આવશ્યક જ હોવાથી પહેલાંની માફક આગળ પણ વર્ણન નહિ થઈ શકે, એ શંકાનો પરિહાર કરીને આગળ વર્ણનમાં યુક્તિ શ્રીશુકદેવજી આ પાંચમા શ્લોકથી કહે છે. અહીં એમ સમજવું કે શ્રીસામ–છાન્દોગ્ય ઉપનિષદ્‌માં "સ્મર આકાશથી ઉત્કૃષ્ટ છે, તેથી જો કે બહુ બેસે તોપણ સ્મરવિના કોઈનું શ્રવણ ન કરી શકે, મનન ન કરી શકે, વિજ્ઞાન ન કરી શકે, જ્યારે તેઓ **સ્મરણ** કરે ત્યારે શ્રવણ કરી શકે." વગેરેમાં **'સ્મર'**નો વ્યુત્પત્તિ અર્થ જેમ **'સ્મરણ'** થાય તેમ ત્રીજા શ્લોકમાં સ્મરવેગેન પદમાં **'સ્મર'**નો અર્થ **'સ્મરણ'** જ થાય છે. કારણ કે ચાલતા પ્રસંગમાં પણ ભગવદ્દ્‌ભોગ્ય સુધાના ભોગની યોગ્યતાની સિદ્ધિરૂપ આગળ કહેવાશે, તે પ્રયોજનમાટે શ્રીગોપીજનના મુખારવિન્દને વિષે નિજ અધરસુધાનો સંબંધ પ્રભુએ અવશ્ય કરાવવાનો જ છે. આ સુધાસંબંધ કેવલ વર્ણનથી જ થઈ શકે, અને વર્ણન તો સુધાસંવલિત **નાદના** હૃદયમાં પ્રવેશવિના થઈ શકે નહિ. નાદનો હૃદયમાં પ્રવેશ થાય તોપણ પહેલાંની માફક કૃષ્ણની ચેષ્ટાનું સ્મરણ થતાં જ તે વર્ણન સંભવે નહિ, તેથી નદીના વેગની માફક **સ્મરનો વેગ** કોઈથી અટકાવી શકાય નહિ તેવો છે, એમ જણાવવાને 'સ્મરવેગેન' પદ મૂક્યું. જો એમ ન હોત તો "કૃષ્ણની ચેષ્ટાનું સ્મરણ કરતાં વર્ણન ન કરી શક્યાં" એટલાથી જ ચાલી શકત; અને શ્રીશુકદેવજી 'સ્મરવેગેન' પદ જ ન મૂકત. આ કારણથી નાદના મુખ્યપણાથી જ નાદનું સ્મરણ, અને નાદના હેતુરૂપે જ પ્રભુનું સ્મરણ થાય (પ્રધાનપણાથી નહિ,) ત્યારે જ સર્વ સિદ્ધ થાય, એમ પ્રભુએ પોતે વિચારીને પહેલાં નાદપ્રધાન હોય એવું નાદનું પ્રાકટ્ય ન કર્યું; પરન્તુ જ્યારે પ્રભુએ ગોપીજનમાં વર્ણનની અશક્તિ જોઈ ત્યારે જ વર્ણન થઈ શકે તેમાટે ઉદ્‌બુદ્ધ પૂર્ણશૃંગારરસરૂપ ઉદ્‌બોધક, આચ્છાદક, વિક્ષેપશક્તિવાળા અને અખિલ અંગવાળા સ્વરૂપનો અનુભવ, જે નાદમાં થાય તેવો નાદ પ્રકટ કરીને, શુદ્ધપુષ્ટિસ્થાન વૃન્દાવનમાં પ્રવેશ કર્યો; અને પુષ્ટિમાર્ગનો અંગીકાર પણ પ્રકટ કર્યો. તેથી જે નાદનો અનુભવ શ્રીગોપીજનને થયો, તેમાં જ સ્વરૂપનો અનુભવ થયો. માત્ર સ્મરણ જ થયું નહિ, પણ સ્વરૂપનો અનુભવ જ થયો, એમ કહેવાનું તાત્પર્ય છે.

શ્રીગોપીજનને ભગવાનનો વિયોગ છે, અને વ્રજમાં દૂર ગાન કરે છે, તેથી અહીં જે સ્વરૂપનો અનુભવ થયો, તે પણ નાદદ્વારા જ થયો એમ જાણવું. આ પ્રકારનો સ્વરૂપાત્મક નાદ પ્રકટ કરીને પુષ્ટિમાર્ગનો અંગીકાર પ્રકટ કર્યો, ત્યારે જ માત્ર અંશાવતારની માફક સત્ત્વગુણના વ્યવધાન(પડદા)સહિત નહિ, પરન્તુ સાક્ષાત સંભોગ શ્રીગોપીજનને વિષે સંભવે, એ યોગ્ય છે. આ પ્રકારે યોગ્યતા સંપાદન કર્યાવિના શ્રીગોપીજનનો ભોગ કરે, તો અત્યાર સુધીની સર્વ ભગવત્‌કૃતિ પ્રયોજનવિનાની થઈ જાય. વૃન્દાનો અંગીકાર કરીને દુષ્ટનું નિવારણ કર્યું, તેમ શ્રીગોપીજનનો અંગીકાર કરીને **પ્રભુ કીર્તિદ્વારા આખા વિશ્વનો દોષ દૂર કરશે.** તેથી 'આ લીલા નિર્દુષ્ટ છે,' એમ જણાવવાને જ 'गीतकीर्तिः' એ વિશેષણ આ શ્લોકને છેવટે છે. આ પ્રકારે

**સુબોધિનીજી:**–અહીં વાક્યના અર્થનું વર્ણન કરવાનું છે; માત્ર રૂપનું વર્ણન કરવાનું **નથી.** એમ કરવાથી રૂપ, વેણુનાદ અને ક્રીડા એ ત્રણેનું વર્ણન થશે, અને એ ત્રણેના એક બીજાની સાથે સંબંધમાં જે જે પ્રકાર છે, તેનું પણ વર્ણન થશે.[1] આવું વપુ–શરીર ધારણ કરીને વેણુના રન્ધ્ર(છિદ્ર)ને પૂરતાં ભગવાને વૃંદારણ્યમાં પ્રવેશ કર્યો, એમ સંબંધ છે.સ્વરૂપ, ગુણ અને લીલા, એ ત્રણે ક્રમવાર કહ્યાં[2] બર્હ એટલે **મયૂરપિચ્છ,** તે જ **શિરનું ભૂષણ** જેના શ્રીઅંગનું છે એવા **ભગવાન્;** નૃત્ય કરતા મયૂરનું આ અનુકરણ છે. જ્યારે મોરમાં રસ જાગૃત થાય છે ત્યારે જ મોર નૃત્ય કરે છે; તેથી ભગવાનમાં પણ મયૂરપિચ્છના **મુકુટથી** રસ જાગૃત થયો છે, એમ સૂચન થાય છે. તેથી વર્ણનની અશક્તિ યુક્ત છે, એવો ભાવ છે.[3] ભગવાન્નું

---

અનુભવથી સ્મરણ નિવૃત્ત થઈ ગયું, તેથી અનુભવ જ રહ્યો; અને કાંઈ પણ અડચણવિના નાદનું વર્ણન થઈ શક્યું. તેથી પ્રથમ ચોથા શ્લોકમાં વર્ણનની અશક્તિ કહી, પાંચમામાં વર્ણનના સાધનોનું નિરૂપણ કર્યું, અને છઠ્ઠામાં વર્ણન કહ્યું. આ પ્રમાણે, પાંચમા શ્લોકમાં **વેણુરવના સ્વરૂપનું જ વર્ણન થાય** છે, તેથી 'इति वेणुरवम्' એમ આગળ છઠ્ઠા શ્લોકમાં કહ્યું; અને પહેલાંના કૂજન વગેરેથી આ **વેણુરવના** સ્વરૂપની વિલક્ષણતા જણાવી. પહેલાં તો કૂજનનો નાદ થયો હતો, તેમાં તો શ્રીગોપીજનની વર્ણનની અશક્તિ થાય, એવો ભાવ ઉત્પન્ન થયો હતો; અને તેમાં પ્રભુનો હૃદયમાં અનુભવ મુખ્ય રીતે થયો હતો; નાદનો અનુભવ ગૌણ હતો, તેથી ત્યાં સ્મરોદય પણ થયો હતો. હવે આ બીજા અનુભવરૂપ નાદમાં તો જો કે પ્રભુનો આવિર્ભાવ છે, તોપણ પહેલાંની માફક નાદની ગૌણતા નથી; પણ મુખ્યતા છે. આ પ્રકારે, પ્રથમ નાદથી વિલક્ષણ 'રવ'ના સ્વરૂપનો પરિચય આ બીજા સ્વતંત્ર લેખનું પ્રયોજન છે.

[1] **વિવેચન:**–વૃન્દાવનમાં પ્રવેશ તો પ્રથમ શ્લોકથી જ કહ્યો છે, અને અહીં તો તેનો અનુવાદ છે. તેથી **સ્વરૂપમાત્ર** જ આ શ્લોકનો વાક્યાર્થ નથી, પરન્તુ શ્રીગોપીજનથી વર્ણનીય **સ્વરૂપ** અને લીલાસહિત **વેણુરવ,** આ શ્લોકમાં મુખ્ય રીતે વાક્યાર્થ છે. વેણુરવ વાક્યાર્થ હોવાથી, તેનાથી પ્રતિપાદ્ય સ્વરૂપ **વેણુનાદ** અને **ક્રીડા** પણ પ્રતિપાદ્ય થાય. એ ત્રણેનું વર્ણન થાય, અને એ ત્રણેના પરસ્પર સંબંધમાં શું પ્રકાર છે, તેનું પણ વર્ણન થાય. વેણુનાદ વાચક છે; રૂપ અને ક્રીડા વાચ્ય છે. નાદ અને રૂપક્રીડાનો, આ પ્રકારે વાચ્યવાચક સંબંધ છે, તેથી નાદમાં વાચ્યતાના સંબંધે કરીને રૂપ અને ક્રીડા બન્ને આવી જાય છે. નાદની સાથે રૂપનો અને ક્રીડાનો પણ અહીં અનુભવ થાય છે, એમ કહ્યું; તેથી એ ત્રણે વેણુના આધારે રહે છે, એમ પણ સિદ્ધ થાય છે. [2]**આવા શરીરને ધારણ કરીને,** એટલે બહાર આવું વપુ–શરીર પ્રકટ કરીને, વેણુના છિદ્રોને પૂરતાં વૃન્દાવનમાં પ્રવેશ કર્યો, એમ શ્લોકનો સંબંધ છે. **'શરીરને બહાર પ્રકટ કર્યું'** એથી સ્વરૂપનું કથન થયું, **'વેણુના રન્ધ્રને પુરતાં'** એમ કહેવાથી ગુણનું કથન કર્યું, અને **'વૃન્દાવનમાં પ્રવેશ કર્યો'** એમ કહેવાથી **ક્રીડાનું** કથન કર્યું. આગળ વેણુનું છ પ્રકારે વર્ણન થશે, તે છએ ગુણ વેણુના જ જાણવા.

[3]बर्हापीडम्–'बर्ह' નો અર્થ મયૂરપિચ્છ થાય છે, તે મયૂરપિચ્છ 'आपीड' એટલે **શિરનું ભૂષણ** જેના શ્રીઅંગનું છે, એવા સુધાપોષક શ્રીઅંગને ધારણ કર્યું. મયૂરમાં રસનો ઉદ્બોધ થાય, ત્યારે જ તે નૃત્ય કરે છે; તેથી ભગવાનનો પણ રસ જાગૃત થયો છે, એમ **'મયૂરપિચ્છ'** પદથી સૂચિત થાય છે. મુકુટધારણ શોભાધાયક છે, તેથી ભૂષણને માટે તે ધારણ કર્યું છે, અને આ મુકુટધારણમાં નૃત્ય **કરતા મયૂરનું અનુકરણ છે;** તેથી ઉદ્બુદ્ધપૂર્ણરસાત્મતાનું પણ સૂચન તેના ધારણથી થાય છે. આવા સ્વરૂપનું સ્મરણ માત્ર જ થાય અને સર્વાંશે અનુભવ ન થાય, તો એ અનુભવની ઇચ્છાને લીધે શ્રીગોપીજનને વર્ણનની શક્તિ ન રહે, તે યુક્ત જ છે.

શ્રીઅંગ નટના જેવું છે, અને વરના જેવું છે. રસ બે પ્રકારનો છે–ધર્મસહિત અને કેવલ. ધર્મસહિત રસ સંભોગમાં પ્રસિદ્ધ છે, અને કેવલ રસ નાટ્યમાં પ્રસિદ્ધ છે; ભગવાન્નું શ્રીઅંગ બન્ને પ્રકારનું છે, માટે 'નટવત્' અને 'વરવત્' એમ બન્ને કહ્યું. વર નૂતનનો ભોગ કરનાર છે.[૪] ભગવાન્ તો હૃદયમાં પણ રહે છે, પણ તેટલાથી જ જ્ઞાનીઓની માફક વ્રજસ્ત્રીઓને સુખ થતું નથી, તે જણાવવાને માટે વપુનું ભરણ એટલે 'શ્રીઅંગ ધારણ કર્યું,' એમ નિરૂપણ કર્યું છે.[૫] પોતે જ

[૪] નટવરવપુઃ–આ શ્રીઅંગ પણ **નટવત્** અને **વરવત્**, એમ બે પ્રકારે છે, કારણ કે રસ પણ બે પ્રકારનો છે–૧.કેવલ; ૨.ધર્મસહિત. ઉદ્દીપન વગેરે સામગ્રીવિનાનો જે રસ તે **કેવલ–વિપ્રયોગશૃંગારરસ**, જે વિપ્રલંભશૃંગાર પણ કહેવાય છે; તે નાટ્યમાં પ્રસિદ્ધ છે. ત્યાં નટ હસ્તના અભિનયથી પુષ્પ વગેરે સામગ્રીનું પ્રદર્શન કરાવે છે; તેથી જો કે ત્યાં પુષ્પ વગેરે સામગ્રી નથી, તોપણ માત્ર અભિનયથી **કેવલરસ** પ્રાપ્ત થાય છે. આમ વિપ્રયોગશૃંગારરસ પુષ્પ વગેરે સામગ્રીરહિત છે, તેથી **કેવલ** કહેવાય છે; અને સંયોગશૃંગારરસ તો ઉદ્દીપન વગેરે સામગ્રીસહિત છે, તેથી **ધર્મસહિત** કહેવાય છે. જો કે ભગવાનમાં તો વિપ્રલંભરસ પણ અલૌકિક છે, અને જેની ભાવના કરવામાં આવે છે, એવી **માનસી સામગ્રી પણ સત્ય જ છે.** તોપણ તે સામગ્રીનો પ્રકટ પાદુર્ભાવ નથી; તેથી જ તે રસ **કેવલ** કહેવાય છે. લૌકિક વિરહમાં પુરુષમાં રસ છે, પણ પુરુષ પોતે કાંઈ રસરૂપ નથી; પરન્તુ અલૌકિકમાં તો ભગવાન્ પોતે 'रसो वै सः' 'નિશ્ચયે રસરૂપ તે છે' તેથી સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક પણ છે; કારણ કે **'નટવત્'** અને **'વરવત્'** એમ કહ્યું. **વર** એટલે હંમેશાં નૂતન, અનન્યભુક્ત, અનુચ્છિષ્ટ પદાર્થનો ભોક્તા છે. માટે જ એક જ સમયે ભગવાન્નું શ્રીઅંગ સંયોગ અને વિપ્રયોગ બન્ને રૂપ છે, એ શ્રુતિ સિદ્ધ છે; યુક્તિ ગોચર નથી. તોપણ અહીં વનમાંના ભક્તો પ્રભુની સાથે હોવાથી સંયોગાવસ્થા અને વ્રજમાંના ભક્તોને વિપ્રયોગ હોવાથી વિપ્રયોગાવસ્થા પણ ઘટી શકે છે; તેથી યુક્તિનો પણ વિરોધ રહેતો નથી. રસનો અને ભગવાન્નો અભેદ છે; ભગવાન્નો અને ભગવાન્ના શ્રીઅંગનો પણ અભેદ છે; તેથી **ભગવદ્વપુ** પણ બન્ને પ્રકારના શૃંગારરસરૂપ છે.

[૫] **बिभ्रत्**–ભગવાન્ તો હૃદયમાં પણ વિદ્યમાન્ છે, તેથી હૃદયમાં ભગવાન્ની સ્થિતિમાત્રથી પણ જ્ઞાનીની માફક જ શ્રીગોપીજનનું સુખ હશે, એ શંકાનું નિવારણ કરવાને 'વપુ' એટલે 'શ્રીઅંગ' બહાર **પ્રકટ કર્યું** એમ કહ્યું. સ્વસ્વરૂપથી જુદું વપુ અથવા શરીર છે જ નહિ; તેથી **'વપુર્બિભ્રત્'** પદવડે શરીર પ્રકટ કરવાનું કહ્યું, તે અસંગત છે, એ જ્ઞાનમાર્ગીય શંકાનું પણ સમાધાન થઈ ગયું. જ્ઞાનીને હૃદયમાં જ સુખ થાય છે; શ્રીગોપીજનને માટે તો સ્વરૂપનું શરીરરૂપે પ્રાકટ્ય પણ પ્રભુ કરે છે. પહેલાં કહી ગયા કે ભગવાન્નું શ્રીઅંગ ઉદ્બુદ્ધ(જાગૃત) બે પ્રકારના રસવાળું છે, એમ સિદ્ધ કર્યું છે. રસ ભાવાત્મક છે, અને પોતાની પ્રિયાસિવાય બીજામાં તે ભાવાત્મકરસનું પ્રાકટ્ય જ થતું નથી, તેથી જો કે રસ આકૃતિરહિત છે, એમ લોકમાં પ્રસિદ્ધ છે; તોપણ જ્યારે શ્રીઅંગ ધરે છે ત્યારે નિજ સ્વરૂપનું પ્રાકટ્ય બહાર પણ કરે છે. તેમ પ્રભુએ પણ નિજ મૂર્તિમાન્ સ્વરૂપનું બહાર પ્રાકટ્ય કરતાં વૃન્દાવનમાં પ્રવેશ કર્યો. જો કે શબ્દરૂપે વેદ અમૂર્ત (મૂર્તિ વિનાના) છે, એમ લોકમાં પ્રસિદ્ધ છે; તોપણ 'वेदा यथा मूर्तिधरास्त्रिपृष्ठे' એ વાક્યમાં જણાવ્યા પ્રમાણે, સ્વર્ગમાં વેદ મૂર્તિ ધારણ કરીને રહ્યા છે, તેમ અમૂર્ત પણ બ્રહ્મ સાકાર જ છે; તેથી નિત્ય રસાત્મક શ્રીઅંગનું પ્રાકટ્ય વૃન્દાવનમાં કર્યું. જ્ઞાનીની માફક હૃદયમાં જ પ્રાકટ્ય હોય, તો કેવલ મનથી જ ભોગ થાય; બહાર પ્રાકટ્યમાં તો સર્વ ઇન્દ્રિયથી ભોગ થઈ શકે છે. જ્ઞાની કરતાં ભક્તના ભોગમાં પણ આ પ્રકારનો વિશેષ હોવાથી જો કે ભગવાન્ ચક્ષુ વગેરેના વિષય નથી, તોપણ જો પ્રિય પદાર્થમાત્ર મનનો જ વિષય રહે

એવા છે એમ નથી. જેમના બે કર્ણની અન્દર કર્ણિકાર નામનાં પુષ્પ ધારણ કર્યાં છે. કર્ણિકાર પુષ્પ શૃંગારનો ઉદ્બોધ કરનાર છે. શૃંગાર તો સંયોગ અને વિપ્રયોગના ભેદથી બે પ્રકારનો છે.

તો સુખને બદલે દુઃખ થાય છે તેથી; અને પ્રિય પદાર્થ માત્ર મનનો જ વિષય રહે, તો તે દુઃખરૂપ છે, એ બે બાબત સહૃદય મનુષ્યના અનુભવથી સિદ્ધ છે તેથી, સર્વે ઇન્દ્રિયોથી ભોગ કરવાની ઇચ્છાવાળા ભક્તને માટે નિજ સ્વરૂપનું શ્રીઅંગરૂપે બહાર પ્રાકટ્ય પણ કરીને વૃન્દાવનમાં પ્રવેશ કર્યો. ભગવાન્ જ શ્રીઅંગ, એમ જ્ઞાનમાર્ગની રીતે સમજવું નહિ; પરન્તુ ભક્તને સુખ આપવાને માટે ભગવાને જ આધેય રસથી જુદું આધાર શ્રીઅંગનું બહાર પ્રાકટ્ય પણ કર્યું; એમ ભક્તિમાર્ગની રીતે અહીં સમજવું.

### બિભ્રત્‌નું શ્રીગુસાંઇજીકૃત બીજું વ્યાખ્યાનઃ-

શ્રીઅંગ બહાર પ્રકટ કરવાનું બીજું પણ તાત્પર્ય છે. જેમ પાત્રમાં રહેલા રસનું પાન કરાવવાને મનુષ્ય તે પાત્રને પોતાના હાથમાં ધરે છે, તેમ સ્વરૂપાત્મક રસનું દાન શ્રીગોપીજનને કરાવવાને પ્રભુ આવું શ્રીઅંગ પ્રકટ કરે છે, એમ જણાય છે. આવા મયૂરપિચ્છગુચ્છમુકુટ ધારણ કરેલ સ્વરૂપ બહાર પ્રકટ કરીને, સ્વરૂપાત્મક રસનું દાન શ્રીગોપીજનને કરાવવાને, પ્રભુ તત્પર થયા છે, એમ જણાવવાને શ્રીશુકદેવજીએ 'નટવરવપુ ધારણ કર્યું' એમ કહ્યું. પાત્ર ધરવારૂપ કારણથી રસદાનરૂપી કાર્યનું અનુમાન થાય છે, તેમ અહીં શ્રીઅંગના પ્રાકટ્યરૂપ કારણથી ભક્તને રસદાનરૂપ કાર્યનું અનુમાન થાય છે; તેથી 'બિભ્રત્' પદનો અર્થ કામરસદાનના કારણરૂપ ધર્મ સમાન હોવાથી 'પ્રકટ કરવું' એમ થાય છે. દૃષ્ટાન્તમાં જેમ પાત્ર (પડીઓ વગેરે) તેમ દાર્ષ્ટાન્તિકમાં ધર્મિસ્વરૂપ ભગવાન્; દૃષ્ટાન્તમાં જેમ પડીઆમાં રહેલો રસ તેમ દાર્ષ્ટાન્તિકમાં શ્રીગોપીજનમાં સ્થાપન કરવાનો ભાવાત્મક ભગવદ્રૂપ આનન્દ. એ આનન્દનું નિરૂપણ આગળ વ્યાખ્યાનમાં 'ગૂઢ શ્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે' એ વાક્યથી થશે. દૃષ્ટાન્તમાં જેમ ભરવું તથા ધરવું તેમ દાર્ષ્ટાન્તિકમાં ધર્મિસ્વરૂપ શ્રીઅંગનું બહાર પ્રાકટ્ય. દૃષ્ટાન્તમાં 'બિભ્રત્' પદમાંના 'ભરણ'નો અર્થ 'ધારણ' હોવાથી કર્તા અને કર્મ ભિન્ન છે; પરન્તુ દાર્ષ્ટાન્તિકમાં તો 'ભરણ'નો અર્થ 'પ્રાકટ્ય' હોવાથી 'स आत्मानं स्वयमकुरुत' એ વાક્યમાં કહ્યા પ્રમાણે, સ્વરૂપ જ કર્તા અને સ્વરૂપ જ કર્મ પણ થાય છે. પ્રથમ પણ પ્રાકટ્ય તો હતું જ, પરન્તુ તે માત્ર હૃદયમાં જ હતું, તેથી વર્ણનની અશક્તિ કહી હતી; પરન્તુ હવે તો સર્વ ઇન્દ્રિયમાં, પ્રાણમાં, અંતઃકરણમાં અને જીવમાં પણ પ્રાકટ્ય છે, તેથી 'બિભ્રત્' પદથી જ આગળ વર્ણન કરવાની શક્તિનું સૂચન થઈ જાય છે.

### શ્રીગુસાંઇજીકૃત પ્રકારાન્તરે વાક્યાન્વયઃ—

અહીં સુધીના વ્યાખ્યાનથી નટની માફક અને વરની માફક શ્રીઅંગને પ્રકટ કરીને ભગવાને વૃન્દાવનમાં પ્રવેશ કર્યો, એમ અર્થ પ્રાપ્ત થાય છે, તેથી ભગવાન્ જુદા અને શ્રીઅંગ જુદું એમ ભાસ થાય છે. આવો ભાસ પણ નિવૃત્ત(દૂર) કરવાને નટવરવપુએ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો; એમ જ વાક્યનો અન્વય અથવા સંબંધ સમજવો. 'નટવત્ અને વરવત્ શ્રીઅંગ જેમનું છે એવા ભગવાન', એમ કહેવાથી શ્રીઅંગનું સ્વરૂપથી જુદાપણું જણાય, તે દૂર કરવાને 'વપુરૂપ' કહ્યું. આધેયરૂપ પ્રભુ જ ભક્તને માટે આધારરૂપ થયા; અર્થાત્ નટવરવત્ વપુ જેમનું, એવા ભગવાને નહિ, પરન્તુ નટવર વપુરૂપે જ—નટવરરૂપ વપુ સ્વરૂપે જ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો, એમ પ્રાપ્ત થતાં સ્વરૂપના અને વપુના ભેદનો આભાસ પણ દૂર થઈ ગયો. મયૂરપિચ્છમુકુટને, કર્ણિકાર પુષ્પને, વસ્ત્રને અને માલાને ધારણ કરતા નટવરવપુએ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો; એમ સંબંધ યોજવાથી, એ ચાર પદ 'ધારણ કર્યું' નાં કર્મ થયાં, અને તેના વિશેષ્ય તરીકે 'નટવરવપુ' પદ થયું.

બે કર્ણ તે બન્નેને પ્રતિપાદન કરનાર છે. તે બન્નેને કર્ણિકાર પુષ્પનો સંબંધ થવાથી પહેલાં નિરૂપણ કરેલો રસ ઉચ્છલિત થઈ જાય છે (ઉભરાઈ જાય છે.)[૬]; આવો રસ તો જો તે ગુપ્ત હોય તો જ તે રસ કહેવાય, તેથી (તે રસને ઢાંકવાને) **પીતાંબરનું** વર્ણન કરે છે. તે સુવર્ણના જેવું પીળું વસ્ત્ર ધારણ કરેલું છે. રસ જાગૃત થતાં ગોપિકાઓ વસ્ત્રને ગણકારે નહિ, તેથી વ્યામોહ કરનાર સુવર્ણની તુલનાનું વસ્ત્રમાં નિરૂપણ કર્યું. **સુવર્ણના જેવું પીળું વસ્ત્ર તે જ માયા.**[૭]

[૬] कर्णयो: कर्णिकारम्-**બે કર્ણને વિષે કર્ણિકાર પુષ્પ જેને છે તેવું નટવરવપુ**, અથવા બે કર્ણને વિષે કર્ણિકાર પુષ્પને ધારણ કરતું **નટવરવપુ**, અથવા ધારણ કરતા **ભગવાન્**. પ્રથમ પક્ષમાં સપ્તમીઅલુક્તત્પુરુષ સમાસ થયો. **કર્ણિકાર** પુષ્પ શૃંગારરસનું ઉદ્બોધક છે. સંયોગ અને વિપ્રયોગ, એમ શૃંગારરસ બે પ્રકારનો છે; પ્રભુના બે કર્ણ તે બન્ને રસનું પ્રતિપાદન કરે છે. સંયોગમાં પ્રિયાના તે તે જુદા જુદા વચનના શ્રવણથી, અને વિપ્રયોગમાં પ્રિયાએ કરેલા ગુણના શ્રવણથી, બન્ને કર્ણ બન્ને પ્રકારના શૃંગારરસના અનુભવ કરાવનાર છે. આ બન્ને શૃંગારરસ પ્રતિપાદક કર્ણને **કર્ણિકારનો** સંબંધ થાય છે, તેથી રસ ઉચ્છલિત થાય છે; કર્ણને વિષે શૃંગારરસ ઉદ્બોધન કરનાર **કર્ણિકારને** મૂકવાથી રસના ઉદ્બોધથી સ્વરૂપાત્મક રસ ભગવાનમાં ઉચ્છલિત થાય છે, અને તેથી ભગવત્સ્વરૂપમાં જ અવયવવિકાર વગેરે પણ સંપન્ન થાય છે.

[૭] बिभ्रद् वास: कनककपिशम्–એવા સાકાર **નટ** અને વરરૂપ, **શ્રીઅંગ ધારણ કરનાર** અવયવવિકાર વગેરેવાળો આલંબનરૂપ રસ ગુપ્ત હોય તો જ તે રસ કહેવાય છે; જો પ્રકટ થાય તો તેનું રસપણું જતું રહે છે. કટાક્ષ વગેરે અનુભાવરૂપ રસ તો પ્રકટ હોય તોપણ બાધ નહિ; પરન્તુ આ તો આલંબનરૂપ જ રસ છે; અને આ આલંબનરસ પ્રકટ થઈ જાય, તો રસાભાસ થઈને રસપોષક માત્ર થાય; પરન્તુ રસપણું તેને પ્રાપ્ત થાય નહિ. તેથી (આલંબનનું ગુપ્તત્વ, રસનું રસત્વ સાચવી રાખે છે, તેથી કનકના જેવું પીળું **પીતાંબર** ધર્યું છે. રસના આવશ્યક આચ્છાદન (ઢાંકણ)ને માટે આ **કેસરિ વસ્ત્ર** કટિપરનું **વસ્ત્ર** સમજવું. રસ જાગૃત થયો એમ શ્રીગોપીજનને જ્ઞાન થાય, તો તે પ્રસંગે સર્વે શ્રીગોપીજનો પ્રભુના **વસ્ત્રને** પણ ન ગણે તેથી **વસ્ત્રને કનકના જેવું કેસરિ કહીને**, કનકના જેવું વ્યામોહક છે એમ નિરૂપણ કર્યું. રસનો ઉદ્બોધ થયો, એમ શ્રીગોપીજનને જ્ઞાન થાય, તો અમુક સમયે તેમ થયું પણ હતું તેથી હાલ પણ રસત્વ સાચવી રાખનાર **વસ્ત્રને** ન ગણીને, શ્રીગોપીજન તે જ પ્રકટ રસાભાસ આલંબનનું વર્ણન કરે; એ શ્લોકવડે સંયોગ અને **વિપ્રયોગરસનું** વર્ણન કરે નહિ. તેમ ન થાય તેથી પ્રભુએ કટિપર રહેલા કનકતુલ્ય કેસરિ પીતાંબરથી શ્રીગોપીજનોને વ્યામોહ કર્યો. રસના ઉદ્બોધે કરીને જ, અત્યન્ત આર્તિથી ભગવાનના પીતાંબરની પણ અવગણના કરીને, શ્રીગોપીજન શ્રીઅંગનું સારી રીતે અવલોકન કરી લે, તો રસ પ્રકટ થઈ જવાથી રસાભાસ થાય; તેથી રસને ગુપ્ત રાખવાને પ્રભુએ **કનક** જેવું પીળું કેસરિ વ્યામોહક પીતાંબર ધર્યું. અહીં **વસ્ત્રની કનક** જેવી પીળાશ માયા છે, તે પાંચરાત્રસિદ્ધાન્તમાં કહેલી તે જ છે. કનકનું–ધનનું મોહ ઉત્પન્ન કરવાપણું શાસ્ત્રસિદ્ધ છે. તેથી કેસરિ રંગ પણ મોહજનક છે, એમ સૂચન કર્યું. 'શ્રીગોપીજન શ્રીઅંગનું અવલોકન કરી શક્યાં નહિ' એમ કહી ભગવત્સાક્ષાત્કારમાં પડદા–ટેરારૂપ માયા સ્થિતિ કરે છે, એમ સમજવું. ટેરાની માફક પીતાંબર ભગવત્સ્વરૂપના એક ભાગ કટિમાત્રનું આચ્છાદન કરે છે, તેથી પીતાંબરનું માયાપણું સિદ્ધ થાય છે. પીતાંબરની **પીળાશ** રસને આચ્છાદન કરનાર **માયા** છે, તેથી વસ્ત્રના આકારનું પણ અવલોકન થઈ શક્યું નહિ, તો વસ્ત્રથી ઢંકાયલા રસનું ઉદ્ઘાટન શ્રીગોપીજન કેવી રીતે કરી શકે? નાદદ્વારા કટિવસ્ત્ર પીતાંબરના અનુભવમાં ભગવદિચ્છાથી એવો કોઈક અનિર્વચનીય મદ પ્રકટ થઈ ગયો, કે

તેથી ત્યાં વસ્ત્રનો આકાર પણ સારી રીતે જણાતો નથી, તો તે વસ્ત્રથી આચ્છાદન થયલો (ઢંકાયલો) રસ કેવી રીતે ઉઘાડો થઈ શકે. તેના ઉપર પણ બીજું આચ્છાદન છે, તે **કીર્તિમયી વનમાલા** અને **વૈજયન્તીમાલા ધારણ કરેલી** છે, એ પદથી કહે છે. **વૈજયન્તી** એટલે નિશ્ચય-પૂર્વક સર્વ જયને પ્રકાશ કરનારી માલા. આ પ્રકારે, એ રસ, તે બન્નેનો ઉદ્‌બોધ, તેમનું આચ્છાદક (ઢાંકણ) વસ્ત્ર, તેનું વિક્ષેપક (ક્ષોભ કરનાર), એનું ભગવાનના રૂપને વિષે નિરૂપણ કર્યું.[૮]

નામલીલારૂપ વેણુનાદનું નિરૂપણ 'रन्ध्रान वेणोः' વગેરેથી કરે છે. વેણુના છિદ્રો સાત છે. **સુધા** ત્રણ પ્રકારની છે. દેવભોગ્યા, ભગવદ્‌ભોગ્યા અને સર્વથી અભોગ્યા. ચાલતા પ્રસંગમાં સુધા તો આ ત્રણે સુધામાં સર્વોત્કૃષ્ટ છે, તેનો હેતુ એ છે કે લોભરૂપ **અધરને** વિષે તે સ્થાપન કરેલી છે; તેનો સાક્ષાત્ અનુભવ ઉચ્છિષ્ટ વડે થઈ શકતો નથી, માટે તેનું પાન કર્ણથી જ થઈ શકે છે; તે સર્વને ભગવદીય બનાવે છે; તે પ્રકટ–દ્રવીભૂત આનન્દરૂપ છે; બ્રહ્માનન્દ કરતાં પણ અધિક છે; અને તે આનન્દના સારરૂપ છે; તેથી કોઈપણ પ્રકારે પોતાની મેળે એ સાધનરૂપ થતી નથી. માટે નાદબ્રહ્મને વિષે તેને યોજવાને નાદના ઉત્પત્તિ સ્થાનમાં **વેણુમાં** તેના છિદ્રોમાં તે મૂર્તિ(સ્વરૂપ)વિનાની હોવાથી તેને **પૂરી આપી**. તે વેણુનો પણ સાક્ષાત્-સ્પર્શ કરતી નથી, તેથી 'वेणोः' એમ જુદું પદ મૂક્યું છે; સમાસ કર્યો નથી. વેણુની મધ્યમાં પણ તે નથી, તેથી જ્યારે નાદ તેની દ્વારા જાય છે ત્યારે તે નાદની સાથે સંબંધી થઈને જાય છે; પછી કર્ણદ્વારા હૃદયમાં પ્રવેશ કરીને વર્ણન કરતી વખતે મુખની અન્દર આવીને મુખને પણ સ્વભોગને યોગ્ય કરે છે. જ્યાંસુધી રસના પૂરથી તે અંશ અન્દર પ્રવેશ કરતો નથી ત્યાંસુધી પણ સાક્ષાત્ તેના ભોગની યોગ્યતા થતી નથી, એટલા માટે જ વર્ણન. તેના–રસના પ્રવેશ થવાથી નિરોધ સિદ્ધ થાય છે; તેથી થોડો રસ ગોપોમાં પ્રવેશ કરે છે અને ભોગ્યગોપી-સિવાયના સર્વમાં પણ થોડો રસ પ્રવેશ કરે છે; તેથી જ ભક્તિની પછી નિરોધનું નિરૂપણ કરેલું છે. લીલાસૃષ્ટિમાં ઉત્પન્ન થયલાનો ભોગ આટલે સુધી જ છે. ત્યાર પછી તેમને મોક્ષ આપવામાં આવે છે, અને તેમને પોતાના આશ્રય પ્રાપ્ત કરાવવારૂપ પૂર્વસ્થિતિ તેમની ભગવાન્

---

જેથી પીતાંબરની અન્દર રહેલા આલંબન વગેરેનો વિચારમાત્ર પણ શ્રીગોપીજનથી થઈ શક્યો નહિ, એમ 'સુવર્ણના જેવું પીળું વસ્ત્ર ધારણ કરેલું છે' એ પદનો નિર્ગલિત (નિચોડ) અર્થ છે.

૮. वैजयन्तीञ्च मालाम्–પીતાંબરથી પણ વધારે આચ્છાદન કરનાર **વૈજયન્તી માલા** છે. **વિક્ષેપ** પણ પદાર્થના ખરા જ્ઞાનનું આચ્છાદન કરનાર છે, તેથી અહીં પીતાંબરથી વધારે આચ્છાદન કરનાર વિક્ષેપરૂપ માલા કહી. જો એમ ન હોય તો "અને રૂપમાં વિક્ષેપકનું પણ નિરૂપણ કર્યું" એમ આગળ કથન છે, તે સંભવે નહિ. આ વિક્ષેપકપણું હમણાં જ ભગવત્સ્વરૂપમાં જ પ્રકટ **થશે**. **વૈજયન્તી** કીર્તિવાળી **માલા** છે. 'वै' એટલે નિશ્ચય; 'जयन्ती' એટલે જયકર્ત્રી. અર્થાત્ સર્વ **જય પ્રકાશિકા એ માલા છે.** પ્રભુ સાક્ષાત્ મન્મથના મન્મથ છે, પ્રભુનું સ્વરૂપલાવણ્ય, આધિદૈવિક મન્મથનો પણ પરાજય કરે છે, અને નયન, કમલ, વગેરેનો પરાજય કરે છે. આ પ્રકારે **વૈજયન્તી સર્વ** જય પ્રકાશિકા છે. મૂલમાં **'માલા'** પદ છે, તેથી **'વનમાલા'** પણ ધારણ કરી છે, એમ **જાણવું. અર્થાત્** વૈજયન્તી અને વનમાલા ધારણ કરતું નટવર સ્વરૂપ અથવા ભગવાન્ જ, એમ **અર્થ થાય છે.** અહીં **વૈજયન્તી માલા** નવરત્નમયી રત્નજડિત નથી, પરન્તુ પુષ્પમયી જ છે. 'आपादलम्बिनी माला वनमाला प्रकीर्तिता' એ પ્રકારે **વૈજયન્તી** પુષ્પમયી છે, તે ઉત્તરાર્ધમાં બલદેવજીની **તીર્થયાત્રાના પ્રસંગમાં** 'वैजयन्तीं दद्‌र्मालां श्रीधामाम्लानपङ्कजाम्' એ પ્રકારે મૂલમાં અને શ્રીસુબોધિનીજીમાં **પણ સ્પષ્ટ છે, તેથી પુષ્પમયી વૈજયન્તી માલા** સ્વીકારતાં કોઈપણ વિરોધ રહેતો નથી.

કરી આપે છે. જો એમ ન કરે તો તેમની સૃષ્ટિ વ્યર્થ થઈ જાય. બ્રહ્માનન્દભાવ થાય, અને તેમાં પણ આધિદૈવિકરૂપ સિદ્ધ થાય, ત્યારે લક્ષ્મીની માફક આ મુખ્ય રસ સંભવે છે, અને લક્ષ્મીના અંશોને ક્રમથી આ રસની પ્રાપ્તિ થાય છે. તેથી નિરોધ જ એવો છે કે જેનું ફલ મોટું છે. એથી અહીં સ્ત્રીઓનું પ્રકરણના અન્તમાં નિરૂપણ કર્યું છે. ભગવાને ભોગ કર્યા પછી જ ભગવાન્ ભોગ્ય થાય છે, તેથી અહીં શ્રીશુકદેવજી પણ મુખ્ય રીતે સ્ત્રીઓનું જ વર્ણન કરે છે. અગ્નિકુમારો પણ તેથી જ સ્ત્રીરૂપ થયા. પુરુષોત્તમ કાંઈ બીજા પુરુષથી ભોગવી શકાતા નથી, અને પોતે પણ પોતાને ભોગ્ય થતા નથી; પરન્તુ 'જ્ઞાન થયા પછી પાન કરવામાં મહાન્ રસ પ્રાપ્ત થાય છે' તેથી ભગવાને આગળ (ઉદ્ધવજી દ્વારા) જ્ઞાનના ઉપદેશનો નિર્બન્ધ કરેલો છે. અથવા તો મુખ્યની પ્રાપ્તિને માટે કરેલો છે અને દુઃખ દુર કરવાને માટે કરેલો છે, તેથી જ આગળ આધિદૈવિકી સ્ત્રી(કાત્યાયની)ની પ્રાર્થના કરશે, તેથી રૂપથી વશ કરીને અધરામૃતનું પાન કરાવવું, તે સ્વચ્છન્દતા સિદ્ધ કરી આપે છે.[૯] 'गोपवृन्दैः' પદથી સ્વચ્છન્દતા કહે છે–

૯. **વેણુના સાત છિદ્રોને અધરસુધાથી પૂરે છેઃ**–રૂપ અને ક્રીડાની સાથે વેણુનાદ વાક્યાર્થ હોવાથી, અહીં સુધી વશ કરનાર રૂપલીલાત્મક વેણુનાદનું પ્રતિપાદન કરીને, 'મયૂરપિચ્છમુકુટ'થી રૂપમાં જ સંયોગ, વિપ્રયોગ, રસનો ઉદ્‌બોધ, રસનું આચ્છાદક, અને રસનું વિક્ષેપક, એમ પાંચનું નિરૂપણ કર્યું. હવે શ્લોકના ઉત્તરાર્ધમાં 'रन्ध्रान वेणोः' વગેરેથી નામલીલારૂપ વેણુનાદનું નિરૂપણ શ્રીશુકદેવજી કરે છે. **વેણુના છિદ્ર** સાત છે, તેથી તે ૭ ગુણોની સાથે ધર્મીનો અનુભવ કરાવનાર છે; તેથી વેણુનાદને વિષે ૭ ગુણો સહિત ધર્મિસ્વરૂપના સ્થાપનનું પણ જ્ઞાન થાય છે. ચાલતા પ્રસંગમાં અધરસુધા કે જે દેવભોગ્યા, ભગવદ્‌ભોગ્યા અને સર્વથી અભોગ્યા છે, એ ત્રણે પ્રકારમાં સર્વથી ઉત્કૃષ્ટ સર્વાભોગ્યા છે, એમ પ્રતિપાદન કરવાને **સુધા** ત્રણ પ્રકારની કહી. મૂલમાં 'सुधया' પદ એકવચનમાં છે, તેથી બીજી બે સુધાનું સ્વરૂપ પણ પ્રસંગવશાત્ નિરૂપણ કરવું જ જોઈએ. 'દેવ' શબ્દ दिवु क्रीडायाम् માંથી નીકળ્યો છે, તેથી જે ક્રીડા કરે તે દેવ; અને તે **દેવોએ** ભોગ કરવા યોગ્ય સુધા તે **દેવભોગ્યા સુધા.** અર્થાત્ સચ્ચિદાદિને વિષે સ્થાપન કરેલી મુખ્ય અંશભૂત, ધર્મભૂત જે સુધા, અથવા દિવ્ય સ્ત્રી વગેરેમાં રહેલી, તે **દેવભોગ્યા સુધા.** મુખ્ય લીલામાં ભગવાનથી ભોગ કરવાયોગ્ય જે સુધા, અર્થાત્ સંયોગસ્વરૂપભૂત જે સંયોગાનંદરૂપ સુધા તે **ભગવદ્‌ભોગ્યા,** અને મુખદ્વારા **સર્વથી ભોગ ન થઈ શકે;** અને જે કર્ણદ્વારા પાન થઈ શકે, તે વિપ્રયોગાત્મક સ્વરૂપભૂત વિપ્રયોગાનન્દ **સર્વથી અભોગ્યા સુધા.** આ ત્રણ સુધા લોભરૂપ હોઠને વિષે સ્થાપન કરેલી છે; તેથી અધર (હોઠ) યથાયોગ્ય સુધાનું દાન વિવેક કરીને કરે છે; તેથી સુધાના ત્રણ પ્રકાર યુક્ત છે. મુખદ્વારા તે સુધાનો ભોગ થઈ શકતો નથી, તેનું કારણ એ છે કે **સર્વથી અભોગ્યા અધરસુધાનો** સાક્ષાત્ અનુભવ ઉચ્છિષ્ટરૂપે સંભવતો નથી; કર્ણદ્વારા જ હૃદયમાં વિપ્રયોગ સ્વરૂપનો પ્રથમ અનુભવ થાય છે, પછી વર્ણન કરતી વખતે મુખદ્વારા તે સ્વરૂપનું નિર્ગમન થાય છે, એવી રસમર્યાદા છે. વર્ણન સમયે સ્વરૂપનું નિર્ગમન મુખમાંથી થતું હોવાથી મુખ ઉચ્છિષ્ટ છે; અને એવા ઉચ્છિષ્ટ મુખથી તે અધરસુધાનો સાક્ષાત્ અનુભવ સંભવતો નથી. જો કે બીજાના મુખમાંથી નીકળેલા સ્વરૂપનું શ્રવણ થાય છે, તોપણ તે મુખ તો અનુભવમાં જે કરણ (સાધન) છે, તે તો પરંપરાથી જ છે. અનુભવમાં સાક્ષાત્ સાધન તો પોતાના કર્ણ જ છે; તેથી પરંપરાથી રસનો અનુભવ ન કહેતાં અહીં સાક્ષાત્ અનુભવ કહ્યો. આથી તે સર્વાભોગ્યા વિપ્રયોગરસાત્મક

**ગોપોનાં ટોળાંઓની સાથે વૃન્દારૂપી સ્ત્રીના અરણ્યમાં પ્રવેશ કર્યો;** સર્વ કાર્ય કરીને સ્વચ્છંદતા સંપાદન કરી આપી. જગત્‌માં ભક્તિનું સ્થાપન તો કર્યું નહિ, તો કૃતકૃત્યતા કેવી રીતે થઈ ?

સુધા માત્ર કર્ણથી જ પાન કરવા યોગ્ય છે. તે સુધાનું પાન જો મુખદ્વારા થઈ શકે તો તે સુધા સંયોગાત્મક થઈ જાય, તેથી શ્રોત્ર (કાનથી) પ્રેય જ કહેતાં 'एव' પદ કહ્યું. અથવા ભગવાને કરેલા ભોગવિના તે અધરસુધાનો સાક્ષાત્ અનુભવ જ સંભવતો નથી, અને તેથી ફલપ્રકરણમાં ભક્તમાં રહેલી સુધાનું પાન ભગવાન્ પ્રથમ કરશે, અને ત્યાર પછી રસના આધિક્યને લઇને 'પુંભાવ પ્રાપ્ત થતાં ભક્તો સાક્ષાત્ ઉચ્છિષ્ટ ભગવત્સુધાનો ભોગ કરશે. સાક્ષાત્ ઉચ્છિષ્ટ ભક્તે કરેલો ભગવત્-સુધાભોગ તો ભગવાને કરેલા ભક્તનીષ્ટ સુધાભોગથી પહેલાં સંભવતો નથી, તેથી તે **સર્વાભોગ્યા સુધા** કર્ણથી પાન કરી શકાય છે, કારણ કે આ પ્રકરણ કાંઈ ફલપ્રકરણ નથી; પરન્તુ કેવલ પ્રમેયપ્રકરણ છે. તેથી આ પ્રકરણમાં વ્રજભક્તો કાંઈ ભગવાન્‌ની નિકટ રહેલા નથી અને તેથી અહીં તો તે ભક્તોને જે અધરસુધાની પ્રાપ્તિ છે, તે વેણુદ્વારા જ છે, અને તેથી આ સર્વથી અભોગ્ય અધરસુધા પણ **કેવલ કર્ણથી જ પાન** કરી શકાય છે. **સુધા** વેણુનાદના સંબંધવાળી છે, અને નાદમાત્ર શ્રોત્રથી જ ગ્રહણ થઈ શકે છે; તેથી વેણુનાદ સંબંધી **સુધા** પણ શ્રોત્રમાત્રથી જ પાન થાય છે. આથી એમ સિદ્ધ થયું કે જો કે સંયોગાવસ્થામાં તો અધર સુધાનું સાક્ષાત્પાન થઈ શકે છે, પણ વિપ્રયોગ અવસ્થામાં તો તેનું પાન કર્ણથી જ થાય છે. વળી ભગવદ્ભોગ્ય આધિદૈવિક સ્ત્રીશરીર જેમને પ્રાપ્ત થયાં છે, એવા ભક્તો જ આ સુધાનો સાક્ષાદ્ભોગ કરી શકે છે; બીજાંઓ—નદી, સરોવર, લતા, વૃક્ષ, હરિણીઓ, ગોપો અને મેઘ, વગેરેને તો એવું ભગવદ્ભોગ્ય આધિદૈવિક સ્ત્રીશરીર જ નહિ હોવાથી વેણુનાદદ્વારા શ્રોત્રમાત્રથી જ તેમને પાન થાય છે; તેથી આ સુધા સર્વને શ્રોત્રથી જ પાનયોગ્ય છે. આમ સર્વને સાક્ષાત્પાન નહિ હોવાથી ઉપર ત્રણ સુધાના નિરૂપણના પ્રસંગમાં સર્વથી અભોગ્યતાનું નિરૂપણ કર્યું હતું, તેનું સમર્થન કર્યું. એ સુધા સર્વને ભગવદીય કરી દે છે. **સર્વાભોગ્યા અને દેવભોગ્યા** પણ સુધા ભોગ્ય દેહ, ઇન્દ્રિય વગેરેને અને દેવને યથાક્રમ ભગવદીયત્વ સંપાદન કરી આપે છે, તે **અધરસુધા** આનન્દ જ છે; આનન્દરૂપ જ છે. સર્વ અંશે તેનો સંબંધ થાય તેને માટે તે સુધાનું સર્વાંશે પ્રાકટ્ય દ્રવીભૂતપણાથી થાય છે. તે વિરલ અવયવવાળી હોય છે; બ્રહ્માનન્દથી પણ અધિક હોય છે. આનન્દ, જે ભગવાન્ છે તે આનન્દની સારભૂત છે. અથવા તો તે સુધા **આનન્દમાં** એટલે હાલની વિપ્રયોગ અવસ્થામાં જ પ્રકટ છે. 'आनन्दो ब्रह्मेति व्यजानात्' 'तस्माद् वा एतस्माद् विज्ञानमयादन्योन्तर आत्मानन्दमयः' વગેરે ઘણી શ્રુતિઓમાં પુરુષોત્તમ આનન્દરૂપ અને આનન્દમય છે, એમ નિરૂપણ કર્યું છે. તેમાં આમ વિવેક કરવાનો છે—સંયોગાવસ્થામાં પુરુષોત્તમ સર્વ સામગ્રીસહિત હોવાથી, અને સર્વ સામગ્રી પણ આનન્દરૂપ હોવાથી ભગવાન્ આનન્દમય છે; પરન્તુ વિપ્રયોગાવસ્થામાં સર્વ સામગ્રી ભગવાનથી અભેદરૂપે રહેલી હોવાથી, પુરુષોત્તમ આનન્દરૂપ છે, તેથી એમ સિદ્ધ થયું કે હાલમાં વ્રજમાં રહેલાં ગોપીજન ભગવાન્‌નાં વિયોગવાળાં હોવાથી વિપ્રયોગાત્મક રસાત્મક ભગવાન્ 'આનન્દ' પદ વાચ્ય છે, તે આનન્દને વિષે જ તે સુધા પ્રકટ થઈ છે; વ્રજમાં રહેલી ગોપિકાઓ દૂર રહેલી હોવાથી, તે **પ્રકટ સુધા માત્ર નાદદ્વારા જ પાન થઈ શકે એવી છે,** એનું સાક્ષાત્પાન થઈ શકતું જ નથી. આથી તે સુધા દ્રવીભૂત વિરલ અવયવવાળી છે; આનન્દરૂપ ભગવાનના અવયવના સંબંધી ભોગ્ય પદાર્થોમાં પણ સારભૂત છે. તે સુધા કોઈ પણ પ્રકારે સાધનરૂપ થતી નથી. તેથી નાદબ્રહ્મમાં તે સુધાને યોજવાને નાદના ઉત્પત્તિનું સ્થાન જે **વેણુ** અને તેના પણ **રંધ્રમાં તેને પૂરી.** તે સુધાની સ્થિતિ લોભરૂપ અધરમાં હોવાથી કોઈ પણ સ્થળે તે સુધા સ્વતઃ જ જતી નથી,

તો કહે છે કે પોતાના ચરણનું રમણ ત્યાં છે. (ભક્તિ સ્થાપન કરી છે કારણ કે ભક્તિરૂપ ચરણનું રમણ ત્યાં છે.) ધર્મનું સ્થાપન કર્યું, તે ગોપને સાથે લઇને એ પદથી કહે છે. બાકી

---

તેથી ભગવાને તે સુધાને વેણુના છિદ્રમાં યોજી. 'वेणु वादयन्' એટલું જ કહ્યું હોત તો ચાલત, તે છતાં મૂલમાં 'अधरसुधया पूरयन्' કહ્યું, તેનું આ સર્વ તાત્પર્ય. અથવા ભગવાનના અવયવના સંબંધવાળા ભોગ્ય પદાર્થ સર્વ સારરૂપ હોવાથી, તેમાં આ તો સારા અને આ તો સારા નહિ, એમ કહેવું અયોગ્ય કહેવાય, માટે આનન્દસારભૂતા એમ કહેવું કયે પ્રકારે સંભવે ? એમ શંકા થાય તો પોતે જ સાર કેમ કહેવાય તેનું વ્યાખ્યાન કરે છે, કે સુધા કોઈ પણ પ્રકારે સાધનભૂત થતી નથી. બીજા ભગવત્સંબંધી ભોગ્ય પદાર્થોમાં સાધનપણું અને ફલરૂપતા બન્ને છે. જેમકે, ભગવાનનો શ્રીહસ્ત ભક્તને આહ્વાન કરવામાં (બોલાવવામાં) આનન્દનું સાધન છે; પરન્તુ ભક્તના સ્પર્શમાં ફલરૂપ છે. અધરસુધામાં કાંઈ આ પ્રમાણે સાધનત્વ અને ફલત્વ બન્ને નથી; પરન્તુ સર્વદા કેવલ ફલત્વ જ છે, કારણ કે અધરસુધા કોઈપણ અન્ય ફલનું સાધન નથી. જો કે આગળ કહેવામાં આવશે કે 'મુખને પણ સ્વભોગ યોગ્ય કરે છે' તે પ્રમાણે તે સુધા પણ સાક્ષાત્ ભોગયોગ્યતામાં સાધન છે, તથાપિ ત્યાં પણ કર્ણથી પાન કરવા યોગ્ય જ અધરસુધા સાધન છે, અને તેમાં પણ સ્વપ્રાપ્તિમાં જ સાધન છે; બીજી કોઈ રીતે નહિ. સાક્ષાત્ ઉચ્છિષ્ટ રીતથી જે અધરસુધા ભોગ્ય છે, તે તો કેવલ ફલ જ છે, આ જ સારત્વ. કારણ કે જે ગોપીજનને તે પ્રાપ્ત થાય છે, તેઓ ભોક્ત્રી અવસ્થાવાળી છે; ભોગ્ય અવસ્થાવાળી નથી. 'वेणोः' પદ જુદું છે, તેથી એમ નિશ્ચિત થાય છે કે તે સુધા વેણુનો પણ સાક્ષાત્સ્પર્શ કરતીનથી. 'रन्ध्रान्' પદ બીજી વિભક્તિમાં છે, તેથી 'रन्ध्र' એટલે વેણુની અંદર રહેલું આકાશ. પૂરણરૂપી ક્રિયામાં અત્યંત ઇચ્છિત કર્મ છે એમ કહ્યું; અને તેથી રંધ્રદ્વારા પરંપરાએ તો સુધાનો સ્પર્શ વેણુને સંભવે જ છે; તથાપિ સુધા વેણુનો સાક્ષાત્સ્પર્શ કરતી નથી, એમ ફલિત થાય છે. જે પદનો સમાસ કરવામાં આવે તે પદ જુદું ન રહેતાં એક પદ થઈ જાય, અને જ્યાં પદ જુદાં ત્યાં તે પદોનો વાચ્ય અર્થ પણ જુદો. તેથી જો કે વેણુના છિદ્રદ્વારા પરંપરાએ તો વેણુને સુધા સ્પર્શ છે જ, તથાપિ વેણુને સુધાનો સાક્ષાત્સ્પર્શ નથી, એમ નક્કી થાય છે. સમાસવિનાનું પદ જુદું અને તેનો અર્થ પણ જુદો, તેથી તે સુધા વેણુની વચ્ચમાં પણ નથી, અને તેથી જ્યારે વેણુનાદદ્વારા સુધા નીકળે છે ત્યારે નાદનો સંબંધ કરીને જ તે સુધા પણ બહાર નીકળે છે. એથી કર્ણદ્વારા હૃદયમાં પ્રવિષ્ટ થયલી સુધા વર્ણન સમયે જ્યારે મુખમાં સમાગમ કરે છે ત્યારે મુખને પણ સ્વભોગયોગ્ય કરે છે. અર્થાત્ ભગવાનને ભોગ્ય જે સુધા તેનો ભોગ મુખને થાય, એ પ્રકારે મુખને ભોગયોગ્ય કરે છે. અધરસુધા તો નાદના જ સંબંધવાળી છે, અને નાદનું ગ્રહણ કેવલ કર્ણથી જ થાય છે; તેથી નાદના સંબંધવાળી અધરસુધાનો પ્રવેશ કર્ણદ્વારા જ થાય છે; મુખદ્વારા નહિ. તે જ પ્રકારે વર્ણન સમયે પણ અધરસુધાનો જે સમાગમ ભોગયોગ્ય મુખને થાય છે, તે સમાગમ પણ નાદના સંબંધવાળી અધરસુધાનો જ થાય છે. અહીં બીજા હેતુરૂપે વિશેષ કહે છે કે જ્યાંસુધી રસના પૂરથી સુધાના અંશનો અન્તઃપ્રવેશ થતો નથી ત્યાંસુધી મુખને સાક્ષાત્ તેના ભોગની યોગ્યતા પ્રાપ્ત થતી નથી; આ પણ એક વિશેષ છે, અને તેથી જ રસનાં પૂરથી તેના હૃદયમાં પ્રવેશને માટે જ વર્ણન છે. અહીં આ સમજવાનું છે–વેણુનાદ રસાત્મક છે; તેનો પ્રવેશ કર્ણદ્વારા હૃદયમાં ધારાની માફક થાય છે; અને ભગવદીયની સર્વ ઇન્દ્રિયને વિષે વિવિધ પ્રકારના રસભાવથી જલના પ્રવાહની માફક પુષ્ટ રસના પૂર રૂપ થઈ જાય છે; અને પોતાના સમાન શીલ વ્યસનવાળા ભક્તજનોએ કરેલા પરસ્પર નાદના સ્વરૂપના વર્ણનરૂપે બહાર પ્રગટ થાય છે. એમ સર્વત્ર છે, અને ત્યાં ભક્તના હૃદયમાં રહેલો અધરરસ ભગવાનના મુખમાંથી

રહેલા સર્વે પુરુષાર્થ સ્થાપન કર્યા, એ જણાવવાને માટે 'गीतकीर्तिः' એ પદ મૂક્યું છે.

---

નિકળી રહેલા મુખ્ય અધરરસનો અંશ જ હોવાથી સર્વ શ્રીગોપીજનના હૃદયમાં રહેલો તે અધરરસ ક્રમે કરીને જ્યારે સર્વે શ્રીગોપીજનના હૃદયમાં પ્રવેશ કરે ત્યારે અનિર્વચનીય ઉત્કટ(પ્રચુર) ભાવના ઉદયને લીધે તે સુધાના સાક્ષાત્ અનુભવની યોગ્યતા થતી હોવાથી, જ્યાંસુધી ઉપર કહ્યા પ્રમાણે તે હૃદયમાં પ્રવેશ ન કરે ત્યાંસુધી પણ સાક્ષાત્ તેના ભોગની યોગ્યતા ન જ થાય; તેથી જ રસના પૂરથી તેના અંશના પ્રવેશને માટે જ વર્ણન. રસના પૂરથી તેનો અંશ પ્રવેશ કરે, ત્યારે ભક્તનું મુખ ભગવાન્‌ની અધરસુધાના સાક્ષાદ્ભોગને યોગ્ય થાય, એ જ સમાન શીલ અને વ્યસનવાળા ભક્તોમાં પરસ્પર વર્ણનનું પ્રયોજન છે. જ્યારે તે રસનો પ્રવેશ વર્ણનથી સુધાભોગને યોગ્ય મુખમાં થાય ત્યારે જ **આસક્તિરૂપ નિરોધ** સિદ્ધ થાય છે. તત્ત્વદીપનિબંધમાં કહ્યું છે કે "આ પ્રમેયપ્રકરણથી પ્રેમ પછી થતી આસક્તિની પ્રાપ્તિ થાય છે," એથી અહીં આ પ્રમેયપ્રકરણની સમાપ્તિમાં આસક્તિ-રૂપ નિરોધ સિદ્ધ થયો, એમ આશય છે. આથી લેશમાત્ર પણ રસના પ્રવેશ વિના આશક્તિરૂપ નિરોધ જ સિદ્ધ થતો નથી, તેથી (૧.)ગોપને વિષે, (૨.)ભોગ્ય ગોપીથી ભિન્ન ગોપીને વિષે, અને (૩.)સર્વને જ વિષે; એ પ્રમાણે 'દેવ'પદવાચ્ય ગાયો વગેરે ત્રણેને વિષે જે સુધાભોગ છે, તે સુધાભોગ ભોગ્ય ગોપીના સુધાભોગ કરતાં બહુ ઓછો છે. તેથી સુધાભોગથી પ્રાપ્ત થતા નિરોધનું પ્રાચુર્ય તો કેવલ ભોગ્ય ગોપીને છે, અને ગોપ વગેરે ત્રણને તો સુધાભોગરૂપ નિરોધ બહુ ઓછો છે, એમ સિદ્ધ થયું. આથી જ શ્રીભાગવતમાં આઠમી નિરોધલીલાનું નિરૂપણ સાતમી નવમસ્કન્ધની ભક્તિ-લીલાની પછી દશમસ્કન્ધમાં થયું. વિહિત–શાસ્ત્રીય ભક્તિવાળાને પણ આ રસ ફલરૂપે પ્રાર્થના કરવામાં જ રહે છે, કેમકે વિહિતભક્તિથી કાંઈ આ ફલરૂપ રસ પ્રાપ્ત થઈ જતો નથી; તેથી સોમ અને સૂર્યવંશના સંબંધવાળી ભક્તિના નિરૂપણ પછી નિરોધનું નિરૂપણ અહીં કર્યું. નવમા ભક્તિ-સ્કન્ધ પછી નિરોધસ્કન્ધનું બીજું તાત્પર્ય એ પણ છે, કે ભગવાન્‌ની સૃષ્ટિમાં ઉત્પન્ન થયલા ભક્તોના ભક્તિરસભોગનું પરિણામ સાક્ષાત્ ભગવદધરસુધાના ભોગમાં જ છે. જો ભક્તને ભગવદધરસુધાનો સાક્ષાદ્ ભોગ પ્રાપ્ત જ ન થાય તો સૃષ્ટિમાં ભક્તની ઉત્પત્તિ જ નકામી; આથી ભક્તસિવાયના જીવોના જન્મની વ્યર્થતાનો કૈમુત્યન્યાયથી જ 'नैष्कर्म्यमपि अच्युतभाववर्जितम्' વગેરે વાકયોમાં જણાવી છે. આ પ્રકારે દશમસ્કન્ધની લીલાથી જ્યારે નિરોધ સિદ્ધ થયો, અને ભગવાને કરાવેલો સુધાનો અનુભવ પણ થયો, ત્યારે ફલ તો સિદ્ધ થઈ ગયું; તેથી અગીઆરમા અને બારમા સ્કન્ધની મુક્તિ અને આશ્રય લીલા નકામી છે, એમ શંકા થાય, તો તે બે લીલાનું તાત્પર્ય કહે છે કે તે તો **પ્રત્યાપત્તિરૂપ** છે; એટલે પહેલાંના ભાવને પાછો સંપાદન કરી આપે છે. ફલ તો નિરોધ જ છે; નહિ કે મુક્તિ અથવા આશ્રય. કારણ કે લીલાને માટે સર્જેલા મુક્ત જીવો જેઓ હાલમાં ભગવાનના અંતઃકરણમાં રહેલા છે, તેમના પર પરમ કૃપાથી નિત્યલીલામધ્યપાતી ભક્તોની સાથે આ રસનો અનુભવ તેમને પણ કરાવીને ફરીથી પ્રથમનો ભાવ સંપાદન કરાવવો એ જ પ્રત્યાપત્તિનો અર્થ છે. આથી એમ સિદ્ધ થયું કે મુક્તિનું લક્ષણ 'અન્યથારૂપના ત્યાગપૂર્વક સ્વ-રૂપથી રહેવું' એવું હોવાથી 'લીલાને માટે સર્જેલા જીવોનું લીલાના ઉપયોગી રૂપે જ રહેવું' એ 'મુક્તિ' હોવાથી ભગવાન્‌ની અન્દર સ્થિતિરૂપ મુક્તભાવમાંથી છોડવવું, એ અગીઆરમા સ્કન્ધનો અર્થ છે. 'आभासश्च' વાક્ય પ્રમાણે જેમાંથી સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય થાય અને જણાય તે **આશ્રય**; અથવા આધિભૌતિક વગેરે ત્રણ રૂપને જાણે તે **આશ્રય**; તેવા **આશ્રય** તો ભગવાન્ જ છે; તેથી લીલાના અનુભવ કરાવવારૂપ મુક્તિથી ભક્તોની પાછી જે ભગવદ્રૂપતા તે **આશ્રય** અથવા **પ્રત્યાપત્તિ**, એ બારમા સ્કન્ધનો અર્થ છે. માટે અગીઆરમા અને બારમા સ્કન્ધની લીલા નકામી

જેની કીર્તિ ગવાઈ રહી છે, એવા ભગવાન્ છે. 'ગૂઢ **સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં** તત્ત્વ છે'

---

નથી, અને નિરોધના પરમ ફલપણાની હાનિ પણ નથી; તેમ જ મુક્તિ અને આશ્રયનાં લક્ષણ સચવાઈ રહે છે, અને તેથી તેમાં લક્ષણા પણ કરવી પડતી નથી.

લોકમાં આ **રસ** પ્રકટ કરવાનું તાત્પર્ય કહેતાં તેનું આવશ્યકપણું જણાવે છે કે જો આ **રસ** પ્રકટ ન કરે તો સૃષ્ટિ જ વ્યર્થ થઈ જાય. આ **રસ** જ પરમ **પુરુષાર્થ** છે; જેને સામાન્ય રીતે **મોક્ષ** કહેવામાં આવે છે, તે કાંઈ પરમ પુરુષાર્થ નથી. તેથી સૃષ્ટિમાં કોઈ પણ સ્થળે આ **રસ** પ્રકટ કરવાથી સૃષ્ટિ સાર્થક થાય છે. જો સૃષ્ટિમાં કોઈ પણ સ્થલે આ **રસ** પ્રકટ કરવામાં આવે નહિ, તો પ્રાણના સંબંધવિનાની દેહસૃષ્ટિ જેમ વ્યર્થ છે તેમ લીલાસૃષ્ટિ પણ વ્યર્થ થઈ જાય. **શંકા**–લીલા-સૃષ્ટિમાં **સર્વને** જ આ રસભોગ કેમ પ્રાપ્ત થતો દેખાતો નથી ? **ઉત્તરમાં** કહે છે કે **તે ભોગ દુર્લભ છે.** ૧૯મા અધ્યાયમાં કહ્યા પ્રમાણે **વસ્ત્રદાન** થાય, અને પછી **બ્રહ્માનન્દભાવ** પ્રાપ્ત થાય, અને તેમાં પણ ૨૫મા અધ્યાયમાં કહેલું **સ્ત્રીત્વ** પ્રાપ્ત થાય; એટલે બ્રહ્માનન્દભાવથી પછી શબ્દબ્રહ્મકૃત પૂર્વભાવ સંપાદન કરીને અધિદેવક્રીડાયોગ્ય પૂર્વસિદ્ધ પ્રસાદ્રૂપ શક્તિના પ્રવેશથી આધિદૈવિકરૂપ* થાય, ત્યારે જ બ્રહ્માનન્દરૂપા નાયિકા જે લક્ષ્મી તેના જેવું નિરોધના ફલરૂપ મુખ્ય રસભોગ–રમણ ઉચ્છિષ્ટ રીતે સંભવે છે. અહીં પણ બ્રહ્મભાવ અને લક્ષ્મીતુલ્યતા, એ બન્ને ધર્મ સંપાદન કર્યા પછી જ રસભોગમાં સામ્ય (લાયકાત) થાય છે. **શંકા**–મહિષીઓ વગેરેને તો **બ્રહ્માનન્દની** જ પ્રાપ્તિ નથી, તો તેમનાથી ભોગ સિદ્ધ કેવી રીતે થાય ? **ઉત્તર–ક્રમે કરીને** લક્ષ્મીના અંશરૂપ મહિષીઓ વગેરેને પણ રસભોગ સંભવે છે. કોઈક પ્રકારે બ્રહ્માનન્દ પ્રાપ્ત થયા પછી જ તેમને પણ **રસભોગ** સંભવે છે. આ પ્રમાણે **મુક્તિ** અને **આશ્રય,** એ બે લીલા કેવલ પ્રત્યાપત્તિ(પૂર્વસ્થિતિ પ્રાપ્ત કરી આપનાર)રૂપ હોવાથી, એ સિદ્ધ થયું કે **નિરોધ જ મહાફલ** છે, અને તે કારણથી જ આ પ્રકરણના છેવટે સ્ત્રીઓનું નિરૂપણ છે. એ ફલ સ્ત્રીઓમાં જ સ્વરૂપાત્મકપણાથી સિદ્ધ છે. તામસપ્રકરણના છેવટે અને તામસપ્રમેયપ્રકરણની સમાપ્તિમાં પણ આ જ કારણથી સ્ત્રીઓનું નિરૂપણ છે. ભગવદ્ભોગ પછી જ ભગવાન્ ભક્તથી ભોગ્ય થાય છે. ભગવત્કર્તૃક ભોગ પછી રસનું **આધિક્ય** થવાથી ભગવાનમાં **સ્ત્રીભાવ** પ્રકટ થાય, ત્યારે ભગવાન્ ભોગ્ય થાય છે. અર્થાત્ ભગવદ્ભોગ્ય જે સુધા તેનો ભોગ જેને પ્રાપ્ત થાય છે, એવાં ગોપીજન પુરુષભાવ પ્રાપ્ત કરીને ભગવાનનો ભોગ કરે છે. (सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ॥ तै. उ. २–१). આથી શ્રીશુક-દેવજી પણ મુખ્યતાએ સ્ત્રીઓનું જ વર્ણન કરે છે. અશ્વિકુમારોનું પણ સ્ત્રીત્વ આ જ કારણને લઈને છે. કારણ કે પુરુષભક્ત ભોગ્ય થઈ શકતો જ નથી; ભગવાન્ તેનો ભોગ કરી શકતા નથી; અને પુરુષભક્ત પણ પુરુષભગવાનનો ભોગ કરી શકતો નથી; પુરુષનો ભોગ અન્ય પુરુષથી થઈ શકતો નથી; તેમ પોતે પોતાનો ભોગ પણ કરી શકતો નથી; આ વિચાર શ્રીમદ્ભાગવતાર્થ પ્રકરણના ત્રીજાસ્કન્ધના નિબન્ધગ્રન્થમાં થઈ ગયલો છે, અને તે અહીં પણ સંમત છે.

**પ્રશ્ન**–જ્યારે ગોપીજનને આ રીતે મહાફલ એવા નિરોધની પ્રાપ્તિ થયલી જ છે, ત્યારે ભ્રમરગીતમાં તેમને જ્ઞાનના ઉપદેશરૂપ લીલાનો પ્રયાસ શા માટે કરવામાં આવ્યો છે ?

**ઉત્તર**–એ ફલનો ભોગ જ્ઞાનપૂર્વક થાય ત્યારે જ મહાન્ રસનો આસ્વાદ થાય છે; તેથી જ્ઞાનનો ઉપદેશ છે. જે રસ શ્રીગોપીજનને સિદ્ધ જ છે તેનું સ્વરૂપજ્ઞાન થાય, ત્યારે રસાસ્વાદ મહાન્ થાય; અથવા મુખ્ય અવતારી પુરુષોત્તમની પ્રાપ્તિને માટે ભગવાન્ એમને જ્ઞાનોપદેશ કરે છે. વળી વિપ્રયોગ સમયે ગોપીજનનું દુઃખ દૂર કરવું, એ પણ જ્ઞાનના ઉપદેશનું કારણ છે. સ્ત્રીઓ આ ફલને યોગ્ય જ છે, તેથી આગળ ઓગણીશમા અધ્યાયમાં કાત્યાયની (આધિદૈવિક પ્રસાદરૂપ સ્ત્રી)ની જ પ્રાર્થના કરશે.

---

* લક્ષ્મી સમાન સ્ત્રીદેહ પ્રાપ્ત થાય ત્યારે.

એમ કવચિત્ 'કૃષ્ણ' પદના અર્થનું વિવરણ કરવામાં આવ્યું છે.[૧૦૫]

---

રૂપથી વશ કરીને અધરામૃતનું પાન કરાવતા ભગવાન્ સ્વચ્છંદતા પ્રાપ્ત કરાવે છે; ભોગ્યભક્તમાં ભોક્તાપણું સંપાદન કરાવે છે. સુધાસંવલિત વેણુરવથી શ્રીગોપીજનને વશ કરીને અધરામૃતપાન કરાવતા ભગવાન્ વૃન્દાવનમાં પ્રવેશ કરીને 'क्लिष्यति कामपि' વગેરે પ્રકારની પોતાની સ્વચ્છન્દતા સંપાદન કરે છે. જે સ્વચ્છન્દતા નન્દાલય શ્રીમદ્ગોકુલમાં સંભવતી જ નથી.

૧૦. गोपवृन्दैर्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः। સ્વચ્છન્દતાનું નિરૂપણ કરતાં કહે છે કે **ગોપનાં ટોળાંઓની સાથે વૃન્દાના-સ્ત્રીના અરણ્યમાં પ્રવેશ કર્યો;** એનો પરોક્ષ અર્થ એ છે કે સ્ત્રીજાતિના વનમાં પ્રવેશ કર્યો. સ્ત્રીજાતિના વનમાં પ્રવેશ કરવાથી શ્રીગોપીજનને ભગવાનનો ભોગ કરવાનું સ્વાચ્છંદ્ય સ્વતંત્રતાથી સિદ્ધ થયું. પ્રથમ **ગોપોની સાથે વૃંદાવનમાં** સ્થિતિ કરી; પછી સ્ત્રીસંગમરૂપ વનમાં પ્રવેશ કર્યો. 'प्राविशत् (પ્રવેશ કર્યો,)'એમાં 'प्र'નો અર્થ સ્વચ્છન્દતા, નિર્ભયતા, વગેરે સમર્પક છે. પૂર્વે તેથી જ કહ્યું કે 'શક્તિઓની નિર્ભયતાને માટે આ દેવ-ગોપ સાક્ષી છે.' ગોપો સાથે હોવાથી કોઈક કારણને લઈને સ્વચ્છન્દતાનો નિર્વાહ થઈ શકે, નહિ, તો ગોપો રક્ષણ કરી શકે; આ માટે **'ગોપના ટોળાંઓની સાથે'** એમ કહે છે. **શંકા**-આ બધું ખરું પણ ભગવાન્નું પ્રાકટ્ય તો 'यदा यदा हि धर्मस्य (જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે)' એ ગીતાના શ્લોકમાં કહ્યા પ્રમાણે, અને 'तथा परमहंसानाम्' એ ભાગવતના શ્લોકમાં કહ્યા પ્રમાણે, ભક્તિ વગેરેને માટે જ છે; જો ભક્તિ જગત્માં સ્થાપન ન થાય તો **ભગવાન્ કૃતકૃત્ય થયા કેમ કહેવાય?** આનો ઉત્તર કહે છે કે **'સ્વચરણનું રમણ જેમાં થાય છે, એવા વૃન્દાવનમાં પ્રવેશ કર્યો.'** ચરણચિહ્નનાં દર્શનથી, પૂર્વ સંભોગના સ્મરણથી, ગોપીજનને ભાવ જાગૃત થશે. પોતાનું ભક્તિરૂપ ચરણ ગોપીજનના અંગો ઉપર વિવિધ પ્રકારે સ્થાપીને ભાવને જાગૃત કરીને તેમનામાં સ્વાચ્છન્દ્ય સંપાદન કરી આપ્યું. ચરણમાં પણ વિવિધ પ્રકાર છે, એ જણાવવાને 'નિજ ચરણો' પદ બહુવચનમાં મૂક્યું. 'નાયિકામાં 'પુંભાવનો આવેશ થાય, ત્યારે તેમને સ્વાચ્છન્દ્ય પ્રાપ્ત થાય' એમ રસશાસ્ત્ર કહે છે. આ આશયથી પહેલાં વૃંદાવનપ્રવેશનું તેવું લીલાપણું કહ્યું. આ પ્રકારે રસના અનુભવ પછી ગોપીજને ભગવાનની **કીર્તિનું ગાન કર્યું;** અને તેમ કરીને પોતામાં રસ સ્થિર થયો છે, એમ નિરૂપણ કર્યું. વસ્તુતઃ અહીં (૧.) વૃંદાવનમાં, (૨.) વનમાં રહેલા ભક્તોના સમૂહમાં, (૩.) વ્રજમાં રહેલાં વ્રજસુન્દરીના મનમાં, એ રીતે ત્રણ સ્થલમાં પ્રવેશ છે. વૃન્દાવનની ભૂમિ આર્દ્ર એટલે રસાળ હોવાથી ચરણનાં ચિહ્ન તેમાં પડે છે, તેથી તેને **સ્વપદરમણત્વ** છે. વનમાં રહેલા ભક્તના સમૂહોને રમણસમયે હૃદયમાં ભગવાનના ચરણની સ્થિતિ હોવાથી તેમને પણ **સ્વપદ-રમણત્વ** છે, અને વ્રજમાં રહેલા ભક્તોના મનમાં ભગવાનના આવિર્ભાવની સાથે ચરણનો પણ આવિર્ભાવ થવાથી તેઓને પણ **સ્વપદરમણત્વ** છે. ધર્મનું સ્થાપન કરવાને ગોપોના સમૂહને સાથે લીધો છે, તેથી ગોચારણરૂપ ધર્મનું સ્થાપન થયું. વનમાં રહેલા ભક્તોના સમૂહને વિષે પ્રવેશનપક્ષ-માં લજ્જાને લીધે ગોપન કરવું, છુપું રાખવું, વગેરે ધર્મ સ્થાપિત થયો; કેમકે ભગવાને અંતરંગ ગોપોને સાથે લીધા છે, અને 'આ દેવો સાક્ષી છે' એમ પૂર્વે કહી ગયા છીએ. બાકી રહેલા સર્વ પુરુષાર્થના સ્થાપન માટે 'गीतकीर्तिः' પદ મૂક્યું છે. **જેમની કીર્તિ ગવાઈ રહી છે, એવા પ્રભુએ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો. વેણુનાદ કરીને** વ્રજમાં રહેલા ભક્તોમાં સર્વથી અભોગ્ય સુધાના અનુભવરૂપ **મોક્ષનું** સ્થાપન કર્યું; **ગોપને સાથે** લઈને તેમને વિષે **દાસ્યરૂપ ધર્મનું** સ્થાપન કર્યું; વૃન્દારણ્યમાં પ્રવેશ કરીને વનમાં રહેલા ગોપીજનરૂપી ભક્તોમાં સ્વાચ્છંદ્યરૂપ **કામનું** સ્થાપન કર્યું; અને **સ્વપદરમણે કરીને** તેમને વિષે ઉદ્બુદ્ધભાવરૂપ **ભક્તિનું** જે સ્થાપન કર્યું તે **અર્થરૂપ** પુરુષાર્થ; અને **ગાનરૂપ**

પુરુષાર્થનું સ્થાપન તો કેવલ વ્રજમાં રહેલા ભક્તોને વિષે જ કર્યું. સાર એ કે વનમાં રહેલા ભક્તોમાં ત્રણ પુરુષાર્થ—અર્થ, કામ અને ગાન; વ્રજમાં રહેલા ભક્તોમાં એકલો મોક્ષ, અને ગોપમાં એકલો દાસ્યરૂપી (પુરુષાર્થ) સ્થાપિત કર્યો, એમ વિભાગે ( ૩+૧+૧ ) પાંચ પુરુષાર્થ જાણવા; અથવા 'બાકી રહેલા' પદથી અર્થ, કામ અને મોક્ષનું ગ્રહણ કરવું, કારણ કે 'સ્વપદરમણ' પદથી ભક્તિનું અને 'ગોપનાં ટોળાંઓસહિત' પદથી ધર્મનું સ્થાપન કરવાનું તો કહેવાઈ જ ગયું છે, અને બાકી રહેલા જે અર્થ, કામ અને મોક્ષ રહ્યા, તે ત્રણ પુરુષાર્થનું કથન 'गीतकीर्तिः (જેની કીર્તિ ગવાઈ રહી છે)' એ પદથી કર્યું. "વ્રજમાં રહેલી સુન્દરીઓએ ગાયેલી છે કીર્તિ જેમની" એવો અર્થ લઈએ, તો ગુણગાનરૂપી અર્થ પુરુષાર્થ વ્રજમાં રહેલી સુન્દરીઓનો છે. "વનમાં રહેલી સ્ત્રીઓએ ગાયેલી છે કીર્તિ જેની" એમ અર્થ લઈએ, તો ભગવાનમાં આસક્તિવાળી સ્ત્રીઓએ તેવા જ રસરૂપ ભગવાન્‌નું ગુણગાન કર્યું, અને તેનું શ્રવણ પણ આસક્તિવાળી સ્ત્રીઓએ કર્યું; તેથી ત્યાં કામરૂપ પુરુષાર્થ સિદ્ધ થાય છે; "શ્રીશુકદેવજીએ ગાયેલી છે કીર્તિ જેની" એવો અર્થ લઈએ, તો તે કીર્તિના શ્રવણથી આપણા જેવાનો મોક્ષ સિદ્ધ થાય છે; એ પ્રકારે 'गीतकीर्तिः' પદથી જુદી જુદી રીતે અર્થ, કામ અને મોક્ષરૂપ ત્રણ પુરુષાર્થનું સ્થાપન કહ્યું.

શંકા—અથવા 'यदा यदा हि धर्मस्य'—( જ્યારે જ્યારે ધર્મની વગેરે)એ ગીતાવાક્યથી ભક્તિને માટે ભગવાન્‌નું પ્રાકટ્ય કહ્યું છે, તેથી ભક્તિનું સ્થાપન કર્યાવિના કૃતકૃત્યતા સંભવતી નથી, ત્યારે જગતમાં ભક્તિ સ્થાપ્યાવિના તો કૃતકૃત્યતા શી રીતે ? આના ઉત્તરમાં 'સ્વપદરમણ' પદ કહ્યું, અને ઉપસંહારમાં 'ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે' એમ કહ્યું. એથી એમ સિદ્ધ થાય છે કે 'ગૂઢ સ્ત્રીભાવ' એવું પુષ્ટિમાર્ગમાં 'તત્ત્વ' છે, એમ 'कृष्ण'પદના અર્થનું કોઈક સમયે એટલે સ્વસમાનશીલ શ્રીગોપીજનમાં વ્યાખ્યાન કરાયલું છે, તેથી મુખ્ય કામ, અર્થ અને મોક્ષનું સ્થાપન કીર્તિ વડે જ સિદ્ધ છે; અને તેથી ગૌણ પણ કામ, અર્થ અને મોક્ષનું સ્થાપન કીર્તિ વડે જ સિદ્ધ થઈ રહે છે.

**શ્રીહરિરાયજીકૃત "ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે" તેપર સ્વતંત્ર લેખ—**

જે વિષયની આસક્તિ હોય તે વિષયનું વર્ણન જ આસક્તિથી થઈ શકે; તો અહીં પ્રભુસ્વરૂપને છોડીને વેણુરવનું વર્ણન કેમ કરે છે? એમ શંકા થાય, તો તેનો ઉત્તર 'स्त्रीभावो गूढः (ગૂઢ સ્ત્રીભાવ)' વગેરેથી આપે છે. જેમ મર્યાદામાર્ગમાં લોકવેદપ્રથિત પુરુષોત્તમ સર્વાત્મક છે, તેમ અહીં પુષ્ટિમાર્ગમાં પ્રભુ જ સર્વ સંપત્તિ છે; એવા પ્રમેયમાર્ગમાં સ્વામિનીરૂપ સ્ત્રીનો ગૂઢ રસાત્મક સ્થાયિભાવ જ સર્વાત્મક છે. સર્વભાવ ભાવાત્મક—ભગવદાત્મક છે, તેથી 'તત્ત્વ' એટલે વાસ્તવરૂપ ભાવાત્મક ભગવાન્ જ છે, 'એમ આ કૃષ્ણ પદાર્થ' જે સ્વામિનીના હૃદયદેશમાત્રમાં રહે છે, તે સદાનન્દરૂપ છે; તે 'ક્વચિત્' એટલે હમણાં જ કૃષ્ણતાને પ્રાપ્ત થયા; 'બ્રહ્મા, વિષ્ણુ' અને રુદ્ર થઈને ફરીથી કૃષ્ણ જ થયા' વગેરે સ્થળમાં તેનું વિવરણ કર્યું છે; સ્વતંત્ર વિવરણ નથી. કારણ કે ભાવાત્મા ભગવાન્ કૃષ્ણે આનન્દના સારરૂપથી સુધારૂપ સ્વસ્વરૂપનો પ્રવેશ પરોક્ષમાં એમને વિષે કરવાને વેણુનાદમાં જ હંમેશાં એ સ્વરૂપ સ્થાપ્યું; તેથી જ તેનાથી સંવલિત જ છે, અને તે જ કારણથી બીજું 'સર્વ' એટલે પહેલાં હર્ષથી લીલા વગેરેમાં અનુભવાયલું સ્વરૂપ પણ ગૌણ થઈ જાય છે, કારણ કે સુધાના પ્રવેશને લીધે કામ પણ સર્વાત્મભાવરૂપ થઈ ગયો છે; તેથી હવે પ્રાપ્ત થતો સ્વરૂપાત્મક નાદ જ મુખ્ય છે, અને તે કારણથી 'પહેલાં જે રૂપનો અનુભવ કર્યો હતો, તેનું પણ હવે કામના અભાવથી વિસ્મરણ થઈ ગયું; અને હાલમાં અનુભવાતા નાદનું જ સર્વાત્મભાવથી વર્ણન કરવાનો આરંભ કર્યો" એમ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું. શ્રીમદાચાર્યજીના ચિત્તને સંતોષ આપવાને માટે આ તાત્પર્યનું નિરૂપણ કર્યું, તેથી પ્રસન્ન થઈ શ્રીમદાચાર્યજી મને તેમના ચરણની રજનું દાન કરો.

**ઉપસંહાર:–ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં** તત્ત્વ છે. 'બર્હાપીડમ્' શ્લોકમાં **સર્વથી અભોગ્ય સુધાથી** પૂરિત વેણુરવસ્વરૂપનું નિરૂપણ, એ વાક્યાર્થ છે; એમ શ્લોકના ઉપસંહારમાં ઉપદેશ કર્યો છે. **સ્ત્રીઓના હૃદયમાં** નાદદ્વારા પૂરેલો **ગૂઢ**–સર્વથી અભોગ્ય સુધારૂપ **'ભાવ'** પુષ્ટિમાર્ગમાં **'તત્ત્વ'** એટલે અનારોપિત મુખ્ય ફલ છે. અથવા ભગવાનનો 'ગઢ **સ્ત્રીભાવ**' એટલે લક્ષ્મીના સમાનપણાથી રસના ઉદ્રેકમાં ભોગ્યત્વ (ભોક્તા ભગવાનનો ભોગ્યરૂપ સ્ત્રીભાવ) એવો 'ગૂઢ **સ્ત્રીભાવ**' અનુગ્રહાત્મક **પુષ્ટિમાર્ગમાં 'તત્ત્વ'** છે. કારણ કે 'કૃષ્ણને આધીન રહેવું એ તો મર્યાદા છે, અને પુષ્ટિ તો સ્વાધીન છે,[1]' એમ પાંચમા સ્કન્ધના નિબંધમાં પુષ્ટિમાર્ગનું લક્ષણ છે. જ્યાંસુધી ભોક્તા તરીકે **કૃષ્ણનું સ્વાતંત્ર્ય** છે ત્યાંસુધી **મર્યાદા** છે; પણ જ્યારે કૃષ્ણ ભોગ્ય થઈ જાય છે, અને ભક્ત ભોક્તા થઈ જાય છે ત્યારે **પુષ્ટિ**. તેથી રસોદ્રેક થતાં ભગવાન્ લક્ષ્મીસમાન સ્ત્રીભાવનો સ્વીકાર પોતે કરીને ભક્તાધીન ભોગ્ય થઈ જાય, અને નિજ ભક્તને સ્વતંત્ર ભોક્તૃત્વનું દાન કરે, એ પ્રકારનો જે 'ગૂઢ **સ્ત્રીભાવ**' જ પુષ્ટિમાર્ગમાં **'તત્ત્વ'** છે. આ ગૂઢ સ્ત્રીભાવ સર્વત્ર અતિ ગુપ્ત છે; રમણમાં પણ ગુપ્ત રીતે છે જ, પરન્તુ 'ક્વચિત્' એટલે કોઈક સમયે જ ભક્તના હૃદયરૂપ સ્થાનમાં વેણુનાદ શ્રવણ થતાં શ્રોત્રદ્વારા વિવૃત (પ્રકટ) થાય છે, એમ **'બર્હાપીડમ્'** શ્લોકમાં નિરૂપણ કર્યું. અથવા **સ્ત્રીભાવને પ્રાપ્ત ભગવાન્** 'કૃષ્ણ'પદથી વાચ્ય છે, કારણ કે તેવા સ્ત્રીભાવને પ્રાપ્ત ભગવાન્ પરમાનન્દ સ્વરૂપ છે; કારણ કે રસશાસ્ત્રમાં **'સ્ત્રીભાવ'**નું પરમાનન્દરૂપત્વ પ્રસિદ્ધ છે; અને 'कृषिर्भूवाचकः शब्दः' એ શ્રુતિમાં પરમાનન્દરૂપે 'कृष्ण' પદનું નિર્વચન–નિરૂપણ પણ છે, તેથી જો કે વેણુનાદ બહુવાર થાય છે, તોપણ આવો સુધાસંવલિત વેણુનાદ ક્વચિત્ જ થાય છે; તેથી 'કૃષ્ણ' પદના અર્થનું વિવરણ કોઈક વખતે થાય છે. અહીં 'અધરસુધાસંવલિત' એમ વેણુનાદનું વિશેષણ કહ્યું, તેથી અધરસુધાની સાર્થકતાને માટે ભગવાન્ ભોગ્ય**સ્ત્રીભાવ** સ્વીકારે એ અપેક્ષિત (આવશ્યક) છે, તેથી **તે ભોગ્યસ્ત્રીભાવ જ 'કૃષ્ણ' પદનો અર્થ છે.**

અથવા 'ગૂઢ **સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં** તત્ત્વ છે,' એમ 'કૃષ્ણ' પદનો અર્થ 'ક્વચિત્' એટલે સમાનશીલ ગોપીજનમાં વ્યાખ્યાત છે; તેથી મુખ્ય કામ, અર્થ અને મોક્ષનું સ્થાપન કીર્તિથી જ સિદ્ધ થઈ જવાથી ગૌણ કામ, અર્થ અને મોક્ષનું સ્થાપન પણ તે જ કીર્તિથી સિદ્ધ થયું; તેથી ભગવત્પ્રાકટ્યનું સર્વ પ્રયોજન સિદ્ધ થઈ જવાથી સર્વ ગૌણ થતાં વેણુનાદ જ મુખ્ય છે. મુખ્ય ફલનો અનુભવ કરાવનાર નાદ જ છે, તેથી રૂપ, વેણુનાદ અને ક્રીડા, એ ત્રણેમાં રૂપ અને ક્રીડા પણ ગૌણ જ છે. અથવા અધરસુધા સંવલિત ગૂઢ સ્ત્રીભાવાત્મક 'કૃષ્ણ' પદના અર્થનું વિવરણ કરનાર વેણુનાદથી અતિરિક્ત (બીજું) સર્વ જ ગૌણ છે, તેવો વેણુનાદ જ મુખ્ય છે; અથવા વેણુનાદ જ **'બર્હાપીડ૦'**વાક્યના અર્થનો અનુભવ કરાવનાર છે, તેથી 'સર્વ' એટલે પાંચે પુરુષાર્થ ગૌણ છે, અને વેણુનાદ જ મુખ્ય છે; તેથી તે નાદનું વર્ણન કરવાને શ્રીગોપીજને આરંભ કર્યો, એમ શ્રીશુકદેવજી હવે પછીના 'इति वेणुरवम्' શ્લોકમાં કહે છે. પૂર્વોક્ત વેણુનાદ જ મુખ્ય છે, તેથી જો કે રૂપ, નાદ અને ક્રીડા, એ ત્રણેનો અનુભવ તો થાય જ છે, તોપણ રૂપ અને ક્રીડા બન્નેને ગૌણ કરીને વેણુનાદને જ મુખ્યતાએ વર્ણવાનો આરંભ શ્રીગોપીજને કર્યો; તેથી તેનું વર્ણન કરવામાં શ્રીશુકદેવજી શ્રીગોપીજનનું અભિરમણ હવે પછીના શ્લોકમાં કહે છે; અથવા વેણુનાદનું જ પ્રાધાન્ય છે, તેથી તે પ્રધાન વેણુનાદને જ વર્ણવાને શ્રીગોપીજને આરંભ કર્યો, એમ શ્રીશુકદેવજી કહે છે; અથવા પાંચે પુરુષાર્થ ગૌણ છે, તેથી તે ન વર્ણવતાં 'બર્હાપીડ૦' વાક્યના અર્થનો અનુભવ કરાવનાર મુખ્ય વેણુનાદને જ વર્ણવાને શ્રીગોપીજને આરંભ કર્યો, એમ શ્રીશુકદેવજી હવે પછીના શ્લોકમાં કહે છે.

---

૧. कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते ।

**સુબોધિનીજી**:-આથી સર્વ ગૌણ થઈ ગયું; વેણુનાદ જ મુખ્ય રહ્યો; તેથી તેનું જ
વર્ણન કરવાને શ્રીગોપીજને આરંભ કર્યો, તે (શ્રીશુકદેવજી) 'इति वेणुरवम्' એ શ્લોકથી કહે છેઃ-

**इति वेणुरवं राजन् सर्वभूतमनोहरम् ।**

**श्रुत्वा व्रजस्त्रियः सर्वा वर्णयन्त्योभिरेभिरे ॥६॥**

**હે રાજન્! એ પ્રકારે સર્વ પ્રાણિમાત્રના મનને હરણ કરે એવો વેણુરવ શ્રવણ કરીને, સર્વ વ્રજની સ્ત્રીઓએ તેનું વર્ણન કરવાને આરંભ કર્યો. ૬.**

**સુબોધિનીજી**:-તે કારણથી વેણુરવનું જ વર્ણન કરવાને વેણુરવનું શ્રવણ કરીને વર્ણન
કરવાનો આરંભ કર્યો, એમ સંબંધ છે.[૧] તેમાં પ્રથમ શ્રવણ કરતી વખતે અને વર્ણનના માટે
જ શ્રવણ કરતી વખતે આદરસહિત શ્રવણ થાય છે. આ પ્રકારે ઉત્પન્ન થયલો વેણુનાદ માત્ર
કેવલ વેણુરવ નથી.[૨] 'રાજન્' એ સંબોધન એમ સૂચવે છે કે એ રસનું જ્ઞાન રાજાને હોતું
નથી. એમ છતાં પણ અહીં સ્પષ્ટ અર્થ પણ કહ્યો નથી એમ જાણવું[૩] 'તોપણ તેમાં પ્રવૃત્તિ
કેવી રીતે થઈ હશે?' એમ શંકા થાય, તો પ્રમેયબલથી જ પ્રવૃત્તિ થઈ હશે એ અભિપ્રાયથી કહે
છે કે સર્વ **પ્રાણિમાત્રના મનને હરણ કરે એવો** એ નાદ છે.[૪] એ **નાદ** પોતે જ મનને વશ

---

[૧] **વિવેચન**:-અહીં શ્રવણ અને વર્ણન બન્ને ક્રિયાનું કર્મ વેણુરવ જ છે, તેથી તેનું વર્ણન કરવાને
ગોપીજને આરંભ કર્યો એમ કહ્યું, અને તેનું જ વિવરણ કરે છે કે **વેણુરવને શ્રવણ કરીને વર્ણન** કરવા-
નો આરંભ કર્યો. [૨]પહેલા શ્લોકમાં કહેલા '**વેણુનાદ**' અને અહીં કહેલા '**વેણુરવનો**' ભેદ કહે છે કે
પહેલાંનો નાદ તો **કેવલ** હતો; અધરસુધાસંવલિત ન હતો, તેથી તે કેવલ નાદનું વર્ણન નહિ કરતાં
આ પ્રકારે નિકળેલા અધરસુધાસંવલિત-અધરસુધામિશ્રિત વેણુનાદનું જ વર્ણન કરવાને આરંભ કર્યો.
આ શ્લોકના આરંભમાં 'इति' પદ છે, તેનો અર્થ 'તેથી' અને 'એ પ્રકારનો' એમ સંયોગપૃથક-
ન્યાયથી * એ અર્થ થાય છે. અહીં 'रव' પદમાં 'र' શબ્દ અગ્નિબીજ છે, તે વિરહાગ્નિદુઃખનું કથન
કરે છે; ને તેના પછી 'व' શબ્દ અમૃતબીજ છે, તે અધરામૃતસુખનું કથન કરે છે. અર્થાત્ પ્રથમ
વિરહાગ્નિનું દાન કરીને, પછી અધરામૃતનું પાન કરાવનાર વાક્યના અર્થનો અનુભવ કરાવનાર
અધરસુધાસંવલિત વેણુરવનો વર્ણન કરવાનો આરંભ શ્રીગોપીજને કર્યો. આથી '**કેવલ વેણુરવ
નથી**', એમ શ્રીસુબોધિનીજીમાં કહ્યું.' [૩]નાદથી જુદું પાડીને ભગવાને નાદના અર્થનું અથવા સ્વરૂપનું
કથન વ્રજમાં રહેલા ભક્તોને કર્યું નથી, પણ વનસ્થ ભક્તોને જ કર્યું છે. આગલા શ્લોકમાં 'प्राविशत्'
પદમાં સ્વચ્છન્દતા કહેનાર 'प्र' શબ્દથી જ તે અર્થનું કથન ભગવાને કર્યું છે, અને અહીં '**રાજન્**'
સંબોધનથી પણ તે જ શ્રીશુકદેવજીએ રાજાને જણાવ્યું છે. રાજા ગુપ્તકાર્ય કરનાર હોય છે, તેમ અહીં
શ્રોતામાં '**રાજન્**' શબ્દથી. શ્રવણનો વિષય જે **વેણુનાદ** તેમાં ભગવાનનો ગુપ્તકાર્ય કરવારૂપ
રાજધર્મ શ્રીશુકદેવજીએ જણાવ્યો; અથવા 'રાજર્ષિસત્તમ (રાજર્ષિઓમાં ઉત્તમ) વગેરે સંબોધન નહિ
કરતાં કેવલ સ્વધર્મનિષ્ઠપણું જણાવનાર '**રાજન્**' પદ કહ્યું; તેથી રસના અજ્ઞાનનો ધ્વનિ થયો.
[૪]કેવલ ધર્મનિષ્ઠ તો અહીં રસ સમજી શકતો જ નથી તેમાં ત્યારે પ્રવૃત્તિ કેમ થાય? એ શંકા કરીને
**પ્રમેયબલથી** જ **પ્રવૃત્તિ થઈ હશે**, એ અભિપ્રાયથી '**સર્વભૂતમનોહરમ્**' એવું પદ કહ્યું છે; એટલે
વેણુરવની પ્રમેયબલથી જ રસને નહિ સમજનાર ધર્મનિષ્ઠ પરીક્ષિતની પણ તેમાં પ્રવૃત્તિ થશે.

---

*સંયોગપૃથકન્યાય એટલે વાક્યનો ભેદ. એક જ પદના બન્ને અર્થમાં વાક્યભેદ નિયામક છે;
તેથી એક જ પદ બન્ને અર્થમાં ઘટાવાય, તેથી 'इति' પદના બન્ને અર્થમાં પરસ્પર વિરોધ રહેતો નથી.

કરવાને સમર્થ છે, તેથી તેનું સારી રીતે શ્રવણ કરીને તેમાં સર્વ પ્રકારે રમણ કરવા લાગ્યાં.[૫] તે 'વ્રજની સ્ત્રીઓ' હતી, તેથી તેમને બીજું કાંઈ કાર્ય ન હતું, એમ સૂચન કર્યું. પુરુષવર્ગના વનમાં ગયા પછી અને સંધ્યાસુધી એમના પાછા આવવાની સંભાવના નહિ હોવાથી, અને સર્વ આવશ્યક કામ પ્રાતઃકાલમાં જ આટોપી લીધેલું હોવાથી, વ્રજની સ્ત્રીઓને (હવે વેણુરવના વર્ણન સિવાય) કાંઈ કાર્ય હોતું નથી. માટે સર્વ વ્રજસ્ત્રીઓ વર્ણન કરતાં આગળ પાછળ સર્વ તરફ રમવા લાગ્યાં; દુઃખાત્મક પ્રપંચનું વિસ્મરણ કરીને પરમાનન્દમાં વિલાસ કરવા લાગ્યાં. પૂર્વે પ્રથમના શ્રવણમાત્રથી કામ ઉદ્દીપન થવાથી ચિત્તનો વિક્ષેપ થવાથી અશક્તિ કહી હતી; પછી ઉપર કહેલી (સર્વાભિગ્યા)સુધા અંતઃકરણમાં પૂર્ણ થવાથી અને તે બહુ વધી જવાથી આસપાસથી જાણે કે તે ગળી જતી હોય, એમ વર્ણન કરવા લાગ્યાં; તેથી વર્ણન પાછળથી કહ્યું છે.[૬] (૬.)

સુબોધિનીજીઃ—સંયોગ અને વિપ્રયોગ, એમ બે રસના વર્ણનને માટે બે શ્લોક છે; એક શ્લોક(ત્રીજા)થી વેણુના પૂરણનું વર્ણન કર્યું; સ્વચ્છન્દ રીતે ચરણના જવામાં હેતુનું પછીના—(ચોથા) શ્લોકથી વર્ણન કર્યું છે.(કા.૧) એ પ્રમાણે ચાર શ્લોકથી પીઠિકા કહી;[૧] છ શ્લોકથી

[૫]અર્થાત્ વેણુરવ પોતે જ તેમના મનનું વશીકરણ કરવાને સમર્થ છે, તેથી પ્રમેયબલથી જ સારી રીતે શ્રવણ કરીને 'અભિરમણ' પણ કર્યું. [૬] પહેલાં સ્મરણરૂપ ભાવોદ્દીપનથી ચિત્તનો વિક્ષેપ અને પછી મુખ્ય રસનો અનુભવ થવાથી હવે ચેષ્ટિતનું પણ સ્મરણ ન રહેવાથી તેના ગળવારૂપ વર્ણન થયું. અથવા ત્રીજા શ્લોક 'तद् व्रजस्त्रियः'ની પણ અહીં સંગતિ જણાવે છે, કે પહેલાં શ્રવણ થતાં વર્ણનને માટે ઉદ્યોગ કર્યો; પછી ચોથા 'तद् वर्णयितुम्' શ્લોકમાં સ્મરના વેગથી ચિત્તવિક્ષેપથી વર્ણનની અશક્તિ કહી, પછી પાંચમા 'બર્હાપીડમ' શ્લોકથી વર્ણન કરવાની શક્તિના હેતુરૂપ સુધાપ્રવેશ કહ્યો, અને તેના પછી આ ચાલતા શ્લોકમાં સુધાના ગળવારૂપ વર્ણન કહ્યું. આ શ્લોકમાં 'વ્રજની સ્ત્રીઓ' એ પદથી તેમને બીજું કાંઈ કામ (અત્યારે) બાકી નથી, એમ પણ સૂચન કર્યું. આ સ્ત્રીઓ વ્રજની છે; ભગવાને અંગીકાર કરેલા વ્રજના સંબંધથી જ તેમનો અંગીકાર છે; તેમને પ્રભુના ગુણગાન સિવાય બીજું કાંઈ કાર્ય નથી. તે કારણથી સેવા સમયે સેવા જ કરે છે, અને વિરહાવસ્થામાં સર્વે વ્રજસ્ત્રીઓ ગુણગાન કરે છે. સેવા અવસરમાં સેવા કરીને પછી ગુણગાનના અવસરમાં તેઓ ગુણગાન કરે છે, એવો વિવેક છે. આ પ્રમાણે ત્રીજા શ્લોકથી માંડીને ચાર શ્લોકની સંગતિ જણાવી. ૬.

[૧]વિવેચનઃ—'अक्षण्वताम्' વગેરે તેર શ્લોકથી શ્રીશુકદેવજી અનુવર્ણન જ કહે છે. અર્થાત્ આગળ બતાવ્યા પ્રમાણે સંગતિ બતાવીને પોતાની સખીઓની આગળ શ્રીગોપીજનથી જે વર્ણન કરાયું તેનું વર્ણન શ્રીશુકદેવજી તેર શ્લોકથી કરે છે. સંયોગ અને વિપ્રયોગ એમ બે રસના વર્ણનમાટે, અથવા ધર્મસહિત અને કેવલ એવા બે રસના વર્ણનમાટે બે શ્લોક—સાતમો અને આઠમો કહે છે. સાતમા 'अक्षण्वताम्' શ્લોકમાં ધર્મસહિત અને આઠમા 'चूतप्रवाल' શ્લોકમાં કેવલ રસનું નિરૂપણ કરે છે. ત્રીજા શ્લોકમાં (નવમામાં) વેણુપૂરણ છે, અથવા વેણુકૂજન છે. કૂજનમાં અને અધરામૃતથી પૂરણમાં તફાવત સ્પષ્ટ જ છે. પછી ચોથા (દશમા) શ્લોકમાં સ્વચ્છન્દપાદગમનમાં હેતુ કહ્યો છે. સ્વચ્છન્દલીલાની સિદ્ધિને માટે ચરણારવિન્દના રમણમાં ભૂમિની કીર્તિ વિસ્તારવારૂપ હેતુ 'વૃન્દાવનમ્' એ શ્લોકમાં કહ્યો છે. 'एकतः (એક શ્લોકથી)' એ પદનો સંબંધ આગળ પણ છે; તેથી ભક્તિના ઉદ્રેકરૂપ હેતુ 'સ્વચ્છન્દપાદગમન' એટલે વૃન્દાવનવિહારમાં કહ્યો. અહીં 'च'કારથી પુષ્ટિલીલાનું અને 'अपि' શબ્દથી ચરણનું સ્વરૂપ પણ કહ્યું; તેથી કેવલ ભક્તિનો ઉદ્રેક જ પાદગમનમાં હેતુ નથી; પરન્તુ પુષ્ટિલીલા અને ચરણનું સ્વરૂપ એમ બે બીજા હેતુ પણ તેમાં છે એમ કહ્યું. આ પ્રમાણે ચાર

વેણુનું વાદન કહ્યું; (કા.૧½) (એ રીતે છ શ્લોકથી નામલીલારૂપ વેણુવાદનનું નિરૂપણ કરીને), એ શ્લોકથી ભક્તિનું સારી રીતે સ્થાપન કર્યું તે કહ્યું.(કા.૨)² જો ભક્તિનું સ્થાપન ન કરે તો વર્ણન કરવામાં દોષ આવે, તેનું વિપરીતપણાથી સમાધાન કર્યું, (જડમાં ચેતનના ધર્મ અને ચેતનમાં જડના ધર્મો વેણુનાદથી આવ્યા, એ વિપરીતપણાથી સમાધાન કર્યું; નહિ તો દૂષણ પ્રાપ્ત થાય. (કા.૨½)³

શ્લોકથી પીઠિકા સિદ્ધ થઈ; એટલે એ રસ, વેણુપૂરણ અને સ્વચ્છન્દવૃન્દાવનવિહાર, એમ ત્રણ પદાર્થનું
સામાન્ય રીતે નિરૂપણ થયું. ²પછી વિશેષ નિરૂપણ કરતી વખતે પાંચમાથી દશમા (૧૧ થી ૧૬)મા
શ્લોકસુધી વેણુનું વાદન નિરૂપણ કરે છે. અહીં 'તુ' પદ સ્વરૂપલીલાની વ્યાવૃત્તિ માટે છે. તે ૭
શ્લોકથી **નામલીલારૂપ વેણુવાદન**નું નિરૂપણ કરીને, પછી અગીઆર અને બારમા (૧૭–૧૮મા)
શ્લોકથી ભક્તિની પ્રતિષ્ઠા કહી. 'पूर्णाः पुलिन्द्यः (૧૭મો)' અને 'हन्तायमद्रिः (૧૮મો)' એ બે શ્લોકથી
ભક્તિના સ્થાપનરૂપ ચરણના માહાત્મ્યનું પ્રાકટ્ય કહ્યું; કારણ કે ચરણ ભક્તિમાર્ગરૂપ છે. લોકમાં
**હીન સ્ત્રી** એવાં જે **પુલિન્દીજી** તેમને પણ ચરણારવિન્દ સંબંધી કુમકુમના સંબંધમાત્રથી લક્ષ્મી-
સમાન સૌભાગ્ય પ્રાપ્ત થયું.' એ ચરણમાહાત્મ્ય છે, અને 'સ્પર્શમાત્રથી બહુ જ આનન્દ પ્રકટ થવો'
એ પણ ચરણમાહાત્મ્ય છે; અને **ચરણ એ ભક્તિમાર્ગ**રૂપ છે, તેથી એ શ્લોકથી ભક્તિસ્થાપન-
રૂપ ચરણના માહાત્મ્ય ધર્મનું પ્રાકટ્ય કર્યું. જો આ બે શ્લોકનું આ પ્રકારનું તાત્પર્ય કહેવામાં ન
આવે તો બીજે પ્રકારે વર્ણન કરવામાં દોષ પ્રાપ્ત થાય કે લોકમાં પણ હીન કહેવાતાં પુલિન્દીજી
જેવાં સ્ત્રીઓના પુરુષોત્તમની સાથે જે સંબંધ અહીં કહ્યો, તેથી લક્ષ્મીપતિ પુરુષોત્તમમાં હીનનાયક-
પણારૂપી દોષ પ્રાપ્ત થાય; અને લક્ષ્મીના પણ પતિ પુરુષોત્તમે કંદ વગેરેનો ઉપયોગ કર્યો, તે
હીનતા દોષની નિવૃત્તિને માટે આ બે શ્લોકનું તાત્પર્ય ભક્તિના સ્થાપનને માટે છે, એમ સ્વીકારવું.
³એમ છતાં પણ 'લોકરીતિએ તો પુરુષોત્તમમાં દૂષણ પ્રાપ્ત થાયજ છે,' એવી શંકા થાય તો
છેલ્લા–તેરમા (૧૯મા) શ્લોકમાં કહે છે કે અહીં **વિપરીતતાથી સમાધાન છે. પ્રમેયમાર્ગ, પ્રમાણ-**
**માર્ગથી વિપરીત અને બલિષ્ઠ** છે; અને હાલમાં વૃન્દાવનપ્રવેશમાં તે **પ્રમેયમાર્ગ**નું જ પ્રાકટ્ય
કહ્યું છે; તેથી અહીં લોકવેદની મર્યાદારૂપી પ્રમાણમાર્ગથી વિપરીત **પ્રમેયમાર્ગ** વસ્તુસ્વભાવથી જ
એવો છે; અને તે કારણથી એ **વિપરીતપણું ભૂષણ** છે; દૂષણ નથી. તેનું બલિષ્ઠપણું સિદ્ધ કરે છે
કે મર્યાદામાર્ગમાં જેનો **પરમ** ઉત્કર્ષ કહેવાય છે, તેની અપેક્ષાએ પણ **પ્રમેયમાર્ગી હીનમાં**
**હીન ભક્તનો** ઉત્કર્ષ બલિષ્ઠ છે. એ પ્રમાણે બલિષ્ઠતા સિદ્ધ થઈ રહે છે, તેથી આ સર્વ સુન્દર છે.
કેવલ વિપરીતપણાને લીધે પ્રમેયમાર્ગનો ઉત્કર્ષ કહી ન શકાય; પણ તે સાથે સાથે પ્રમાણ-
માર્ગ કરતાં બલિષ્ઠ છે; તેથી તેનો ઉત્કર્ષ પ્રસિદ્ધ છે. પછી પુરુષોત્તમમાં પ્રાપ્ત થતા હીનત્વ-
દોષનું વિપરીતતાથી સમાધાન છેલ્લા તેરમા (૧૯મા) શ્લોકમાં કહે છે. જો ન કહે તોપણ
ભગવલ્લીલામાં જો કે પ્રતિબંધ તો ન થાય, પણ દૂષણ તો રહે જ. અહીં સ્વરૂપનો અનુભવ
નથી, એમ સ્પષ્ટ સૂચવ્યું છે; તેથી વિશેષ પ્રકારે નિરૂપણ નથી; પરન્તુ એક જ શ્લોકથી **વિપરીતતાએ**
**સમાધાન સૂચિત કર્યું** છે. ૧૭મા અને ૧૮મા શ્લોકનું તાત્પર્ય જો કે ભક્તિના સ્થાપનમાં છે
તોપણ 'લક્ષ્મીપતિ પુરુષોત્તમનો હીન પુલિન્દીજી સાથેનો સંબંધ, અને પર્વતના કંદ વગેરેનો
ઉપયોગ, લોક રીતે દૂષણ જ ગણાય.' એ શંકાનો પરિહાર કરતાં કહે છે કે અહીં **વિપરીતતાથી**
તે દોષનું સમાધાન છે; તેથી જ છેલ્લા 'गा गोपकैः' શ્લોકના વિવરણમાં 'ભગવચ્ચરિત્ર વિપરીત છે,'
એમ આરંભ કરીને 'ગતિમાનનું અટકી જવું અને ઝાડને રોમાંચ થવો; તેમ અમારી ગોપીજનની
અયોગ્યતા અને અયોગ્ય એવાં પુલિન્દીજીની યોગ્યતા' વગેરે વિપરીતતા સ્પષ્ટ કહી.

ચક્ષુવાળાઓને ફલ કહેવાય નહિ, તેમ ઇન્દ્રિયવાળાઓને જેને લોકો સામાન્ય રીતે મોક્ષ કહે છે તે કાંઈ ફલરૂપ નથી.(કા. ૬½)[૭] બાધકોનો પરિત્યાગ કરવાથી અને સાધકોની પ્રાપ્તિ કરવાથી એવો મોક્ષ થતો નથી. (કા.૭.)[૮] મોક્ષ ફલ નથી, તે 'न परं विदामः' પદથી કહે છે. 'परं' એટલે મોક્ષ, સાયુજ્ય, વગેરે. શ્રુતિમાં કહ્યું છે કે આત્મલાભથી પર(શ્રેષ્ઠ) બીજું કાંઈ છે જ નહિ, તો પછી 'પર' એટલે 'મોક્ષ' તે પુરુષાર્થ શા માટે ન કહેવાય? તેના ઉત્તરમાં શ્રીગોપીજન કહે છે કે

---

'एषां तु' એ શ્લોકના વિવરણમાં કહ્યું છે. વળી ત્રીજા સ્કંધના 'पुलकोद्भिन्नसर्वाङ्गः' અને 'एतदृषीकचषकैः' એ બે શ્લોકમાં પણ શ્રીમદાચાર્યજીએ તે બાબત સિદ્ધ કરી છે. આ પ્રકારે **અગીઆરે ઇન્દ્રિયથી ભગવાનનો ભોગ કરવો તેજ ઇન્દ્રિયવાનનું ફલ છે; મોક્ષ** કાંઈ ફલ **નથી**, કારણ કે મોક્ષ તો ઇન્દ્રિયને વિફલ કરનાર છે.

[૭]ભગવાન્ જો કેવલ 'સેવોપયોગી દેહ' ફલનું જ દાન કરે, ત્યારે તો જો કે એમ ભગવાનની સાથે **વાર્તાલાપ** વગેરે પણ સિદ્ધ ન થાય; તોપણ ફલતરીકે ઇચ્છિત તો આ **વાર્તાલાપ** વગેરે જ છે. જેમ અંધકારમાં હંમેશાં રહેવું તે કાંઈ આંખનું ફલ કહેવાય નહિ, તેમ જે મનુષ્યને ઇન્દ્રિયો છે, તેનું ફલ કાંઈ મોક્ષ હોઈ શકે નહિ. પુરુષોત્તમના સ્વરૂપમાં સાયુજ્યરૂપે પ્રવેશ કરવારૂપ જે મોક્ષ, તેમાં તો ઇન્દ્રિયનું વૈફલ્ય જ પ્રાપ્ત થાય છે; મોક્ષ તો 'કેવલનું' એટલે નિરિન્દ્રિયનું ફલ છે. 'કૈવલ્યરૂપ ઐક્ય તો સર્વથી અધિક છે, તે કેમ ફલ નહિ?' એમ શંકા થાય તો, દૃષ્ટાન્તથી સિદ્ધ કરે છે, કે જેમ અંધકારમાં હંમેશાં રહેવું તે આંખનું ફલ નથી, તેમ ઇન્દ્રિયવાનનું મોક્ષ ફલ નથી.

[૮]શંકા—ભલે મોક્ષ ફલ ન હોય, તોપણ જેનું અન્તઃકરણ અને પ્રાણ (ભગવાને) હરી લીધા છે, એવા ભક્તને તેની ઇચ્છાવિરુદ્ધ 'અણ્વીગતિ' એટલે મોક્ષનું દાન કરે છે; તો મોક્ષ ફલ કેમ નહિ? **ઉત્તર**—ઇન્દ્રિયવાળાનું તે ફલ નથી, કારણ કે તેને **ભગવાન્ સિવાય બીજું સર્વ બાધક હોવાથી તે સર્વનો તેણે પરિત્યાગ કર્યો છે;** તેથી મુખ્ય ફલમાં તેને કાંઈ પણ પ્રતિબંધ નથી. જ્યાં મુખ્ય ફલનો અધિકાર ન હોય ત્યાં જ ભગવાન્ નિરિન્દ્રિય મોક્ષનું દાન કરે છે; પરન્તુ અહીં તો મુખ્ય ફલના પ્રતિબંધકરૂપ જે સર્વાત્મભાવની અપ્રાપ્તિ છે, તે જ નિવૃત્ત થઈ ગઈ છે. તે કારણથી સર્વાત્મભાવવાળા ઇન્દ્રિયવાળા ભક્તને તો ભગવાન્ મુખ્ય ફલનું જ દાન કરે છે. **શંકા**—ભલે સર્વાત્મભાવવાળાને મોક્ષ ફલરૂપ ન હો, પણ સાધારણ અધિકારીને મોક્ષ ફલ કેમ ન ગણાય? પુષ્ટિમાર્ગીય મુમુક્ષુને જો કે ઇન્દ્રિયત્વ હોય છતાં પ્રતિબંધકનું અભાવત્વ ન હોવાને લીધે તેમને તો મોક્ષફલ પ્રાપ્ત થાય જ. આ શંકાના **ઉત્તરમાં** કહે છે કે તેમને માટે પણ વિવક્ષિત (કહેવાની ઇચ્છા છે તે) ફલમાં સાધન કહીને તે **સાધકને** પણ **મોક્ષફલ** ભગવાન આપતા નથી, એમ સિદ્ધ કરતાં કહે છે કે અહીંઆં **સર્વાત્મભાવથી ભજન કરવું, એ જ સાધકનું સાધકત્વ** છે. **'સર્વાત્મભાવ'** એટલે સર્વત્ર આત્માની વિદ્યમાનતા (હોવું તે), જેથી કરીને આત્માનો અવિયોગ રહે એવો વિયોગનો અનુભવ; એ પ્રકારની આત્માની સર્વત્ર વિદ્યમાનતા તો ભક્તિની પણ પરાકાષ્ઠા છે. તેથી જો કે તેવા સર્વાત્મભાવમાં ભગવાન્સિવાય સર્વનો ત્યાગ આવી જ જાય છે; તોપણ હાલના સાધક પોતે એવા ભાવરહિત છે, તેથી તેઓએ તો પૂર્વ અવસ્થામાં બાધકનો ત્યાગ બુદ્ધિપૂર્વક જ કરવો જોઈએ; તેથી બાધકમાત્રના ત્યાગનો અને પછી સર્વાત્મભાવના કરવાનો પણ ઉપદેશ ભગવાને કરી દીધો.

તૃતીય સ્કંધના ૩૨ મા અધ્યાયમાં 'तस्मात् त्वं सर्वभावेन भजस्व परमेष्ठिनम्' શ્લોકના વિવરણમાં 'દેહથી આરંભીને ઈશ્વરસુધી જેટલા બધા ભજન કરવા યોગ્ય છે, અને જે જે ભાવથી તેઓ ભજન કરવા યોગ્ય છે, તે **સર્વે ભાવ ભગવાનમાં જ કરવા જોઈએ.**' એમ પ્રથમ કક્ષામાં ભગવાન્ કપિલદેવજી જ તે **સર્વભાવનો** ઉપદેશ કરે છે; તેથી કારિકામાં 'साधकानाम्' એમ જુદું

**અમને ખબર છે;** અમે પણ ઉપનિષદ્રૂપા છીએ, માટે જ **અમે જ જાણીએ છીએ.** શ્રુતિ અનુભવની વિરુદ્ધ એટલે અનુભવમાં જેનું પરિણામ થાય નહિ, એવું ફલ કહે જ નહિ. માટે જેઓ 'કેવલ' એટલે ઇન્દ્રિયવિનાના છે, તેમને જ મોક્ષ ફલરૂપ છે; જેઓ ઇન્દ્રિયવાળા છે, તેઓનું ફલ તો આ જ (બર્હાપીડમ્ શ્લોકમાં ભગવાન્નાં દર્શન થાય છે એ જ) ફલ છે; એમ જુદી જુદી વ્યવસ્થા કરી લેવી.[૯] આ અર્થમાં બીજી શ્રુતિઓરૂપ ગોપિકાઓની સંમતિ છે, તે **'હે સખીઓ'** એ પદથી જણાવ્યું છે. જ્યાં સમાન શીલ અને વ્યસન હોય ત્યાં જ 'સખ્ય:' પદનો પ્રયોગ થાય છે; માટે બીજી શ્રુતિઓની પણ સંમતિ કહી.[૧૦] આવો અનુભવ કેટલાંક ગોપીજનોને જ થાય છે, તે કારણથી સર્વે ગોપીજનને જે સાધારણ અનુભવ થાય છે, તે પક્ષ કહે છે કે **ચક્ષુવાળાઓનું આ જ ફલ છે.** આ પક્ષમાં 'अक्षण्वताम्' પદનો અર્થ **'ચક્ષુવાળા'** એમ સમજવું; અથવા તે પદની આવૃત્તિ કરવી (ફરીથી લેવું).[૧૧] પશુઓના પાછલા ભાગમાં વયસ્યો

પદ કહ્યું છે. આ પક્ષમાં આત્માને વિષે જે ભાવ તે **આત્મભાવ,** અને 'સર્વ' એવો જે 'આત્મભાવ' તે **'સર્વાત્મભાવ,'** એમ અર્થ સિદ્ધ થાય છે. તેથી તત્ક્રતુન્યાયથી* પણ આગળ તે જ ફલે છે, તેથી પ્રથમ કક્ષાવાળા સાધકને પણ મોક્ષ ફલ નથી; પરન્તુ આ ભોગ્યસ્વરૂપ જ ફલ છે, અને તેથી કારિકામાં 'સાધકોની' વગેરે પદ નકામું નથી. સર્વાત્મભાવરૂપ સાધનમાત્ર ભગવાનના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે; અને પોતાની કૃતિથી તો તે પ્રાપ્ત થઈ શકતું જ નથી. સામાન્ય મુમુક્ષુ તો જો કે બાધકનો ત્યાગ કરે છે, તોપણ તેને મુખ્ય ફલ **'સ્વરૂપભોગ'** પ્રાપ્ત થઈ શકતું જ નથી; માત્ર મોક્ષ જ પ્રાપ્ત થાય છે. ઇન્દ્રિયને વિફલ કરનાર અંધકાર તે ઉપમાન છે, અને મોક્ષ ઉપમેય× છે. જેમ અંધકારમાં હંમેશની સ્થિતિ ફલતરીકે ઇચ્છિત નથી, તેમ ભક્તને મોક્ષ ફલતરીકે ઇચ્છિત નથી. અંધકારમાં કોઈક વાર સ્થિતિમાં ભાવના ઉદ્રેકથી દેહ વગેરેથી સ્ફૂર્તિ ન રહે, તેવે સમયે મોક્ષમાં ઇન્દ્રિયનું વિફલપણું ન પણ થાય; પરન્તુ અંધકારમાં હંમેશાં સ્થિતિ રહે, તો ઇન્દ્રિય વિફલ થાય જ; તેથી સ્થિતિને 'નિયતા' એટલે હંમેશની રહે, એવું વિશેષણ લગાડ્યું છે, અને મોક્ષને 'સર્વથા' એ વિશેષણ આપ્યું છે.

[૯]અહીં મોક્ષનો વિચારમાત્ર થાય છે, તેથી 'ઉપનિષદ્રૂપા' એમ કહ્યું; વસ્તુત: તો અમે શ્રુતિરૂપા છીએ. તેથી **અમે જ જાણીએ છીએ.** કારણ કે શ્રુતિમાં કહેલું ફલ કાંઈ અનુભવથી વિરુદ્ધ હોતું નથી; વિચાર કરતાં પણ અમારા (ઉપનિષદ્રૂપાના) અનુભવમાં પરિણામ ન પામે એવું ફલ તો શ્રુતિમાં કહેલું કાંઈ હોય જ નહિ. મોક્ષ વગેરે ફલ નથી, એ અમારો અનુભવ છે; તેથી વ્યવસ્થિતવિકલ્પથી અમે તેની વ્યવસ્થા કહીએ છીએ–શ્રુતિ આપ્ત–આદરયુક્ત પ્રમાણ છે, તેથી તે ઉંધું કહે જ નહિ, એમ જણાવવાને 'हि' પદ મૂક્યું છે. 'वाङ् मनसि दर्शनात्' વગેરે ચાર સૂત્રમાં કહેલા પ્રકારે, સંઘાત(શરીર)નો લય થતાં સેવોપયોગી દેહનું દાન ભગવાન્ જેમને કરતા નથી, તેઓ અહીં **'કેવલ'** પદથી કહેવાયા છે. એવા 'કેવલ'નું તો મોક્ષ જ ફલ છે, એમ જણાવવાને 'एव' શબ્દ મૂક્યો છે; પરન્તુ જેમને સેવોપયોગી દેહનું દાન ભગવાન્ કરે છે, એવા ઇન્દ્રિયવાળાને તો અનુગ્રહવિશેષને લીધે સેવાફલગ્રંથમાં કહેલા **અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય** અને વૈકુંઠ, **વગેરેમાં સ્થિતિ,** એમ ત્રણ ફલ પણ પ્રાપ્ત થાય છે. [૧૦]અમે ઉપનિષદ્રૂપા ગોપિકા જ એમ જાણીએ છીએ, એટલુંજ નહિ પણ બીજી શ્રુતિરૂપા ગોપિકાઓની પણ આ બાબતમાં સંમતિ છે; કારણ કે

* બ્રહ્મસૂત્રના ૪ થા અધ્યાયના ૩જા પાદના ૧૬મા સૂત્રમાં तत्क्रतुः પદ છે, તેનો અર્થ એ છે કે જે क्रतु:(યજ્ઞ) પ્રકારથી જેવી ઉપાસના કરે છે, તેવીજ તેને ફલસિદ્ધિ થાય છે.

× ચંદ્ર એ **ઉપમાન,** અને ચંદ્રમુખી **સ્ત્રી** તે **ઉપમેય.** *ઇન્દ્રિયવાળાને ભગવાનનું ભોગ્યસ્વરૂપ ફલ છે, અને ઇન્દ્રિયવિનાનાને સાયુજ્ય વગેરે મોક્ષ 'ફલ' છે, એવી વ્યવસ્થા શાસ્ત્રોએ જ કરી આપી છે.

(મિત્રો)ની સાથે પશુઓને વનમાં પ્રવેશ કરાવતા રામ અને કૃષ્ણના એક **મુખારવિન્દનું જેમણે સારી રીતે** પાન કર્યું, તે જ ચક્ષુવાળા અને ઇન્દ્રિયવાળાનું ફલ છે. 'वा' પદ શ્લોકમાં અનાદરને માટે મૂકયું છે; કેમકે મુખ્યની અપેક્ષાએ આ ગૌણ છે. (સર્વ ઇન્દ્રિયો પ્રભુમાં યોજવા કરતાં માત્ર ચક્ષુથી દર્શન કરવું, તે ગૌણ જ કહેવાય). જેઓ કાલથી સરખા છે, તેમની સાથે આ રસને નહિ જાણનાર પશુઓને ભગવાન્ વનમાં પ્રવેશ કરાવે છે; કેમકે નિર્ગુણ અવસ્થાના અધિકારનો અભાવ હોય ત્યારે સાત્ત્વિક અવસ્થા યોગ્ય જ છે.[૧૨] કાલ ભગવાન્‌ની લીલામાં નિમિત્ત છે. ગોપના અને લીલાના પણ આધાર તરીકે ભગવત્પ્રાકટ્ય નિમિત્ત છે; તેથી ગોપો વયસ્ય (સરખી અવસ્થાવાળા મિત્રો) છે; તે કારણથી તેમના દ્વારા પશુઓને વનમાં પ્રવેશ કરાવે છે. અથવા તેઓ જે સમકાલીન (સરખી વયના) છે, તેમની સાથે ભગવાન્

'સખ્ય:'પદનો પ્રયોગ જેમનામાં સમાન શીલ અને વ્યસન હોય તેમને માટે જ થાય છે. [૧૧]આગળ જતાં 'जुष्टं यैर्वा निपीतम्' માં 'वा' પદથી અનાદર સૂચન કર્યો છે, તેનાથી બીજું આદરણીય મુખ્ય પક્ષ જે સમજાય છે, તે જ આ મુખ્ય પક્ષ છે એમ જાણવું. પરન્તુ **ભોગ્યસ્વરૂપથી** બીજું કાંઈ **ફલ જ** નથી; **ભોગ્યસ્વરૂપ માત્ર** જ **ફલ** છે, એમ પોતે જાણીને અને તેમાં બીજી સખીઓની સંમતિ લઈને, **એકાદશ ઇન્દ્રિયોનો વિનિયોગ ભોગ્ય ભગવત્સ્વરૂપમાં** જ **થાય**, એવું તો એવા ભાવવાળી કોઈ વિરલ ગોપિકામાં જ સંભવે; સાધારણ ગોપિકામાં અને ગોપમાં તો સર્વથા તેવો વિનિયોગ સંભવતો જ નથી, તેથી સર્વે ગોપીજનનો સાધારણ પક્ષ પણ કહે છે કે **ચક્ષુવાળાઓનું આ** જ **ફલ છે**, અને 'पर' એટલે સાયુજ્ય, વગેરે ફલ નથી.' એમ અમે ઉપનિષદ્રૂપા ગોપિકા જાણીએ છીએ, અને અહીં તો સર્વ બીજી શ્રુતિરૂપા ગોપિકાની પણ સર્વથા સંમતિ છે. 'चक्षुष्मत्' પદને નિજ અર્થે પૂરે તે 'चक्षुष्मत्पदपर, ચક્ષુવાળાની સાથે એકાર્થ,' એવો '**ચક્ષુષ્મત્પદપર**'નો અર્થ જાણવો. પહેલાં 'अक्षण्वताम्' પદનો અર્થ 'એકાદશ ઇન્દ્રિયવાન્' કરીને હવે '**ચક્ષુવાળા**' એવો અર્થ કર્યો, એથી આ 'अक्षण्वताम्' ચરણની સંયોગપૃથક્ત્વન્યાયથી[૧] આવૃત્તિ જાણવી, આ બીજો અર્થ લેવાનું કારણ 'वा' પદથી કહ્યું. અહીં 'वा' પદથી વિકલ્પ કહ્યો છે, એટલે જો પહેલાં કહેલો મુખ્ય પક્ષ ન રુચે તો આ બીજા પક્ષનું ગ્રહણ કરવું. જો અહીં મુખ્ય પક્ષ અભિપ્રેત ન હોત તો વિકલ્પવાચી 'वा' પદ કહેત જ નહિ.

[૧૨]'પશુઓના વનપ્રવેશ'થી સૂચિત થયલું તાત્પર્ય કહે છે કે તેમને નિર્ગુણ અવસ્થાનો અધિકાર નથી, તેમની **સાત્ત્વિક** અવસ્થા યોગ્ય છે, અને તેથી મિત્રોની સાથે એ રસ નહિ જાણનાર પશુઓનો વનપ્રવેશ ભગવાન્ કરાવે છે. 'पशूननु' પદમાં 'अनु' ઉપસર્ગ સાર્થક થાય, તેને માટે 'पशून्' પદની પણ આવૃત્તિ કરવી (ફરી વાંચવું). અર્થાત્ ગાય વગેરે પશુઓની પાછળ, '**પશુઓને**' એટલે આ રસ નહિ જાણનાર બહિરંગ **ગોપોને** વનમાં પ્રવેશ કરાવતા રામ અને કૃષ્ણના **એક** જ **શ્રીમુખનું જેમણે સેવન અથવા પાન કર્યું**, તેમનું ફલ **આ મુખ** જ છે. અહીં પ્રવેશરૂપી ક્રિયા હોવાથી '**વન**' પદ સમજાઈ જાય છે; તેથી તેનો અધ્યાહાર ન માનવો. કેમકે 'ક્યાં પ્રવેશ કરાવ્યો.' તેની આકાંક્ષા થાય તો '**વનમાં**' એમ સમજી જ જવાય છે. આ બહિરંગ ગોપોના વનપ્રવેશમાં હેતુ કહે છે કે **નિર્ગુણ અવસ્થાના** એટલે અંતરંગ લીલાના અધિકારના અભાવમાં, જો તેમને સાથે રાખે તો તેઓ ભગવાન્ અને ગોપીભક્તો ઉપર દોષનો આરોપ કરે, એવો સંભવ છે; તેથી તેમનો સાત્ત્વિક વનપ્રવેશ જ યોગ્ય છે.

૧. એક જ પદાર્થનો બે જગ્યાએ સબંધ જણાવવો હોય, ત્યારે આ ન્યાયનો ઉપયોગ થાય છે.

વનમાં પ્રવેશ કરાવે છે.[૧૩] અથવા વયસ્યોનો સહભાવ ભગવાન્‌ની સાથે છે, એમ હોવાથી વનમાં પ્રવેશ કરાવેલા પશુઓ અને ગોપોને પણ શ્રમ થાય, ત્યારે તેમને સ્થાને નિવેશન (યોજવાને)માટે વયસ્યોનો સહભાવ કહ્યો.[૧૪] આવિષ્ટ સ્વરૂપ એવા શ્રીબલદેવજીનું મુખારવિન્દ સ્પષ્ટ નથી; તેથી ભગવાન્‌ના મુખારવિન્દને જ બન્ને રૂપના (રામ અને કૃષ્ણના) મુખારવિન્દ તરીકે જેમણે સાધારણ રીતે ચક્ષુદ્વારા અંતઃકરણમાં પ્રવેશ કરાવેલું છે, તેમનું ફલ આ મુખ જ છે. કારણ કે તે સર્વવ્યાપક ચિત્તનું આકર્ષણ કરીને એક જ જગ્યાએ તેનું ધારણ કરવું; બીજાનું ચિન્તન ફરી કરવું નહિ; "સુસ્મિતવાળા મુખની ભાવના કરવી" એમ પ્રમાણ-રૂપ વાક્ય છે. વળી, શ્રીગોપીજન પોતાના હૃદયમાં ભાવના કરેલા મુખનું નિરૂપણ કરે છે. સાર એ કે સાધારણ પક્ષ તરીકે સામાન્ય રીતે જો કે બલભદ્રનું નિરૂપણ કર્યું; તોપણ મુખ-નિરૂપણના પ્રસ્તાવમાં તો બીજા કોઈનું (રામના મુખથી સંવલિત) મુખ આ ગોપીજનના હૃદયમાં આવતું જ નથી; તેથી બે મુખ ન કહેતાં કેવલ એક ભગવાન્‌ના શ્રીમુખનું જ નિરૂપણ કર્યું.[૧૫] મુખના એકત્વનું પ્રતિપાદન કરતાં ઈશ્વર તરીકે આરાધનબુદ્ધિથી અથવા અનુરોધ[૧]બુદ્ધિથી જેમનું પાન છે તે તો સાપેક્ષ છે, એમ અનાદરમાં હેતુ 'વ્રજેશ (નન્દરાયજી)ના સુતો' એ પદથી કહ્યો. શ્રીબલભદ્રજી કાંઈ વ્રજેશના સુત(પુત્ર) નથી; આવેશના પક્ષમાં તો કૃષ્ણ જ બલભદ્રના રૂપમાં આવેશ કરે છે; તેથી ત્યાં બન્ને રૂપનું વ્રજેશસુતપણું યુક્ત છે. લૌકિકની અપેક્ષાવાળું દર્શન અનાદરમાં હેતુ છે.[૧૬] બીજાં શ્રીગોપીજન વળી ગીતના રસને સારી રીતે જાણનારાં

[૧૩]આ પ્રકારે **'વયસ્ય'** પદનો 'ભગવાન્‌ના જન્મના સમકાલીન' એવો અર્થ કહીને, તે **સમકાલીન વયસ્યોની સાથે ભગવાન્ પશુઓને વનમાં પ્રવેશ કરાવે છે.** હવે **'વયસ્ય'** પદનો બીજો અર્થ કહે છે કે **'કાલ ભગવાન્‌ની લીલામાં નિમિત્ત છે'** વગેરે, તેથી ગોપ **'વયસ્ય'** છે. પ્રાકટ્યરૂપ હેતુથી જ તેવી લીલાના સમયમાં **વયસ્યોનું** પણ વનમાં આગમન થયું, અથવા **વયમાં**–ભગવત્પ્રાકટ્યરૂપ હેતુમાં–લીલામાં સરખા છે, તેથી લીલામાં લીલાકાલાધાર ગોપ **વયસ્ય** છે.

નોંધ–કાત્યાયનીવ્રતના પ્રસંગમાં કહેલા મુખ્ય **વયસ્યોની** તો ભગવાન્‌ની સાથે નિત્ય જ સ્થિતિ છે તેથી, અને અહીં તો **વનપ્રવેશ** કહ્યું છે તેથી, આ બહિરંગ ગોપ તે મુખ્ય અંતરંગ **વયસ્યોથી** જુદા જ છે, એમ **'વયસ્ય'** પદના બન્ને અર્થમાં પણ જાણવું.

[૧૪]અથવા અહીં **'વયસ્યોનો સહભાવ ભગવાન્‌ની સાથે છે.'** આ અર્થમાં રસ નહિ જાણનાર પશુઓને– બહિરંગ પણ ગોપને શ્રમ થાય, ત્યારે તેઓને આમતેમ પર્યટણ કરવાનું સામર્થ્ય ન રહે તે વખતે 'ગઈ ગાયો દૂર' વગેરે શ્લોકમાં કહ્યા પ્રમાણે તે ગોપ ભગવાન્‌ને કહે, ત્યારે થાકી ગમલા ગોપોને સ્થાને વયસ્યોને મૂકવાને અહીં ભગવાન્‌ની સાથે જ **વયસ્યોનો સહ-ભાવ** કહ્યો. વસ્તુતઃ અહીં ત્રણ અર્થ છે–(૧.) ભગવાને વયસ્યોના દ્વારા પશુઓને વનપ્રવેશ કરાવ્યો; (૨.) અથવા ભગવાને વયસ્યોની સાથે પશુઓને વનપ્રવેશ કરાવ્યો; (૩.)અથવા વયસ્યોસહિત ભગવાને પશુઓને વનપ્રવેશ કરાવ્યો. [૧૫]મુખસિવાય બીજા અવયવો દૃશ્ય(દેખવાયોગ્ય)તરીકે ઉપ-સ્થિત થાય, તોપણ **મુખ તો ભોગ્યરસવાળું** છે, તેથી મુખની તો ઉપસ્થિતિ ભોગ્યત્વરૂપે જ થાય છે; જે ભક્ત **કેવલ ભગદુપાસક** છે, તેને રામાવિષ્ટ મુખમાં તો તે ભોગ્યરસની સંભાવના જ નથી, તે કારણથી પણ આવિષ્ટ મુખનું જુદું નિરૂપણ કર્યું નહિ.

[૧૬]અથવા પોતાની વિશેષ આસક્તિનો બોધ કરવાને માટે શ્રીમુખના ઐક્યના નિરૂપણનું બીજું તાત્પર્ય પણ 'કિઞ્ચ' પદથી કહે છે. વ્રજેશની અપેક્ષાવાળા ભગવાન્‌ના મુખના પાનમાં જેમનો

૧. માનપૂર્વક પૂજા તે **આરાધન** અને સેવા અથવા પરિચર્યા તે **અનુરોધ.**

વેણુનાદના શ્રવણને માટે ભગવાનના મુખારવિન્દનાં દર્શન કરે છે, તે **'અનુવેણુ જુષ્ટમ'** પદથી કહે છે. વેણુને લક્ષમાં રાખીને જે વર્તે છે તે **અનુવેણુ** કહેવાય. એટલે **વેણુવાદનમાં** તત્પર એવું મુખારવિન્દ જેમણે **સેવેલું** છે; અથવા જેમણે તેનું પાન કરેલું છે. **'સેવેલું'** એટલે જેમણે માત્ર શબ્દનું ગ્રહણ કરેલું, અને **'પાન'** તો અંતઃપ્રવેશ કરાવવાથી થાય છે. કેવલ શબ્દગ્રહણ મનોહર હોવાથી અથવા શિક્ષાને માટે હોઈ શકે, એમ 'વા' પદ વિકલ્પનો બોધ કરે છે; અનાદર તો સ્વરથી જ–કાકુથી જ પ્રાપ્ત થઈ જાય છે; આ પ્રમાણે મનોહર હોવાથી, અથવા નાદાવિષ્ટ હોવાથી, આ ગોપિકાઓ આ મુખનું ભજન કરે છે.[17]

---

આદર નથી, તેમને આવિષ્ટ ભગવન્મુખના પાનમાં અનાદર થાય, તેમાં કહેવું જ શું ? શ્રીનન્દરાયજી ઈશ્વર–વ્રજના રાજા છે, તેથી તેમના સુતતરીકે આરાધન અથવા અનુરોધ (તેને અનુકૂલ થવું તે) કર્તવ્ય છે, એવી બુદ્ધિથી જે ભક્તો શ્રીમુખનું પાન કરે છે, તેવા ભક્તોએ કરેલું પાન તો **વ્રજેશની** અપેક્ષાવાળું છે; સર્વ દર્શનકરવાવાળાઓના સાધારણ પક્ષમાં આ કહ્યું. વર્ણન કરનાર ગોપિકા તો કાંઈ એવું સાપેક્ષ (અપેક્ષાવાળું) પાન કરતાં જ નથી. અથવા અહીં **ઈશ્વરનો** અર્થ પોતાના ગામના અધિપતિતરીકે કરવો; કારણ કે યોગશક્તિવડે તે જ અર્થનું કથન છે; અને 'तत्सापेक्षम्'નો અર્થ 'भगवत्सापेक्षम्' કરવો; અને 'अनादरे' પદનો અર્થ **'ફલત્વે અનાદરે'** એમ કરવો. અર્થાત્ શ્રીગોપીજન જો કે શ્રીબલદેવજીનું **વ્રજેશસુતતરીકે** દર્શન કરે છે, તોપણ પોતાના **ફલતરીકે** તો તેમનું દર્શન કરતાં જ નથી; તે કારણથી એવા ભગવત્સાપેક્ષ બલદેવજીના મુખના દર્શનમાં તે શ્રીગોપીજનનો અનાદર છે. **"શ્રીબલદેવજી કાંઈ વ્રજેશના પુત્ર નથી"**એ પૂર્વપક્ષ છે, અને આગળનું વાક્ય (**આવેશના......યુક્તછે.**) તેનું સમાધાન છે. અહીં 'न हि' પદ 'ननु'ના અર્થમાં છે. આ પ્રમાણે "બલભદ્ર કાંઈ વ્રજેશસુત નથી," એ પૂર્વપક્ષ કરીને તેનું સમાધાન 'આવેશ પક્ષમાં તો કૃષ્ણ જ પ્રવેશ કરે છે' એ વાક્યથી કરે છે; તોપણ અનાવેશ પક્ષમાં આ પ્રકારની શંકા થાય, તો તે અનાવેશ પક્ષ દૂર કરવાને અહીં 'तु' પદ કહ્યું. શંકા–જો એમ જ છે, તો **ફલત્વે** અનાદરમાં **હેતુ** શો ? તેના **ઉત્તરમાં** કહે છે કે અનાદરમાં **હેતુ** **'લૌકિકની અપેક્ષાવાળું દર્શન'** છે. અર્થાત્, પૂર્વે કહેલી લૌકિક બુદ્ધિથી વ્રજેશની અપેક્ષાવાળું દર્શન અનાદરમાં **હેતુ** છે. અનાદરે **'રામ અને કૃષ્ણના એક શ્રીમુખનું** જેમણે પાન કર્યું, તેમનું **આ શ્રીમુખ જ ફલ છે.'** આ પક્ષમાં મુખમાત્રનું **ફલ**પણું જાણવું; તેમાં પણ ઈશ્વરતરીકે આરાધનબુદ્ધિથી, અને પોતાના સ્વામીના પુત્રતરીકે અનુરોધ(અનુકૂલ થવું તે)-બુદ્ધિથી, એમ બે પક્ષ જાણવા.

[17]આ શ્રીમુખ કેવું છે ? તે જાણવાની અપેક્ષા થાય તો કહે છે કે એ શ્રીમુખ **વેણુવાદન-પર** છે; અથવા ચક્ષુવાળાથી પણ હીન અધિકારીનું કથન કરતાં કહે છે, કે બીજાં શ્રીગોપીજન તો ગીતના રસને જાણતાં નથી, તેથી વેણુનાદના શ્રવણને માટે ભગવાનના મુખારવિન્દનું દર્શન કરે છે, એમ **'બીજા'** વગેરેથી કહે છે; બીજાં તો ગીતના રસને જાણતાં નહિ હોવાથી વેણુનાદના શ્રવણને માટે જ ભગવાનના મુખારવિન્દનું દર્શન કરે છે, એમ 'अनुवेणु जुष्टम्' પદથી કહે છે. અહીં 'न वेणुनाद' એવો પાઠ હોય તો એવો અર્થ કરવો કે તેઓ ભગવાનના મુખારવિન્દનું દર્શન કરે છે, તે વેણુનાદના શ્રવણને માટે કરતાં નથી; પરન્તુ કેવલ ગીતના રસના જ્ઞાનવાળાં હોવાથી જ કરે છે. અહીં 'वेणुम् अनु' વગેરેથી અર્થનું કથન કર્યું, સમાસ તો અનુગત છે વેણુ જેનો તે 'अनुवेणु' એમ જાણવો. જોષણ અને પાનનો ભેદ કહે છે–**'જોષણ'** એટલે સેવન અથવા નિદર્શન, અને **'પાન'** તો અંતઃપ્રવેશ કરવો તે કહેવાય. **જોષણમાં** કેવલ શબ્દશ્રવણ છે, કારણ કે તે **મનોહર** છે; **પાનમાં** તો અંતઃપ્રવેશન છે, તે શિક્ષામાટે છે. કોઈક **ભક્ત** નાદ મનોહર હોવાથી કેવલ શબ્દશ્રવણરૂપ

કામના સંબંધથી પણ કેટલાંક ગોપીજન પાક્ષિક (થોડા અંશમાં થતું) ભજન કરે છે, તે બીજા વિશેષણ 'અનુરાગથી કટાક્ષ મૂકતા' એ પદથી કહે છે. જે ભગવાનના મુખારવિન્દને વિષે અનુરાગથી ભક્તના કટાક્ષનો મોક્ષ છે, તે ભગવાનનું મુખ ચક્ષુવાળાઓનું ફલ છે. આ પ્રમાણે મુખનાં દર્શન કરતાં ગોપીજનના નિર્ગુણ અને સગુણ ભેદો નિરૂપણ કર્યા.[૧૮]

**સુબોધિનીજીઃ**-કેવલ રસરૂપ 'चूतप्रवाल' વગેરે શ્લોકમાં કહે છેઃ-
('કેવલ' પદથી 'બર્હાપીડમ' શ્લોકમાં 'નટ' પદથી કહ્યો છે, તે વિપ્રયોગશૃંગારરસ સમજવો.)

**चूतप्रवालबर्हस्तबकोत्पलाब्जमालानुपृक्तपरिधानविचित्रवेषौ ॥**
**मध्ये विरेजतुरलं पशुपालगोष्ठ्यां रङ्गे यथा नटवरौ क्व च गायमानौ ॥८॥**

**આંબાનાં કોમલ પલ્લવ જેમના કર્ણમાં છે, મયૂરપિચ્છગુચ્છ જેમના મસ્તકને વિષે છે, કમલની માલા જેમના શ્રીકંઠને વિષે છે, અને એ સર્વની સાથે પીતાંબર વગેરે વસ્ત્ર**

**સેવન** કરે છે, અને કોઈક તો શિક્ષણને માટે **પાન** કરે છે; પોતે પણ એવું વેણુવાદન પ્રાપ્ત કરે તે હેતુથી પાન કરે છે. મૂલમાં 'વા' પદથી 'જોષણ-સેવનનો' વિકલ્પ '**પાન**' છે એમ કહ્યું. '**અનુવેણુ**' પદમાં 'વેણુ' વિશેષણ છે, તે મુખના દર્શનમાં પ્રધાન છે, તેથી '**જોષણ**' અને '**પાન**' એમ શબ્દકર્મક* જ બન્ને ક્રિયા કહી. મૂલમાં 'વા' પદ કેવલ અનાદરમાત્ર સૂચવે છે એમ નથી, કેમકે અનાદર તો સ્વરથી જ પ્રાપ્ત થઈ જાય છે, પરન્તુ કોઈએ સેવ્યું અને કોઈએ પાન કર્યું, એમ વિકલ્પનો જ બોધ 'વા' પદ તો કરે છે. **શંકા**-'વા' શબ્દ હોવા છતાં, ગીતને જાણનારના ફલનું સાધારણપણું કેમ પ્રાપ્ત થાય? **ઉત્તર**-તેનું સાધારણપણું અથવા અનાદર તો **સ્વરથી** એટલે કાકુથી જ પ્રાપ્ત થઈ જાય છે. એ રીતે આ પક્ષમાં આ ગોપિકાએ કરેલા ભજનનું કારણ નાદનું **મનોહરપણું** છે એમ કહ્યું. તેમાં પણ બે પ્રકાર છે-(૧.) કોઈક ગોપીજન માત્ર **મનોહર** હોવાથી નાદનું સેવન કરે છે, (૨.) કોઈક તો '**અમે પણ ભગવત્તુલ્ય વેણુવાદન કરીશું**' એવા વિચારથી વેણુનું શિક્ષણ મેળવવાને નાદપાન કરે છે. આ પ્રકારે અહીં સુધી મુખાવલોકનવડે ભજન કરનાર ગોપીજનના ચાર ભેદ કહ્યા-(૧.) ઈશ્વર-બુદ્ધિથી આરાધન કરનાર; (૨.) પોતાના સ્વામીના પુત્ર હોવાથી તેને અનુકૂલ થનાર. એમ બે વર્ગમાં પણ મનોહર હોવાથી શ્રીમુખનું **સેવન** કરનાર અને શિક્ષણને માટે શ્રીમુખનું **પાન** કરનાર, એવા બે હેતુથી બે વર્ગ; એટલે **ચાર ભેદ** થયા. [૧૮]કામના સંબંધથી ભજન કરનાર ગોપીજન શ્રીમુખનું અવલોકન કરે છે, એ પાંચમો ભેદ છે; એટલે સર્વે મળીને મુખાવલોકન કરનારના પાંચ ભેદ જાણવા. **કામભાવથી** અવલોકન કરનાર ગોપીજન તો પહેલાંના ગોપીજનથી પણ **હીન** છે, એમ કહેવાને '**કામના સંબંધથી પણ**' વગેરે કહ્યું. આ પ્રકારે નિર્ગુણસગુણ ભેદનું નિરૂપણ થયું. **અર્થાત્** નિર્ગુણસહિત સાત્ત્વિક વગેરે સગુણ ભેદનું નિરૂપણ થયું. અહીં એકાદશ ઇન્દ્રિયથી ભગવત્સ્વરૂપને જ ફલ માનનાર ઉત્તમોત્તમ નિર્ગુણ ભક્ત છે, અને કેવલ ચક્ષુઇન્દ્રિયથી શ્રીમુખનું સેવન કરનાર-પાન કરનાર અને તેની તરફ કટાક્ષ ફેંકનાર, એ ત્રણ સગુણ ભક્ત છે. 'बर्हापीडम' શ્લોકના વાક્યાર્થ-માંના 'વર' પદનો અર્થ આ પ્રકારે આ શ્લોકમાં નિરૂપણ થયો એમ જાણવું. **અહીં ચક્ષુવાળાઓના ફલ તરીકે 'કાલથી અધિક હરિ'**ની લીલા નિરૂપણ કરી, એમ જણાય છે.(૭)

* '**શબ્દકર્મ**' પાણિનિ ૧.૪.૫૨.માં પ્રસિદ્ધ છે. જોષણ-સેવન ક્રિયા અને નિપાન-પાન ક્રિયા, એ બન્ને ક્રિયામાં વિશેષણરૂપ વેણુનુંજ પ્રાધાન્ય છે, અને તે વેણુ શબ્દજનક છે, તેથી સેવન અને પાન બન્ને ક્રિયા શબ્દકર્મક છે. 'કર્મ' પદ કોઈક વખતે ક્રિયામાત્રનું અને કોઈક વખતે કારકનું પણ વાચક હોય છે,

જેમનાં મળેલાં છે, એવા વિચિત્ર વેષવાળા કૃષ્ણ અને બલદેવ, એ બે ઉત્તમ નટની માફક, કોઈક વાર ગાન કરતા, રંગમંડપમાં શોભે તેમ મધ્યમાં ગોપાલોની ગોષ્ઠીમાં બહુ સારી રીતે શોભતા હતા. ૮.

**સુબોધિનીજી:**–આંબાનાં કોમલ પાન બે કર્ણને વિષે છે, મયૂરપિચ્છનો ગુચ્છો મસ્તકને વિષે છે, કમલોની માલા કંઠને વિષે છે, એ સર્વથી મળેલું પરિધાન એટલે પીતાંબર વગેરે વસ્ત્રો, તેમનાથી વિચિત્ર છે વેષ જેનો (રામકૃષ્ણનો) એવા બન્ને પશુપાલો(ગોપાલો)ની ગોષ્ઠીની વચમાં શોભવા લાગ્યા.[1] રસના અભિનયમાં અવતારની માફક આવેશનો પણ ઉપયોગ હોવાથી 'વિચિત્રવેષૌ' પદ દ્વિવચનમાં વાપર્યું છે.[2]

ગુણો અને માયા, વેષને માટે ઉપયોગી થાય છે, તેથી રસના અભિનયમાટે ચારે અર્થ–પદાર્થનું નિરૂપણ કર્યું.[3] (કારિકા ૧.)

---

[1]**વિવેચન:**–અહીં આંબાનાં પ્રવાલ ઉપરના ભાગમાં છે એમ જાણવું, કારણ કે તેમ હોય તો જ મુકુટમાં બાંધેલું પીતાંબરખંડ (નાનું પીળું વસ્ત્ર) પ્રવાલ અને મયૂરપિચ્છના ગુચ્છાથી મિલિત થઈ શકે; અને ઉત્તરીય વસ્ત્ર પણ માલાથી મિલિત થઈ શકે. 'पीताम्बरादि' પદમાં 'आदि (વગેરે)' પદથી શ્રીબલદેવજીનાં વસ્ત્ર નીલ જાણવાં. આંબાનાં પ્રવાલ અને મયૂરપિચ્છથી પીતાંબર મિલિત છે; તેથી એમ સમજવું કે પીતાંબરખંડ શિરપર બાંધેલું છે. **'બર્હાપીડમ્'** શ્લોકમાં કહેલા **'નટવર'** પદના **'વર'** પદવિનાના પૂર્વાર્ધ **'નટ'**પદનું વિવેચન આ શ્લોકમાં છે, તેથી **'આંબાનાં કોમલ પાન'**વગેરે કહ્યું. તેથી કર્ણિકાર ઉપરાંત પલ્લવ પણ ધરેલાં છે એમ જાણવું, અને તે શ્લોકમાં કહેલી વૈજયન્તીમાલા પણ કમલની જાણવી. [2]શ્રીબલદેવજીમાં જે પુરુષોત્તમનો આવેશ છે, તે રસરૂપ છે; તેથી રસના અભિનયમાં સ્કંધ ધરવો, બાહુ ધરવો, વગેરે સ્વામિનીરમણસમયે અભિનયમાટે તેમનો પણ ઉપયોગ છે.

**શંકા**–અહીં તો કેવલરસનું નિરૂપણ કરાય છે, અને **'બર્હાપીડમ્'** શ્લોકમાં કહેલા **'વર'** પદવિનાના **'નટ'** તો એક જ છે, ત્યારે બન્નેને જણાવનાર દ્વિવચનનું શું પ્રયોજન?

**ઉત્તર**–જેમ અવતારમાં ભૂભારહરણ વગેરેમાં ભગવાનનું પ્રિય કરવામાં શ્રીબલદેવજીનો ઉપયોગ છે, તેમ અહીં **રસના અભિનયમાં** પણ ભગવાનનું પ્રિય કરવામાં સાથેસ્થિતિ કરવી, પ્રશંસા કરવી, વગેરેથી આવેશરૂપ શ્રીબલદેવજીનો પણ ઉપયોગ છે, તેથી દ્વિવચન વાપર્યું છે.

[3]**વિવેચન:**–**પ્રવાલ, સ્તબક** અને **માલા,** એ ત્રણ અહીં સ્થાયિભાવ, વ્યભિચારિભાવ અને વિગાઢભાવાત્મક અનુક્રમે ત્રણ ગુણરૂપ છે; અને વસ્ત્રરૂપ **માયા** વેષને માટે ઉપયોગી છે, તેથી **પ્રવાલ** વગેરે ત્રણ ગુણ અને વસ્ત્રરૂપ **માયા** મળીને ચારે પદાર્થ વેષને માટે ઉપયોગી છે. આગળ 'त्रयाणाम्(ત્રણેનો)' પદનો અર્થ સ્થાયિભાવ, વ્યભિચારિભાવ, અને વિગાઢભાવ એમ કર્યો છે. ત્યાં **'વિગાઢભાવ'**નો અર્થ વિશેષરીતે ઉન્માદપર્યન્ત મથિત થયેલો કટાક્ષ વગેરે ભાવ અથવા અનુભાવ થાય છે. અર્થાત્ સ્થાયિભાવ, વ્યભિચારિભાવ અને અનુભાવ, એ ત્રણ ગુણ ક્રમે કરીને **પ્રવાલ, સ્તબક** અને **માલારૂપ** છે; અને **માયા** વસ્ત્ર છે એમ જાણવું. સ્થાયિભાવાત્મક સ્વરૂપ જ અહીં આલંબનવિભાવ છે, તેથી સ્થાયિભાવથી વિભાવ જુદો નથી એમ જાણવું. અર્થાત્ આલંબનવિભાવાત્મક ધર્મિરૂપ સ્વરૂપનું વૈચિત્ર્ય ધર્મરૂપ સ્થાયિભાવથી, વ્યભિચારિભાવથી, અને અનુભાવથી થાય છે. અથવા **આંબાના પ્રવાલ** રજોરૂપ છે; મયૂરપિચ્છનો ગુચ્છ તમોરૂપ છે; **કમલમાલા** સત્વરૂપ છે; એ ત્રણે રસમાં ઉપયોગી છે. કારણ કે **રજોગુણથી** વિવિધ ભાવની ઉત્પત્તિ થાય છે, **તમોગુણથી** તો એક જ સ્થળે ભગવાનના અવયવમાં અધિક પ્રીતિ થવાથી મનનો લય થાય છે; અને **સત્વ** ગુણથી ભગવાનના સર્વ પદાર્થનું રસમાં ઉપયોગીપણાનું જ્ઞાન થાય છે.(કા.૧.)

રસ, રૂપ અને સુગંધની પ્રતિષ્ઠા ત્રણને વિષે નિશ્ચિત છે. ધર્મિરસના આચ્છાદનના બોધ માટે માયાનું પણ અહીં નિરૂપણ કર્યું છે.[૪] (કા. ૨.) વસ્તુનિર્દેશમાત્રથી શ્રોતાઓને કાવ્યની માફક રસ ઉત્પન્ન થાય છે.[૫] રસવાળું ફલ છે, એમ જણાવવાને માટે પ્રથમ પલ્લવ કહ્યાં છે.[૬] (કા.૩.)

---

[૪]આંબામાં મુખ્યતાથી **રસ** પ્રતિષ્ઠિત છે, તેથી આમ્રપલ્લવ સ્થાયિભાવ છે. અહીં 'રસ'પદ **શ્લિષ્ટ** (બેવડા) **અર્થ**માં સમજવું. મયૂરમાં માત્ર **રૂપ** પ્રતિષ્ઠિત છે, અને રસનો વ્યભિચાર છે (રસ નથી); તેથી મયૂરપિચ્છગુચ્છ વ્યભિચારિભાવ છે. કમલમાં **સુગંધ** પ્રતિષ્ઠિત છે, અને કમલની **સુગંધ** લેતાં પ્રાપ્ત થતું ચુંબન રસનું અનુભાવક છે; તેથી કમલની માલા અનુભાવ છે. ધર્મિસ્વરૂપના આચ્છાદનનો બોધ કરવાને **માયા** વસ્ત્રરૂપ છે. વેષમાં વૈચિત્ર્ય ઉત્પન્ન કરનાર તો **રસ, રૂપ** અને **સુગંધ**, એ **ગુણો** જ છે. પરન્તુ સારી રીતે વૈચિત્ર્ય કરવામાં આચ્છાદન-વસ્ત્ર પણ અપેક્ષિત છે, તેથી **માયાનું** પણ નિરૂપણ છે, એમ 'અપિ-પણ' શબ્દનું સ્વારસ્ય છે.

**શંકા-પ્રવાલ** વગેરે ધરવામાં શું પ્રયોજન છે? તેના **ઉત્તરમાં** કહે છે કે આ સ્વરૂપમાં તાદૃશ ભક્તમાત્રથી ભોગ્ય રસ, રૂપ, અને સુગંધનું સૂચન કરવાને માટે **આંબાનાં પલ્લવ, મયૂર-પિચ્છગુચ્છ,** અને **કમલની માલાનું**, અને રસ ગુપ્ત રાખવાને **પીતાંબરનું** ધારણ છે, રસ સૂચવવાને આંબાનાં પલ્લવ ધર્યાં છે; **મયૂરપિચ્છગુચ્છ** સુન્દર છે, તેથી **રૂપના** સૌન્દર્યનું સૂચન કરવાને મયૂરપિચ્છનું ધારણ છે; અને કમલની માલા બહુ સુગંધિદાર છે; તેથી આનન્દમય શ્રીઅંગમાં સહજ સુગંધ છે, એમ સૂચવવાને માલાનું ધારણ છે; અને રસ ગોપ્ય છે, તે સૂચવવાને પીતાંબરનું ધારણ છે. (કા. ૨.)

[૫]**શંકા**-સાક્ષાત્ અનુભવવિના વસ્તુ **બતાવવામાત્રથી** રસનો અનુભવ કયે પ્રકારે થાય? **ઉત્તર**-જેમ કાવ્યના શ્રવણથી શ્રોતાઓને ઉત્પન્ન થાય છે તેમ. અહીં શબ્દથી બધું બતાવ્યું છે, પરન્તુ 'સાકર ગળી છે' એમ કહેવાથી કાંઈ ગળપણનો અનુભવ થતો નથી, તેમ શબ્દમાત્રથી નિર્દેશ કરવામાં રસનો અનુભવ કેવી રીતે થાય? તેનું સમાધાન '**વસ્તુનિર્દેશમાત્રથી** પણ **રસ ઉત્પન્ન થાય છે,**' એમ કારિકામાં કહે છે. તે માટે દૃષ્ટાન્ત **કાવ્ય** છે; 'रसवद् वाक्यं काव्यम्' એવું કાવ્યનું લક્ષણ છે, તેથી કાવ્ય રસવાળું છે; તે કારણથી તેનું શ્રવણ કરવાથી કાવ્યમાં રહેલા રસનો આસ્વાદ શ્રોતા કરી શકે છે. તે પ્રમાણે આ વાક્યમાં 'સર્વત્ર સુધા ગળતી હોય એવા રૂપનું વર્ણન છે' તેથી જ ગોપીજન એક બીજાનાં વાક્યોના શ્રવણથી તેમાં રહેલા રસનો આસ્વાદ કરે છે, એથી '**વસ્તુના નિર્દેશમાત્રથી રસનો આસ્વાદ થાય છે,**' એમ સિદ્ધ થયું.(કા.૨½)

[૬]અથવા, **શંકા:**-અભિનય કરવામાં **આમ્રપલ્લવ** વગેરેથી **રસનું સૂચન** થાય, પરન્તુ ત્યાં રસનો અનુભવ કયે પ્રકારે થઈ શકે? **ઉત્તર-કાવ્ય માફક, 'કાવ્ય'**પદથી વાચ્ય રસવાળા વાક્યના શ્રવણથી શ્રોતાને રસનો અનુભવ થાય છે, તેમ વ્રજસુન્દરીઓને તો તેવા સ્વરૂપવર્ણનના પરસ્પર શ્રવણથી જ તેમાં રહેલા રસનો અનુભવ થાય છે. આમ્રપલ્લવ વગેરેના દર્શનથી સૂચન થતા રસનો પણ અનુભવ થાય છે; તે કારણથી '**રસવાળું ફલ છે,**' તેનો બોધ થવામાટે '**પલ્લવ**' પ્રથમ ગણ્યું. ક્રમથી એ પ્રમાણે ચાર પદાર્થના નિરૂપણમાં હેતુ રસવાળા ફલના બોધમાટે છે, એમ કહ્યું. **રસયુક્ત** ફલ છે, એમ બોધ થવાને પલ્લવનું કથન પ્રથમ કર્યું. ફલના સ્વરૂપનું જ્ઞાન રસવાળા ફલતરીકે પલ્લવના દર્શનથી થાય છે; તેથી પલ્લવ જે પ્રથમ 'ભાવ'ના ઉદયરૂપ છે, તે કલિકાનો હેતુ છે; **તેથી પલ્લવનું કથન પ્રથમ કર્યું.** અથવા, આગળ 'રસવાળા ફલનો બોધ થવામાટે' એટલે સ્વરૂપાનન્દના સારભૂત સુધાના અનુભવનો બોધ થવામાટે પલ્લવનું ધારણ પ્રથમ કહ્યું.(કા.૩)

શાસ્ત્રાર્થના પરિપૂર્ણ જ્ઞાનથી ભાવની કલિકા થાય છે,[૭] પછી તેમાં વિચિત્રતા થાય, તેને અહીં પુષ્પસ્થાનથી કહ્યું છે.[૮] (કા.૪.) રાત્રિદિવસ વાસના થયા કરે તેથી આચ્છાદનનું સ્મરણ કહ્યું છે.[૯] રસનો આવિર્ભાવ થાય તેને માટે આ સર્વનું નિરૂપણ કર્યું, એવી સ્થિતિ છે.[૧૦] (કા.૫.)

---

[૭]રસશાસ્ત્રના '**અર્થ**'ના એટલે ફલના પરિજ્ઞાનથી **ભાવની** કલિકા થાય છે, તેથી પલ્લવ પછી કલિકાના જેવા '**મયૂરપિચ્છગુચ્છ**'નું કથન કર્યું, જે રસના અનુભવને જણાવનાર છે. 'ફલ રસવાળું છે' એમ બોધ થયાપછી આવિર્ભાવ પામેલા **ભાવની** કલિકા તરત જ પુષ્પદ્વારા રસના અનુભવને જણાવનાર થાય છે; તેથી પલ્લવના પછી કલિકાના જેવું **બર્હપિચ્છગુચ્છ**નું કથન કર્યું. અથવા '**શાસ્ત્રનો અર્થ**' એટલે 'સુધાનું ભોગ્યરૂપ પ્રયોજન;' એમ ભાવના કરવા યોગ્ય છે, એવું **જ્ઞાન** પલ્લવના દર્શનથી થાય છે; તેથી '**ભાવની**' એટલે ભગવદ્વિષયક સ્નેહની કલિકા થાય છે. આસક્તિ પછી **ભાવ** થાય છે, કારણ કે **આસક્તિ** પ્રેમ થયા પછી થાય છે, અને તે ઉચિત પણ છે. પ્રમાણ-પ્રકરણની લીલાથી પ્રેમરૂપ ભાવ ઉત્પન્ન થયો; પછી પ્રમેયપ્રકરણની લીલાથી **આસક્તિરૂપ** ભાવનો ઉદય થાય છે. જેમ કલિકામાં **રસ, રૂપ** અને **સુગંધ** વગેરે સર્વ હોય છે, છતાં તે સર્વ અવ્યક્ત હોય છે, તેમ **આસક્તિ**માં ભાવના પરિણામરૂપ કટાક્ષ, સ્મિત અને આલાપ, વગેરે અવ્યક્ત છે; એ કારણથી આસક્તિ **કલિકાના** જેવી છે, અને તેથી આવી આસક્તિનું સૂચન કરવાને '**મયૂરપિચ્છગુચ્છ**' પલ્લવના પછી ધારણ કર્યું, એવું કથન કર્યું.(કા.૩½)

[૮]**પછી** કલિકારૂપ 'ભાવ'નું અને 'ચ'કારથી પ્રાપ્ત થતા 'વેષ'નું પણ **વૈચિત્ર્ય** થાય છે. તેથી તેના (કલિકારૂપ બર્હસ્તબક) પછી '**પુષ્પ**' એ કમળ છે તેનું જે '**સ્થાન**' માલા, તે માલાનું કથન કરે છે; અથવા વ્યસનથી ફલિત થતા એ ભાવનું '**વૈચિત્ર્ય**' આલિઙ્ગન વગેરે કાવ્યરૂપે વિવિધ વિલાસરૂપ થાય છે, તે વ્યસન અહીં **પુષ્પના સ્થાનમાં** છે; કેમકે પુષ્પમાં રસ, રૂપ, અને સુગંધ વ્યક્ત હોય છે, તેમ અહીં પણ વ્યસનમાં તે તે ભાવ સ્ફુટ થાય છે; તે કારણથી એવું વ્યસન સૂચવવાને માટે **કમલના પુષ્પની માલા** ધારણ કરી છે.(કા.૪.)

[૯]વસ્ત્રના અભાવમાં સર્વદા **વાસના** થાય; અનુભવ થાય, ત્યારે તો રસ ગુપ્ત ન રહે તેથી રસપણું જતું રહે; તેથી ત્યાર પછી '**આચ્છાદનનું**' એટલે વસ્ત્રનું **સ્મરણ** કહ્યું છે. પહેલાં પુષ્પ કહ્યું છે, તેથી અહીં ચોથા પદાર્થને નિરૂપણ કરતી વખતે '**વાસના**' પદ મૂક્યું છે; અથવા પુષ્પનો ઉદ્ભવ થાય ત્યારે વાસના પ્રકટ થાય, તેમ **વ્યસન** થવાથી તેનું પરિણામ દર્શન, આશ્લેષ, એકાન્ત ભાષણ, વગેરે હંમેશાં થતાં લોકોને જ્ઞાન થઈ જાય; તેથી તે બધું લોકમાં પ્રકટ થઈ જાય; જેથી રસત્વ ન રહેતાં રસાભાસ જ થઈ જાય; તે માટે આચ્છાદન–વસ્ત્રની જરુર છે; તે કારણથી પ્રકટ વાસનાના આચ્છાદનને સૂચન કરનાર માયારૂપ **પીતાંબર** ધારણ કર્યું છે. અહીં આ તાત્પર્ય છે–દર્શન, આશ્લેષ, વગેરે ગુપ્ત રાખવાને જે ચાતુર્યવિશેષરૂપ કાપટ્યની અપેક્ષા છે, તે અહીં '**માયા**' શબ્દથી કહ્યું છે. તેથી ચાતુર્યરૂપ–કાપટ્યરૂપ–માયારૂપ વસ્ત્રથી જ તે રસ ગુપ્ત રહે છે એમ સમજવું.

[૧૦]એ પ્રકારની પ્રક્રિયાથી રસ નિષ્પન્ન થાય છે, તેથી આ સર્વ પ્રક્રિયા નિરૂપણ કરી, કારણ કે **એવી** '**સ્થિતિ**' એટલે મર્યાદા છે. જો કે આ પ્રકારની પ્રણાલિકાવિના પણ ભગવાન્ રસ ઉત્પન્ન કરવા સમર્થ જ છે, તોપણ રસમર્યાદાની પ્રણાલિકાનું સ્થાપન કરવાને આ **પ્રવાલ** વગેરે ચાર પદાર્થનું નિરૂપણ કર્યું. અથવા, 'એમ નિરૂપણ કરવામાં પલ્લવ વગેરે ધર્મસહિત જ રસનું નિરૂપણ થયું, તેથી આ શ્લોકના આભાસગ્રંથ(ઉત્થાનિકા)માં "**કેવલ રસરૂપ**" એમ જે કહ્યું છે, તેનો વિરોધ પ્રાપ્ત થાય છે'. એ શંકાનો ઉત્તર '**રસની ઉત્પત્તિ માટે**' વગેરે કહીને આપે છે. શ્રીગોપિકામાં **રસસ્વરૂપનો આવિર્ભાવ થાય તેને માટે આ સર્વનું નિરૂપણ કર્યું;** ધર્મસહિત ધર્મીના

રસનો આવિર્ભાવ થતાં રસનો આસ્વાદ થાય; નૃત્ય થાય અને શોભા થાય;[૧૧] તેથી અતિ ગુપ્ત રસરૂપ ભગવાન્ રસત્વને પ્રાપ્ત થાય છે.[૧૨] (કા.૬.)

આવિર્ભાવમાટે કાંઈ આ નિરૂપણ નથી. શંકા—આ બધું કહ્યાવિના જ **રસનો આવિર્ભાવ** કેમ ન કહ્યો ? ઉત્તર—**'એવી મર્યાદા છે,'** એ પદથી કહે છે. 'વિભાવ, અનુભાવ, અને વ્યભિચારિભાવના સંયોગથી **રસની નિષ્પત્તિ થાય છે'** એ ભરતસૂત્ર પ્રમાણે, આ પ્રકારની રસમર્યાદા **રસના આવિર્ભાવમાં** છે; તે કારણથી રસમર્યાદાનું નિરૂપણ કરવાને આ સર્વ કહીને, આ પ્રકારે શ્રીગોપીજનને વિષે **'રસના આવિર્ભાવ'**નો ક્રમ કહ્યો.

[૧૧]ભગવાનના રસરૂપત્વમાં એમ જ ક્રમ છે, તેથી ભગવાનમાં રસના આવિર્ભાવના ક્રમનો પ્રકાર કહે છે કે **રસનો આસ્વાદ થાય,** પછી **નૃત્ય** અને ત્યારપછી **શોભા થાય** છે, તેથી નૃત્ય અને શોભા થયા પછી **ભગવાન્ રસત્વને પ્રાપ્ત થાય** છે. એ પ્રકારે જાગૃત થયલા રસને ગુપ્ત રાખવામાં ન આવે તો રસાભાસ થઈ જાય, તેથી તેનું સૂચન કરનાર પદાર્થનું ક્રમથી નિરૂપણ કર્યું. 'મયૂરપિચ્છગુચ્છ'થી મયૂરના અનુકરણથી રસાવિષ્ટ **નૃત્યનું** સૂચન કર્યું; અથવા એ પ્રમાણે અભિનય કરીને ભગવાને રસાસ્વાદથી **નૃત્ય** કર્યું. 'બર્હાપીડમ્' શ્લોકમાં 'નટ'પદનો અર્થ આ પ્રકારે **'નૃત્ય'** પદથી કહ્યો. **'શોભા થાય'** એ 'વિરેજતુઃ' પદનું વ્યાખ્યાન છે; એ પદમાં કહેલી શોભાનું કથન અહીં કર્યું છે. ગુપ્ત રસ જ **રસ** કહેવાય છે, કારણ કે રસશાસ્ત્ર જ તેમ કહે છે. આ પ્રકારે 'રસો વૈ સઃ-નિશ્ચયે રસરૂપ તે છે,' એ શ્રુતિમાં કહેલી રસરૂપતાનું સમર્થન કરીને 'બર્હાપીડમ્'શ્લોકમાં કહેલા **'નટવર'** પદથી દર્શાવેલા **'નૃત્ય'**નું અને આ શ્લોકના 'વિરેજતુઃ' પદથી કહેલી **'શોભા'**નું અહીં કથન કર્યું. (કા. ૬.)

### રસનિષ્પત્તિપ્રકાર—

[૧૨]'કેવલરસનિરૂપણમાં પલ્લવ વગેરેનો શો ઉપયોગ ?' એ શંકા થાય તો તે દૂર કરવાને 'ગુણા માયા' વગેરે કારિકાથી પલ્લવ વગેરેના નિરૂપણનું પ્રયોજન કહે છે. અહીં આ પ્રકાર જાણવાયોગ્ય છે—'નાટ્ય ' શબ્દનો મુખ્ય અર્થ **'રસ'** છે, અને લક્ષણાવૃત્તિથી ચારપ્રકારે અભિનયસહિત રસના પ્રાકટ્યનું કારણ પણ **નાટ્ય** છે; તેથી **'નાટ્ય'** પદને નૃત્યના અર્થમાં વિદ્વાનો વાપરે છે, એવું સંગીતરત્નાકરના સાતમા અધ્યાયના ૧૭મા અને ૧૮મા શ્લોકમાં 'નાટ્ય' શબ્દના અર્થનું કથન છે. **નાટ્યનો** મુખ્ય અર્થ **રસ** છે, તેમાં તો નૃત્યના ભેદનો સંભવ નહિ હોવાથી મુખ્ય અર્થનો બાધ **થાય** તેથી રસસંબંધી આંગિક વગેરે ચાર પ્રકારના અભિનયસહિત **નૃત્ય,** એવો લક્ષણાથી અર્થ છે; તેથી લક્ષ્યાર્થ નૃત્યમાં **'નાટ્ય'** શબ્દ લાક્ષણિક છે, એમ સંગીતરત્નાકરની કલાનિધિટીકાનું સ્વારસ્ય છે; તેથી ભરતનાટ્યશાસ્ત્રમાં પણ **'નાટ્ય'** શબ્દનો એ જ અર્થ જણાય છે. અહીં **'નાટ્ય'** શબ્દનો **યોગશક્તિથી** એટલે તેના અવયવ પાડીને અર્થ કરવાથી **'રસ'** અર્થ થાય છે; કારણ કે 'નટનને યોગ્ય તે **નાટ્ય,'** એમ 'નટ્' ધાતુને 'ય' પ્રત્યય લગાડવાથી 'નાટ્ય' પદ સિદ્ધ થાય છે, અને તેમાં 'રૂઢિ' એટલે સમુદાયશક્તિ પણ છે જ, તેથી રૂઢિથી પણ 'નાટ્ય' શબ્દનો અર્થ 'રસ' થાય છે. જેમ **'પઙ્કજ'** એટલે **'કમલ'** અર્થમાં 'પઙ્કજ' પદ યોગરૂઢ છે, તેમ 'નાટ્ય' પદ પણ યોગરૂઢ છે. અર્થાત્, જૈમિનીયસ્મૃતિમાં કહ્યું છે કે 'એક જ અર્થ એક શબ્દનો હોય' એ નિયમ પ્રમાણે **'નાટ્ય'** પદનો અર્થ 'નૃત્યથી પ્રકટ થતો અને દૃશ્ય થતો વિશિષ્ટ **રસ,'** એવો અર્થ થાય છે. હવે **નર્તનમાં** પણ યોગનો વિચાર કરીએ તો **નટનો** ભાવ,અથવા **નટનું** કર્મ તે **નાટ્ય.** તેમાં પણ 'ષ્યગ્'નું વિધાન **'ભાવ'માં** અને **'કર્મ'માં** હોવાથી યોગસામ્ય જો કે પ્રાપ્ત થાય છે, તોપણ રસની સત્તાવિના તેવા પ્રકારે પ્રયોગ જ અશક્ય છે; તેથી ભાવમાં જ અહીં 'ષ્યગ્'નું મુખ્ય વિધાન છે; તેથી **'નર્તન્ય—નટન'** અર્થમાં **'નાટ્ય'**

શબ્દ લક્ષણાથી જ છે. એમ બન્ને પ્રકારે 'નાટ્ય' શબ્દનો વિચાર કરતાં 'નાટ્ય' પદનો અર્થ '**નૃત્યથી પ્રકટ થતો રસ**' એમ સિદ્ધ થઈ રહે છે. વળી પાંત્રીશમા 'नटकथित' વગેરે શ્લોકમાં અને ૨૮મા અને ૨૯મા 'आङ्गिकाभिनयैः' વગેરે શ્લોકમાં **નર્તનના** ત્રણ ભેદ પણ કહ્યા છે. નટે કરેલો જે અભિનય તે નટે કરેલા વાક્યાર્થનો અને પદાર્થનો આત્મા જ્યાં હોય તે **નાટ્ય.** આંગિક અભિનયથી જે નર્તન ભાવ પ્રકટ કરે તે **નૃત્ય,** તેને નૃત્ય જાણનારાઓ 'માર્ગ' કહે છે. આંગિક વગેરે ચાર પ્રકારના અભિનય જેમાં ન હોય પરન્તુ આંગિક અભિનયમાં અંગ, પ્રત્યંગ અને ઉપાંગનો જે પ્રકાર કહેલો છે તે પ્રકારથી ગાત્રવિક્ષેપ જ હોય તે **નૃત્ય,** એમ નૃત્ય જાણનારા કહે છે. તેમ જ ૧૮મા શ્લોકના છેવટે 'स त्वत्राभिनयो भवेत्' એમ શરુ કરીને 'काव्याद्यर्थ विभावादि' ૧૯મા શ્લોકમાં અભિનયને લક્ષીને 'आङ्गिको वाचिकस्तद्वत्' વગેરે અઢી કારિકાથી અભિનયના ચાર પદનું કથન ત્યાં કર્યું છે. એ પ્રકારે, ચાર પ્રકારના અભિનયમાં જે વેષરૂપ 'આહાર્ય' અભિનય છે તેને માટે **રસ,** રૂપ અને **સુગંધ** એ **ત્રણ ગુણ** અને **વસ્ત્રને** સ્થાને કનકકપિશ **માલા** ઉપયોગી છે. આ પ્રમાણે **આહાર્ય** અભિનય આ શ્લોકમાં નિરૂપણ કરવાનો હોવાથી પલ્લવ વગેરે **વસ્ત્રસુધીના ચાર પદાર્થનું નિરૂપણ કર્યું;** કારણ કે એ પ્રકારે અભિનયના પ્રયોગથી **રસ** પ્રકટ થાય છે, અને **વિભાવ** વગેરેથી નિષ્પન્ન થતો સ્થાયિભાવરૂપ **અમૂર્ત રસ** તો આલંબનવિભાવવિના પ્રકટ થવાને યોગ્ય નથી; એમ હોવાથી તેમાં ધર્મનો આવિર્ભાવ થાય, ત્યારે જ કૈવલ્યને છોડીને **રસ** નાટ્યરૂપતાનો પણ ત્યાગ કરે, તેથી બન્ને સુન્દર રીતે ઘટી શકે તેને માટે **નટવેષાત્મક આહાર્ય** નામના અભિનયથી આલંબનનું આરોપણ થાય, ત્યારે આહાર્યસિવાયના આંગિક વગેરે ત્રણ અભિનયથી સમાજમાં **રસનું જ્ઞાન નિષ્પન્ન થાય** છે; પરન્તુ જ્યાં આલંબનવિભાવ જ **નટ** છે, ત્યાં પણ **નાટ્યદશામાં** મુખ્ય રસના ધર્મ પ્રકટ ન થાય, તો આલંબન નહિ જેવું જ છે; તેમ નહિ જાણનારને તો તે પ્રત્યારોપિત પણ છે. આ પ્રકારે ચાલતા પ્રસંગમાં **બ્રહ્માત્મક રસ** પૂર્વે કહેલી રીતિએ પોતામાં જ પ્રતિષ્ઠાવાળો અને પોતામાં આલંબનવાળો થાય, તેમાં જો કે કાંઈ પણ વિરોધ નથી; તોપણ જેમ કોઈક વાર રસને નહિ જેવો કરીને આલંબનત્વ પ્રકટ થાય છે તેમ અહીં **આલંબનને** નહિ જેવું કરીને નટત્વ પ્રકટ કરીને 'रसो वै सः' (નિશ્ચયે તે રસરૂપ છે)એ શ્રુતિમાં કહેલા સ્વરૂપાત્મક **રસને** સંગીતશાસ્ત્રમાં કહેલી પ્રણાલિકાથી પ્રકટ કરે છે; તેથી તેમાં ગુણ વગેરેનો ઉપયોગ છે, અને તેથી અહીં આ **પલ્લવ** વગેરે ચાર અર્થ (પદાર્થ) કહ્યા. 'જો એમ છે તો ગુણ જ નિરૂપણને યોગ્ય છે; **ગુણી** તો નિરૂપણને યોગ્ય નથી.' એમ શંકા થાય તો તેને '**રસ**' વગેરે કારિકાથી દૂર કરે છે કે '**ધર્મી–રસ ગુપ્ત** છે, તે જણાવવાને **માયાનું** પણ નિરૂપણ કર્યું છે. અર્થાત્ **રસ,** રૂપ અને **સુગંધની** પ્રતિષ્ઠા **પલ્લવમાં, મયૂરપિચ્છમાં,** અને **કમલમાં** નિશ્ચિત છે, તેથી તેમનું નિરૂપણ કર્યું. **ગુણીનું** નિરૂપણ ન કરતાં કેવલ ગુણનું જ નિરૂપણ થાય, ત્યારે તો 'તે ગુણ આગંતુક હશે' એવો સંશય રહી જાય, તે ન રહે માટે પલ્લવ વગેરેથી **ગુણીનું** પણ નિરૂપણ કર્યું, અને '**ધર્મી રસ** ગુપ્ત છે' તે જણાવવાને પીતાંબરરૂપ માયાનું પણ નિરૂપણ કર્યું.

**શંકા**–રસની પ્રતિષ્ઠા તો આંબાના ફલમાં છે; પલ્લવમાં કાંઈ નથી, તેથી પલ્લવનો ઉપયોગ અહીં નથી; જો કે તેનો ઉપયોગ કોઈ રીતે સિદ્ધ પણ થાય તોપણ પલ્લવ વગેરે પણ હસ્તથી જ અભિનયને યોગ્ય છે; વેષમાં સ્થાપવા યોગ્ય નથી, અને હસ્તના અભિનયથી જ સૂચિત થતા કર્ણના શૃંગારમાં પણ આમ્રપલ્લવ મૂકવાની આવશ્યકતા રહેતી નથી.

**ઉત્તર**:–'**વસ્તુનિર્દેશમાત્ર**' વગેરે કારિકાથી કહે છે કે નાટ્યમાં આસ્વાદ આવવો તે કાંઈ રસનાઇન્દ્રિય એટલે જીહ્વાથી આવતો નથી; પરન્તુ **કાવ્યથી શબ્દદ્વારા જેમ નાટ્યમાં રસનો**

**આસ્વાદ થાય તેમ** અહીં હસ્ત વગેરેથી પલ્લવ વગેરે વસ્તુનો નેત્રદ્વારા મનથી આસ્વાદ થાય; પરન્તુ તે વસ્તુનો બોધ થાય નહિ, તેથી પલ્લવ વગેરેમાં પણ રસવાળા ફલના બોધને માટે **પલ્લવ પ્રથમ માન્યો.** અર્થાત્ આંબાના પલ્લવથી રસવાળું ફલ ભવિષ્યમાં થવાનું છે, એમ માલાદ્વારા બોધ થાય છે, તેથી માનસિક આસ્વાદ સિદ્ધ થાય છે. તેથી જ રસની સ્થિતિ ત્યાં પણ દુર્ઘટ (અયોગ્ય) નથી, અને તેથી પલ્લવ ઉચિત જ છે. હસ્તના અભિનયથી કહેલી રીતે પલ્લવનો માનસિક બોધ જો કે થાય તોપણ તે બધાનું પરિણામ રસવાળા ફલમાં આવતું નથી, તેથી '**રસવાળું ફલ ધર્મી છે**' એ પરિણામ જણાવવાને માટે **પલ્લવ** વગેરે પણ પ્રભુએ ધારણ કર્યાં છે. કારણ કે અભિનય વગેરેથી ભગવાન્ જ્યાં સ્વરૂપાત્મક **રસ** સ્થાપે છે, ત્યાંથી તે કદાપિ જતો રહેતો નથી; પરન્તુ બીજ હોવાથી ફલનું દાન કરે જ છે, એવી વસ્તુસ્થિતિ છે. અર્થાત્ "નાટ્યની પ્રણાલીથી જે ભાવવાન્ ભક્તોને **રસ** પ્રાપ્ત થયો છે, તેમને ફલની પ્રાપ્તિ અવશ્ય થશે" એમ જણાવવાને **પલ્લવનું સ્થાપન પ્રથમ** જ **કહ્યું.**

શંકાઃ– રસશાસ્ત્રમાં તો ઇષ્ટિનાં દર્શન વગેરેથી ઉત્પન્ન થતો આનન્દરૂપ તે રમ્યસ્થાયિભાવ તે તે રસને અનુકૂલ દેશ, કાલ, કલા, વેષ અને ભોગ, વગેરેનું સેવન કરવાથી જે રસ પ્રાપ્ત થાય છે, તે **રસ** મનનો જ વિકાર છે; અને તે આંતર મનોવિકાર પણ અનેકરૂપ છે, તેથી તે અનિત્ય છે, અને ભગવાન્ તો મનોવિકાર અનેકરૂપ અનિત્ય નથી; વળી ગયા શ્લોકમાં '**વરત્વ**' સિદ્ધ કર્યું અને અહીં '**નટ**'ના દૃષ્ટાન્તથી અભિનયનું ઉપપાદન કર્યું; અને કારિકામાં '**નટ**'ના દૃષ્ટાન્તમાં જ અભિનયકર્તાનું ઉપપાદન કર્યું; એમ હોવાથી આલંબનત્વ અને અભિનેતૃત્વ સ્પષ્ટ છે; પરન્તુ સર્વરસત્વ સ્પષ્ટ નથી. 'ત્યારે આ શ્લોકમાં કેવલ **રસ** છે, એવી પ્રતિજ્ઞા કયે પ્રકારે પૂર્ણ થાય?' એમ શંકા થાય તો તેનો ઉત્તર 'शास्त्रार्थ' વગેરે કારિકાથી કહે છે. અહીં આ અર્થ છે–'असद् वा इदमग्रासित्' વગેરે શ્રુતિમાં કહેલું બ્રહ્મ જ '**રસ**' છે, એવો ઉપદેશ 'रसो वै सः (નિશ્ચય તે રસ છે)'એ શ્રુતિ કરે છે. રસ શબ્દના ઘણા અર્થ છે–(૧.) રસના એટલે જીભથી ગ્રાહ્ય ગુણ; (૨.) દ્રવીભૂત પદાર્થ; (૩.) સારભૂત અર્થ; (૪.) આસ્વાદ્ય–આનન્દને ઉત્પન્ન કરે તે. 'આમાંથી ચાલતા પ્રસંગમાં કયો અર્થ લેવો,' એવી શંકા થાય તો 'रसं ह्येवायं लब्ध्वानन्दी भवति'થી આરંભીને 'एष ह्येवानन्दयाति'સુધી શ્રુતિ તે જ રસનું આનન્દપણું, પ્રાણધારણ કરવામાં પ્રયોજનપણું, હૃદયાકાશમાં રહેવાપણું, અને આનન્દ ઉત્પન્ન કરવાપણું કહે છે, તેથી પ્રાણીઓના હૃદયમાં રહેલો આનન્દજનક જે '**આનન્દ**' છે, તે જ '**રસ**' છે, એમ સિદ્ધ થાય છે; તેથી જો કે આનન્દની ઉત્પત્તિરૂપ કાર્ય જુદા જુદા અવયવમાં અનુભવાય છે; તેથી આનન્દ સર્વ શરીરમાં વ્યાપીને રહે છે, તોપણ ઉપર કહેલી શ્રુતિથી અને 'स मानसीन आत्मा जनानाम्' એ બીજી શ્રુતિથી તે રસની ખાસ સ્થિતિ તો મનમાં જ છે, એ નક્કી હોવાથી રસશાસ્ત્રની પ્રણાલીથી ઉત્પન્ન થતો આનન્દના આત્મારૂપ માનસવિકાર, તે રસના આત્મા ભગવાન્‌નું જ કાર્ય છે; કારણ કે 'એ જ આનન્દ આપે છે' તે શ્રુતિમાં 'एव' પદથી એ પ્રમાણે કહ્યું છે, અને માનસવિકાર આનન્દ પણ તેનો અંશ છે; કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે "એ જ આનન્દની માત્રાથી બીજા સર્વ જીવે છે." તેથી જ તે રસમાં લોકોને રસની પ્રતીતિ થાય છે, અને બ્રહ્મા વગેરેને વિષે 'પુરુષ' પદનો પ્રયોગ ગૌણ છે, તેમ માનસવિકારમાં રસનો પ્રયોગ ગૌણ છે. એમ હોવાથી '**આનન્દમાત્ર જ રસ** છે, તો પ્રણાલીમાં વિશેષ ક્યાંથી?' એવી શંકા પણ ન કરવી; કારણ કે રસનું સ્વરૂપ જ એવું છે. આમાં પ્રમાણ પણ છે; કેમકે પ્રણાલીથી **લૌકિક રસ** સિદ્ધ થતાં તે જ દૃષ્ટાન્તથી **અલૌકિક રસ**માં પણ તે જ પ્રકારનું અનુમાન થઈ શકે છે; અને તેથી જ કારણના ધર્મનું જ પ્રાકટ્ય કાર્યમાં થાય છે; આથી પૂર્વોક્ત સંદેહનો પણ નિરાસ થાય છે.

'રસ અનિત્ય થઈ જશે' એમ પણ શંકા કરવી નહિ, કારણ કે **રસ બ્રહ્મ** છે, તેથી અનિત્ય થાય જ નહિ; **રસ બ્રહ્મ** હોવાથી મનોવિકાર પણ નથી. **રસમાં** અનેકરૂપત્વ પણ કાંઈ દોષ **નથી**, કારણ કે તે પ્રણાલીથી થયલું છે, અને 'અનન્તરૂપ' શ્રુતિથી **રસરૂપ બ્રહ્મ** અનન્ત થાય, તે યોગ્ય જ છે. આથી એમ સિદ્ધ થયું કે પરબ્રહ્મ, રસશાસ્ત્રમાં કહેલી પ્રણાલીથી હૃદયમાં પ્રકટ થતો **'રસ'**જ છે; અને ત્યાં ચિત્ત અંશ નહિ જેવો છે, તે જ કારણથી 'कृषिर्भूवाचकः' એ શ્રુતિમાં ચિદંશને દૂર કરીને **સદાનન્દત્વ** જ કહ્યું. 'भू' શબ્દ સત્તાવાચક છે, તેથી 'कृष्ण' પદનો અર્થ સત્તાનન્દ થાય; **સદાનન્દ** ન થાય, એવી શંકા પણ ન કરવી. કેમકે 'સત્તા આત્મરૂપ છે; ધર્મ નથી,' એમ વ્યાકરણના નિયમથી સિદ્ધ છે. તેથી 'कृषिर्भूवाचकः' શ્રુતિમાં **ધર્મરૂપ** સત્તાનન્દ નહિ; પણ **ધર્મી સદાનન્દ** કૃષ્ણ જ સિદ્ધ છે, અને તેથી ધર્મિ પરબ્રહ્મ સદાનન્દ હોવાથી રસની પ્રણાલીથી પ્રકટ થતું **પરબ્રહ્મ** પણ રસસ્વરૂપ ધર્મી **સદાનન્દ** જ છે.

શંકાઃ–ઉપરની શ્રુતિમાં તો **'બ્રહ્મ'**નું **રસત્વ** કહ્યું; **'રસ'**નું **બ્રહ્મત્વ** કહ્યું નહિ; અને તેમ હોવાથી બહાર પ્રકટ થયલા ભગવાનમાં **રસત્વના** અભાવથી પ્રતિજ્ઞાની પૂર્તિ કેવી રીતે થાય ?

ઉત્તર–જ્યાં આ સ્વરૂપનું વર્ણન થાય છે, ત્યાં ભગવાન્ બહાર પ્રકટ નથી; પરન્તુ હૃદયમાં જ પ્રકટ છે, એમ 'બર્હાપીડમ્' શ્લોકના સ્વતંત્ર લેખમાં પ્રતિપાદન કર્યું છે, અને જ્યારે બહાર પ્રકટ થાય ત્યારે પણ આસક્તિભ્રમન્યાયથી 'रसो वै सः' ભગવાન્ 'માનસીન' તો છે જ; તેથી 'આ શ્લોકમાં કેવલ **રસનું** પ્રતિપાદન છે,' એ પ્રતિજ્ઞાની પૂર્તિ થઈ રહે છે. એમ છતાં 'મનની વૃત્તિરૂપ હોવાથી તે ભગવાન્ જ નથી,' એમ પણ શંકા ન કરવી. લોકમાં જે વસ્તુ અન્તઃકરણની વૃત્તિથી ગ્રહણ કરવામાં આવે છે, તે દેશ અને કાલથી પરિચ્છિન્ન (હદવાળી) હોવાથી, અમુક સ્થલમાં તે પદાર્થ નહિ હોવાથી સંસ્કારની પ્રબલતાએ કરીને જેમ ખ્યાતિ સ્વીકારવામાં આવે છે તેમ અહીં નથી. કારણ કે અહીં ગ્રાહ્ય પદાર્થ દેશકાલથી પરિચ્છિન્ન નથી; પરન્તુ અનન્ય ભક્તિથી તે પ્રાપ્ત થાય છે, તેથી **જેવી ભક્તિ હોય છે, તેવે પ્રકારે ત્યાં પરબ્રહ્મ પ્રકટ થાય છે.** તે ભક્તિ મનનો ધર્મ છે, તેથી મનના ધર્મરૂપ ભક્તિવડે બહાર પ્રકટ થતા ભગવાન્ **'માનસીન** (માનસી મૂર્તિ)'તો છે જ, અને તેથી માયાવાદી મતમાં જેમ વૃત્તિનું ચૈતન્ય અને વિષયનું ચૈતન્ય એક નહિ હોવાથી બહાર રહેલી વસ્તુ વૃત્તિરૂપ હોય છે, તોપણ ત્યાં વૃત્તિનો અભાવ જ સ્વીકાર્યો છે, તેમ અહીં પણ ભગવાન્ માત્ર વૃત્તિરૂપ નથી.

શંકાઃ–ભલે એમ હોય, તોપણ ચાલતા પ્રસંગમાં શૃંગારાત્મક જ વકતવ્ય છે; અને શૃંગારની સ્થિતિ તો પરસ્પર આકાંક્ષાવાલાં સ્ત્રી અને પુરુષરૂપી બે આલંબનને અધીન છે, તેથી અહીં પણ તેવું અધીનપણું અંગીકાર કરવાનું છે; પરન્તુ ભગવાનના રસત્વમાં તો તેનો વિરોધ પ્રાપ્ત થાય છે; કેમકે એક જ આલંબન હોવાથી રસાભાસનો સંભવ છે.

**ઉત્તર**–અહીં આલંબન પણ છે. 'कामिनां दर्शयन् दैन्यम्' એ શ્લોકના શ્રીટિપ્પણીજીમાં રસાત્મક અને રસવાન્ પણ ભગવાન્ છે, એમ મુક્ત કંઠે કહ્યું છે. વળી વિરોધ પણ નથી, કેમકે 'સ્વપ્રતિષ્ઠત્વ' (પોતામાં જ સ્થિતિ કરવાપણું) વેદમાં કહેલું હોવાથી સર્વને સંમત છે જ. જેમ કામથી અન્ય પુરુષ કામવાળો થાય છે, પણ કામ તો પોતે જ કામવાળો છે, તેમ બીજાનું રસત્વ રસે કરીને છે; પરન્તુ રસનું તો **રસત્વ** એની મેળે જ છે. માટે અહીં વિરોધનો દોષ આવતો નથી. તેથી **બહાર પ્રકટ થયલા ભગવાનના રસત્વને બાધ આવતો નથી,** અને તેથી આ પ્રકારના શાસ્ત્રાર્થના પરિજ્ઞાનથી વેદના અર્થના વિચારપૂર્વક નિશ્ચયથી વિચારવાનમાં ભાવની સ્થાયિભાવરૂપ કલિકા ઉત્પન્ન થાય છે; અનુગ્રહરૂપ બીજ, અંકુર, વગેરે તો પૂર્વે જ સિદ્ધ છે; પછી તે સ્થાયિભાવ, વ્યભિચારિભાવ

**સુબોધિનીજી:**-સર્વ રસના અભિનિવેશને માટે 'વિચિત્ર વેષવાળા'એ પદ વાપર્યું છે.[1] ત્રણના અન્યોન્યમાં મુખ્ય અને ગૌણ ભાવથી નવ રસની નિષ્પત્તિ થાય છે.[2] એ પ્રમાણે રસરૂપ ભગવાનનું નિરૂપણ કરીને સમાજને વિષે તે રસને પોષક વાદ્યો અને ગીતોનું નિરૂપણ કરે છે, તે '**મધ્યમાં બહુ સારી રીતે શોભતા હતા**' એ પદથી કહે છે, **પશુપાલોની ગોષ્ઠી કાંઈ** બહુ ગૂઢ હોતી નથી, તેથી રસનું સુલભપણું છે, એમ નિરૂપણ કર્યું. ગીત અને વાદ્ય એ બેની **મધ્યમાં**, ત્રણેની સમાનતા તે જ સર્વોત્તમ છે.[3] નૃત્યની વિશેષતા કોઈક જ વાર હોય છે, તેથી વાદ્ય જ કહ્યું. 'કોઈક વાર આમ થતું હશે' એ શંકાનો નિષેધ કરવાને 'અલમ્ (**બહુ**

વગેરેથી જે વૈચિત્ર્ય થાય, તે પુષ્પસ્થાન '**વિચિત્રવેષવાળા**' પદથી અહીં કહ્યું છે. અર્થાત્ કલિકારૂપ થયાપછી તે સ્થાયિભાવમાં વ્યભિચારિભાવથી જે વિચિત્રપણું થાય છે, તે પુષ્પસ્થાને છે, તે અહીં 'વિચિત્રવેષવાળા' પદથી કહ્યું છે. પુષ્પભાવ પછી રાત્રિદિવસ જુદા જુદા ભાવની વાસના થાય અને રસ પ્રકટ થાય, તો રસત્વની હાનિ થાય; તેથી આચ્છાદન કહ્યું છે. નહિ તો તેનું પ્રયોજન ન હોવાથી વિવરણમાં પરિકરરૂપ શૃંગાર વગેરેનું સ્મરણ કરત નહિ. આ સર્વ અર્થનો સંગ્રહ કરીને સાધકને **રસોત્પત્તિને** માટે શિક્ષા આપવાને '**મધ્યમાં વિરાજ્યા**' એમ કહ્યું. શ્લોકના ઉત્તરાર્ધમાં એટલું નિરૂપણ કર્યું, કારણ કે **તેવી મર્યાદા છે.** સિદ્ધ દશામાં ફલના અનુભવનો પ્રકાર ઉત્તરાર્ધમાં 'મધ્યમાં વિરાજ્યા' એ પદથી ઉપદેશે છે. અર્થાત્, તે સમયે '**માનસીન**' એટલે મનમાં રહેલા પ્રભુ બહાર પ્રકટ થતાં પોતાના ધર્મો પ્રકટ કરે છે; ઉપર કહેલી પ્રણાલીએ **રસ** અંદર પ્રકટ થાય છે. બહાર પ્રકટ થયલો રસ તો ધર્મસહિત હોવાથી અને ઉદ્બોધકત્વથી તેનું સાધન હોવાથી સ્થાનભેદથી અંદર અને બહાર બન્ને સ્થળે પ્રકટ છે, એ અવિરુદ્ધ છે.

[1]**વિવેચન:**-'આવાં વસ્ત્રોથી જેમણે વેષ ધરેલો છે,' એમ કહેવાથી જ વિચિત્રતા પ્રાપ્ત થાય છે, તોપણ 'વિચિત્ર' પદ સ્પષ્ટ કહ્યું; તેનું તાત્પર્ય કહે છે કે **સર્વ રસના અભિનિવેશમાટે** 'विचित्रवेषौ' પદ કહ્યું છે. [2]**શંકા**-ત્યારે તો નવેય રસની નિષ્પત્તિનાં સાધન નવ કહેવાં જોઈએ? **ઉત્તર-ત્રણે રસના અન્યોન્ય મુખ્ય અને ગૌણ ભાવથી નવ રસની નિષ્પત્તિ થાય છે.** હાસ્ય મુખ્ય હોય અને રતિ ગૌણ હોય તો **હાસ્યરસ** નિષ્પન્ન થાય છે; હાસ્ય ગૌણ હોય અને રતિ મુખ્ય હોય તો **શૃંગારરસ** નિષ્પન્ન થાય છે, એમ પરસ્પર સ્થાયિભાવ, વ્યભિચારિભાવ, અને વિગાઢભાવના મુખ્ય અને ગૌણ ભાવથી નવે રસ નિષ્પન્ન થઈ રહે છે. [3]શોભા તો ધર્મિમાં રહેલી છે, તેથી તેવી શોભાવાળા ધર્મિરસનું નિરૂપણ અહીં વાક્યાર્થ છે. રસને પોષક તો **ગીત અને વાદ્ય** છે, એ આશયથી આ પ્રકારે ઉત્તરાર્ધનો આભાસ કહ્યો. આ પ્રમાણે **રસરૂપ ભગવાનનું** નિરૂપણ કરીને સમાજમાં તે રસને પોષક ગીત અને વાદ્યવિશેષને 'मध्ये विरेजतुः' વગેરે પદથી નિરૂપણ કરે છે, આ પદનો આશય આ પ્રકારે છે-ગોવાળોની ગોષ્ઠી કાંઈ બહુ ગૂઢ હોતી નથી, તેથી ત્યાં રસ સુલભ છે એમ કહ્યું. ગોપિકાઓની ગોષ્ઠીમાં પ્રભુ સ્થિતિ કરે તો ત્યાં જ રસ સુલભ હોવાથી અમારા હૃદયમાં આવે નહિ, એવો અહીં ભાવ છે. 'मध्ये' પદ શા માટે મૂક્યું? એ જણાવવાને 'गीतवाद्ययोः' પદ કહ્યું છે. અર્થાત્ ગીત અને વાદ્યની વચમાં તે(ગીત અને વાદ્યના) સમયે. નટના દૃષ્ટાન્તથી વાદ્યનું કથન અને નૃત્યનું પણ સૂચન થયું. 'गायमानौ' પદથી ગાનનું કથન અને નૃત્યનું પણ સૂચન થયું, તેથી '**નટવરૌ**' અને '**ગાયમાનૌ**' એ બે પદથી નૃત્ય, ગીત અને વાદ્ય, એમ ત્રણ પદાર્થનું કથન થયું. તેથી કહે છે કે જેવું ચતુર ગાન થાય તેવું જ નિપુણ વાદ્ય વાગે અને તેવું જ નૃત્ય પણ થાય. એમ નિપુણતામાં **ગાન, વાદ્ય અને નૃત્ય સમાન હોય તે જ ઉત્તમ છે;** તેમનું ઓછાવત્તાપણું ઉત્તમ નથી; તેથી અહીં મૂલમાં કહેલા '**શોભા**' પદનો અર્થ સમાનતા અથવા

સારી રીતે)' એમ કહ્યું.[૪] અહીં 'શાસ્ત્ર નિયામક નહિ હોય' એવી શંકા થાય તેને માટે દૃષ્ટાન્ત આપે છે કે **રંગમંડપમાં બે ઉત્તમ નટો શોભે તેમ. 'રંગમંડપ'** એટલે શાસ્ત્રના આધારવાળું સ્થાન. રંગમંડપમાં જેમ નટ શાસ્ત્રાર્થને અનુસાર નાટ્ય કરે છે તેમ આ બન્ને પણ શાસ્ત્રને અનુસરી અલૌકિક નાટ્ય કરે છે, તે જણાવવામાટે 'વર' પદ પણ મૂક્યું છે.[૫] એ પ્રમાણે રાજસભાવનું નૃત્ય કહીને સાત્ત્વિકભાવનું નૃત્ય **'કોઈક વાર ગાન કરતા'** એ પદોથી કહે છે. અમુક સ્થાનમાં હસ્તના અભિનયમાત્રથી શ્રમરહિત ગાન બન્ને કરે છે. આ વાત પણ લોકપ્રસિદ્ધ છે.[૬] (૮)

**સુબોધિનીજી:**–એ પ્રમાણે રસનું નિરૂપણ કરીને 'रन्ध्रान् वेणोरधरसुधया पूरयन्'ના વિમર્શથી તે રસનું આધિદૈવિકરૂપ સંપાદન કરનાર વેણુનાદનું નિરૂપણ 'गोप्यः' એ શ્લોકથી કરે છે.[૧]

**गोप्यः किमाचरदयं कुशलं स्म वेणुर्दामोदराधरसुधामपि गोपिकानाम् ।**
**भुङ्क्ते स्वयं यदवशिष्टरसं ह्रदिन्यो हृष्यत्त्वचोऽश्रु मुमुचुस्तरवो यथार्याः ॥९॥**

**હે ગોપીજન! આ વેણુએ એવું તે શું ચતુર અથવા પુણ્યરૂપ કાર્ય કર્યું? ગોપિકાની માલિકીની દામોદરની અધરસુધાનો પણ ભોગ પોતે પ્રસિદ્ધપણે કરે છે, કારણ કે ઝરણાઓ અને વૃક્ષો તેના ભોગથી બાકી રહેલા રસનો ભોગ કરે છે, અને આર્યજનોની માફક તેઓ રોમાંચયુક્ત થાય છે, અને હર્ષનાં અશ્રુ પણ તેમને આવે છે.૯**

**સુબોધિનીજી:**–**'હે ગોપીજન!'** એ સંબોધન પૂર્વે કહેલા 'કામરસ' એટલે શ્રુતિને

---

સરખાપણું કર્યો. [૪]શંકા–**'નટવર'** પદનો વાચ્યાર્થ 'નૃત્ય' અને સૂચિત અર્થ 'વાદ્ય' એમ કેમ નહિ? ઉત્તર–નૃત્ય તો ક્વચિત્–કોઈક વાર થાય છે; ગીત અને વાદ્ય તો બહુ વાર થાય છે; નૃત્ય તો રસના ઉદ્રેકમાં જ થાય છે, તેથી **'નટવર'** પદનો વાચ્યાર્થ 'વાદ્ય' છે એમ કહ્યું; અથવા **'ગોષ્ઠીમાં એઓ શોભે છે'** એમ કહ્યું; અને કોઈક વખત શોભતા હશે એમ નથી, તે જણાવવાને 'અલમ્ એટલે 'પુષ્કળ' પદ મૂક્યું. [૫]અહીં **'નટવરૌ'** પદમાં 'વર' પદથી ધર્મસહિત રસનું નિરૂપણ હશે, એવી શંકા કરીને તે દૂર કરવાને કહે છે કે **'વર'** પદ અહીં અલૌકિક નાટ્યને માટે છે. [૬]બર્હસ્તબક (મયૂરપિચ્છગુચ્છ) ધારણથી તામસભાવનું નૃત્ય સૂચિત થાય છે, કારણ કે તે તેવે સમયે થાય છે; **'નટવર'** પદથી સૂચિત રાજસભાવનું નૃત્ય છે, અને ગાનથી સૂચિત સાત્ત્વિકભાવનું નૃત્ય છે. નૃત્યના સાત્ત્વિક ભાવનો હેતુ **'શ્રમરહિત'** પદથી કહ્યો. બેસીને ગાન કરતા હોય ત્યાં નૃત્ય ક્યાંથી સંભવે? એ શંકાના ઉત્તરમાં કહે છે કે **હસ્તના અભિનયમાત્રથી ગાન બન્ને કરે છે.**

[૧]**વિવેચન:**–પોતાના હૃદયમાં સહજ કામથી પ્રકટ થયલો તે **રસ** છે; કેમકે કામરસ સહજ છે. જેમ આસન્યપ્રાણ ઇન્દ્રિયોને કાર્ય કરવાને યોગ્ય બનાવે છે, તેમ વેણુનાદ સુધાદ્વારા સહજ પૂર્વ કામને ભગવદીય બનાવે છે; તેથી હવે લૌકિકસાધર્મ્યથી (લૌકિકના જેવા સરખાપણાથી) લૌકિકપણાની શંકા થાય તો તે પણ દૂર થઈ ગઈ. આ શ્લોકમાં 'सुधामपि' એમાં 'अपि' શબ્દનો અર્થ કહેશે કે 'વેણુનાદનો ભોગ કરે છે તે તો અવિવાદ છે,' તેથી 'अपि' શબ્દથી સુધાનું ગૌણત્વ સૂચન થાય છે, અને નાદનું જ મુખ્ય રીતે નિરૂપણ છે; તેથી અહીં વેણુનાદનું જ નિરૂપણ વાક્યાર્થ છે, અને તેથી **'આધિદૈવિકતા સંપાદન કરનાર'**નો અર્થ એમ થાય છે કે તેને 'સુધાસહિત' કરી આપે છે. અથવા વેણુનાદ મનના ધર્મરૂપ કામને દૂર કરીને ભગવદ્ધર્મરૂપ કામને પ્રકટ કરે છે; તેથી વેણુનાદ, રસમાં આધિદૈવિકરૂપતા સંપાદન કરનાર હોવાથી સુધાસહિત વેણુનાદનું નિરૂપણ કરે છે, કેમકે સર્વના અનુભવ, તેમાં સાક્ષી છે.

વરદાન આપવાના સમયના રસને જણાવનાર છે. અહીં કાંઈ પણ જણાવવાનું કે કહેવાનું નથી. જો કે તેણે (વેણુએ) રસ પીધો નથી, તોપણ મુખને વિષે તેનું (રસનું) સારી રીતે દર્શન થાય છે, તેથી બીજાને માટે પણ તે ભોગ કરે છે, એમ જણાય છે.[1] પુરુષને તેનો ભોગ સર્વથા અસંભવિત છે.[2] જો એમ ન હોત તો ભગવાન્ પોતે જ ભોગ કરત; માટે એ તો સ્ત્રીઓને જ ભોગ્ય છે, તે 'ગોપિકાઓની' એ પદથી કહે છે. અધરસુધા ગોપિકાઓના સંબંધઃ વાળી છે. 'ગોપિકાઓની' એમ બહુવચન મૂકવાથી સમુદાયરૂપ લક્ષ્મી પણ એ સુધાસંબંધિની છે,એ સૂચન કર્યું. એ લક્ષ્મીના અંશો પણ તેની સાથે જ આવેલા છે.[3] લોકમાં બીજે કોઈ સ્થળે આ અધરસુધાનો ભોગ પ્રસિદ્ધ નથી. પ્રથમ તો એવી વસ્તુનો ભોક્તા પુરુષ જ થઈ શકતો નથી, તો પછી બીજી યોનિમાં રહેલો જીવ તો તેનો ભોગ કેવી રીતે કરી શકે? અને તેમાં પણ વેણુ (જે ચેતન જ નથી) તે કેવી રીતે ભોક્તા થાય? તેના ઉત્તરમાં શ્રીગોપીજને આ પ્રમાણે આધિદૈવિક વેણુનું 'ચેતનત્વ' સૂચન કરતાં કહ્યું. અહીં સર્વે ગોપિકાઓ આધિદૈવિકી જ છે, તેથી પોતાની ગોષ્ઠીમાં આધિદૈવિક વેણુનો આથી વિચાર ઘટે છે; તેથી તે વેણુનું પણ ભોજન કહે છે.[4] વૈદિક સિદ્ધાન્ત એવો છે કે સર્વ ધર્મનું ફલ છે, તો આ બાબતમાં કારણભૂત વેણુનો કયો ધર્મ છે? તેનો વિચાર કરે છે કે વેણુએ શું સાધન કર્યું? બધા ધર્મો વેદસિદ્ધ છે, અને અમે પોતે વેદરૂપ છીએ, માટે અમે ન જાણતાં હોઈએ એવો ધર્મ જ કેમ હોઈ શકે? જે ધર્મથી અમારું જન્મ થયું તેવો ધર્મ કદાચિત્ સંભવે પરન્તુ તેમાં પણ અમારામાં તો (રસશાસ્ત્રોક્ત) મર્યાદાના ન્યાયથી સાધનનો તો વિરોધ નથી, તે કારણથી અમારામાં સ્ત્રીત્વ છે; વેણુમાં તો સ્ત્રીત્વ પણ નથી, તેથી સન્દેહ થાય છે. કેમકે સાધનનો વિરોધ છતાં ફલનું

---

[1] **વિવેચનઃ**–વેણુમાં સુધા પૂરવાનું કહેવાને વિચારના બીજરૂપ ઉંચી કોટિ કહે છે, કે **જો કે તેણે રસ પીધો નથી, તોપણ મુખને વિષે તેનાં સારી રીતે દર્શન થાય છે,** તેથી પારકામાટે પણ ભોગ(ભોજન)કરે છે, એવો સંભવ છે. [2]એવું કુશલ આચરણ એણે શું કર્યું હશે? તે આશ્ચર્યનો હેતુ **'પુરુષને તેનો ભોગ સર્વથા અસંભવિત છે'** વગેરેથી કહે છે. એમ છતાં પણ પુરુષરૂપ વેણુમાં એ રસનો ભોગ જણાય છે, એથી **આશ્ચર્ય** થાય છે. [3]અહીં તો 'ગોપિકા' પદ કહ્યું છે, તેથી **લક્ષ્મીજી** સુધાના સંબંધવાળાં છે, એમ પ્રાપ્ત થતું નથી; કારણ કે 'લક્ષ્મી કાંઈ ગોપિકા નથી,' એ શંકાના પરિહારમાં કહે છે કે **'લક્ષ્મી પણ એ સુધાસંબંધિની છે,'** એમ બહુવચનથી સૂચન કર્યું. બહુ ગોપિકાઓમાં લક્ષ્મી પણ સંબંધિની છે, કારણ કે લક્ષ્મી પણ **સમુદાયરૂપ** 'સમુદાયમાં આવેશથી છે સ્વરૂપ જેનું' એવાં આ **લક્ષ્મી** છે. અથવા, **'લક્ષ્મી** પણ તેનો ભોગ કરે છે, ત્યારે માત્ર **ગોપિકા**નું સંબંધપણું કેમ કહેવાય?' એમ શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે લક્ષ્મી પણ અમારામાં છે. **'ગોપિકાઓ'** એમ બહુવચન કહેવાથી ગોપીજનમાં લક્ષ્મીનો પણ અન્તરભાવ સૂચિત કર્યો; ગોપિકાઓના સમુદાયમાં આવેશથી લક્ષ્મીનું સ્વરૂપ છે જ. ત્યારે તો 'લક્ષ્મીનું ગૌણત્વ પ્રાપ્ત થાય.' એ શંકાના ઉત્તરમાં કહે છે કે **ગોપિકાઓ તો લક્ષ્મીના અંશો છે.** કારણરૂપ લક્ષ્મીને લીધે જ સુધાના સંબંધમાં (તેઓ) સુધાયોગ્ય થઈને આવેલાં છે, તેથી કૈમુત્યન્યાયથી લક્ષ્મીનો તો મુખ્ય જ સંબંધ છે, એમ સૂચિત થયું. [4]વેણુનું સ્થાવરપણું તો બાધક છે જ, પરન્તુ એથી પણ વધારે **બાધક** તો એ છે કે વેણુ તો **નીરસ** છે; એ કાંઈ આમ્ર(આંબાનું ફલ) વગેરેની માફક રસવાળો નથી. જેથી એવો સ્થાવર નીરસ વેણુપુરુષ અધરસુધાનો ભોક્તા કેવી રીતે થાય? તેમાં પણ વેણુ ચેતન જીવ નથી; પણ કેવલ સ્થાવર સદંશ છે, એવો વેણુ **અધરસુધાનો ભોક્તા ક્યાંથી થાય?** તેના ઉત્તરમાં આધિદૈવિક વેણુનું 'ચેતનત્વ' સૂચન કરતાં શ્રીગોપીજને આ પ્રમાણે કહ્યું. અહીં સર્વ ગોપીજન

તો તેમાં પ્રત્યક્ષ જ દર્શન થાય છે. અહીં તેની સંમતિમાટે 'હે ગોપીજન !'એ સંબોધન મૂક્યું છે. 'अयम्' (આ) શબ્દ વાપરી નરજાતિનો નિર્દેશ કર્યો છે, તે બાધક છે.[૫] 'स्म' પદ પ્રસિદ્ધિ સૂચક છે.[૬] ખરી રીતે તો વેણુને ફલ છે જ નહિ, તે પહેલાં 'બર્હાપીડમ્' શ્લોકમાં કહી ગયા છીએ. વેણુને ત્યારે બે (સાધન અને ફલ)માંથી એકનો બાધ કરવો જોઈએ, તેથી સાધન-બલના નિશ્ચયથી તો 'ફલનો અભાવ' એ પૂર્વપક્ષ છે, અને ફલના બલના વિચારથી 'સાધનનો અભાવ નથી' એ સિદ્ધાન્ત છે. તે 'વેણુ' પદથી કહે છે.[૭] 'व' એટલે બ્રહ્માનન્દ; 'इ' એટલે વિષયાનન્દ; એ બન્નેને જેણે તુચ્છ કર્યાં છે તેનું નામ વેણુ. લોકને તે પ્રકારે વેણુ સુખનું દાન કરે છે, તેથી તેમાં ધર્મ છે, એમ નિશ્ચય થાય છે. અધરના સંબંધથી જ સુધાનો ભોગ કરે છે, તેથી ધર્મનો નિશ્ચય નથી. તોપણ વેણુ પોતે જ સાધન છે, એમ નિશ્ચય થાય છે.[૮] 'પુષ્ટિ-બલનો આશ્રય લઈને તેને સિદ્ધિ થઈ છે' એમ જણાવવાને માટે મર્યાદામાં 'દામોદર' પદથી

---

આધિદૈવિક અધરસંબંધવાળાં છે, તેથી પોતાની ગોષ્ઠીમાં આધિદૈવિક અધરના સંબંધવાળા વેણુનો વિચાર તેમને ઘટે છે, તેથી તે વેણુનું પણ ભોજન કહે છે. [૫]સર્વ સાધન મનના નિગ્રહમાં પરિણામ પામે છે, એમ વેદ કહે છે તેથી, અને ધર્મ ચિત્તશોધક છે તેથી, **સર્વ ધર્મનું ફલ છે.** સાધનવિચારમાં તો એમ જ છે; **અનુગ્રહનો વિચાર કરીએ તો તે તદ્દન જુદો જ છે,** તેથી અહીં 'વૈદિક'પદ મૂક્યું. ગોપીજન ધર્મનો વિચાર કરે છે કે **વેણુએ શું સાધન કર્યું? અમે વેદરૂપ છીએ,** ધર્મ પણ વેદ-સિદ્ધ છે, તેથી વેદસિદ્ધ ધર્મ અમારાથી અજાણ્યો કેમ હોય? જે ધર્મથી અમારું જન્મ થયું છે, તેવો ધર્મ કદાચિત્ વેણુમાં સંભવે, તોપણ અમારામાં પણ (રસશાસ્ત્રોક્ત) મર્યાદાના ન્યાયથી સાધનનો તો વિરોધ નથી; અમે સ્વરૂપથી યોગ્ય છીએ. અથવા જે ધર્મ અમે કર્યો, એ જ ધર્મ વેણુએ પણ કર્યો જણાય છે, કેમકે એક જ સુધારૂપ ફલનો લાભ એને પણ થયો છે. ત્યારે હવે 'વેણુની બાબતમાં શું સંદેહ છે?' તેના ઉત્તરમાં કહે છે કે 'પરન્તુ તેમાં પણ **અમારા કરેલા સાધનમાં** વિરોધ નથી, કારણ કે અમને આધિદૈવિક સ્ત્રીરૂપની પ્રાપ્તિ થઈ છે; પણ વેણુમાં તો એવા સ્વરૂપની પ્રાપ્તિ નથી, તેથી વેણુના કરેલા સાધનમાં વિરોધ છે, તેથી તેણે શું સાધન કર્યું?' એ વિચાર અહીં પ્રાપ્ત થાય છે. અમારામાં તો સ્ત્રીપણું છે, અને વેણુમાં તો સ્ત્રીપણાનો અભાવ છે; તેથી તેના કરેલા સાધનમાં વિરોધ છે, **તેથી સંદેહ થાય છે;** કારણ કે સાધનનો વિરોધ હોવા છતાં પણ તેમાં **ફલનું તો પ્રત્યક્ષ દર્શન થાય છે.** 'अयम्' પદ નરજાતિ વાચક કહેવાથી વેણુનું પુરુષપણું બતાવીને તે **બાધક** છે, એમ સૂચવે છે. સ્થાવરત્વ અને સ્ત્રીત્વનો અભાવ એ બાધક છે, એમ તો પ્રથમ જ કહ્યું હતું; અહીં '**च**'કારથી પુરુષપણાનું બાધકપણું સૂચવ્યું.

[૬]અધરસુધાનો ભોગ તો એકાન્તમાં થાય એમ અનુભવ સિદ્ધ છે, અને વેણુ તો **પ્રસિદ્ધ રીતે ભોગ કરે છે,** તેથી ભોગમાં **પ્રસિદ્ધિ** પણ બાધક છે. [૭]અહીં વૈદિક વિચાર હોવાથી **અધિકરણ** તરીકે 'तर्हि' વગેરે કહે છે. અહીં વેણુકૃત ભોગ **વિષય** છે, તે સંભવે કે નહિ તે **સંશય** છે; પ્રસંગ **સંગતિ** છે, કારણ કે જે સુધાનો ભોગ કરે છે તે સુધા **ગોપિકાસંબંધિની** છે; તેથી ગોપિકા-ઓની ગોષ્ઠીમાં તેનો વિચાર ઉપેક્ષા કરવાયોગ્ય નથી. વેણુની સ્વરૂપયોગ્યતા સિદ્ધ કરનાર સાધનબલવિષે વિચાર કરીએ, તો તેને **ફલનો અભાવ** થવો જોઈએ, એ **પૂર્વપક્ષ** છે; સ્વરૂપ-યોગ્યતાને સિદ્ધ કરનાર **સાધનબલ** છે; ફલના બલનો વિચાર કરીએ તો સાધનનો અભાવ છે, એ **સિદ્ધાન્ત** છે; એમ **'વેણુ' પદથી** કહે છે. 'व' એટલે મોક્ષનો આનન્દ **બ્રહ્માનન્દ**, 'इ', એટલે કામનો આનન્દ વિષયાનન્દ, અને 'अणु' એટલે તુચ્છ. 'व+इ+अणु=वेणु' એટલે મોક્ષાનન્દ અને કામના આનન્દ બન્નેને જેણે તુચ્છ કરી દીધા છે તે વેણુ. [૮]જો કે વેણુમાં સ્વરૂપયોગ્યતા નથી

હીનતા કહે છે. જેના ઉદર ઉપર દામ (દોરડું) છે એવા તે 'દામોદર', એમ કહેવાથી ભગવાન્‌નું ગોપિકાઓને અધીનપણું સૂચવ્યું.[૯] સુધા અધરમાં નિષ્ઠ (રહેલી) છે, અને અધર લોભાત્મક છે; તેથી પોતાથી અને પારકાથી એમ બન્ને રીતે વેણુના સાધનનો અભાવ સૂચવ્યો, અને રસનો ભોગ કહેવાની ઇચ્છામાં તો રસનાઇન્દ્રિય(જીભ)ની પણ અપેક્ષા છે. તે (જીભ) વેણુને નથી, તેથી તે પણ બાધક છે, એમ 'અધરસુધા' પદથી સૂચવ્યું. (આમ રસનાઇન્દ્રિય ન હોવાથી વેણુનો રસભોગ સાધનથી કહી શકાય એમ નથી; નાદનો ભોગ કરે છે, એ તો નિર્વિવાદ છે.) 'સુધાનો પણ ભોગ કરે છે' એ બાબતમાં વિવાદ છે. કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે 'વાણીએ વનસ્પતિમાં પ્રવેશ કર્યો.' વેણુનો સુધામાં અધિકાર નથી, તે તો પૂર્વે સિદ્ધ કરી ગયા છીએ. વળી ભગવાન્ જો દાન કરે તો અધિકાર ન હોય તેને પણ કદાચ રસભોગ સંભવે. અહીં વ્યભિચારમાં સ્ત્રીસિદ્ધાન્તવત્ એ દૃષ્ટાન્ત છે, (સ્ત્રીમાં રહેલા રસનો અધિકારી તેનો પતિ છે, અને તે તો પોતે જ તે રસનો ભોગ કરે છે, પરન્તુ પર પુરુષ અનધિકારી છે, તે તો તે સ્ત્રીએ આપેલા ભોગને જ પ્રાપ્ત કરે છે.) તેવી રીતે અહીં પણ વેણુ અધિકારી નથી; જો ભગવાન્ દાન કરે તો પુષ્ટિના બલથી ભગવાને આપેલા ભોગને પ્રાપ્ત કરી શકે. પરન્તુ ગોપિકાની માફક વેણુ પોતે સ્વતંત્રતાથી ભોગ કરે છે, એ આશ્ચર્ય છે. તોપણ સુધાપાનનો નિર્ધાર કયે પ્રકારે કર્યો? એમ શંકા થાય તો કહે છે કે અધર અને મુખના સંબંધથી અમને પાન સિદ્ધ છે તેમ તેણે પણ પાન કર્યું, એમ અમે માનીએ છીએ. વળી અમારા કરતાં તેનામાં એક વિશેષતા છે, તે એ કે તેના ભોગથી બાકી રહેલા રસનો ભોગ ઝરણાંઓ અને વૃક્ષો પણ કરે છે. (નહિ તો તેમને ભોગ ક્યાંથી મળે?) બાલક હોવાથી તે માતાપિતાનું પાલન કરે છે.[૧૦] આ બન્ને (ઝરણાં અને વૃક્ષો)ના ભોગમાં હેતુ કહે છે કે ઝરણાંઓ આનંદિત ત્વચાવાળાં થયાં છે, અને અંતઃ પૂર્ણ આનન્દવાળાં થયાં છે; તેથી પણ આનન્દ વધી જતાં રોમાંચથી યુક્ત થાય છે, તેમાં આ નિર્ણય છે. (રોમાંચ) અહીં કમલરૂપ છે; જંગતમાં તે સર્વોત્તમ છે. હેતુવિના આનન્દના રોમાંચરૂપ 'કમલ' થતાં નથી; તેનાથી તો સેવાલ જ ઉત્પન્ન થાય; કમલ વગેરે ઉત્પન્ન ન થાય; માટે જણાય છે કે ઝરણાંએ અધરામૃતનું પાન કર્યું છે; નહિ તો તેમનામાં લક્ષ્મીનો–કમલનો ઉદ્‌ગમ (ઉત્પન્ન થવું તે)ન થાય(કમલ રસોદ્દીપક છે, તેમાં લક્ષ્મી આવે છે 'જ્યાં જ્યાં અતિશય જોવામાં આવે છે ત્યાં સ્વાર્થનું ઉલ્લંઘન કર્યાવિના જ તે થાય છે,' એવો ન્યાય છે. તેથી લક્ષ્મીનું 'तदेकभोगित्वम् (તે જ એક ભોગ કરે છે)'એ સિદ્ધ કર્યું. ઝરણાં આનન્દિત ત્વચાવાળાં થઈ ગયાં, એ તો ઉપલક્ષણ–દૃષ્ટાન્તમાત્ર છે. વૃક્ષોને અશ્રુ પણ આવ્યાં, મકરન્દ (રસ) બીજા કોઈનો રસ થઈ શકતો નથી. વૃક્ષોનું પણ તેમ જ; તેમને ફૂલ

---

તોપણ ધર્મ છે, એમ અનુમાન થાય છે; પણ અધરસંબંધથી જ માત્ર સુધાનો ભોગ કરે છે, તેથી ધર્મનો પણ નિશ્ચય નથી. આમ નિશ્ચય અને અનિશ્ચય બન્નેના સમાધાનમાટે સિદ્ધાન્ત કહે છે કે 'વેણુ પોતે જ સાધન છે,' એમ નિશ્ચય થાય છે. [૯]તોપણ વેણુ એવી રીતે સાધનરૂપ થઈ ગયો, તે ક્યા સાધનથી થયો? એવી શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે પુષ્ટિબલનો આશ્રય લઈને તેને સિદ્ધિ થઈ છે. મર્યાદામાં સાધનહીનતા કહે છે કે જે સાધને ભગવાન્ વશ થાય છે, એવું સાધન મર્યાદામાં નથી; તેથી મર્યાદામાં સાધનની ન્યુનતા કહી, તે માટે 'દામોદર' પદ કહે છે. દામ એટલે દોરડું છે ઉદરપર જેના તે દામોદર. એથી ભગવાન્ ગોપિકાને અધીન છે, એમ સૂચવ્યું. [૧૦]વેણુ બાલક છે અને સરોવર (ઝરણાં) અને ઝાડો એનાં માતાપિતા છે, એથી બાલક જેમ માતાપિતાને પાળે તેમ વેણુ પણ પોતે ભોગ કરી બાકીનો રસ માતાપિતાને આપે છે; તેથી જ

'રોમાંચ' છે, અને મધુધારા 'અશ્રુ' છે. બીજી કોઈ રીતે આ બન્ને(રોમાંચ અને અશ્રુ)નો સંબંધ નથી. 'એ બન્ને ઝરણાંમાં (નદીઓમાં) અને વૃક્ષોમાં સ્વાભાવિક છે,' એમ પણ માની શકાય નહિ: કારણ કે તે કોઈક વાર જ થાય છે. વેણુનાદ થયા પછી જ નદીઓ અને વૃક્ષોને રોમાંચ અને અશ્રુ થયાં છે, અને સ્વાભાવિક ફૂલ ( અને મધુધારાથી રોમાંચ અને અશ્રુ વિલક્ષણ છે. 'યથાર્યાઃ'પદથી તે જ કહે છે કે ભગવદ્ધર્મ હૃદયમાં પ્રવેશ કર્યા પછી જ સત્પુરુષો આનન્દિત થઈને આંસુ પાડે છે, તેમ અહીં પણ અન્તઃપ્રવિષ્ટ ભગવદ્ધર્મથી **આર્ય**–સત્પુરુષની માફક જ સરોવર અને ઝાડો પણ રોમાંચયુક્ત થઈને કમલરૂપ રોમાંચ અને મધુધારારૂપ અશ્રુપાત કરે છે. આથી એમ સિદ્ધ થાય છે કે નદીઓ વેણુની માતારૂપ છે, અને વૃક્ષો પિતારૂપ છે; અને વેણુના ભોગ કર્યાપછી બાકી રહેલા અધરસુધારસનું તેઓ પાન કરે છે.[11] (૯)

---

સરોવર વગેરે ભીતર પૂર્ણ આનન્દરૂપ થયાં છે, અને તેમને રોમાંચ પણ થાય છે; તેથી વેણુ માતાપિતાનું પાલન કરે છે, એમ અમે માનીએ છીએ. [11]આ શ્લોકમાં 'આર્ય'નું દૃષ્ટાન્ત આપીને નદી અને વૃક્ષનું રસપાન જણાવ્યું, તેથી વેણુમાં સુધાપૂરણ નિશ્ચિત થયું જાણવું. (૯)

**શ્રીપ્રભુચરણકૃત સ્વતંત્ર વ્યાખ્યાન–**

અહીં આ વિચાર છે–પહેલાં કહી ગયા કે 'અધરસુધાથી વેણુના છિદ્રને પૂરતા' તે વેણુના છિદ્ર જ મુખરૂપ છે, તેમાં જો અધરસુધા પૂરવામાં આવે તો અનાયાસે વેણુ અધરસુધાનો ભોગ કરે છે; તેથી 'પોતે ભોગ કરે છે' એ પદ નકામું થઈ જાય. તોપણ સુધાનું પૂરણ ગોપીજનના સાક્ષાત્સુધાના ભોગના અધિકારને માટે જ છે; વેણુને માટે નથી, તેથી જ **'ગોપિકાઓની'** એમ પદ મૂક્યું છે. ગોપિકાઓના ભોગને માટે વેણુના છિદ્રમાં **અધરસુધા પૂરી**, તેનો ભોગ વેણુ કરે તે ખોટું છે, તેથી **'પોતે ભોગ કરે છે'** એ પદ મૂક્યું.

**શંકા:**–આ પ્રમાણે, વેણુએ ભોગ કર્યા પછીથી અધરસુધાનું પાન ગોપિકાઓએ કર્યું, એમ પ્રાપ્ત થાય, કેમકે અધરસુધાને છિદ્રનો સંબંધ પ્રથમ થાય છે, અને મુખરંધ્રદ્વારા જ્યાંસુધી શ્રીગોપીજન સાક્ષાત્સુધાનો ભોગ કરે ત્યાંસુધી વેણુ ભોગ કરે નહિ, એમ માનવાનું કારણ કેમ નથી?

**ઉત્તર:**–અહીં સર્વ અલૌકિક છે, તેથી લૌકિક યુક્તિથી તેનો નિર્ણય કરવો યોગ્ય નથી. જો એમ ન માનીએ તો સરોવર, નદીઓ અને પર્વતોમાં કરેલા વેણુકૂજનનું શ્રવણ વ્રજમાં રહેલાં ગોપીજન કેવી રીતે કરે? 'તદ્ વ્રજસ્ત્રિયઃ' એ શ્લોકમાં આ બધું સમજાવ્યું છે; તેથી અહીંનો સર્વ પ્રકાર અલૌકિક છે, અને ભગવદિચ્છા બલિષ્ઠ છે, અને પ્રયોજન પણ બહુ ભારી છે. તે કારણથી **અધરસુધાનો** પ્રથમ પ્રવેશ વ્રજદેવીના કર્ણ અને હૃદયમાં જ થયો; વેણુના મુખરંધ્રમાં તો થયો જ નથી. આથી 'શ્રીગોપીજનને વેણુનો ઉચ્છિષ્ટ રસ પ્રાપ્ત થાય' એ શંકાનો નિરાસ થઈ ગયો. વળી જેમ ઉચ્છ્વાસદશામાં મુખમાંથી પડેલી વસ્તુ બહાર જ નિકળે છે પણ અંદર જતી નથી, તેમ દૂર દેશમાં રહેલાં પોતાનાં ગોપીજનના કર્ણ અને હૃદયમાં પૂરવાને એક ચિત્તથી ભગવાને પોતાના મુખમાંથી નાદબ્રહ્મના પ્રાકટ્યના હેતુરૂપ શ્વાસ એવો તો પ્રકટ કર્યો કે જો કે રસ્તામાં પ્રસંગથી તે છિદ્રમાં આવ્યો પણ પોતામાં પૂરેલી સુધાને તે ઇચ્છિત દેશમાં જ લઈ ગયો, તેથી વેણુ તે સુધાનો ભોગ કરવાને શક્તિમાન્ થયો નહિ. એમ હોવા છતાં પણ મુખમાં વેણુને સાક્ષાત્ અધરસંબંધ છે, તેથી વેણુએ પાન કર્યું એવી સંભાવના થાય છે, અને નિશ્ચય પણ થાય છે, તેથી વેણુને તેનો ભોગ છે. પરન્તુ વ્રજદેવીને તો તેનો સાક્ષાત્ ભોગ ઉપર કહ્યા પ્રમાણે છે, તેથી વેણુના ઉચ્છિષ્ટ રસનો ભોગ ગોપીજનને સર્વથા નથી; જો એમ ન હોત તો જેમ નદીઓમાં વેણુનું **અવશિષ્ટ રસપાન** કહ્યું તેમ ગોપીજનમાં પણ કહેત, અને 'ગોપિકાનામ્' એ પદમાં 'ગોપિકા'નું જ સુધાનું

માલિકીપણું કહ્યું છે, તે કહેત નહિ. વળી સ્વતંત્રતાથી વેણુ સુધાનો ભોગ કરે એવી ભગવાનની ઇચ્છા છે, નહિ તો નદી વગેરેમાં સુધાનો સંબંધ ન થાય; અને તેમ થાય તો આગળ ભગવલ્લીલા તેમાં ન થાય; કેમકે આ સુધાના સંબંધવાળી લીલા જ કરવા ભગવાનની ઇચ્છા છે, તેથી ભગવાન્ જલ અને સ્થલના રમણસંબંધી સર્વ પદાર્થોમાં એ સુધાનો સંબંધ કરાવે છે, તે નાદદ્વારા નીકળેલો વેણુનો ઉચ્છિષ્ટ સુધારસ જ છે. એમ હોવાથી વ્રજદેવીનો અને વેણુનો એક્કી વખતે સુધાનો ભોગ યુક્તિથી સિદ્ધ થઈ રહે છે; તેથી આ સર્વ બરાબર છે. વળી, દામોદરતરીકે વ્રજદેવીને અધીન ભગવાન્ તેમને ઉપયોગી થાય તેવું, સર્વ સિદ્ધ કરી આપે છે. એથી વધારે શું કહીએ? મર્યાદા ઉલ્લંઘી ઉલટેલા સમુદ્રનો નિરોધ કોઈ કરી શકતું નથી. આ દિશામાત્ર મેં બતાવી; માટે ભાગ્યવાન્ વૈષ્ણવોએ શ્રીગોપીજનનો સર્વોત્તમ ઉત્કર્ષ ધ્યાનમાં રાખીને, **'ભગવાનસિવાય કોઈનું ઉચ્છિષ્ટ શ્રીગોપીજન સ્વીકારતાં નથી'** એમ અનુભવવું. 'रन्ध्रान् वेणोरधरसुधया पूरयन्' એ વાક્યમાં જે વેણુવાદન કહ્યું છે તે જ આ વેણુવાદન છે, એમ અમે જાણીએ છીએ. રંધ્રમાં જે સુધાપૂરણ છે, તે તો **સર્વભોગ્યા** સુધાનું છે, અને વેણુએ કરેલા ભોગરૂપ આ–પૂરણ–તો **દેવભોગ્યા** સુધાનું છે. 'તેથી તે સ્થલમાં કહેલું, તે કયે પ્રકારે?' એમ પણ શંકા ન કરવી; કારણ કે ગાયને બોલાવવાના 'अनुचरैः' વગેરે શ્લોકમાં, 'गा गोपकैः' વગેરે શ્લોકમાં, 'नद्यस्तदा' વગેરે શ્લોકમાં સુધાનું આ કાર્ય કહેલું છે. બીજે સ્થલે પણ સુધા બંને રૂપની છે; શ્રીગોપિકાનો અધિકાર સિદ્ધ કરવાને **સર્વભોગ્યા** સુધાનું પૂરણ છે, અને વેણુ તો દેવભોગ્યા સુધાના અંશનો ભોગ કરે છે; તેથી બંને હેતુને લીધે શરુઆતમાં જ શ્રીગોપીજનમાં અધિકાર પ્રાપ્તિમાટે જે સુધા પૂરી છે, તે જણાવવાને 'गोपिकानाम्' પદ કહ્યું, અને આ શ્લોકમાં એ પદથી સુધાનાં બન્ને રૂપ જણાવ્યાં; તેથી **સર્વભોગ્યપણું** અને **દેવભોગ્યપણું**, એમ સુધાના બન્ને પ્રકાર સિદ્ધ થયા.

### બીજો સ્વતંત્ર લેખ—

અથવા આ વેણુએ કેવું **કુશલ કામ** કર્યું તે તમે જોયું કે નહિ? એમ પૂછતાં **'કુશલ'** વગેરે કહે છે. **'કુશલ'** પદમાં ભાવપ્રધાનનો નિર્દેશ છે, તેથી એ ભાવ અનિર્વચનીય છે, અને બીજાઓથી જાણી શકાય એવો નથી એમ જણાવ્યું: તે કારણથી આપણને સર્વને તેનું અજ્ઞાન છે, એમ જણાવવાને 'गोप्यः (હે ગોપીજન!)' એમ સંબોધન કહ્યું. 'ત્યારે તે **કુશલ** કેવી રીતે જોઈ શકાય?' એમ અપેક્ષા થાય તો ત્યાં 'स्म' પદ મૂકે છે. વિચારથી તે સ્ફુટ જ છે, કે જે વેણુને આપણે સર્વદા અચેતન માન્યો હતો તેણે તો ચેતનથી પણ અધિક કાર્ય કર્યું; તેથી આશ્ચર્યથી 'अयम्(આ)' એમ પદ મૂક્યું છે. વેણુ પોતે નિસ્સાર છે, તોપણ ચેતનથી પણ તેણે તો અધિક કાર્ય કર્યું, તે આશ્ચર્ય છે. 'તે શું કુશલ કામ?' એમ શંકા થાય તો તેનો પરિહાર **'દામોદરની અધરસુધાનો પણ'** એ પદથી કરે છે. કેટલાં બધાં સાધને કરીને અમે સર્વે મળીને જે સુધાનો ભોગ કરીએ છીયે, તે **સુધાનો ભોગ આ** વેણુ એકલો સાધનવિનાનો છતાં પણ કરે છે! આ એની **કુશલતા.** વળી તે સુધાનો ભોગ કરીને તે ભોગને જણાવનાર રોમાંચ અને આર્દ્રતા પ્રકટ કરતો નથી. જો પ્રકટ કરે તો વેણુનો નાદ થઈ શકે નહિ, તેથી 'પ્રભુ મારો ત્યાગ કરશે' એમ જાણીને જે સુધાના લેશમાત્ર પણ પાનથી આપણાથી પુલક (રોમાંચ) અને આર્દ્રતા નિવારી શકાતાં નથી, તે સુધાનો યથેષ્ટ ભોગ કરે છે, છતાં પણ પુલક અને આર્દ્રતા પ્રકટ કરતો નથી! પોતાના રસસ્વભાવને ઉલટો કરી દઈને પણ પોતાનો સ્વભાવ પ્રકટ કરે છે, એજ એની **કુશલતા.** અને તેથી જ અમારી આર્દ્રતા દેખીને 'કેટલોક કાલ વિરહ થાય તોપણ આ ગોપીજન નષ્ટ થઈ જશે નહિ', એમ માનતા પ્રભુએ અમારો વ્રજમાં ત્યાગ કર્યો; અને વેણુની અનાર્દ્રતા દેખીને મારાવિના આ વેણુ તો એક ક્ષણ પણ રહી શકશે નહિ' એમ માનતા

પ્રભુએ વેણુ હસ્તમાં ગ્રહણ કર્યો, અને વનમાં વિજય પણ કર્યો; આ સર્વ આપણી અકુશલતાને લીધે જ. 'જ્યારે સુધાનું લક્ષણ 'રોમાંચ' અને 'આર્દ્રતા' વેણુમાં નથી ત્યારે તેને સુધાનો ભોગ જ નથી, એમ કેમ કહેતાં નથી?' એમ શંકા થાય તો 'यदवशिष्टरसम् (તેના ભોગથી બાકી રહેલા રસનો)'એ પદથી તેને દૂર કરે છે. જો વેણુને જ ભોગ સિદ્ધ ન થયો હોય તો બાકીના રસનો ભોગ નદીઓને કેમ થાય? તેમને 'પુલક' છે, તેથી તેમનો ભોગ તો નક્કી છે. આ વેણુ રસિક નથી, એમ પણ ન માનવું; કારણ કે પરંપરાસંબંધથી પણ નદીઓને રસિકપણું પ્રાપ્ત થાય છે, તો સાક્ષાત્ અધરના સંબંધથી વેણુને રસિકતા થાય એમાં કહેવું જ શું! તેથી વેણુએ ભોગ કર્યો તેનું કારણ તેની **કુશલતા** છે; અને આપણને ભોગ નથી, તેનું કારણ આપણી અકુશળતા છે; માટે વેણુને ઠપકો આપવાથી શું વળે?

**પ્રકારાન્તર:**–અથવા આ વેણુએ અમારું શું સારું કર્યું? કાંઈ પણ નહિ. 'પરન્તુ આપણે એના પર શું ઉપકાર કર્યો છે કે તે આપણું ભલું કરે?' એ શંકાનો 'अयम्' પદથી ઉત્તર આપે છે. આપણા પ્રાણવલ્લભે રસને પરવશ થઈને એનું વિસ્મરણ કર્યું હતું, અને આપણે પ્રાર્થના કરી હતી કે 'પ્રભુ એને કદાચિત્ વગાડે' તે જ આ વેણુ છે. જો તે જ સમયે આપણે એને દૂર કરી દીધો હોત તો એ સુધાભોગ કેવી રીતે કરી શકત? માટે આપણે એને દૂર ન કર્યો, એ મોટો ઉપકાર એનાપર આપણે કર્યો છે; અથવા 'રાસ વગેરેને માટે વેણુએ આપણને બોલાવ્યાં, ત્યારે એણે આપણું ભલું નથી કર્યું, એમ કેમ કહેવાય?' એમ શંકા થાય તો 'अयम् (આ)'પદથી દૂર કરે છે. હાલ તો કાંઈ આ વેણુએ આપણું ભલું કર્યું નથી; રાસસમયે આપણું ભલું કર્યું જ છે, એમ કહેવાનો આશય છે. પરન્તુ અત્યારસુધી તેના સ્વરૂપનું આપણને અજ્ઞાન કેમ રહ્યું? એવી શંકા થાય તો કહે છે કે આપણી મુગ્ધતાને લીધે જ; એ આશયથી **'ગોપ્ય:'** એ પદ મૂક્યું છે. જો એમ શંકા થાય કે 'એનામાં એવું શું સામર્થ્ય છે કે આપણા ઉપર ઉપકાર કરે,' તો તે 'વેણુ' પદથી દૂર કરે છે. એ બ્રહ્માનન્દને અને વિષયાનન્દને પણ અણુ–તુચ્છ કરી દે છે. તો એનામાં બીજું અસામર્થ્ય શું હોય? એવા સામર્થ્યનું કારણ શું? તેનો ઉત્તર **'દામોદરાધરસુધામ્'** પદથી આપે છે. જે સુધા સર્વથી અધિક છે, અને દુર્લભ છે, તે **દામોદરાધરસુધાનો ભોગ** આ વેણુ કરે છે. તે કારણથી બીજાનો તુચ્છકાર કરે તો તેમાં આશ્ચર્ય શું! 'અસ્તુ, એણે આપણું ભલું ન કર્યું, પરન્તુ માઠું શું કર્યું?' એમ શંકા થાય તો **'ગોપિકાઓની'** એ પદથી કહે છે. આ સુધા સર્વ પ્રકારે આપણી જ છે, તેનું એણે અપહરણ કરી લીધું છે; એથી વધારે અપકાર–માઠું બીજું શું હોઈ શકે? અથવા,'જેમ આટલાં આપણે ભોગ કરીએ છીએ તેમ તે વેણુ પણ ભોગ કરે છે.' એમ શંકા થાય તો **'ગોપિકાઓની'** એ પદથી તે શંકા દૂર કરે છે. જ્યારે આ સુધાનો ભોગ આપણે કરીએ છીએ ત્યારે જ આપણી પણ અધરસુધાનો ભોગ પ્રિય પ્રભુ કરે છે; એમ છતાં તેની અધરસુધામાં આપણી પણ અધરસુધાની સ્થિતિ છે, કારણ કે નિરંતર ભોગનો અભ્યાસ છે, તેથી તે અધરસુધાના ભોગમાં બીજી પણ અધરસુધાનો ભોગ તેને સંભવે છે; અને એ તો પુરુષ છે, તેથી બીજી અધરસુધાના તેણે કરેલા ભોગથી તે આપણું બહુ જ ખોટું કરે છે, એમ 'सर्वमपि' શબ્દથી સૂચન થાય છે. 'જો પ્રિય પ્રભુ જ તેને સુધાનું દાન કરે તો તેમાં એ વેણુનો શો દોષ?' એમ શંકા થાય તો 'स्वयम्–પોતે' એ પદથી દૂર કરે છે. પ્રભુ તો **'દામોદર'** છે તેથી એમ કરતા નથી, એ તો વેણુ જ **પોતે** સુધાપાન કરી લે છે.'જે સ્વાર્થ પરાયણ હોય, તેને આપણા ભલાભુંડાની શું પડી છે?' એમ શંકા થાય તો તે **'બાકી રહેલા રસનો'** વગેરે પદથી દૂર કરે છે. વસ્તુત: એણે સ્વાર્થ પણ ન સાધ્યો અને પરાર્થ પણ ન સાધ્યો; સ્વાર્થમાં તે પોતે જ એકલો ભોગ કરત; પરાર્થમાં જેની સુધા છે તેને આપી દેત, એ બેમાંથી એક પણ

એણે ન કર્યું; એણે તો ત્રીજું જ કર્યું; બાકીની સુધા 'નદીઓ' વગેરેને આપી દીધી. એમ છતાં પણ જો તેનું અજ્ઞાન જ રહત, તો આપણને પણ ખેદ ન થાત; એ આશયથી 'हृष्यत्त्वचः–રોમાંચયુક્ત થાય છે' વગેરે કહે છે. વળી એ રસભોક્તામાં–ખાસ કરીને સ્ત્રીમાં અવશ્ય લજ્જા હોવી જોઈએ; વૃક્ષ પુરુષ હોવાથી લજ્જા કદાચ તેનામાં ન હોય, પરન્તુ નદીઓ સ્ત્રી છે, તોપણ તે એવી કેમ થઈ ગઈ? એ આશયથી 'यथार्याः આર્યજનોની માફક' પદથી દૃષ્ટાન્ત કહે છે–જેમ શાસ્ત્રીય ભક્તને રોમાંચ વગેરે થાય છે તેમ આ નદીને થયું, એમ 'આર્ય' પદથી સૂચવ્યું. વળી 'જેને જે પદાર્થની અપેક્ષા છે, તેને તેનું દાન કરવું' એમ દાન વ્યવસ્થા છે; તેથી **નદી** અને **વૃક્ષ** સ્વભાવથી આર્દ્ર છે, તેને ફરી આર્દ્રતાની અપેક્ષા નથી; અને અમે હાલ અનાર્દ્ર છીએ, તેથી અમને સુધાની અપેક્ષા છે; તેથી 'અમને છોડીને નદીને અને તરુને આર્દ્ર કરે છે,' એમ કહીને 'બહુ અનુચિત કરે છે' એમ સૂચવ્યું.

પ્રકારાન્તર–અથવા, આપણું તો ભલું અને ભુંડું એ વાત જ ન કરો. કારણ કે આપણે તો સ્ત્રી અને વ્રજમાં રહેનારી; એ તો પુરુષ અને વનમાં રહેનારો, તેથી આપણો એની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ જ નથી; પરન્તુ એટલું તો વિચારો કે એણે પોતાનું પણ કાંઈ ભલું કર્યું છે? એણે પોતાનું કુશલ પણ કર્યું નથી, એ કાકૂક્તિ છે. 'એમ કેમ?' એ શંકા થાય તો 'अयं वेणुः' 'આ વેણુ' પદથી ઉત્તર આપે છે કે એ તો પુરુષ છે, અને એક પ્રકારનું વાદ્ય છે. અહીં આ અભિપ્રાય છે–જે ફલમાટે જે સાધન કોઈ કરે તે જ સાધનથી તેના ફલની યોગ્યતા તેને પ્રાપ્ત થાય છે; બીજા સાધનની અપેક્ષા તેને રહેતી નથી, તેથી જેમ પૂર્વે આપણે શ્રુતિઓ હતાં અને એ રસના ભોગને માટે આપણે કાંઈક કુશલ કર્યું; અને રસની યોગ્યતાને માટે ગોપીપણું પ્રાપ્ત કર્યું, તેમ એણે પણ એ રસને માટે કાંઈક કુશલ કર્યું હોત તો આપણી માફક એને પણ એ રસના અનુભવની યોગ્યતા પ્રાપ્ત થાત; પણ તે તો એનામાં નથી, તેથી એણે કુશલ કર્યું જ નથી એમ જણાય છે. વળી આપણે તો જો કે શબ્દાત્મિકા શ્રુતિઓ હતાં તોપણ ગોપીત્વવિના એ રસના ભોગનો આપણને અધિકાર પ્રાપ્ત થયો નહિ, અને એ તો શબ્દબ્રહ્મના ઉત્પત્તિસ્થાનરૂપ જ છે; શબ્દબ્રહ્મપણું પણ એને પ્રાપ્ત થયું નથી, તેથી એણે તો કાંઈ પણ કર્યું નથી, તો આ ફલને માટે એણે ક્યાંથી જ સાધન કર્યું હોય? વળી વગાડવાના વાજીંત્રથી કાંઈ રસનો ભોગ થઈ શકે નહિ, એ તો ઉદ્બોધમાત્ર કરી શકે; ભોગ તો રસના આલંબનરૂપ આપણને જ સિદ્ધ થાય, એમ રસશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. પરન્તુ સાક્ષાત્ તેના અધરના સંબંધને પ્રાપ્ત કરાવનાર કાંઈક **કુશળ** તો એના વેણુત્વથી પ્રસિદ્ધ જ છે, એમ '**સ્મ**'પદથી કહે છેઃ જો એમ ન હોત તો, બીજા વાંસ પણ હોવા છતાં આ જ વાંસ વેણુભાવને કેમ પ્રાપ્ત થાય? 'એ રસભોગ કરે છે, અને આપણે તેનું દર્શન કરીએ છીએ; એથી આપણા કહેવાથી શું?' એમ શંકા થાય તો 'गोप्यः (ગોપીજન)' પદથી દૂર કરે છે. આપણી મુગ્ધતાને લીધે જ એ ભોગ કરે છે, એમ આપણને લાગે છે; વસ્તુતઃ એને ભોગ નથી, પરન્તુ 'પ્રભુએ એનામાં સુધા પૂરી ત્યારે ભોગમાં શું બાકી?' એમ શંકા થાય તો '**દામોદરસુધામ**' પદથી દૂર કરે છે. ખરી વાત છે, રસ પૂરવાના અભિપ્રાયથી તો એ સુધાનો ભોગ કરે છે, તોપણ શું એ પોતે ભોગ કરે છે? કરતો જ નથી, એમ અહીં પણ 'अपि' શબ્દથી સૂચવાય છે. સુધાપૂરણ તો બીજાને માટે છે; એને માટે નથી. શ્રીયશોદાજીએ પહેલાં ઉલૂખલે (ખાંડણીઆએ) બાંધ્યા, ત્યારે તેમના ભયનું અનુકરણ જોઈને અતિશય સ્નેહથી અધરચુંબન કર્યું; તેથી તે સુધાનો ભોગ શ્રીયશોદાજીએ કર્યો, એમ કહેવું જેમ ઉચિત નથી; કારણ કે યશોદાજીને અધિકાર જ નથી, તેમ અહીં પણ જાણવું; એ આશયથી 'દામોદર' પદ કહ્યું. વળી, બાલ્યાવસ્થામાં પણ જેમને યશોદામાતાએ રોષથી વશ કર્યા તે પ્રિય ભગવાન અમારી આગળ ભોગદશામાં વશ થઈ જતાં અમારી વિરુદ્ધ

કાંઈ પણ કેવી રીતે કરી શકે? એમ 'દામોદર' પદનો ધ્વનિ છે. '**દામ**' એટલે દોરડું તેનાથી જે બંધાયા તે શું અમારા પ્રેમથી નહિ બંધાય? એવો પણ ધ્વનિ છે. તેથી સ્વરૂપથી વેણુને સુધાની પ્રાપ્તિ નથી, એમ સૂચિત કર્યું. **અધર** લોભાત્મક છે, તેથી સ્થાનને લઈને પણ વેણુને સુધાની પ્રાપ્તિ નથી. '**અધર**' પદથી નીચેનું સ્થાન કહેવાય છે, તેથી જેમ ઉંચા પ્રદેશમાં રહેલો રસ પોતે પડતાં પડતાં મુખમાં આવે, પરન્તુ નીચા સ્થાનમાં રહેલો રસ તો ઉંચો લઈએ તો જ તે લઈ શકાય છે; બીજે કોઈ પ્રકારે લઈ શકાતો નથી, તેમ આ રસ પણ પોતાના પ્રયત્નથી જ અનુભવાય છે. અહીં અનુભવ જ સાક્ષી છે; તેથી ક્રિયારહિત વેણુ આ રસનો અનુભવ કેવી રીતે કરી શકે? સ્ત્રી પોતાનું રૂપ સ્ત્રી આગળ જ પ્રકટ કરે; રસભરદશાવિના પતિ આગળ પણ પ્રકટ કરતી નથી, તો બીજા પુરુષ આગળ તો કેમ જ કરે? તે કારણથી રસના એવા સ્વભાવને લઈને સુધાની પ્રાપ્તિ વેણુને નથી, એમ 'સુધા' પદ નારીજાતિનું જણાવેલું હોવાનો ધ્વનિ છે. એમ છતાં 'સુધાનું પૂરવું' બીજાને માટે છે, તો તે બીજું કોણ? તે જાણવાની અપેક્ષા થાય તો '**ગોપિકાઓની**' પદથી કહે છે કે આપણે જ માટે તે **સુધા પૂરેલી** છે. 'ગોપિકા' પદથી બીજું પણ તાત્પર્ય નિકળે છે કે આપણે ચતુરાઈવિનાનાં અને પતિવાળાં છીએ, તેથી દિવસે ત્યાં જઈ શકતાં નથી; તે કારણથી આપણા પ્રાણપતિ પ્રભુએ આપણી ભોગ્યસુધા આપણને મળે, તેથી આપણા પૂર્વરૂપ **શબ્દબ્રહ્મમાં** ( વેણુમાં ) તે સુધાને પૂરી, તેથી પૂરણ સમયે આપણે જ ભોગ કર્યો; વેણુએ ભોગ કર્યો નથી, તે યુક્ત જ છે. અથવા વેણુમાં પૂરવાથી તેણે ભોગ કર્યો, એમ હોય તોપણ એ તો **પોતે ભોગ કરી લે** છે. જેમ પ્રિય પ્રભુ આપણને નિજ અધરસુધાનું પાન કરાવે છે તેમ કાંઈ વેણુને પાન કરાવતા નથી, તેથી આપણો સુધાભોગ એના કરતાં બહુ ઉંચા પ્રકારનો છે. તેથી એણે ભોગ પણ કર્યો હોય તોપણ શું? વળી એ તો **ભોગ** કરે છે; કાંઈ **પાન** કરતો નથી, અને રસ **તો પાન** કરવાયોગ્ય છે. તે પણ રસનેન્દ્રિય–જીહ્વાથી થાય છે, તેથી એવું પાન વેણુથી તો થાય જ નહિ, તેથી 'મુઙ્ક્તે–**ભોગ કરે છે**' એમ કહ્યું છે. જો કે ભોજનમાં પણ જીહ્વાની અપેક્ષા છે, તોપણ ગળી જવામાં ઉદર પૂરવામાત્ર જ અહીં '**ભોગ**' પદનો અર્થ છે. રસનું સ્વરૂપ જાણીને રસાસ્વાદપૂર્વક વેણુએ કાંઈ ભોગ કર્યો નથી, અને એ ગળી જાય છે, તે પણ પોતાના પ્રયત્નથી નહિ. પોતાનો પ્રયત્ન હોય તો એને રસનું જ્ઞાન અથવા સ્પર્શ સંભવે, તેથી ગળવામાં પણ પ્રભુનો જ પ્રયત્ન છે, તેથી '**અધરસુધાને પૂરતા**' એ પદથી ભગવાને કરેલું જ પૂરણ શ્રીશુકદેવજીએ કહ્યું, તેથી પોતાની રુચિથી તૃપ્તિપર્યન્ત પીધેલો રસ બહાર નિકળે નહિ, અથવા અપકાર પણ કરે નહિ; પરન્તુ પારકાની ઇચ્છાથી પીધેલો થોડો પણ રસ બહાર નિકળી જાય છે, તેથી એના મુખમાંથી રસ બહાર નિકળ્યો, એ '**બાકી રહેલા**' વગેરે પદથી કહ્યું છે. ભોગ-કરેલો રસ જ બહાર નિકળ્યો, બીજો કોઈ અંશ બહાર નિકળ્યો નથી એમ માનવું. જો એમ ન માનીએ તો આ પીવાતો રસ પોતાની જ તૃપ્તિ ન કરે તો **બાકી** ક્યાંથી રહે, અને બીજાને તેનું પાન ક્યાંથી સંભવે? વળી ભોગવેલા રસનો અંશ જો એનામાં જ રહે તો એને પણ રોમાંચ અવશ્ય થાય, કારણકે આપણને તેવો અનુભવ છે, અને **બાકી રહેલા રસનું** પાન કરનારની સ્થિતિ પણ રોમાંચવાળી થઈ, તેનું આપણને દર્શન થાય છે. વેણુમાં તો માત્ર ભોગની ક્રિયા કહી, અને ભોગથી જે ધર્મો પ્રકટ થયા તે તો બીજામાં થયા, માટે એ રસની સ્થિરતા વેણુમાં થાય, એમ ભગવાનની ઇચ્છા પણ નથી, પણ એનાદ્વારા બીજે સ્થળે મોકલી આપવી એટલો જ અભિપ્રાય છે. જો એમ ન હોય તો, એક છિદ્રમાં પૂરણ સંભવતા છતાં 'રંધ્રાન્ વેણોઃ' પદમાં 'છિદ્રો' એમ બહુવચન અને પ્રવેશ, નિર્ગમ (બહાર નિકળવું તે) અને છિદ્રોમાં એક્કી વખતે પૂરણ, એ સર્વની

સુબોધિનીજી:-વૃન્દાવનવિહારમાં ભગવાનના ચરણનું સ્વરૂપ 'वृन्दावनं सखि' શ્લોકથી કહે છે.[1]

**वृन्दावनं सखि भुवो वितनोति कीर्तिं यद् देवकीसुतपदाम्बुजलब्धलक्ष्मि।**
**गोविन्दवेणुमनु मत्तमयूरनृत्यं प्रेक्ष्याद्रिसान्ववरतान्यसमस्तसत्त्वम् ॥१०॥**

સંગતિ ઘટે નહિ, તેથી વેણુમાં એ સુધાની સ્થિતિ ન રહેતાં પ્રવેશ અને નિર્ગમ-બહાર નિકળવું તે 'એક જ કાલે' એટલે એક છિદ્રમાં પ્રવેશ અને તે જ ક્ષણે બીજા છિદ્રમાંથી નિર્ગમ થાય છે, એમ સિદ્ધ થયું. જેમ પાત્રમાં પૂરેલા રસનો ભોગ પાત્ર કરતું નથી, તેમ વેણુ તો કેવલ માર્ગ હોવાથી આપણેમાટે સુધાને તેમાં પૂરી તેટલા માત્રથી એણે રસભોગ કર્યો, એવું કાંઈ સિદ્ધ થતું નથી. તે કારણથી આપણી કાંઈ હાનિ થતી નથી, પરન્તુ ઉલટું નદી વગેરેને સુધાસંવલિત કરીને આપણા સંબંધી લીલાને ઉપયોગી કરે છે, તેથી આપણને તો ઇષ્ટાપત્તિ છે, (આપણું તો એ ભલું જ કરે છે,) તેથી આ સર્વ સુન્દર છે.

**भावोयं गोकुलाधीशप्रियाणामनुवर्णितः। साधिकारं स्वविषयं तनोतु मयि वर्णके॥**

શ્રીગોકુલાધીશને પ્રિય એવાં શ્રીગોપીજનોનો આ ભાવ અનુવાદકને અધિકાર સંપાદન કરી આપો.

[1] **વિવેચન:-શંકા-ભગવાનના ચરણનું** માહાત્મ્ય બધી શ્રુતિઓમાં કહ્યું છે, અને 'દેવોના ચરણો'થી શરુ કરીને, તે જ તેના ભાગ્યનું અભિનન્દન કહે છે; દેવોના ચરણ ભૂમિનો સ્પર્શ કરતા નથી, તો ઉત્તમમાં ઉત્તમ દેવના ચરણ-પુરુષોત્તમના ચરણ ભૂમિને સ્પર્શ કરે જ નહિ; પુરુષોત્તમના અંશરૂપ પુરુષના આધિભૌતિક ચરણ પૃથ્વી છે; આધ્યાત્મિક ચરણ અતીન્દ્રિય છે; આધિદૈવિકચરણ આનન્દરૂપ છે; તે આધિદૈવિક પુરુષના ચરણનો પણ સંબંધ ભૂમિને નથી. ભૂમિમાં દૈત્યભૂમિ અધમ છે, તેમાં પણ સ્ત્રીના સંબંધવાળી વધારે અધમ છે, એવા વૃન્દાના વનમાં ભગવાનનાં ચરણારવિંદ વિરાજમાન છે; તેથી વૃન્દાના ભાગ્યનું અભિનન્દન ગોપિકાઓની ઉત્કંઠા જણાવનારું છે. અર્થાત આવા ચરણના સંબંધથી વૃન્દાવનનું સ્વરૂપ ઉત્તમત્વે નિરૂપણ થાય છે. ત્યારે "અહીં વિહારના નિરૂપણથી ચરણના સ્વરૂપનું નિરૂપણ કહે છે," એમ આજ્ઞા કેમ કરી?

**ઉત્તર**-લોકવેદાતીત શુદ્ધપુષ્ટિમાર્ગીય લીલાસામગ્રી બીજે સ્થલે પ્રસિદ્ધ નથી, એમ હોવાથી તેવી લીલાકર્તા પણ બીજે સ્થલે પ્રસિદ્ધ નથી, એમ સિદ્ધ થાય છે; તેથી જ "વૃન્દાવનથી દૂર ગયા" એમ આગળ કહેશે, કારણ કે ત્યાં પુષ્ટિલીલાનો અંગીકાર કરશે નહિ; એમ હોવાથી અન્વય અને વ્યતિરેકથી× આ લીલા અહીં જ થાય છે, એમ ફલિત થશે; આમ હોવાથી જ્યાં શુદ્ધ પુષ્ટિનો અંગીકાર હોય ત્યાં જ આ ચરણની લીલા છે, એમ જાણવું. તેથી બૃહદ્વનમાં પણ 'प्रेक्षन्त्य उज्झितगृहा जगृहुः' 'જોતાં જોતાં ઘરનો ત્યાગ કરી ગ્રહણ કરવા લાગ્યાં' (ભા. ૧૦-૮-૨૪.) 'सहरामो व्रजस्त्रीणां चिक्रीडे जनयन् मुदम्' 'બલદેવજીની સાથે વ્રજસ્ત્રીઓને આનન્દ ઉત્પન્ન કરતા ક્રીડા કરવા લાગ્યા' (ભા. ૧૦-૮-૨૭.) 'कृष्णस्य गोप्यः' 'કૃષ્ણનું કુમાર અવસ્થાનું ચપળપણું જોઈને' (ભા. ૧૦-૮-૨૮.) વગેરેથી એ જ લીલા કહી. કાલીયના શિર ઉપર કરેલા નૃત્યમાં એ ચરણનું પ્રાકટ્ય નથી, કારણ કે ત્યાં પુષ્ટિલીલાનો અંગીકાર નથી; તે દુષ્ટને દમન કરવાના નૃત્યમાં સંકર્ષણ લીલાનો ભેળસેળ છે, તેથી પુષ્ટિલીલામાં તેનો અંગીકાર નથી; તેથી તેની સ્તુતિ પણ તેવી જ છે. તે કારણથી જ્યાં લીલામાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તિમાર્ગનું પ્રાકટ્ય ત્યાં આ ચરણારવિન્દનો આવિર્ભાવ એમ જાણવું, અને તેથી 'ચરણનું સ્વરૂપ કહે છે,' એ કહેવું બરાબર છે.

× લીલાસામગ્રી વૃન્દાવનમાં પ્રસિદ્ધ છે, તેથી લીલા વૃન્દાવનમાં થાય છે એ અન્વય; લીલાસામગ્રી બીજે સ્થલે પ્રસિદ્ધ નથી, એથી લીલા બીજે સ્થલે થતી નથી એ વ્યતિરેક.

હે સખિ! દેવકીજીના પુત્રના ચરણકમલથી જેને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે, અને ગોવિન્દના વેણુને અનુસરીને મત્ત થયલા મયૂરના નૃત્યને જોઈને શ્રીગિરિરાજના શિખરને વિષે જ્યાં બધાં પ્રાણીઓ મૂગાં થઈ ગયાં છે, એવું વૃન્દાવન ભૂમિની કીર્તિને વધારે છે. ૧૦.

સુબોધિનીજી:-દેવોના ચરણ ભૂમિને સ્પર્શ કરતા નથી, તો દેવોમાં ઉત્તમ હોય તેના તો ક્યાંથી જ કરે? તેમાં પણ પુરુષોત્તમના ચરણ તો કરે જ શાના? પુરુષોત્તમના અંશરૂપ પુરુષના આધિભૌતિક એ ચરણ તે પૃથ્વી; આધ્યાત્મિક એ ચરણ અતીન્દ્રિય છે; કારણ કે વિરાટ્‌ની ગતિ દેખાતી નથી; અને આધિદૈવિક એ ચરણ આનન્દરૂપ છે; તેમને પણ ભૂમિનો સંબંધ નથી, તો પુરુષોત્તમના ચરણનો સંબંધ તો ક્યાંથી જ હોય? ભૂમિમાં પણ દૈત્યભૂમિ અધમ છે, તેમાં પણ સ્ત્રીસંબંધી દૈત્યભૂમિ તે વૃન્દાવન[1], તેમાં ભગવાનનાં ચરણ છે તેથી, તે ભૂમિના ભાગ્યનું અભિનન્દન પોતાની ઉત્કંઠા જણાવનારું છે.[2] પોતાનું હૃદયરૂપી સ્થાન પણ ભૂમિ છે.[3] સ્ત્રીઓનું હૃદય કઠણ પણ હોય છે, તેમાં પર્વતો પણ હોય છે, અને (સરસ્વતી વગેરે નદીઓની માફક અંદર પ્રવાહવાળી રસથી ભરપૂર નદીઓ પણ હોય છે (કારણ કે ભગવદ્રસ અન્દર છે); રોમની પંક્તિરૂપ વન પણ હોય છે, અને વળી તે સ્ત્રીના સંબંધવાળું હોય છે; એ પ્રમાણે

---

શંકા-અહીં આ પ્રકારે તો એ લીલાના સ્વરૂપનું જ વર્ણન કર્યું છે, એમ સિદ્ધ થાય છે; પણ લીલા કરનાર ચરણનું પણ વર્ણન છે, એમ કાંઈ સિદ્ધ થતું નથી? ઉત્તર-અસાધારણ ધર્મના નિરૂપણથી જેમ ધર્મીનું નિરૂપણ થાય છે, તેમ અહીં પણ લીલાના સ્વરૂપના નિરૂપણથી ધર્મિ ચરણના સ્વરૂપનું નિરૂપણ સિદ્ધ થયું, કારણ કે લીલા જ ધર્મીનો પરિચય કરાવી આપે છે. આથી એમ સિદ્ધ થયું કે 'દેવોના ચરણોથી' શરુ કરીને 'આધિદૈવિક આનન્દરૂપ' સુધી જેટલાં ચરણનાં રૂપ કહ્યાં, તે સર્વથી આ ચરણ જુદાં જ છે, એમ જણાય છે. ઉપર કહેલા સર્વમાં પુરુષોત્તમ લોકવેદપ્રથિત જાણવા, અને અહીં પુરુષોત્તમ પણ લોકવેદાતીત છે, એમ જાણવું. 'બર્હાપીડમ' શ્લોકમાં જે વૃન્દાવનપ્રવેશ કહેલો છે, તે પ્રવેશ પહેલા શ્લોકમાં કહેલા પ્રવેશનો જ અનુવાદ છે; તેથી વિશેષણના ધર્મનાં પ્રધાનપણાને લીધે 'સ્વપદરમણમ્' એ પદ વૃન્દાવનના વિશેષણરૂપ (વ્યાખ્યાનરૂપ) હોવાથી, એનો તાત્પર્યાર્થ ચરણના સ્વરૂપનું નિરૂપણ જ છે, એમ કહેવું ઉચિત છે. એ આશયથી વૃન્દાવનવિહારમાં ચરણનું સ્વરૂપ કહે છે, એમ આભાસ કહ્યો.

[1]વિવેચનઃ-આ કથન 'ભૂલોક એ ચરણોથી કલ્પિત છે' એ શ્લોકમાં 'पद्भ्याम्' પદથી કહ્યું છે. "પૃથ્વીને અને આકાશને તમારી અનુકંપાવાળા જોઈશું" એ શ્લોકમાં બ્રહ્માજીની પ્રાર્થનાથી ચરણસ્થાપન કરવામાં પણ શુદ્ધ ભૂમિમાં જ ચરણસ્થાપન ઉચિત છે; તે આશયથી વૃન્દાવન તો શુદ્ધ પણ નથી, એમ દૈત્ય અને સ્ત્રીસંબંધીપણાથી કહે છે. [2]એ પ્રકારે સર્વદા અયોગ્ય અને અધમ વૃન્દાવનમાં 'દેવકીજીના પુત્રના ચરણકમલથી જેને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે,' એ વિશેષણથી લક્ષ્મીના લાભના હેતુરૂપ ચરણકમલ ધારણ કરવાનું કહ્યું; તેથી આ ચરણનું નિઃસાધનના ફલતરીકે લોકવેદથી અતીતપણું જણાય છે. વૃન્દાના એવા વનમાં ભગવાનનાં ચરણ વિરાજમાન છે; એ ચરણથી 'વૃન્દાવનને લક્ષ્મીનો લાભ થયો,' એમ કહેવાથી લોકવેદાતીત પુરુષોત્તમના ચરણ ભૂમિમાં વૃન્દાવનમાં વિરાજમાન હોવાથી વૃન્દાના ભાગ્યનું અભિનન્દન જે ગોપિકાઓ કરે છે, તે તેમની ઉત્કંઠા જણાવે છે. [3]અથવા 'वृन्दारण्यं स्वपदरमणम्' વગેરેનો આ વિચાર છે, એમ જણાવવાને માટે ત્યાંના ચરણના સ્વરૂપનું વિવરણ કરવાને 'દેવોના ચરણો' વગેરે કહે છે. 'વૃન્દાવન લીલોપયોગી સ્થાન હોવાથી ત્યાં ચરણ ધરવા તો ઉચિત છે, એમ કહે છે; પરન્તુ તેથી ગોપીજનનો અભિલાષ કયે પ્રકારે? એમ શંકા થાય તો શ્રીગોપીજનની પણ વૃન્દાવનતુલ્યતા છે,

(સમાનપણાથી) પોતામાં અને વૃન્દાવનમાં તુલ્યતા હોવા છતાં અહીં વૃન્દાવનમાં ભગવાન્ ચરણ સ્થાપે છે, અને પોતાના હૃદયસ્થાનમાં સ્થાપતા નથી; તેથી ઈર્ષ્યાથી તેનું વર્ણન કરે છે. પહેલાં જે વર્ણન કર્યું છે, તે ત્રણ ગુણથી કર્યું છે; આ તો નિર્ગુણ ગોપિકા છે, તેથી અહીં અસૂયા નથી, એમ કેટલાક ટીકાકારો કહે છે.[૪] 'સખિ' પદ સંમતિને માટે મૂક્યું છે. તેવી સખીઓ બહુ નથી, તે જણાવવાને એકવચન મૂક્યું છે, અસૂયાના પક્ષમાં પણ તેમ જ સમજવું. એમ શંકા થાય કે ભગવાનના ચરણ જેમ વ્યાપિવૈકુંઠમાં હોય છે, તેમ વૃન્દાવનમાં પણ હોય તેમાં આશ્ચર્ય શું? તેના ઉત્તરમાં કહે છે કે તે **ભૂમિની કીર્તિને વધારે છે.** જો વૃન્દાવન વ્યાપિવૈકુંઠમાં જ હોત તો કાંઈ પણ ચિંતા ન હોતી; પણ વૃન્દાવન પૃથ્વી ઉપર છે, તેથી કેવલ પૃથ્વીની જ કીર્તિનો વધારો કરે છે.[૫] **આ પૃથ્વીને ધન્ય છે કે જ્યાં વૃન્દાવન છે.** ભગવાન્‌ની ત્યાં નિત્યસ્થિતિ નહિ માનનાર ગોપીજનનું આ વચન છે.[૬] ચરણકમલ નિત્ય તો આધિદૈવિકમાં જ રહેશે, વૃંદાવનમાં તેનું પ્રદર્શન તો કવચિત્ જ કરાવશે; ભગવાન્ તો અપરાધીન છે એટલે તેનું પ્રદર્શન કરાવવામાં વૃન્દાવનનું સામર્થ્ય નથી.[૭] ભક્તિથી તો સર્વ સ્થલે જ પ્રકટ થશે, તેથી વૃન્દાવનની પ્રતિષ્ઠા કાંઈ સિદ્ધ થતી નથી; તેથી વૃન્દાવનની પ્રતિષ્ઠાનું નિમિત્ત **'દેવકીજીના પુત્રના ચરણકમલથી જેને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે,'** એ પદથી કહે છે.[૮] કારણ કેવલ દેવકીજીના

---

એમ **'પોતાનું હૃદયરૂપી સ્થાન ભૂમિ છે,'** વગેરેથી વર્ણન કરે છે. [૪]આ વર્ણન **ઈર્ષ્યાથી** છે, તેથી આ તામસ ભક્તો છે, એમ સિદ્ધાન્ત જણાવ્યો; તેથી પ્રથમ શ્લોકમાં નિર્ગુણોક્તિ જાણવી અને ત્રણ ગુણવડે પહેલાંનું વર્ણન જાણવું. આ ગોપિકા નિર્ગુણ છે તેથી, અહીં 'ઈર્ષ્યાનો સંભવ નથી,' એમ કોઈક ટીકાકાર માને છે. નિર્ગુણ હોવા છતાં પણ 'તે રસના સ્વભાવથી કદાચિદ્ અસૂયા પણ સંભવે જ છે,' એમ આપણો સિદ્ધાન્ત છે. [૫]વ્યાપિવૈકુંઠ અપ્રકટિત સ્થાન છે; અને વૃન્દાવન તો ભૂમિમાં પ્રકટ છે, એમ એ સ્થાનોમાં ભેદ છે, તેથી કેવલ **ભૂમિની જ કીર્તિને વધારે છે,** એમ કહ્યું. [૬]ચરણકમલથી અમને રસનો અનુભવ થયો, તેમ તેને કાંઈ રસનો અનુભવ થયો નથી, તેથી કેવલ કીર્તિને જ તે તો વધારે છે. વૃન્દાવનમાં ભગવાન્‌ની નિત્ય સ્થિતિ છે, તેથી 'ભગવતા લબ્ધલક્ષ્મિ' (ભગવાને મેળવેલી લક્ષ્મિ) એટલું જ કહેવું ઉચિત હતું, એમ શંકા થાય તો તેનો પરિહાર કરતાં કહે છે કે **આ પૃથ્વીને ધન્ય છે કે જ્યાં વૃન્દાવન છે.** એમ વૃન્દાવનમાં ભગવાન્ પ્રકટ અને સ્વહૃદયમાં ગુપ્તભાવે નિત્યસ્થિતિ માનતાં શ્રીગોપિકાએ કહેલો આ શ્લોક છે.

જો કે ભગવાન્ વૃન્દાવનમાં સ્થિત છે; તોપણ ત્યાં પ્રકટ સ્થિત નથી, અને ચરણ તો અહીં નિત્ય પ્રકટ સ્થિત છે, એમ 'તુ' શબ્દનો આશય છે. 'જેમ આ ગોપિકાના હૃદયમાં ભગવાન્ નિત્યસ્થિત છે તેમ વૃન્દાવનમાં પણ નિત્યસ્થિત છે, એમ વૃન્દાવનમાં પણ તુલ્યતા હોવાથી અહીં ઈર્ષ્યાનો અવકાશ નથી.' એમ શંકા થાય તો તે દૂર કરતાં કહે છે કે **નિત્ય ચરણકમલ** તો તેવી લીલાના આધાર **આધિદૈવિકમાં જ** રહેશે, અને તેનો હેતુ કહે છે કે **ભગવાન્ તો અપરાધીન** છે, તેથી **વૃંદાવનમાં તેનું પ્રદર્શન તો કોઈક વાર જ કરાવશે.** [૭]પોતાની ભૂમિ સાર્દ્ર (ભીનાશવાળી) છે, તેથી વૃન્દાવન ભગવાનના અપરાધીનપણાનું કવચિત્ પ્રદર્શન કરાવશે. જો કે વૃન્દાવન તો આધાર છે, તોપણ 'स्वव्यापारे हि' એ ન્યાયથી વૃન્દાવનનું કર્તૃત્વ[૧] છે. વૃન્દાવન જ ભગવાનનું પ્રદર્શન કેમ કરાવતું નથી? એમ શંકા થાય તો કહે છે કે **ભગવાન્ તો અપરાધીન** (સ્વતંત્ર) છે, તેથી ભગવત્પ્રદર્શનમાં **વૃન્દાવનનું સામર્થ્ય નથી.** જો કે 'ભગવાન્ સ્વતંત્ર છે, તોપણ ભક્તને વશ પણ છે' એથી વૃન્દાવનમાં

---

૧. જ્યારે સરળતાથી કાર્ય કરી શકાય છે એમ જણાવવાને કર્તાનો વ્યાપાર જણાવવાની ઇચ્છા હોતી નથી ત્યારે બીજું કારક પણ પોતાના વ્યાપારમાં સ્વતંત્ર હોવાથી 'કર્તૃ' સંજ્ઞાને પ્રાપ્ત થાય છે.

પુત્રના ચરણકમલના ચિહ્નો ધ્વજ, વજ્ર, વગેરેથી પ્રાપ્ત કરેલી છે લક્ષ્મી જેણે એવું વૃંદાવન છે, તેથી તેની પ્રતિષ્ઠા છે.[૯] પોતાના સ્વચ્છન્દ સંબંધને માટે 'દેવકીસુત' પ્રયોગ કર્યો. આ ગોપીજન નન્દગોપના સંબંધવાળી છે, દેવકીજીથી (ભગવાનનો) જન્મમાત્ર છે, એમ સ્વીકારે છે. બીજો દેવકીજી સાથે કાંઈ પણ સંબંધ નથી, તે જણાવવાને 'સુત'પદ મૂક્યું છે.[૧૦] સ્ત્રીનું પ્રાધાન્ય હોવાથી સ્ત્રીઓને વિષે કૃપાનું પણ સૂચન કર્યું. 'પુષ્ટિમાર્ગમાં સ્ત્રીઓ પ્રધાન છે,' એમ કહી ગયા છીએ. ભક્તિમાર્ગમાં ચરણકમલ પ્રધાન છે; તેમાં પણ જલમાં ઉત્પન્ન થયલું કમલ સ્ત્રીઓના હૃદયને વિષે જ તાપ દૂર કરનાર તરીકે શોભે છે. એવા ચરણકમલની પણ ધ્વજ, વજ્ર, અને અંકુશ, વગેરેથી જે શોભા તે બીજે સ્થલે ફલતી નથી; (કેવલ વૃન્દાવનમાં) તેનું પ્રતિફલન છે, એથી તેનું ચરણપણું સંપાદન થયું. તે કારણથી લક્ષ્મી પણ ત્યાં હંમેશાં રહે છે, તેથી 'ચરણકમલવડે લક્ષ્મી પ્રાપ્ત કરી છે જેણે એવું વૃન્દાવન' એમ અર્થ સિદ્ધ થયો[૧૧] ભૂમિ સાન્દ્ર (ભીની) હોય છે, ત્યારે જ આ પ્રમાણે થાય છે; તેથી ભૂમિને લઈને જ આ લક્ષ્મીની પ્રાપ્તિ થઈ છે; માટે વૃંદાવન ભૂમિની કીર્તિને જણાવે છે, તે યોગ્ય જ છે.[૧૨] વળી માત્ર લક્ષ્મી જ પ્રાપ્ત કરી છે, એમ જ નહિ પણ ભક્તિ અને જ્ઞાન પણ પ્રાપ્ત કર્યાં છે, તે 'ગોવિન્દ' પદથી કહે છે. જ્યારે ભગવાન વેણુનાદ કરે છે ત્યારે નીલમેઘ ગર્જના કરતો હોય એમ લાગે છે; તે સમયે મયૂરો મત્ત થાય છે, પછી નૃત્ય કરે છે. જ્યારે ભગવાન્

---

'ભગવાન્ ભક્તિથી જ પ્રદર્શનીય છે' એમ શંકા થાય, તો તે દૂર કરતાં કહે છે કે ભક્તિથી તો સર્વ સ્થલે જ પ્રકટ થશે. તેથી તો વૃન્દાવનની પ્રતિષ્ઠા સિદ્ધ થતી નથી, તો વૃન્દાવનમાં વિશેષ શો? એમ શંકા થાય તો વૃન્દાવનની પ્રતિષ્ઠામાં નિમિત્ત 'યદ્ દેવકીસુત' વગેરેથી કહે છે. અથવા 'એમ છતાં પણ પ્રદર્શનીય નથી પણ કોઈક વાર છે, તેથી વૃન્દાવનમાં પોતાના જેવી તુલ્યતા છે, અને તેથી ઈર્ષ્યાનો અવકાશ નથી.' એમ શંકા થાય, તેથી ઈર્ષ્યાનું કારણ પ્રકટ કરવાને પ્રતિષ્ઠાનું નિમિત્ત 'દેવકીજીના પુત્રના ચરણકમલથી જેને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે', એ પદથી કહે છે. [૯]ચિહ્નનું દર્શન તો વૃન્દાવનમાં હાલના માણસોને પણ થાય છે, તેથી વૃન્દાવનને ભક્તિની અપેક્ષા નથી; 'લક્ષ્મી'નો અર્થ 'लक्ष्माणि' એટલે 'ચિહ્નો' કર્યો, તેથી મૂલમાં ચરણમાં રહેલું કમલનું ચિહ્ન ધ્વજ વગેરેનું ઉપલક્ષક છે, 'એવાં કમલોથી ઉપલક્ષિત ધ્વજ, વજ્ર, વગેરે ચિહ્નોથી પ્રાપ્ત કરી છે લક્ષ્મી જેણે એવું વૃન્દાવન' એમ અર્થ જાણવો. બર્હાપીડમ્ શ્લોકમાં 'स्वपदरमणम्'માં તો 'पद' શબ્દ જ છે, અને અહીં તેના વિચારમાં તો 'अम्बुज' એટલે 'કમલ' પદ છે, તેથી 'કમલ' પદ સર્વ ચિહ્નનું ઉપલક્ષક છે, એ આશયથી અહીં 'ચિહ્નો' એમ બહુવચન કહ્યું. 'पदाम्बुज'માં સમાસ સપ્તમીતત્પુરુષ છે, અને તેથી પ્રતિફલિત ચરણમાં કમલ વગેરે ચિહ્નોથી વૃન્દાવનને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે.

[૧૦]'પ્રભુનો સ્વચ્છંદ સંબંધ અહીં છે' એમ જણાવવાને 'યશોદાસુત' ન કહેતાં 'દેવકીસુત' કહ્યું. યશોદાના સંબંધવાળી ગોપીસાથે યશોદાસુતનો સ્વચ્છન્દસંબંધ નિષિદ્ધ છે, તેથી તે ત્યાં ઘટે નહિ.

[૧૧]શ્રીદેવકીજીનો સંબંધ કેવલ સુતત્વે જ છે, તો અહીં 'વસુદેવસુત' કેમ ન કહ્યું ? એમ શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છે કે અહીં સ્ત્રીનું પ્રાધાન્ય હોવાથી 'દેવકી'પદથી સ્ત્રીઓને વિષે ભગવત્કૃપાનું પણ સૂચન કર્યું. [૧૨]અથવા અહીં મયૂરવ્યંસકાદિ સમાસ(પાણિનિ–૨–૧–૭૨.ને અનુસરીને)થી કહે છે કે ભૂમિ જ્યારે સાન્દ્ર (ભીની) હોય છે ત્યારે જ આ પ્રકારે થાય છે; તેથી તે લક્ષ્મીની પ્રાપ્તિ ભૂમિને લઈને જ છે, અને તે કારણથી પોતામાં સાન્દ્રતા (ભીનાશ) ન હોવાથી ચરણકમલ તેવું પ્રતિફલિત થયું નહિ; એમ દૈન્ય સૂચવ્યાથી આ કહેનાર શ્રીગોપીજન નિર્ગુણ છે, એમ પણ સિદ્ધ કર્યું; તેથી વૃન્દાવન ભૂમિની કીર્તિને જણાવે છે, તે યોગ્ય જ છે. પ્રતિષ્ઠાનું નિમિત્ત

વેણુનાદ કરે છે ત્યારે દેહનું વિસ્મરણ થાય છે, અને નૃત્ય પણ થાય છે. તેથી (મયૂરમાં એ પ્રમાણે) ભક્તિનો ઉદ્રેક (ઉછાળો) કહ્યો.[13] મયૂરો વન જ છે, કેમકે તેઓ વનમાં રહે છે; તેથી વૃન્દાવનની જ પ્રશંસા કહી.[14] એવું નૃત્ય જોઈને ગિરિરાજ(પર્વત)ના શિખરો ઉપર **બીજાં પ્રાણીઓ મૂગાં થઈ ગયાં.** ભગવાનની ભક્તિસહિત જ્ઞાનથી તેમનો 'તૂષ્ણીમ્ભાવ(મૂગાં થવું તે)'-રૂપી 'જ્ઞાન' કહ્યું[15] ભક્ત એક જ છે; બીજા સર્વે જ્ઞાનીઓ છે.[16] 'પરન્તુ જ્ઞાનનું તો ફલ ઊંચે જવાપણું છે, તેથી સ્વભાવથી નીચી ચાંચવાળાંઓ કેવી રીતે જ્ઞાનીઓ થઈ શકે ?' આ શંકાનો પરિહાર 'શ્રીગિરિરાજના શિખરને વિષે' એ પદથી કરે છે. ગમે ત્યાં બેઠાં હોય ત્યાંથી પર્વતના શિખરો ઉપર જઈને જોતાં ઉભાં રહે છે. એ પ્રમાણે 'તૂષ્ણીમ્ભાવ'થી તેમના દોષનો અભાવ કહ્યો; તેથી જ તેમના સ્થાનનો ત્યાગ અને ઊંચે જવાપણું, એ બન્ને પણ કહ્યું. (૧૦)

**સુબોધિનીજી:**–એ પ્રકારે રૂપવર્ણન કરીને, છ પ્રકારે (ધર્મથી) વેણુનું વર્ણન 'धन्यास्तु' વગેરે છ શ્લોકથી કરે છે.[1]

**સુબોધિનીજી:**–હરિણીઓ, અપ્સરાઓ, ગાયો, પક્ષીઓ, નદીઓ, અને મેઘો, એમ ક્રમથી કૃષ્ણના ઐશ્વર્ય વગેરે છ ગુણોના બોધક છે. (કા. ૧.) જ્યારે લોકોમાં મૂઢ ગણાતા લોકો પણ ઈશ્વરની પૂજા કરે છે, ત્યારે ચતુર પુરુષો નિરુપાધિક 'ઐશ્વર્ય'નું વર્ણન કરે છે.[2] (કા. ૨.) 'વીર્ય' દેવોમાં, એમાં પણ સ્ત્રીમાં (દેવાંગનાઓમાં), તેમાં પણ કામથી છે; તેથી પુરુષોની નિકટમાં

---

તો પહેલાં કહ્યું છે, અને આ પણ નિમિત્ત છે, તેથી 'च' મૂકયો છે. આ પક્ષમાં, શ્લોકમાં 'यद्' પદ છે, તેનો અર્થ 'જે ભૂમિથી' એવો કરવો. [13]અહીં પણ ઈર્ષ્યાનું અને દૈન્યનું સૂચન શ્રીગોપીજને કર્યું, એમ ભાવના કરવી. [14]ગોવિન્દના વેણુને અનુસરીને મત્તમયૂરનું છે નૃત્ય જ્યાં, એવું વૃન્દાવન થયું, એમ ભક્તિની પ્રાપ્તિ કહી; આ તો થઈ મયૂરની ભક્તિપ્રાપ્તિ, પરન્તુ ગોવિન્દ વગેરેના આભાસ ગ્રંથમાં તો વૃન્દાવનની ભક્તિજ્ઞાનપ્રાપ્તિ કહી છે, તે કયે પ્રકારે યુક્ત કહેવાય? એવી શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે **મયૂરો વન જ છે.** વનમાં હંમેશાં સ્થિતિથી તેનો અસાધારણ ધર્મ વન હોવાથી મયૂરો વનના ભાવને પ્રાપ્ત થયા છે, તેથી તે મયૂરમાં તેના અસાધારણ ધર્મથી ભક્તિપ્રાપ્તિ કહી, એથી **વૃન્દાવનની જ પ્રશંસા કહી** [15]અહીં 'प्रेक्ष्य' વગેરે આખું પદ છે, તેવું નૃત્ય અહીં કર્મ છે. તૂષ્ણીંભાવ ! (મૂગાં રહેવું તે) છે કાર્યલક્ષણ જેનું, એવું ભગવાનનું લીલાજ્ઞાન અહીં કહ્યું [16]**ભક્ત એક** મયૂર છે, તે અહીં જાતિ અપેક્ષાએ એકવચન કહ્યું છે; બીજા સર્વે જુદી જુદી જાતિના પ્રાણીઓ **જ્ઞાનીઓ** છે.

[1]**વિવેચન:**–વેણુનું સ્વરૂપ શરીરવાળું છે, એમ 'બર્હાપીડમ્' શ્લોકમાં 'નાદનો અનુભવ થતાં જ સ્વરૂપનો અનુભવ થાય છે, જુદો અનુભવ થતો નથી' વગેરેથી નિરૂપણ કરેલું છે, અને તેથી બન્ને રસનું નિરૂપણ અને ચરણનું નિરૂપણ પણ વેણુના સ્વરૂપનું જ વર્ણન છે, એમ **રૂપવર્ણન કરીને ઐશ્વર્ય,** વીર્ય વગેરે **છ ધર્મના** બોધના હેતુરૂપ **છ શ્લોકથી વેણુનું વર્ણન કરે છે.**

[2]**વિવેચન:**–અનીશ્વરમાં પ્રવેશ કરીને ઈશ્વરત્વસૂચક સામગ્રીનો આવિર્ભાવ નહિ કરતા છતાં, પણ ઈશ્વરને **જ્યારે મૂઢ પ્રાણીઓ પૂજે છે** ત્યારે જ ઈશ્વરનું **નિરુપાધિક 'ઐશ્વર્ય' સિદ્ધ થાય છે,** અને તે યુક્ત પણ છે; કારણ કે **ઐશ્વર્યની** સામગ્રી ન પણ હોય છતાં જ્ઞાની તે સ્વરૂપજ્ઞાનથી પૂજે; પણ મૂઢ પ્રાણીઓએ કરેલી પૂજા વેણુનાદના પરમ **'ઐશ્વર્ય'**નું જ સૂચન કરે છે. આ પ્રકારનું **ઐશ્વર્ય** ભગવાનમાં જ રહેલું છે, એમ મૂઢ હરિણીઓએ કરેલા પૂજનથી જણાય છે. મૂઢ પણ હરિણી વગેરે પ્રભુનું પૂજન કરે છે, તેથી પ્રભુનું **ઐશ્વર્ય નિરુપાધિક** છે.(કા.૧-૨.)

દેવસ્ત્રીઓને પણ મૂર્છા થઈ; માટે તે વીર્ય મોટું છે.³(કા. ૩.) જે પ્રાણીઓ બહુ જ મૂઢ છે, તેમની પ્રત્યક્ષમાં આસક્તિ દૂર કરી તેમનામાં પોતાના ધર્મને યોજી આપે ત્યારે જ યશ સિદ્ધ થાય, નહિ તો યશ સિદ્ધ થતો નથી.⁴ (કા.૪.) તામસ, રાજસ, સાત્વિક અને ગુણાતીતોનું નિરૂપણ કરે છે. વૃન્દાવન ગુણાતીત છે, પક્ષીરૂપ મુનિઓ પણ ગુણાતીત છે, અને ગોવર્ધન પણ ગુણાતીત છે, એમ અહીં ત્રણે ગુણાતીત છે.⁵ આ લોકમાં એવા ગુણાતીતમાં રમણ કરનારી–

---

³'कृष्णं निरीक्ष्य' શ્લોકમાં મનુષ્યતરીકે જણાતા પણ ભગવાનનાં દર્શનથી દેવાંગનાઓને–દેવની વીરાંગનાઓને પણ પુરુષની નિકટમાં પણ કામથી મૂર્છા થઈ, તેથી દેવથી, સ્ત્રીથી અને કામથી, એમ ત્રણ હેતુથી વેણુનાદનું વીર્ય મોટું છે, એમ બોધિત થાય છે. આ અપ્સરાઓ દેવતા છે, અને ભગવાન્ તો મનુષ્ય જેવા જણાય છે, તેથી તેવા ભગવાનમાં દેવતાઓનો 'કામ' સંભવતો નથી; દેવાંગનાનો વાંચ્છિત રસ સાધારણ મનુષ્યોમાં હોતો નથી; તેમને ભગવાને પોતાનો અલૌકિક પ્રભાવ પણ જણાવ્યો નથી; તે છતાં વનિતાઓને ઉત્સવ થાય એવા સુન્દર વેષથી અને વેણુક્વણિતથી સાધારણ સ્ત્રીની માફક તેમને મોહ થયો; આ ભગવાન્‌નું વીર્ય મોટું છે; પહેલાં કહેલા ઐશ્વર્યથી અને મર્યાદામાર્ગીય વીર્યથી પણ તે મોટું છે. (કા. ૩.)

⁴'गावश्च' શ્લોકમાં વિમૂઢ ગાયની તૃણ વગેરેમાં જે પ્રત્યક્ષ આસક્તિ છે, તેને પ્રત્યક્ષ અટકાવીને પોતાના પીયૂષરૂપ ધર્મ જ્યારે ભગવાન્ તેમને વિષે યોજે, ત્યારે જ યશ સિદ્ધ થાય છે; નહિ તો યશ સિદ્ધ થતો નથી. આ પ્રકારે પીયૂષને જોડી આપવું, તે ગાયમાં જ સિદ્ધ થયું; વાછરડાંમાં થયું નથી, તેથી યશને જણાવનાર પ્રસ્તાવમાં ગાયનું જ કથન કર્યું. (કા. ૪.)

⁵'अक्षण्वताम्' શ્લોકથી (૭માથી) શરુ કરીને 'हन्तायमद्रिः' સુધી બાર શ્લોકમાં સગુણ–નિર્ગુણ ભેદ કહે છે, કે તામસ, રાજસ, સાત્વિક, અને ગુણાતીતોનું નિરૂપણ કરે છે. ૭મા, ૮મા, અને ૯મા શ્લોકમાં તામસ, રાજસ અને સાત્વિકનું નિરૂપણ છે; ૧૦મા શ્લોકમાં ગુણાતીત વૃન્દાવનનું નિરૂપણ છે. એ જ પ્રકારે, ૧૧મા, ૧૨મા અને ૧૩મા શ્લોકમાં હરિણીઓ વગેરે સગુણ છે, અને ૧૪મા શ્લોકમાં પક્ષીરૂપ મુનિ ગુણાતીત છે. એ જ પ્રકારે ૧૫ મા, ૧૬મા અને ૧૭મા શ્લોકમાં સગુણનું નિરૂપણ છે, અને ૧૮મા શ્લોકમાં ગુણાતીત ગોવર્ધનનું નિરૂપણ છે. એમ વૃન્દાવન, પક્ષીરૂપ મુનિ અને ગોવર્ધન, એ ત્રણે ગુણાતીત છે. એ પ્રકારે વર્ણનીય (જેનું વર્ણન કરવાનું છે તે) ભેદ કહીને વર્ણન કરનાર ગોપીજનનો પણ સગુણનિર્ગુણ ભેદ કહે છે કે આ લોકમાં તેનું વર્ણન કરનારી ગોપિકા પણ ગુણાતીતજ છે. (કા. ૫. ૬.)

**શ્રીહરિરાયજીકૃત "વૃન્દાવન એ ગુણાતીત છે." એ ઉપર સ્વતંત્ર લેખ—**

'પક્ષી મુનિ છે, તેથી મનનશીલ છે; અને તેથી સાત્વિક છે' એમ શંકા કરીને એઓ નિર્ગુણ છે, એમ કહેવાને 'વૃન્દાવનમ્' વગેરે કારિકાઓથી તેનો પ્રકાર કહે છે. વૃન્દાવન આધિદૈવિક ભગવચ્ચરણાત્મક હોવાથી ગુણાતીત છે, તેમ જ ગોવર્ધન પણ ગુણાતીત છે. પક્ષી પણ વૃન્દાવનમાં રમણ કરનાર હોવાથી 'જે જેમાં શ્રદ્ધા રાખે તે તેવો જ હોય' એ વાક્યથી ગુણાતીત જ છે.

શંકા–ત્યારે તો ગોવર્ધનમાં આસક્તિ ધરાવનાર પુલિન્દીજી પણ નિર્ગુણજ હોવાં જોઈએ ?

ઉત્તર–એમ નથી, કારણ કે પુલિન્દીજીમાં તો અમુક કારણને લઈને તેના દર્શનથી ઉત્પન્ન થયેલા કામદેવની વ્યથાથી રાજસભાવનું ત્યાં સ્પષ્ટ જ કથન છે. મૌન વગેરેને લઈને પક્ષીઓમાં પણ સાત્વિકપણું સ્પષ્ટ જ કહ્યું છે, એમ પણ ન કહેવું; કારણ કે સત્ત્વ તો જ્ઞાનજનક છે, અને પક્ષીમાં સત્ત્વનું કાર્ય જે જ્ઞાન, તેનો અભાવ કહેવાથી તેમનામાં સાત્વિકપણું નથી, તેથી બીજી બાબતનું અનુસંધાન ન હોવાથી પડવાની ધાસ્તીથી ઝાડોની ભુજારૂપ ડાળીઓ ઉપર તેમનું

તેનું વર્ણન કરનારી–ગોપિકા પણ ગુણાતીત જ છે.[૬] 'જ્યારે પુરુષ ખરે શ્રીનો ભોગ કરે છે ત્યારે તેને માટે વીણા વગાડવામાં આવે છે' એ શ્રુતિના ન્યાયથી સર્વે ભગવદીય પક્ષીઓ પણ પરમ 'શ્રી'ને પ્રાપ્ત કરે છે; કારણ કે જ્યારે સેવકો પણ તેવા હોય ત્યારે જ શ્રીની–લક્ષ્મીની પરમકાષ્ઠા સમજવી.[૭]

---

આરોહણ અને જ્ઞાનને ઉત્પન્ન કરનાર દૃષ્ટિનું મીંચી દેવું, તેમ જ બીજી વાણીને પણ શાન્ત કરવી, એ સર્વે કહ્યું છે; એમ હોવાથી બીજી જગ્યાએ તેમને સાત્વિક કહ્યાં, છતાં અહીં **ગુણાતીત** જ જાણવાં, અને તેથી જ **તામસ, રાજસ અને અન્ય,** એમ પહેલાં કહ્યું.

**શંકા**–'वनचरः' એ શ્લોકમાં વૃન્દાવનનું સત્ત્વભૂમિપણું કહ્યું છે; ત્યારે અહીં નિર્ગુણ કયે પ્રકારે ?

**ઉત્તર**–તમારું કહેવું સત્ય છે, ત્યાં તો 'સાત્વિકભાવ પ્રાપ્ત થયો છે,' એમ કહેવાને ભૂમિનું સાત્વિકત્વ કહ્યું; અને તેથી જ ભગવાનના પણ તેવા ભાવને લઈને તેના સંબંધથી ભૂમિનું પણ સાત્વિકપણું કહ્યું; વૃન્દાવનનું સ્વરૂપ તો ગુણાતીત જ છે, લીલાસૃષ્ટિમાં રહેલું સર્વ ગુણાતીત જ છે, તે છતાં જે વિવેક (તારતમ્ય) જણાવવામાં આવે છે, તે ગુણને લઈને જાણવું. જેમ મૂઢમતિ હોવાથી અને મુખ્ય સજાતીયભાવપણાને લીધે હરિણી તામસી છે, અપ્સરા કામભાવવાળી હોવાથી રાજસી છે, ગાય અહીં ભગવાનના જ્ઞાનવાળી હોવાથી સાત્વિક છે, અને પક્ષી તો ગુણાતીત જ છે; નદી રાજસી છે, કારણ કે તેમને વિષે કામની સત્તા કહી છે; મેઘ તામસ છે, કારણ કે તેના સજાતીયના ભાવ તેનામાં છે,અને ભગવાનને માટે સર્વનો પરિત્યાગ તેણે કર્યો છે; પુલિન્દીજી તો કામિની હોવાથી રાજસી છે; અને ગોવર્ધન તો ગુણાતીત છે,કારણ કે એમ પહેલાં કહ્યું છે. એ પ્રકારે સર્વત્ર લીલામાં રહેલાઓમાં તેવા તેવા ભાવને લઈને તેવા તેવા ભાવવાળા તેમને કહેવામાં આવે છે, એમ જાણવું.

[૬]આ લીલાસૃષ્ટિરૂપ લોકમાં તેને વિષે આસક્તિવાળાં એટલે ગુણાતીત વૃન્દાવન વગેરેમાં આસક્તિવાળાં, તેમનું વર્ણન કરનાર ગોપીજન પણ ગુણાતીત છે. આ કેવલ ઉપલક્ષણ છે, તેથી તેવાં તેવાં સગુણ વર્ણન કરનાર પણ તે જ પ્રકારે સગુણ છે. **આ ત્રણ ગુણાતીત** છે, એમ નિરૂપણ કરવાની વસ્તુનું સ્વરૂપ કહીને નિરૂપણ કરનારનું સ્વરૂપ કહે છે કે **આ લોકમાં ગુણાતીતમાં આસક્તિવાળાં ગુણાતીત** જ છે. અહીં બાર શ્લોકમાં તામસ, રાજસ, સાત્વિક અને ગુણાતીત(નિર્ગુણ) એમ ક્રમથી ત્રણ પર્યાય છે. 'જે જેમાં શ્રદ્ધા રાખે છે તે તેવો જ થાય છે' એ વાક્યથી નિરૂપ્યનું અને નિરૂપણ કરનાર ગોપીજનનું સમાનધર્મપણું યુક્ત છે, એમ સૂચન કરવાને 'हि' પદ મૂક્યું છે. પક્ષીનું નિરૂપણ કરનાર ગોપીજનના પ્રસંગથી વૃન્દાવનની અને ગોવર્ધનની પણ નિરૂપણ કરનાર ગોપીજનના ગુણાતીતપણામાં હેતુ 'रूप्यते' વગેરેથી કહે છે. 'हि' હેતુવાચક છે. અહીં વ્રજમાં રહેલા, આ વૃન્દાવન વગેરે ત્રણે ગુણાતીત કહેવાય છે, કારણ કે ત્યાં ક્ષોભનો અભાવ છે, અને આસક્તિ પુષ્કળ રહે છે. તેથી આ લોકમાં–ભક્તસમાજમાં તેમાં આસક્તિવાળાં પણ ગુણાતીત હોય છે, કારણ કે સમાનશીલમાં જ રતિનો ઉદય થાય છે. (કા. ૫–૬.)

[૭]શ્રુતિમાં કહેલા લક્ષણ પ્રમાણે **શ્રીના ભોગસમયે થતા વીણા** વગેરે શબ્દનું શ્રવણ જેમ પુરુષ–ભગવાન્ કરે છે, તેમ ભગવાનના સેવક પક્ષી વગેરે પણ વેણુનાદનું શ્રવણ કરે છે. તેથી ભગવાન્માં **'શ્રી'**ની પરમકાષ્ઠાનું નિરૂપણ કર્યું. ધર્મીના સંબંધથી ભગવદીયો પણ જો કે સામાન્ય રીતે **'શ્રી'**ની પ્રાપ્તિ કરે છે, તથાપિ શ્રુતિમાં કહેલા ન્યાયથી તો તેઓ **પરમ શ્રીને** પ્રાપ્ત કરે છે.

**શંકા**–પક્ષી શ્રીની પ્રાપ્તિ કરે, તેથી ભગવાનના ગુણનો બોધ કયે પ્રકારે થાય ?

**ઉત્તર–સેવક પણ સેવ્ય જેવા હોય ત્યારે જ શ્રીની પરમકાષ્ઠા સમજવી.** સેવકોને **'શ્રી'** સિદ્ધ થાય તો સ્વામીમાં તો કૈમુત્યન્યાયે તે સિદ્ધ જ છે. પહેલાં કહેલા ત્રણમાં પણ આ જ કૈમુત્યન્યાય જાણવો. 'જ્યારે સેવકો પરમ ભોગ કરે ત્યારે સ્વામીનું પરમ સૌભાગ્ય સ્ફુટ થાય છે' એમ લોકમાં પ્રસિદ્ધ છે.

તે પૂજા પણ જ્ઞાનમય દ્રવ્ય(પદાર્થ)થી ભગવદ્વિષયિણી જો થાય તો (તેનો ખરેખરો ઉત્કર્ષ છે.)[૨] ભગવાન્‌નું જ્ઞાન અને પોતાનું જ્ઞાન તે પૂજાનું પણ અંગ છે, તે જ્ઞાન જો ન હોય તો સર્વ વ્યર્થ છે.[૩] 'જો બીજે સ્થલે પણ તે હોય તો તે જ ઉત્તમ' એ પક્ષનો આશ્રય કરીને 'धन्यास्तु'માં 'तु' શબ્દથી તે પૂર્વપક્ષનું ખંડન કરે છે. 'तु' શબ્દથી હરિણીઓને શ્રુતિપ્રતિપાદિત ભગવત્સ્વરૂપનું જ્ઞાન નથી, તે દોષની શંકાનો પરિહાર કરતાં કહે છે કે જો કે તેઓ **મૂઢમતિવાળીઓ** છે, તોપણ (તેમને ધન્ય છે)[૪], અહીં સ્ત્રીઓનું જ અભિનન્દન કર્યું છે. પ્રકરણને લીધે હરિણની સ્ત્રીઓ તે હરિણીઓ, અહીં તેમને જ કહેવાની ઇચ્છા છે. સર્વ વર્ણન

---

[૨]અહીં 'જ્ઞાનમય' પદનો અર્થ 'જ્ઞાનપ્રચુર–જ્ઞાનસ્વરૂપ નિવેદ્ય પદાર્થથી' કરવો. અહીં આ તાત્પર્ય છે–નિવેદન કરવાના પદાર્થોના સ્વરૂપને અને ભગવાનને શું પ્રિય છે, તેમાં દેશકાલનું અનુસારપણું જાણીને પદાર્થ સમર્પાય, ત્યારે તે નિવેદન કરેલો પદાર્થ **જ્ઞાનમય** કહેવાય છે. અહીં હરિણીઓએ પોતાના નેત્રના સૌન્દર્યને, અને તે ભગવત્પ્રિયાઓનાં ( સ્વામિનીઓનાં ) નેત્રનું સ્મરણ કરાવનાર હોવાથી પ્રભુને પણ પ્રિય છે, એમ જાણીને ભગવાનની પૂજા નેત્રથી કરી; તેથી તેને **ધન્ય** છે, એ વાત યુક્ત છે. [૩]દેશકાલને લઈને જેવી વસ્તુની અપેક્ષા ભગવાનને છે, તેવી દેશ-કાલને અનુસાર સેવા મારે કરવાની છે, એવું જે જ્ઞાન તે **ભગવાન્‌નું જ્ઞાન** છે; અને આપણા પદાર્થોમાં આ વસ્તુ સુન્દર છે, તેથી તે ભગવાનને વિનિયોગ કરવાયોગ્ય છે, એવું જે જ્ઞાન તે **પોતાનું જ્ઞાન** છે. હરિણીઓએ તેમ જ કર્યું, કારણ કે શૃંગારરસરૂપ ભગવાનને પોતાના નેત્રના સૌન્દર્યનું પ્રદર્શન કરાવીને તેમનું પ્રિયપણું સિદ્ધ કર્યું. પુષ્ટિ જીવે પણ યથોચિત પ્રિયપણું એ પ્રમાણે સિદ્ધ કરવું, એવી શિખામણ તે આ ગ્રન્થનું સ્વારસ્ય છે. (બીજી રીતે સમજાવે છે કે) ભગવાનની પૂજારૂપ ક્રિયાના ઉત્કર્ષમાં ભગવજ્જ્ઞાન પણ **અંગ** છે, તેથી પૂજાના અભાવમાં જ્ઞાન વગેરે બધું નકામું છે; કારણ કે પૂજા **અંગી** છે, તે જો ન હોય તો જ્ઞાન જે અંગ છે, તે નકામું થઈ જાય.

[૪]'धन्यास्तु' પદમાં 'तु' શબ્દથી, શ્રીગોપિકા પોતાની વ્યાવૃત્તિને માટે 'ज्ञानं हि' વગેરેથી હેતુ કહે છે. 'પ્રથમ **જાણે**, પછી ઇચ્છે, પછી પૂજે' એમ માનસક્રમથી જ્ઞાન ક્રિયાનું વિશેષણ છે, તે યોગ્ય છે; એમ સૂચન કરવાને 'हि' શબ્દ મૂક્યો છે. 'आकर्ण्य'. એમાં સાંભળવારૂપ જ્ઞાનનું પૂજા-વિષયક્રિયામાં ગૌણત્વ–વિશેષણત્વ કહ્યું. 'પૂજા' પદથી ઉત્કૃષ્ટ ક્રિયા કહી, અને 'પ્રણયાવલોકૈઃ' પદથી જ્ઞાનમય પદાર્થો કહ્યા. અવલોકનરૂપી વ્યાપારથી વ્યાપારવાનનો પણ આક્ષેપ થયો. 'અવલોકન' વ્યાપાર હોવાથી અહીં તેમાં નેત્ર કરણ–સાધન છે. હરિણીઓએ અવલોકન કર્યું, તેથી હરિણીઓને ભગવજ્જ્ઞાન છે એમ કહ્યું, અને ભગવાનની પ્રતિપૂજાનું ધારણ હરિણીઓએ આત્મામાં કર્યું, એમ ભગવાનના અવલોકનના પક્ષમાં ભગવાનને હરિણીનું જ્ઞાન છે એમ કહ્યું; આ કારણથી વ્યાપાર પણ જ્ઞાનરૂપ જ કહ્યો. આ અમારામાં નથી, તેથી અમો ધન્ય નથી; તે **હરિણીઓને જ ધન્ય છે.** 'શ્રીગોપિકા સુધાનો ભોગ કરે છે, તેથી તે ઉત્તમ છે' એ પૂર્વપક્ષનો પરિહાર 'तु' શબ્દ કરે છે. હરિણીસિવાય જે કોઈ બીજા જીવ જ્ઞાનમય પદાર્થથી ભગવત્પૂજા કરે તે જ ઉત્તમ છે; અમે ઉત્તમ નથી, અથવા 'જ્ઞાનરહિત' અર્થમાં પણ જ્યારે એવી પૂજા હોય ત્યારે તો તે જ ઉત્તમ, એ પક્ષનો આશ્રય કરીને '**જ્ઞાન નિશ્ચય**'થી શરુ કરીને '**વ્યર્થ છે**' ત્યાંસુધીના પૂર્વપક્ષનું 'तु' શબ્દથી ખંડન કરે છે. '**તે દોષ જણાતો નથી**' એ આ શંકાને 'मूढमतयोपि' (મૂઢમતિવાળી પણ)' પદથી દૂર કરે છે. 'શ્રુતિ વગેરેએ પ્રતિપાદન કરેલું ભગવત્સ્વરૂપ છે, એમ હરિણીને જ્ઞાન નથી; એ દોષ શ્રીગોપીજન જાણતાં નહિ હોય અને તેથી તેમ કહેતાં હશે,' એમ શંકા થાય તો તે દૂર કરવાને કહે છે કે **મૂઢમતિવાળી પણ તે હરિણીઓને ધન્ય છે.**

અન્યપૂર્વા ગોપીજન કરે છે એમ જાણવું. પોતે (હરિણીની સરખામણીમાં) અફલાર્થ રહી ગઈ છે, એવી ભાવનાથી દૈન્ય પ્રકટ થતાં વર્ણન કરાતી સર્વ સામગ્રીસહિત ભગવાન્ કૃપા કરીને પ્રકટ થઈ ગયા, એમ જણાવવાને 'एताः' એટલે 'આ' એમ કહ્યું છે. તેમના ભાગ્યનો હેતુ કહે છે કે જે હરિણીઓએ જ **નન્દનન્દનને** નિરખીને વેણુના **રણકારનું શ્રવણ કરીને** ભગવાને કરેલા પ્રેમસહિત અવલોકનથી રચેલી પૂજાને પોતાનાવિષે **ધારણ કરી,** તે મૂઢમતિ પણ હરિણીઓને ધન્ય છે. 'याः' એટલે પહેલાં જે ભગવાને કહેલી છે તે પ્રસિદ્ધ.[૫] નન્દને પણ આનન્દનું દાન કરે તે **નન્દનન્દન,** ભક્તના ઉદ્ધારમાટે જ 'अस्तु' શ્લોકમાં કહેલા બ્રહ્માના વાક્યથી પ્રભુ પ્રવૃત્ત થયા છે. ઉદ્ધારનું પ્રકરણ હોવાથી તેમનો પણ ઉદ્ધાર કરશે જ; એથી વિચિત્ર વેષનો જેમણે સ્વીકાર કરેલો છે, એવા ભગવાન્ છે; આથી રસના અભિનયમાટે પ્રવૃત્ત થયલા ભગવાન્નું વર્ણન કર્યું. એ પ્રમાણે સ્વરૂપથી ઉદ્ધારનું કાર્ય કરવાપણું અને સાધનથી ફલસૂચક કાર્ય કરવાપણું કહ્યું. 'વિચિત્ર' પદથી સર્વે રસનો સંગ્રહ કર્યો. સમીપમાં સ્વીકાર કર્યો, તે બ્રહ્માનંદનો તેમાં પ્રવેશ કરાવવામાટે સમીપમાં સ્વીકાર કર્યો. ૬'आकर्ण्य' એટલે શ્રવણ કરીને. એ શ્રવણ કરવાની ક્રિયા વેણુના રણકારમાં અને ભગવાનમાં અર્થથી અને શબ્દથી બન્નેમાં જોડવી. પશુદૃષ્ટિ વિશેષનું ગ્રહણ કરી શકતી નથી, તેથી **'શ્રવણ કરીને'** પદથી શાસ્ત્રદૃષ્ટિ જ કહી. પાછળથી થતી પ્રત્યક્ષદૃષ્ટિ પણ બીજી દૃષ્ટિને અનુસાર જ છે; તેથી જો કે તે દૃષ્ટિ છે તોપણ તેને ગણી નથી, તે 'શ્રવણ

---

[૫]આ પ્રકરણ **સ્ત્રી**નું છે, તેથી **સ્ત્રીઓનું જ અભિનન્દન છે.** કૃષ્ણસાર(હરિણ)માં મૂઢમતિપણું તો સરખું જ છે, તેથી મૂઢમતિવાળા હરિણનું વ્યાવર્તન કરવાને **હરિણીઓ** પદ મૂક્યું. આ હરિણની સ્ત્રી છે, એ કાંઈ નાયિકાવિશેષ નથી. ગાયોના નિરૂપણસુધી સર્વત્ર વર્ણન કરનાર ગોપીજન અન્યપૂર્વા જ છે, તેથી તેમનું જ પ્રકરણ હોવાથી 'सह कृष्णसाराः'પદથી હરિણોસહિત સ્ત્રીઓ (હરિણીઓ)નું કથન કર્યું; કેવલ હરિણીનું નહિ. પહેલાં 'नृत्यन्त्यमी' વગેરે બારમા અધ્યાયના સાતમા શ્લોકમાં ભગવાને કહેલી મૂઢ હરિણીઓએ પણ ભગવત્પૂજાનું ધારણ પોતામાં કર્યું, એ હરિણીઓને ધન્ય છે. 'નન્દનન્દનને નિરખીને' એમ પદ મૂલમાં નથી, તેથી તેનું જ તાત્પર્ય (વેણુના રણિતને) 'શ્રવણ **કરીને'** એ પદથી કહ્યું. સુબોધિનીજીમાં **'નિરખીને (निरीक्ष्य)'** પદથી 'आकर्ण्य' પદનું જ અર્થતઃ વિવરણ કર્યું. અહીં બીજું પદ (નિરખીને) અધ્યાહાર લેવાનું નથી, કારણ કે આગળ તેનો નિષેધ છે.

૬**'જેમણે સમીપમાં વિચિત્ર વેષ ધારણ કરેલો છે'** એમ કહેવાથી ભગવાન્ રસના અભિનયને માટે પ્રવૃત્ત થયા એમ કહ્યું, તેથી **'નન્દનન્દન'**પદથી **સ્વરૂપથી** ઉદ્ધારને અનુકૂલ રસનું કાર્ય કરવાપણું કહ્યું, અને વેષધારણ કરવાનું કહેવાથી **સાધનથી** ફલસૂચક કાર્ય કરવાપણું કહ્યું. **'વિચિત્ર'** પદથી સર્વે રસ ગ્રહણ કર્યા એમ કહ્યું. વેષ સમયે નિરાવરણ સ્વરૂપદર્શનથી સ્વરૂપાનન્દનો પ્રવેશ હરિણીઓમાં થાય; વેષપછી દર્શનમાં તો સ્વરૂપઉપર આચ્છાદન હોવાથી ધર્મસહિત જ આનન્દનો અનુભવ થાય છે; તેથી **'જેના ઉપર અનુગ્રહ હોય તેની જ સમક્ષ ભગવાનના શૃંગાર વગેરે કરવા' એમ માર્ગની મર્યાદા છે.** 'उपात्तविचित्रवेषम्' એ પદમાં 'उप' શબ્દથી સામીપ્ય કહ્યું. પ્રભુએ હરિણીઓ **સમીપ શૃંગાર ધર્યો,** તેથી ભગવાનના અવયવનાં દર્શન હરિણીઓને થયાં, તેથી તેમનામાં ભાવની ઉત્પત્તિ થઈ, તે ભાવથી રસસંબંધી ભગવત્પ્રાપ્તિ થશે. પહેલાં હરિણીઓમાં બ્રહ્માનન્દનો પ્રવેશ થશે, પછી તેમને આધિદૈવિક સ્ત્રીશરીરની પ્રાપ્તિ થશે, તેથી હરિણીઓમાં સ્વરૂપાનન્દના પ્રવેશને માટે હરિણીઓની **સમીપમાં ભગવાને વેષ ધારણ કર્યો,** એમ ફલિત થયું. અર્થાત્ બ્રહ્માનન્દ થાય, પછી આધિદૈવિક રૂપ સંપન્ન થાય, પછી ઉપર કહેલી **'ફલપ્રાપ્તિ'** થાય, એમ સ્વારસ્ય છે. **'બ્રહ્માનન્દ'** પદ પૂર્વ લીટીનું સ્મરણ કરાવે છે એમ જાણવું.

**પ્રશ્ન**:–પોતાને વિષે અને પ્રભુને વિષે એ પ્રકારનું જ્ઞાન એમને છે, એ કેમ જણાય ?

**ઉત્તર**:–જો એમ ન હોય તો હવે જે કહેવામાં આવશે, તે કાર્ય જ ઘટી શકે નહિ.

**પ્રશ્ન**:–કેમ ઘટી શકે નહિ ?

**ઉત્તર**:–જો પોતામાં પશુપણાનું જ જ્ઞાન હોય તો હરિણીઓ અતિ બ્હીકણ હોવાથી પ્રભુની સમીપમાં તેમની સ્થિતિ જ ન થાય. નાદને અધીન હોવાથી કદાચિત્ સ્થિતિ સંભવે ! તોપણ પ્રભુના સૌન્દર્યના વિચિત્ર વેષનું અનુસંધાનપૂર્વક દર્શન તો બ્હીકણ હરિણીઓ સર્વથા ન જ કરી શકે. અહીંસુધી તેમની વેણુનાદથી ઉત્પન્ન થયલા ભાવને અધીન બ્હારની કૃતિનું નિરૂપણ કરીને ત્યારપછી '**કૃષ્ણસારસહિત વેણુના રણકારને શ્રવણ કરીને**' એ પદથી આન્તર ભાવનું પણ નિરૂપણ કરે છે. જો કે પહેલાં '**નન્દનન્દન**' પદ કહ્યું છે, તેથી હવે 'आकर्ण्य' પદ કહેવાથી નન્દનન્દનનું નિરીક્ષણ કરીને અને વેણુરણિતનું શ્રવણ કરીને, એમ બે ક્રિયાપદ અપેક્ષિત છે, તે છતાં એક જ ક્રિયાનું જે નિરૂપણ કર્યું, તેનો આશય આ છે–'**નન્દનન્દન**' એટલા જ નિરૂપણમાત્રથી દર્શન તો વિના કહ્યે સિદ્ધ થયું; તેથી દર્શનની ક્રિયાનું નિરૂપણ મૂલ શ્લોકમાં જુદું ન કહ્યું. વેણુનાદના શ્રવણમાં જ ક્રિયાનું નિરૂપણ કર્યું; તેથી દર્શન થયલા પણ સ્વરૂપનું હૃદયમાં જે આગમન થયું, તે તો વેણુનાદના શ્રવણદ્વારા થયું, તે કારણથી એક જ '**શ્રવણ કરીને**' એ ક્રિયાનું નિરૂપણ કર્યું.

**શંકા**:–વેણુનાદના શ્રવણદ્વારા જ હૃદયમાં સ્વરૂપનું આગમન થયું, એમ શાથી જણાય ?

**ઉત્તર**:–હૃદયમાં જે આગમન થયું, તેનું કાર્ય '**કૃષ્ણસારોસહિત**' પદથી નિરૂપણ કરે છે. અહીં આ અર્થ છે–નાદના પ્રવેશની સાથે જ તેઓ 'કૃષ્ણ છે સાર જેમનો તેવાં' થઈ ગયાં, હૃદયમાં સ્વરૂપને અનુભવીને '**કૃષ્ણસાર**' થઈ ગયાં; હૃદયમાં અનુભવવિના એવા કૃષ્ણસાર થવાતું નથી, તેથી '**શ્રવણ કરીને**' એ એક જ ક્રિયા છે; નન્દનન્દનનાં દર્શનરૂપ જુદી ક્રિયા નથી. 'એમને અંદર સ્વરૂપનો અનુભવ થયો, એમ કયે પ્રકારે જણાય ?'–એ શંકાના ઉત્તરમાં 'પ્રણયાવલોકનથી વિરચિત પૂજા ધારણ કરી' એ પદથી અંદર સ્વરૂપના અનુભવને જણાવનાર પ્રકાર કહે છે. જો અંદર સ્વરૂપનો અનુભવ ન હોય તો ભગવાન્‌ને વિષે પરમ સ્નેહ ન હોય, અને તે સ્નેહનું કાર્ય–ભાવપૂર્વક કટાક્ષથી ભગવાન્‌નું પૂજન, તે પણ ન હોય.

**શંકા**:–આ હરિણીઓ પુષ્ટિમાર્ગીય ભાવવાળી હોવાથી, નિરૂપણ કરનારાં આ વાક્ય બોલનાર શ્રીગોપીજન પણ પુષ્ટિમાર્ગીય હોવાથી, **પુષ્ટિમાર્ગમાં સેવા જ મુખ્ય અને પૂજા તો ગૌણ** હોવાથી, પુષ્ટિમાર્ગીય ભાવની કૃતિને સેવાતરીકે ન કહેતાં '**પૂજા**' કેમ કહી ?

**ઉત્તર**:–'**પૂજા**'પદ મૂકવાનો હેતુ આ છે–જો કે અહીં પણ ભાવાધીન કાર્ય તરીકે '**સેવા**' સંભવે છે, તોપણ પુષ્ટિમાર્ગીય સેવા ન હોવાથી, (કારણ કે પુષ્ટિમાર્ગીય સેવા તો શ્રીસ્વામિનીજીઓએ જ કરેલી હોવાથી, હરિણીઓએ કરેલી સેવાને કાંઈ સાક્ષાત્પ્રભુનો સંબંધ ન હોવાથી, હરિણીઓએ કરેલી સેવા પુષ્ટિપુષ્ટિરૂપ નથી; પણ એ કૃતિ ભાવને અધીન હોઈ પૂજ્યપૂજકમાં જેમ પરસ્પર મનનો સંતોષ હોવાથી કૃતિમાં પૂજાનું સરખાપણું હોવાથી, પુષ્ટિમાર્ગીય વક્તા શ્રીગોપીજને અહીં '**પૂજા**'પદ કહ્યું. તોપણ અહીં એટલો તો વિશેષ છે જ, કે ત્યાં 'પૂજામાર્ગ'માં પૂજ્યને સન્તોષ થયો, એ જ્ઞાન અશક્ય હોવાથી સન્તોષવિષે સન્દેહ જ રહે છે; અહીં તો ભગવાને પણ તેમનું 'પ્રતિ-પૂજન' કર્યું, તેથી હરિણીઓને નિશ્ચય થયો કે પ્રભુને સંતોષ થયો છે. તે કારણથી પણ પૂજામાર્ગીય પૂજાથી હરિણીઓએ કરેલી પૂજા અધિક તો છે જ, અને પ્રતિપૂજન '**પૂજા ધારણ કરી**' એ શબ્દોથી કહ્યું છે. એ પદનું શ્રીસુબોધિનીજીમાં વ્યાખ્યાન શ્રીઆચાર્યજીએ અન્યોન્ય પૂજાપ્રકારથી જ કર્યું છે; તેથી ભગવાને કરેલા પ્રણયાવલોકનરૂપ પૂજાનું પ્રતિપૂજનપણું સ્પષ્ટ છે, તેથી સર્વ સુંદર છે.

સુબોધિનીજી:–અપ્સરાની અવસ્થા 'कृष्णं निरीक्ष्य' શ્લોકથી કહે છે:—

**कृष्णं निरीक्ष्य वनितोत्सवचारुवेषं श्रुत्वा च तत्क्वणितवेणुविचित्रगीतम्।**
**देव्यो विमानगतयः स्मरनुन्नसारा भ्रश्यत्प्रसूनकबरा मुमुहुर्विनीव्यः ॥१२॥**

વનિતાઓને ઉત્સવ કરાવે એવા સુન્દર વેષવાળા કૃષ્ણનું સારી રીતે દર્શન કરીને અને કૃષ્ણે વગાડેલા વેણુનું વિચિત્રગીતનું શ્રવણ કરીને, વિમાનમાં જતી દેવીઓ (અપ્સરાઓ) કામથી જેમનો સાર (વિવેક) હણાઈ ગયો છે એવાં, અંબોડામાંથી ફૂલો ખરી પડેલાં છે એવાં, અને જેમના અન્દરના વસ્ત્રની ગાંઠ છુટી થઈ ગઈ છે એવાં થઈને મૂર્છિત થઈ ગયાં.(૧૨)

સુબોધિનીજી:–'કૃષ્ણ' પદના અર્થથી સ્ત્રીઓના નિરોધનું સૂચન કર્યું. જ્યારે આનન્દનાં દર્શન થાય ત્યારે આનન્દના સાધન તરફ આસક્તિનો અભાવ થાય, તે યોગ્ય જ છે; તેમાં પણ સદાનન્દનાં દર્શન થાય, ત્યારે તો આનન્દના સાધન તરફ આસક્તિનો અભાવ થાય, તે યોગ્ય જ છે. 'निरीक्ष्य' એટલે સારી રીતે દર્શન કરીને, તેમાં 'नि' ઉપસર્ગથી 'નિતરામ્' એટલે 'સારી રીતે' એવો અર્થ થાય છે, તેથી 'निरीक्ष्य' એટલે દિવ્યદૃષ્ટિથી જોઈને, તેમાં પણ સ્વજાતીયના (સ્ત્રીઓના) ઉદ્ધારમાટે પધાર્યા છે, એટલો વિશેષ છે. તે 'વનિતોત્સવચારુવેષમ્' એ પદથી કહે છે[1], કે વનિતાઓને ઉત્સવ કરાવે તેમાટે જ જેમનો સુન્દર વેષ છે. એ ઉત્સવ ઘણા પ્રકારના છે, તેથી જુદે જુદે ઉત્સવે જુદી જુદી જાતિના મનુષ્યો ઉત્સવના જુદા જુદા રસના અનુભવમાટે ભૂષિત થાય છે. અહીં કેવલ વનિતાઓનો જ ઉત્સવ છે. 'वन' એટલે યૌવનને જે પ્રાપ્ત થયાં છે તે, અથવા વન સારી રીતે પ્રાપ્ત થયું છે તે, તેમાં પ્રવેશ જેમનો થયો છે, તે પાછાં આવતાં નથી. यौ–वनम् અહીં પણ 'यु' એટલે મિશ્રણ, તેને માટે જે વન તે યૌવન, તેમને જ ઉત્સવ થાય, તે હેતુથી ભગવાને સુન્દર વેષ ધારણ કરેલો છે. જેમ રસનો અથવા પુરુષાર્થનો અનુભવ થાય તેમ સર્વ આભરણથી ભૂષિત વેષયુક્ત થયલાં સર્વે વનિતાઓ છે,[2] આથી આ ઉત્સવમાં જે વનિતાઓને અલંકાર વગેરેથી ઉત્સવ થયો નથી, તેમનું વનિતાપણું જેમ રંડાઓનું વનિતાપણું નકામું હોય છે તેમ નકામું જ છે. તેમાં પણ 'चारु' એટલે

[1] વિવેચન:–આલોક અને પરલોકના ફલમાં આસક્તિ ન રહે, તે યોગ્ય જ છે. સદાનન્દ કૃષ્ણનું પણ દર્શનમાત્ર નહિ પણ નિરીક્ષણ કહ્યું; એમ સારી રીતે દર્શન થવાથી દિવ્યદૃષ્ટિથી માનુષભાવવિના વિશેષતું દર્શન અપ્સરાને થયું; નહિ તો અપ્સરાની હવે પછી કહેવાશે તેવી સ્થિતિ થાત નહિ. હરિણી કરતાં અપ્સરામાં દિવ્યદૃષ્ટિરૂપ વિશેષ છે, તે 'વનિતોત્સવ' વગેરેથી કહે છે.

[2] અપ્સરામાં વિશેષ છે, તેથી એમનામાં તેમના સજાતીયના બોધને માટે સુન્દર વેષથી થતા ઉત્સવવાળી સ્ત્રીઓનું વનિતાપણું કહે છે. અર્થાત્ 'વનિતા' પદનો આ આભાસ જાણવો. વનિતાને જ ઉત્સવ કરાવવામાટે સુન્દર છે વેષ જેનો, એવા કૃષ્ણનું નિરીક્ષણ અપ્સરાએ કર્યું; કેવલ વનિતાને જ ઉત્સવ થાય, એવો વેષ કૃષ્ણે ધર્યો છે. ઉત્સવ ભૂષણ ધારણ કરવાનો હેતુ છે, તેથી 'ઉત્સવ' પદથી ભૂષણનું કથન કર્યું. અહીં 'વનિતા'નો અર્થ આ રીતે થાય છે–'વન' એટલે 'જંગલ' અને 'યૌવન', તેમાં જંગલને 'इताः' એટલે પ્રાપ્ત થયલા (પુરુષો) અને યૌવનને 'इताः प्राप्तवत्यः' એટલે પ્રાપ્ત થયલી (સ્ત્રિયો). 'વનિતા' શબ્દમાં રહેલા 'વન' શબ્દથી જંગલ અને યૌવન, એવા બે અર્થ લેવા; તેમાં 'જંગલ' પક્ષમાં (અર્થમાં) વન જે અરણ્ય, તેને પ્રાપ્ત જે પુરુષો તે વનિતા, અર્થાત્ (સારાંશ) ભગવાનને માટે બધું છોડી દઈને ફક્ત જંગલમાં પ્રવેશ કરનારા જે (વનિતા) ભગવદીય પુરુષો, તેમના ઉત્સવને માટે ભગવાને આ સુન્દર વેષ ધારણ કર્યો છે.

સુન્દર; મનને હરણ કરે તેવું, તે પણ અંદરથી અલંકારના હેતુરૂપ છે; ત્યાં અન્દરના અલંકારો પ્રેમ, જ્ઞાન, વગેરે છે. જેમ બહાર રસનો અનુભવ થાય છે, તેમ હૃદયમાં પણ (પ્રેમ અને

કરોડો કામદેવના લાવણ્યથી પણ અત્યંત સુન્દર, તેવા પ્રકારનો વેષ ધારણ કરનાર શ્રીકૃષ્ણનું દર્શન કરીને, તે ભગવદીય પુરુષોમાં પણ સ્ત્રીભાવ પ્રાપ્ત થાય અને તેઓ મને (પુરુષોત્તમને) આવી મળે–પ્રાપ્ત થાય, એવા આશયથી શ્રીકૃષ્ણે આ વનિતોત્સવચારુવેષ ધારણ કર્યો છે, એમ ભાવના કરવી; **'યૌવન'** પક્ષમાં વન જે યૌવન–તારુણ્ય, તેને પ્રાપ્ત થયલી જે મૃગનયની વનિતા (તરુણી), તેમના ઉત્સવને માટે–ભાવને ઉદ્દીપન કરવાને–વેષ ધારણ કરનાર શ્રીકૃષ્ણનો આ શૃંગાર છે. વનમાં ગયલા અને સ્ત્રીભાવને પ્રાપ્ત થયલા ભગવદીય પુરુષોનું અને યૌવનમાં આવેલી સુન્દરીઓનું 'વનિતા' પદથી સૂચન કરવાસારું શ્રીસુબોધિનીજીમાં 'प्राप्ताः'અને 'प्राप्तवत्यः' એમ બે વાર ઉલ્લેખ–નિર્દેશ કરેલો છે, નહિ તો 'પ્રાપ્તાઃ' એટલું જ કહેવાથી અર્થ સફલ થઈ જતાં 'પ્રાપ્તવત્યઃ' પદનો નિર્દેશ નિરર્થક થઈ જાત; કારણ કે ધાતુનું, ઉપસર્ગનું અને પ્રત્યયના અર્થનું, બન્ને પક્ષમાં એકપણું છે. જો કે 'प्राप्ताः' એટલા જ નિર્દેશથી પણ પુરુષોનું અને સુન્દરીઓનું, એમ બન્નેનું ગ્રહણ સંભવે જ છે, તોપણ આ પ્રકરણ સ્ત્રીનું જ હોવાથી, સ્વાભાવિક રીતે જ **'વનિતા'** પદનો 'સ્ત્રી' એમ અર્થ થઈ જાય, પરન્તુ 'સ્ત્રી' અને 'પુરુષ' એમ બન્નેના અર્થના જ્ઞાનસારું **'પ્રાપ્તાઃ'** અને **'પ્રાપ્તવત્યઃ'** એમ બે વાર ઉલ્લેખ કર્યો છે. અર્થાત્ **'પ્રાપ્તાઃ'** એ પદથી વનિતા–વનમાં ગયલા પુરુષોનું, અને **'પ્રાપ્તવત્યઃ'** એ પદથી વનિતા–યૌવનમાં આવેલી સ્ત્રીઓનું સૂચન કર્યું, અને તેથી પુરુષોમાં સ્ત્રીભાવ ઉત્પન્ન કરવાસારું અને સ્ત્રીઓમાં પહેલેથી જ રહેલા ભાવને ઉદ્દીપ્ત–જાગૃત કરવાસારું, આમ આ બે પ્રયોજન-(હેતુ–કારણ)ને સબબે આ શૃંગાર શ્રીકૃષ્ણે ધારણ કર્યો છે, એમ નિશ્ચિત અર્થ થયો.

અથવા, 'वनं सञ्जातम्' એમ કર્તરિપ્રયોગમાં જ 'इतच्' પ્રત્યયના યોગથી **'વનિતા'** પદ સિદ્ધ થાય છે, અને કોશમાં **"વનિતા"** એટલે જેને રાગ ઉત્પન્ન થયો છે એવી સ્ત્રી અને લક્ષ્મી, એવો અર્થ હોવાથી **'વનિતા'** પદ રૂઢ પણ છે; પરન્તુ રૂઢિથી અને યોગથી તો લૌકિકી (લોક-સાધારણ) તરુણીમાં તે વનિતાપણું સામાન્ય છે, તેથી રૂઢિનો અને યોગનો ત્યાગ કરીને વિશિષ્ટ–દિવ્ય દૃષ્ટિએ અપ્સરાએ પોતાના અધિકારથી જે જાણ્યું તે, અને શૃંગારમાં ભગવાનનો પણ જે આશય છે તે, એમ બન્ને દિવ્ય વાણીવાળાં આ શ્રીગોપિકાજીએ જાણ્યું; એમ જણાવવાને બહુ જ પરોક્ષવાદથી * **'વનિતા'** પદનો યોગ 'वनं यौवनम्' વગેરેથી કહે છે. અહીં પ્રથમ 'યૌવન' અર્થમાં બે વર્ણની આપત્તિ થાય છે, અને બીજા 'वनं सञ्जातम्' એ પક્ષમાં 'યૌ' એમ એક વર્ણની જ આપત્તિ થાય છે,× તે આપત્તિ 'वर्णागमो वर्णविपर्ययश्च तथापरौ वर्णविकारनाशौ' એ ઉક્તિએ 'पृषोदरादिति' સૂત્રથી જાણવી. ‡ સર્વને ત્યજીને વનમાં પ્રવેશ કરેલો ફરી પાછો આવતો નથી. 'न हि' વગેરેથી યોગનું પ્રયોજન કહે છે કે ત્યાં વનમાં પ્રવેશ કરેલ ફરી પાછો આવતો નથી. અર્થાત્ દિવ્ય દૃષ્ટિથી પોતાનું સ્થિર યૌવન-પણું દેવતાપણાથી નિશ્ચિત કરીને, તે ભાવથી પોતાની પણ ઉત્સવયોગ્યતા જાણી, અને ભગવાને તો જેનો એવો ભાવ સ્થિર છે, એવી સ્થિર યૌવના(જુવાની)ને માટે તેવો વેષ ધર્યો છે, કે જેથી અપ્સરાને પુનરાવૃત્તિરૂપ મોહ થયો, એમ આ શ્લોક બોલનાર ગોપિકાએ જાણી લીધું. 'વન' શબ્દથી **'યૌવન'** કેમ સમજાય? એ શંકાના ઉત્તરમાં કહે છે કે 'યૌવન'માં પણ 'યુ' મિશ્રણના અર્થમાં છે,

* એક વસ્તુને સ્પષ્ટ સ્વરૂપે ન કહેતાં ચતુર પુરુષો જ જાણે તેમ કહેવું તે પરોક્ષવાદ.

× આ બધી વ્યાકરણની વાત પારિભાષિક શબ્દોસિવાય લખી શકાય તેમ નથી, કદાચ જેમ તેમ લખીએ તોપણ ઘણો વિસ્તાર થાય, અને સંસ્કૃત વ્યાકરણ નહિ જાણનારને નિરુપયોગી છે, તેથી તેમાટે પ્રયત્ન કર્યો નથી. ‡ આ સૂત્રમાં જણાવેલા શબ્દોને વ્યાકરણનો નિયમ લાગુ પડતો નથી.

જ્ઞાનરૂપી અલંકારોથી) રસનો અનુભવ થાય છે. આથી અપ્સરાઓના ભગવાનને માટે આવવામાં સર્વે ઉપાય કહ્યા.[3] તેથી પણ વિલંબવિના અનુભવ કરાવનાર ભગવાન્ પાસે લઈ જનાર હેતુ 'શ્રુત્વા (શ્રવણ કરીને)' પદથી કહે છે. પાસે આવીને પહેલાંની માફક જ કવણિત (આલાપાયેલા) ગીતનું શ્રવણ કર્યું.[4] આથી વેણુસિવાય બીજા કૂજિત વગેરે કવણિત(આલાપ)ના સંગ્રહને માટે 'તે ભગવાન્‌નું કવણિત' એમ કહ્યું, અને વેણુ પણ કવણિત, 'એવા વેણુમાં પ્રકટેલા વિચિત્ર ગીતનું શ્રવણ કરીને' એવો અહીં પદનો સંબંધ છે. એક જ ગીતથી મૂર્છિત થઈ ગયાં, તેથી 'ગીત' એકવચનમાં વાપર્યું છે. 'વિચિત્ર'નો અર્થ 'સર્વ રસ માટે' એમ કરવો; શૃંગારમાં

---

અને તેવા મિશ્રણાર્થક 'યુ'માં 'વન' તે 'યૌવન', એમ 'યૌવન' શબ્દમાં 'યૌ' સાતમી વિભક્તિ છે,* અને તે નિમિત્તના અર્થમાં છે. અહીં નાયકની સાથે મિશ્રણમાટે 'યૌવન' કહેવાની ઇચ્છા છે, તેથી 'યૌ'નો અર્થ 'નાયકની સાથે મિશ્રણને માટે' એમ કર્યો; અને 'યૌવન'નો અર્થ 'નાયકની સાથે મિશ્રણને માટે વન એમ કર્યો. યૌવન જ નાયકની સાથે નાયિકાનો સંગમ કરાવે છે, તેથી યૌવનપણું પણ વનપણાથી વાચ્ય છે. યૌવન પણ વનવિશેષ હોવાથી 'વન' શબ્દથી 'યૌવન'નું ગ્રહણ સહેલાઈથી થાય છે. યૌવનનું વનત્વ તો શૃંગારરસને ઉપયોગી સામગ્રીવાળા ધર્મના સરખાપણાથી જાણવું, અને તેની આવી વ્યુત્પત્તિ તો નિરુક્તના પ્રમાણથી જાણવી. અહીં 'યૌવનમ્' વગેરેથી બીજા યોગનું કથન કર્યું. તેમને એટલે વનિતાને જ ઉત્સવ થાય એમ વેષ ભગવાને ધર્યો, એમ અહીંસુધી બન્ને યોગથી સિદ્ધ અર્થ કહે છે કે વનિતાને જ ઉત્સવ થાય, એવો વેષ અથવા ઉપાય ભગવાને કર્યો; એમ દિવ્ય દૃષ્ટિથી દૂરથી જાણીને ભગવાનને માટે આગમનમાં ઉપાય કહ્યો. સર્વ આભરણથી ભૂષિત સર્વે જ વનિતા પોતાના વેષના રસને–પુરુષાર્થને અનુભવે છે. ભગવાને નૂતન વેષનો સ્વીકાર કર્યો, તેથી તેમણે પણ નૂતન આભરણ ધર્યાં; ભગવાને પીતાંબર ધર્યું, તેથી પોતે નીલાંબર ધર્યું; એમ શૃંગાર વગેરેમાં પણ મધ્યમાં જે રસ ભગવાન્ પ્રગટ કરે તે રસનો અતિક્રમ ન કરતાં પુરુષાર્થને અનુભવે છે. અહીં આ અભિપ્રાય છે–ભગવાને વનિતાના જ ઉત્સવમાટે જેમ વેષ ધર્યો તેમ વનિતાએ પણ ભગવાનના ઉત્સવને માટે ભગવાનને અભિપ્રેત વસ્ત્ર, ભૂષણ વગેરે ધર્યાં. ભગવાનનો અભિપ્રાય તો પોતે ધરેલા પીતાંબર વગેરેની કાન્તિને ઉત્પન્ન કરે એવાં નીલ વસ્ત્ર, રાતાં કંચુકી, વગેરે તેઓ ધરે, એમ છે તેથી તેમણે પણ તેવો જ શૃંગાર ધર્યો એમ જાણવું. એ રીતે પ્રભુએ ઇચ્છિત શૃંગાર વગેરે રસમાં પણ તેઓ અનુકૂલ જ છે, તેથી આ ઉત્સવમાં શૃંગાર છતાં જેમને અલંકાર વગેરેથી ઉત્સવ ન થયો તેમનું વનિતાપણું રંડાના (વિધવાના) વનિતાપણામાફક વ્યર્થ જ છે, એમ સિદ્ધ થયું.

[3]તેમાં પણ મનોહર અંતઃકરણ પણ અલંકારનો હેતુ છે; ત્યાં અંદરના અલંકારો પ્રેમ, જ્ઞાન, વગેરે છે. દિવ્ય દૃષ્ટિથી દર્શન, અને પ્રેમ, જ્ઞાન, વગેરે અલંકારોથી હૃદયમાં ભગવાનનો અનુભવ કરવો, એમ સર્વે ઉપાય કહ્યા. [4]ઉદ્દીપન કરી રસનો અનુભવ કરાવનાર કવણિત (આલાપાયેલા) ગીતનું શ્રવણ વિલંબવિના વિમાનમાંથી કર્યું. 'તેમની દિવ્યદૃષ્ટિ તો સર્વદાની છે, ત્યારે તેમનું આગમન હમણાં જ કેમ થયું?' એમ શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છે કે પાસે આવીને પહેલાંની માફક જ કવણિત ગીતનું શ્રવણ કર્યું. અહીં 'કવણિત' પદની આવૃત્તિ કરવી, એ અભિપ્રાયથી 'क्वणितश्च'માં 'च'કાર મૂક્યો. અર્થાત્ કવણિતને અને કવણિતવેણુના વિચિત્ર ગીતને એમ સમાસ કરવો.

---

* જેમ ઉકારાન્ત 'વિષ્ણુ'નું સાતમીના એકવચનનું રૂપ 'વિષ્ણૌ' થાય છે, તેમ ઉકારાન્ત મિશ્રણના અર્થમાં 'યુ' શબ્દનું સાતમીનું એકવચન 'યૌ' થાય છે.

જ સર્વ રસ છે, એવો નાટ્યશાસ્ત્રનો સિદ્ધાન્ત છે; બીજાનું રસત્વ જ તેઓ માનતાં નથી.[૫] જેમ મહાપુરુષો સુવર્ણનાં આભરણ, ઉપકરણ અને ભૂષણ કરે છે, તેમ શૃંગારમાં જ સર્વ રસ છે.[૬] જો એમ ન હોય તો રસિકોની તેમાં રુચિ ઉત્પન્ન થાય નહિ, તેથી તે ગીત પણ વિચિત્ર છે. જો કે તે દેવીઓ છે; દેવતારૂપ છે; પૂજ્ય જ છે; તેમાં પણ વિમાનથી જ છે ગતિ જેમની એવાં 'વિમાનગતિ' દેવી ભોગ્ય પણ નથી, તેમ દુઃખ સહન કરવાનો તેમનો સ્વભાવ પણ નથી; તોપણ કામથી તેમનો સાર (વિવેક) હણાઈ ગયો છે. શરીર અને ઇન્દ્રિય કરતાં મન બલિષ્ઠ છે, તેથી કામથી જ તેમનો સર્વ વિવેક નષ્ટ થઈ ગયો છે. ભૂમિપર નહિ આવવામાં, ચરણથી નહિ આવવામાં, અને એ પોતે જાતે નહિ આવવામાં, આ પ્રમાણે હેતુઓ કહ્યા.[૭] પછી જે થયું તે 'મુમુહુઃ' એ પદથી કહે છે. તેમને અસાવધાનતારૂપ મોહાત્મિકા મૂર્છા થઈ, કેવલ ભીતર હૃદય પ્રદેશમાં જ તેમને મોહ અને મૂર્છા થઈ એટલું જ નહિ પણ ઉપર અને નીચે પણ મૂર્છા થઈ, તે જેમના અંબોડાઓનાં પુષ્પો ખરી પડ્યાં અને જેમના અંદરના વસ્ત્રની ગાંઠ છુટી ગઈ, એ પદથી કહે છે. કેશ અને વસ્ત્રની ગાંઠ છુટવાથી પરલોક અને આલોકના ફલનો પરિત્યાગ જણાવ્યો. દેવતા હોવાથી તેમનું મરણ થયું નહિ, વિમાનમાં ગતિવાળાં હોવાથી તેઓ નીચે પડી ગયાં નહિ; અને વિવેકનો અભાવ થઈ જવાથી કાંઈ પણ ઉપાય કરીને પણ પોતાની મેળે તેઓ આવી શક્યાં નહિ. ભગવાનના ઉપયોગમાં આવે નહિ, તેવી વસ્તુમાં પણ રસ ઉત્પન્ન થાય નહિ, એવી ભગવાનની ઇચ્છાથી તેમને જે રસાભાસ થયો, તેનું વર્ણન અહીં કર્યું. તેઓ ઘણુંખરું દેવોની સાથે છે, તેઓ પોતાના પતિને શોધવાને માટે જ અહીં આવ્યાં છે;[૮]

---

[૫]ગીત શૃંગારનું ઉદ્બોધક છે, તોપણ ગીતનું સર્વરસપણું 'શૃંગાર' વગેરેથી નિરૂપણ કરે છે કે **અન્યનું રસત્વ જ તેઓ માનતાં નથી.**

[૬]સુવર્ણનું '**આ**' એટલે સર્વ પ્રકારે છે ભરણ જેમાં, એવાં '**આભરણ**' કરે છે; મધ્યાવકાશમાં લાખયુક્ત આભરણ કરતા નથી, તેમ **સુવર્ણનાં આભરણ**, ઉપકરણ અને **ભૂષણની** માફક **શૃંગારના અંગભૂત જ સર્વ રસ** છે એમ કહ્યું. [૭]શ્લોકના ત્રીજા ચરણમાં ત્રણ વિશેષણનું તાત્પર્ય '**ભૂમિ**' વગેરેથી કહે છે. તેઓ '**દેવી**' હોવાથી મરીને ભૂમિમાં અવતર્યાં નહિ, કારણ કે દેવીમાં મરણનો સંભવ નથી. તેઓ **વિમાનગતિવાળાં** હોવાથી પગે ચાલીને આવ્યાં નહિ; બીજાના ભયથી વિમાનને છોડીને ગુપ્ત રીતે પગે ચાલીને આવ્યાં નહિ; કારણ કે વિમાનમાં જનાર દેવીનો ભૂમિને ચરણથી સ્પર્શ થવો સંભવતો નથી, અને તેઓ '**કામદેવથી સાર વગરનાં થઈ ગયાં**' તેથી પોતે પણ ન આવી શક્યાં; તેમ જ તેઓ ચતુરાઈથી વિમાનને ભૂમિમાં લઈને ન આવ્યાં. અહીં આ પ્રકારે વિવરણ છે, તેથી એમ જ અર્થ જાણવો. તેમનો જે '**વિવેક**'**નો નાશ થયો**, તેનું જ કાર્યદ્વારા વિવરણ '**ભૂમિ**' વગેરેથી કરે છે. [૮]દેવનું મરણ નથી, એમ પ્રથમ અધ્યાયમાં '**गिरं समाधौ**' એ શ્લોકમાં 'अमराः' એ સંબોધનથી કહ્યું છે, તેનું જ વ્યાખ્યાન અહીં 'દેવસહિતાનામ્' એ પદથી કર્યું. તેથી યોગીની માફક એક રૂપે તેઓ અવતર્યાં છે, અને તેમનું પૂર્વરૂપ તો ત્યાં જ છે, અને તેથી અહીં '**દેવસહિત**' પદથી જે દેવ કહ્યા તે ત્યાં રહેલા દેવ જાણવા. યુગલગીતના બીજા યુગલમાં પણ 'सहसिद्धैः' એમ કહેવામાં આવશે, તે જ પ્રમાણે અહીં પણ '**દેવસહિત**' એમ કહ્યું, કેવલ દેવીનું વિમાનમાં આવવું પ્રસિદ્ધ નથી, તેથી અહીં **દેવસહિત** કહ્યું: ઘણુંખરું સ્ત્રીને સ્વર્ગમાં ત્યજીને જે દેવ અહીં અવતરેલા છે તે કેવલ **દેવની સ્ત્રીઓ** આ દેવી છે. દેવલોકમાં રહેલી **સર્વ સ્ત્રીઓ અપ્સરા** છે, એ આશયથી આભાસમાં બહુવચન કહ્યું છે. જો કે દેવીની સાથે દેવ હોય ત્યારે જ દેવીઓ વિમાનગતિવાળી હોય છે, તેથી **દેવસહિત** એમ કહ્યું; તોપણ મૂલમાં '**દેવતા**' પદ નથી,

ભગવાન્‌નાં દર્શન કરીને સર્વે પોતાની પૂર્વાવસ્થા ભૂલી ગયાં.[૯] 'ભગવાન્ જ અમારા પતિ થાઓ' એવું તેમને થયું, ત્યારે અમને તેમ થાય તે યુક્ત જ છે.

**સુબોધિનીજી**:—ગાયોનું અને વાછરડાંનું ચરિત્ર 'गावः' શ્લોકથી કહે છે:—

**गावश्च कृष्णमुखनिर्गतवेणुगीतपीयूषमुत्तभितकर्णपुटैः पिबन्त्यः ।**
**शावाः स्नुतस्तनपयःकवलाः स्म तस्थुर्गोविन्दमात्मनि दृशाश्रुकलाः स्पृशन्त्यः ॥१३॥**

**ઉંચા કરેલા કર્ણરૂપી પડીઆથી કૃષ્ણના મુખમાંથી નિકળેલા વેણુગીતરૂપી અમૃતનું પાન કરનાર ગાયો, અને સ્તનમાંથી ઝરતા દૂધનો ઘુંટડો જેમના મુખમાં છે એવાં વાછરડાં, પોતાનાં નેત્રમાં અશ્રુબિન્દુ આવતાં અંતઃકરણમાં જ ગોવિન્દને સ્પર્શ કરતાં ઉભાં રહ્યાં. ૧૩.**

**સુબોધિનીજી**:–શ્લોકમાં 'च' મૂકવાથી એમ સૂચવ્યું કે ગાયોની પણ તેવી દશા થઈ ગઈ. ઉત્તમ(દેવસ્ત્રીઓ) અને અધમ(ગાય)ના મધ્યમ (સાયુજ્યરૂપી) અભિલાષનું અહીં નિરૂપણ કરે છે. સાયુજ્ય અસંભાવિત હોવાથી ગાયને મોહ થાય છે, ગાયો વેણુમાત્રમાં આસક્ત હોવાથી તેમને તેમ થતું હશે' એ શંકાનો નિરાસ કરવાને 'कृष्णमुखनिर्गतवेणुगीत–કૃષ્ણના મુખમાંથી નિકળેલું જે વેણુગીત' એવું પદ વાપર્યું છે.[૧] શંકા–બહુ જણા વગાડનારા હોય અને

---

તેથી અરુચિથી બીજો પક્ષ પણ કહે છે કે **ઘણુંખરું** અહીં અવતરેલા કેવલદેવની સ્ત્રી આ દેવી છે, આ પક્ષમાં અવતરેલા ગોપનું જ પુરુષત્વ કહ્યું, તેથી કારિકામાં પણ વિરોધ ન રહ્યો.

[૯] પોતાના પતિ અહીં અવતરેલા છે, તેમનું અવતારમાં જે સ્વરૂપ છે, તેને શોધવાને માટે આ દેવીનું આવવું અહીં થયું છે, ભગવાનને માટે આવવું તો ભયથી સંભવતું જ નથી, તેથી 'प्रायेण–ઘણુંખરું' કહ્યું છે. નિર્ભયતાથી ભગવાન્‌નાં દર્શનને માટે આવવું તો ઇન્દ્રના અભિષેકપછી કહેવાશે, અને તેથી બીજા ગીતમાં તો દેવીનું આવવું ભગવદ્દર્શનને માટે છે. તેઓ આવ્યાં તો પોતાના પતિને શોધવા, પરન્તુ **ભગવાન્‌નાં દર્શન કરીને, સર્વે પોતાની પૂર્વાવસ્થા ભૂલી ગયાં.**

[૧] **વિવેચન**:–ઇચ્છિત વસ્તુની અપ્રાપ્તિથી ગાય પણ મૂર્છિત થઈ ગઈ; અતિ મોહિત થઈ ગઈ. સાત્ત્વિકપણાને લીધે ઉત્તમ દેવસ્ત્રીનો અને તામસપણાને લીધે **અધમ ગાયના** યથોચિત સેવાફલ ગ્રંથમાં કહેલા **'સાયુજ્ય'** નામના **મધ્યમ અભિલાષનું અહીં નિરૂપણ કરવામાં આવે છે.** સાયુજ્યનું સ્વરૂપ સેવાફલની વિવૃતિમાંથી સમજી લેવું. અથવા **'ઉત્તમ'** શબ્દથી અહીં હરિણીનું ગ્રહણ કરવું, કારણ કે નેત્રદર્શનથી વ્રજસીમંતિનીના નેત્રનું સ્મરણ કરાવનાર હોવાથી, ભગવાનને પ્રિય હોવાથી હરિણીને ધન્ય છે, એમ કહેવાઈ ગયું છે; અને **'અધમ'** પદથી **'ગાય'**નું ગ્રહણ કરવું, કારણ કે તેઓ શૃંગારરસમાં ઉપયોગી થઈ શકતી નથી. અથવા ગાયના મોહમાં હેતુ કહે છે, કે સાત્ત્વિકનો અને અધમ–તામસના રાજસ દેહાભિલાષનું નિરૂપણ કરવામાં આવે છે. ગાયના મોહમાં હેતુ કહે છે કે પોતાને અભિલષિત સાયુજ્યના અસંભાવિતપણાથી તેમને મોહ થાય છે. **'અધમ'** પદથી શૃંગારરસમાં ઉપયોગી નહિ એવી ગાય સમજવી, તેથી તેને (ગાયને) અસંભાવિતપણાથી મોહ થાય છે એમ કહ્યું. હરિણીને માત્ર ભગવદ્દર્શનની ઇચ્છા છે; ગાયને ભીતર દર્શન અને સ્પર્શમાત્રની અભિલાષા છે. અપ્સરાનો રમણનો અભિલાષ પૂર્વપ્રકારે સર્વોત્તમ છે, તેની અપેક્ષાએ હરિણીનો અને ગાયનો અભિલાષ **મધ્યમ** છે. 'ગાય બીજાએ કરેલા વેણુનાદમાં પણ આસક્ત થઈને કાન ઉંચા કરતી હશે', એ શંકાનો પરિહાર કરવાને કહે છે કે **'કૃષ્ણે કરેલા વેણુનાદથી** જ **કાન ઉંચા કરે છે.** પશુને એવું ખાસ જ્ઞાન તો હોતું નથી, એ પ્રસિદ્ધ છે; એમ સૂચન

કોઈના મુખનું દર્શન ન થતું હોય, ત્યારે બીજાથી વિલક્ષણતાનું અનુસંધાન ન હોય તો ભગવાન્‌ના મુખમાંથી આ વેણુગીત નીકળેલું છે, એમ જ્ઞાન તેમને કયે પ્રકારે થાય ? તેનો ઉત્તર 'પીયૂષ' વગેરે પદથી આપે છે; તે (વેણુગીત) તો **અમૃત** છે, તેથી તેને જણાવનાર બીજું કોઈ ન હોય તોપણ તેની મેળે જ તે માલૂમ પડે છે.[2] સદાનન્દ વાચ્ય છે, મુખ વાણીનું અધિપતિ છે, નિર્ગમન વાણી છે, વેણુ બીજા સર્વને વિસ્મરણ કરાવનાર છે, અને ગીત છ ગુણવાળું છે, એમ સર્વે સામગ્રી કહેવાને આ સર્વ પદ કહ્યાં છે, નહિ તો 'कृष्णगीतपीयूष' એટલું જ કહેત.[3]

---

કરવાને 'हि' પદ છે. આથી કૃષ્ણે **કરેલા નાદથી** જ **કર્ણ ઉંચા** કરે છે; બીજા નાદથી નહિ, એમ સૂચન કર્યું. અથવા આ મોહ ઉપર કહેલા નાદને લીધે નથી; પરન્તુ બીજા કારણથી છે, એમ 'તાઃ' (તેમને) તેમ થતું હશે, એ શંકા કરીને **'કૃષ્ણના મુખથી નિકળેલું એવું વેણુગીત છે,'** એમ સમાધાન પણ કરે છે.

[2]તેનું અમૃતરૂપ સ્વરૂપ જ તેને જણાવી આપે છે. આ નાદમાં વિશેષ કહેવાને 'પીયૂષ' પદનો અર્થ કરે છે કે તે **સદાનન્દ વાચ્ય છે**; બીજું ગીત તેના બોલનારનું વાચક હોય જ એમ જો કે નિયમ નથી, તોપણ ભગવાનથી અધિક તો કોઈ પણ ન જ હોય; ભગવાને ગાયેલું ગીત સદાનંદવાચક જ છે, તેથી **સદાનન્દે** ગાયેલ ગીતનો વાચ્ય અર્થ પણ **સદાનન્દ** જ છે, એ જ આ નાદમાં વિશેષ છે. બીજાએ ગાયેલો (આલાપેલો) નાદ તો સા રી ગ મ વગેરે સ્વરમાત્ર છે, અને અહીં તો નાદ સદાનંદરૂપ છે, તેથી નાદમાં રહેલા રસના અનુભવને માટે અહીં જ નાદમાં **કર્ણ ઉંચા** થાય છે, બીજાએ કરેલા નાદમાં કાંઈ તેમ થતું નથી.

[3]'ત્યારે તો આ **'કૃષ્ણગીતરૂપી અમૃત'** એમ જ પદ કહેવાનું હતું, તેથી અધિક કહેલું નકામું છે,' એમ શંકા થાય તો તેના ઉત્તરમાં **'સદાનન્દ વાચ્ય છે'** એ પદ કહે છે. અહીં આ ભાવ છે—ગયા શ્લોકમાં વસ્તુના સામર્થ્યથી—ભગવાન્‌ના સ્વરૂપથી દેવસ્ત્રીનો મોહ જ કહ્યો, પરન્તુ તેમને 'રસપાન પ્રાપ્ત થયું' એમ કહ્યું નથી, અને ગાય તો ભગવદીય છે, ભગવાન્‌ની સાથે છે અને ભગવાન્‌ને પ્રિય છે; તે કારણથી **'ગાયે રસપાન કર્યું'** એમ કહે છે.

**શંકાઃ**—જ્યાં દેવસ્ત્રીને પણ મોહ થયો ત્યાં આ ગાયને તે પશુજાતિ હોવાને લીધે તેને તે રસપાન તો અસંભવિત જ હોય ?

**ઉત્તરઃ**—આ કાંઈ સાધારણ ગાન નથી, પરન્તુ તેમને પણ જે પ્રકારે રસનો અનુભવ થાય તે પ્રકારે **સર્વ સામગ્રીના** પ્રાકટ્યસહિત ગાન છે, તે જણાવવાને **'કૃષ્ણના મુખમાંથી નિકળેલું વેણુગીત'** એમ પદ કહ્યું, અને તેથી જ આગળ હૃદયમાં પ્રાકટ્ય અને સ્પર્શનું પણ કથન કર્યું. આધિદૈવિકના સંબંધમાત્રથી જ્યાં આધ્યાત્મિકને અને આધિભૌતિકને પણ કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે, ત્યાં સાક્ષાત્ આધિદૈવિકને કાર્ય કરવાનું સામર્થ્ય હોય તેમાં કહેવું જ શું ? એમ **'મુખ વાણીનું અધિપતિ છે'** વગેરે કહ્યું, તેનું તાત્પર્ય છે. અહીં 'આદિ' પદથી ત્રણમાં કૈમુતિકપણું સમજવું. અર્થાત્ જ્યાં ત્રણે સાધન આધિદૈવિક કરણ છે—મુખ દેવતા છે, વાણીના નિર્ગમનરૂપ વિષય ઇન્દ્રિય છે, અને બીજાને વિસ્મરણ કરાવનાર દ્વાર છે; એવા શબ્દથી રસનો અનુભવ થાય તેમાં તો કહેવું જ શું ! એમ કૈમુતિકન્યાયથી રસપાન સૂચિત થયું. 'ભગવાનમાં ગોલક દેવતા છે, અને ઇન્દ્રિય વિષય છે,' એમ બીજા સ્કન્ધમાં સિદ્ધ કર્યું છે, તેથી **'મુખ'** પદ દેવતાવાચક છે, અને **'નિર્ગમ'** પદ ઇન્દ્રિયવાચક છે, આ પ્રમાણે શબ્દમાં રહેલા રસની પ્રાપ્તિમાં સાધનની સંપત્તિ કહી. ભગવાન્‌નું મુખ વાણીના અધિપતિ અગ્નિ છે, કારણ કે અગ્નિ વાણીના દેવતા છે; તેથી મુખ તાપજનક છે, એમ સૂચિત કર્યું. તેથી **ભગવાન્‌ના મુખમાંથી નિકળેલું વેણુગીતરૂપી અમૃતનું** પાન જો કે કરે છે, તોપણ તે **પીયૂષ** પુષ્કલ

બીજા ગીતરૂપી પીયૂષની નિવૃત્તિ કરવાને માટે **'ઉંચા કરેલા કર્ણ'** એમ કહ્યું. દરેક ક્ષણે નવા કર્ણ છે, તેથી દરેકને બહુ કર્ણ કહેવા તે પણ યોગ્ય જ છે. 'પડીઆ' શબ્દથી તે અમૃતના પાનને માટે જ આ કર્ણ સંપાદન કરેલા છે એમ જણાવ્યું. પાંદડાના પડીઆમાં ફરીથી બીજું કાંઈ કાર્ય થતું નથી. ચષક (ચમચો) વગેરે તો ઘણા કાર્યમાં ખપ લાગે. પડીઆ બહુ છે, તે દરેક ક્ષણે નૂતન રસનો બોધ કરે છે. વ્યવસ્થા તો પૂર્વે કહેલી જ સમજવી, 'चूतप्रवाल' શ્લોકમાં કહ્યું છે કે અમુક પ્રકારની પ્રણાડીથી રસ બહાર પ્રકટ થાય તોપણ રસના નિત્યત્વને હાનિ આવતી નથી,)[४] 'शावाः' એટલે બાલકો; હરિણ વગેરેના, અથવા બીજા જીવોના,

---

રસાલ હોવાથી, તેને વિષે અત્યંત આર્તિ હોવાથી બહુ પાન સંભવે છે, એમ પ્રયોજન સિદ્ધ થયું; વળી 'વાચ્યના અર્થનું અજ્ઞાન હોવાથી રસસ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તે કાર્યનો સંભવ નથી' એ શંકાનો નિરાસ 'કૃષ્ણ' પદનો અર્થ **સચ્ચિદાનન્દ–સદાનન્દરૂપ** કહીને અહીં કર્યો. **'અર્થ'** સ્વરૂપાત્મક છે, તેથી તે પોતે જ પ્રકટ થાય છે; તે કારણથી જ્ઞાનના સાધનની અહીં અપેક્ષા નથી, તેથી પણ પશુપણું અહીં પ્રતિબંધક નથી, તેથી સર્વે ઘટી શકે છે. વળી **'કૃષ્ણના મુખમાંથી નિકળેલું'** તેમાં પણ પરંપરા સંબંધવાળું **પીયૂષ** જ્યાં આવું છે, અને પશુ પણ જ્યાં આવાં છે, ત્યાં સાક્ષાત્ મુખપાન કરનાર શ્રીસ્વામિનીજીમાં તો કહેવું જ શું ? એમ ઉત્કંઠા જણાવવાને પણ અહીં નિર્ગમન વગેરે કહ્યું છે, વળી મુખ અગ્નિ હોવાથી સાક્ષાત્ તેના પાન કરનારમાં કદાચિત્ તે અમૃત ઉત્કટ તાપ પ્રગટ કરે છે, પરન્તુ આ **'અમૃત'** તો **કૃષ્ણના મુખારવિન્દમાંથી નિકળેલું** છે, તેથી સદા જ આનન્દજનક જ છે; તાપજનક નથી, તેથી કૃષ્ણમુખથી ભિન્ન હોવાથી અને પરંપરાસંબંધથી તાપધર્મનો તેમાં સંભવ નથી, અને તેથી જ સાક્ષાત્સંબંધપછી જેવો તાપ થયો તેવો તાપ પહેલાં ન હતો; પરન્તુ સહજ સંબંધથી કાંઇક તાપને ઉત્પન્ન કરે છે, એમ જણાવવાને **'કૃષ્ણના મુખારવિન્દમાંથી નિકળેલું'** એમ પદ કહ્યું. ભગવદ્ગીત સર્વ જ સદાનન્દવાચક છે ત્યારે ગયા શ્લોકમાં કહેલી દેવસ્ત્રીને રસનો અનુભવ કેમ ન થયો ? એ શંકાનો પરિહાર **'મુખ'** વગેરેથી કરે છે. ત્યાં સામગ્રી ગુપ્ત જ સ્થાપેલી હતી; અહીં તો તે પ્રકટ છે, એમ **'કૃષ્ણના' 'મુખમાંથી' 'નિકળેલું'** એમ ત્રણ શબ્દથી સૂચિત કર્યું. 'द्वया ह प्राजापत्याः' શ્રુતિમાં આધિદૈવિકની સાથે ઇન્દ્રિય કાર્ય કરે છે, એમ કહ્યું છે; તેથી તેવો જ શબ્દ જ્ઞાન ઉત્પન્ન કરે છે. તેથી દેવતા અને વાણીની ઇન્દ્રિય શબ્દનિષ્ઠરસની પ્રાપ્તિમાં સામગ્રી છે; બીજાની વિસ્મૃતિ થાય, ત્યારે જ સંપૂર્ણ રસનો અનુભવ થાય, તેથી બીજાની વિસ્મૃતિ એ પણ સામગ્રી છે. શબ્દના બોધમાં શબ્દ સાધન હોવાથી તેના સંબંધી ધર્મો અહીં **'સામગ્રી'** છે. એમ સામગ્રીનો વિશેષ કહીને સ્વરૂપનો પણ વિશેષ કહેવાને **'ગીત'** વગેરે કહે છે. પૂર્વોક્ત **ગીત** વિચિત્ર સર્વરસવાળું હતું, એમ કહેવાયું છે; પરન્તુ આ **ગીત** તો **'અમૃત છે'** એમ કહ્યું, તેથી આ ભગવદ્રૂપ છે; 'છ ગુણ છે આત્મામાં જેના' એવું છ **ગુણવાળું** આ ગીત ભગવદ્રૂપ છે. અધરસુધાનું છ ગુણપણું આગળ કહેવાશે, તેથી અપેક્ષિત સામગ્રી કહેવાને **'મુખ'** વગેરે ત્રણ શબ્દ કહ્યા.

[४]અથવા 'निर्गमनं वाग्'નો અર્થ આ પ્રકારે કરવો–પ્રથમ આસન્યરૂપની નિર્ગમ(નિકળવાની)-દશામાં જ વૈખરી વાણીરૂપે નિકળવું, તે જ **વાણી** છે. જો એમ ન હોત તો **'કૃષ્ણના મુખમાંથી નિકળેલું'** એમ ન કહેતાં **'કૃષ્ણગીતપીયૂષ'** પદ જ કહેત. એ ત્રણ પદનું તાત્પર્ય સામગ્રી પ્રકટ કરવાનું ન હોત તો એ જ પદ કહેત. ત્યારે 'કર્ણ ઉંચા કરવા' તે શા માટે ? એમ શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે બીજા ગીતના પ્રવેશને દૂર કરવાને **કર્ણ ઉંચા કરવાનું** કહ્યું છે; કારણ કે **દરેક ક્ષણે નવા કર્ણ** છે. એક રસથી ભરેલા પડીઆમાં બીજા રસનો અવકાશ સંભવતો નથી,

અથવા ગાયોના જ, અથવા ગોકુલના જે અતિબાલકો હોય તે. **સ્તનમાંથી ઝરતા દૂધનો ઘુંટડો જેમના મુખમાં છે એવાં બાલકો–વાછરડાં.** એ દૂધ ગળામાંથી અંદર પેટમાં જઈ શકતું નથી, આ બાબતનો સન્દેહ થાય તો પ્રમાણ કહે છે કે 'स्म' એટલે આ બાબત જાણીતી છે.[5] ગાયો અને વાછરડાં તેવીજ સ્થિતિમાં રહ્યાં. બન્નેની તેવી સ્થિતિ થવાનું કારણ એ કે આંખમાં **અશ્રુનાં બિન્દુ આવતાં** અંદર આત્મામાં ગોવિન્દનો સ્પર્શ તેઓ કરતાં હતાં. તેઓને બહારનું જ્ઞાન નહોતું, તેથી તેઓ ભગવાન્‌નો અંદર **અંતઃકરણમાં સ્પર્શ કરતાં હતાં.** તેમાં પણ બંધ કરેલાં **ચક્ષુથી ભગવાન્‌નો સ્પર્શ કરતાં હતાં;** અર્થાત્ તેમને ભગવાન્‌ની ભાવનામાત્ર નહોતી, પણ ભગવાન્ પ્રકટ હતા; જો એમ ન હોય તો પોતાની ભગવત્તુલ્યતા કેવી રીતે સ્ફુરે?[6] બહાર અદર્શનમાં હેતુ કહે છે કે અશ્રુની છે કલા(બિન્દુ) જેમને એવી ગાયો હતી.

---

તેમ એક એક ક્ષણસંબંધી નાદરસ પણ 'રસ' હોવાથી, તે રસથી પૂર્ણ પડીઆમાં બીજી ક્ષણસંબંધી નાદરસનો પ્રવેશ સંભવતો નથી, તેથી તેના પાનને માટે બીજા પડીઆની અપેક્ષા રહે છે, અને તેથી **પ્રતિક્ષણે નવા કર્ણપણું** છે. નહિ તો કર્ણવિના નાદનું ગ્રહણ જ સંભવે નહિ, અને બીજા રસનું પાન જ થઈ શકે નહિ. અહીં આમ સમજવું–ભગવત્સંબંધી અર્થ લૌકિક ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી, પરન્તુ અલૌકિક ઇન્દ્રિયથી જ ગ્રાહ્ય છે, અને તેમાં પણ પ્રભુની આપવાની ઇચ્છા જ હેતુ છે, તેથી તે **ઇચ્છાથી જ તેને પ્રાપ્ત કરવાના સાધનની સંપત્તિ થઈ રહે છે**, તેથી અહીં કાંઈ પણ અયોગ્ય નથી. પ્રત્યેક ક્ષણમાં પણ ગાયો બહુ હોવાથી કર્ણનું પણ બહુવચન યુક્ત જ છે. અહીં 'પુટ' શબ્દથી રસના પાનને માટે જ તેમના કર્ણ ઉત્પન્ન કરેલા છે એમ સમજવું. પાંદડાના પડીઆમાં ફરીથી બીજું કાર્ય થઈ શકે નહિ, અને ચષક (ચમચા) વગેરે પણ બહુ ગાયોને માટે વનમાં ઉચિત નથી; **પડીઆ** બહુ છે, તે રસમાં પ્રતિક્ષણ નવીનપણું જણાવે છે. 'પરન્તુ એમ રસનું પ્રતિક્ષણ નવીનપણું સ્વીકારતાં રસના જ નિત્યત્વની હાનિ થશે?' એમ શંકા થાય તો કહે છે કે એ વ્યવસ્થા તો **'ચૂતપ્રવાલ'** શ્લોકમાં પહેલાં જ કહી ગયા છીએ. એ શ્લોકમાં કારિકાઓથી તે વ્યવસ્થા સ્પષ્ટ કરી છે, તેથી પ્રણાડીને લીધે પ્રાકટ્યના પ્રકારમાં ભેદ હોય તોપણ રસમાં નિત્યતાની હાનિ થતી નથી.

[5] કોઈક મોટાં હોય તે વ્રજમાં જ સ્થિતિ કરે છે, તેથી તેવાંના મુખમાં ઘુંટડાનું રહી જવું સંભવતું નથી, તેથી **અતિબાલકો** એમ કહ્યું. અથવા સંધ્યાકાલે ગાયોના વ્રજમાં આવ્યા પછી જ બાલકને એમ થાય છે; તેથી મોટાં વાછરડાંમાં પણ તે સંભવે છે, તેથી 'अति' પદ જરુરનું નથી. સ્તનમાંથી ગ્રહણ કરેલો દૂધનો ઘુંટડો તે 'स्तनपयःकवल' એમ મધ્યમપદલોપી સમાસ કરવો. પછી 'સ્રુત છે સ્તનપયઃકવલ જેમનો એવા **શાવાઃ**–બાલકો' એમ બહુવ્રીહિ સમાસ કરવો. અર્થાત્ માતાના સ્તનમાંથી ગ્રહણ કરેલ દૂધનો ઘુંટડો જેમના મુખમાંથી સ્રવે છે (બહાર નિકળે છે) એવાં, કારણ કે તે પયનો અન્તઃપ્રવેશ થતો નથી, એવાં તે વાછરડાં છે. ગ્રહણની માફક જ નાદશ્રવણમાં ગળવાની ક્રિયા નિવૃત્ત થઈ જાય છે, તેથી દૂધનો અંદર પ્રવેશ થતો નથી; અને તેથી તેનો સ્રાવ થાય છે. ગ્રહણના અને ગળવાના વચમાં કાલ અલ્પ છે, તેથી આ સંદેહાત્મક છે, અને તે સંદેહના નિવારણને માટે પ્રસિદ્ધિવાચક 'स्म' પદ મૂકીને પ્રસિદ્ધિના હેતુરૂપ પ્રત્યક્ષ જ પ્રમાણ છે, એમ સૂચન કર્યું.

[6] મોહ ગાયમાં જ છે, અને દૂધનો સ્રાવ વાછરડાંમાં છે, પરન્તુ ક્રિયાની નિવૃત્તિ તો બન્નેમાં છે, અને બન્નેની ક્રિયાની નિવૃત્તિનો હેતુ 'ગોવિન્દ' પદથી કહે છે. નેત્રથી આત્મામાં ગોવિન્દનો સ્પર્શ કરવો, એ તેમની ક્રિયાની નિવૃત્તિમાં હેતુ છે; **તેઓને બહારનું જ્ઞાન નહોતું, તેથી ભગવાન્‌નો અંદર–અંતઃકરણમાં સ્પર્શ કરતાં હતાં.**

**શંકાઃ**–પણ આ સર્વ તો પ્રાકટ્ય હોય ત્યારે જ ઘટિ શકે, પણ તે પ્રાકટ્યમાં જ પ્રમાણ શું?

ગાયના હૃદયમાં પ્રકટ થવામાં દોષ નથી, કારણ કે ભગવાન ગાયોના ઇન્દ્ર છે; તે સૂચન કરવાને 'ગોવિન્દ' પદ મૂક્યું છે.[૭] ૧૩.

---

ઉત્તરઃ–પ્રાકટ્યવિના સ્પર્શ ઘટી શકતો જ નથી, તેથી પ્રાકટ્ય સિદ્ધ જ છે; **તેમાં પણ નેત્રથી–બંધ કરેલાં ચક્ષુથી–ભગવાનનો** સ્પર્શ કરે, અહીં વર્તમાન કૃદન્ત 'स्पृशन्त्यः' પદ વાપર્યું છે, તેથી એ કાંઈ ભાવનામાત્ર નથી; પરન્તુ ગોવિન્દ પ્રકટ જ છે એમ જણાવ્યું; **નહિ તો પોતાની ભગવત્તુલ્યતા કેવી રીતે સ્ફુરે?** વાછરડાંની પણ ક્રિયાની નિવૃત્તિ કહી, તેથી 'स्पृशन्त्यः' એ નારીજાતિનો પ્રયોગ પણ ક્રિયાની નિવૃત્તિમાં હેતુ છે. વાછરડાંને તો કાંઈક સ્પર્શ પ્રાપ્ત છે; ગાયને તો ઉપરના અર્ધા શ્લોકમાં કહ્યાપ્રમાણે રસપાનથી સર્વથા જ સ્પર્શ છે; નહિ તો હીન જાતીયમાં બ્રહ્મના અપ્રાકટ્યમાં તુલ્યતાની સ્ફૂર્તિથી સ્પર્શ કેવી રીતે સંભવે? અર્થાત્ જ્યારે હીન જાતીયમાં બ્રહ્મનો આવિર્ભાવ થાય ત્યારે તુલ્યતાની સ્ફૂર્તિથી સ્પર્શ સંભવે છે. આ આવિર્ભાવ ઔપચારિક–ગૌણ–નામનો નથી, એમ કહેવાને કાર્યદ્વારા પણ પરિચય કરાવે છે કે **જો એમ ન હોય તો** ઉપર કહેલા મોહના પ્રયોજનરૂપ **પોતાની ભગવત્તુલ્યતા કેવી રીતે સ્ફુરે?**

[૭]હીનમાં રહેલા ભગવદાવિર્ભાવમાં પણ ભાવના આભાસરૂપ દોષ નથી, એમ સિદ્ધ કરવાને 'ગોવિન્દ' પદ મૂક્યું છે; કારણ કે આ ગોવિન્દ તો તેમના ઇન્દ્ર છે; પુષ્ટિમાર્ગીય પરમ ઐશ્વર્યને પ્રાપ્ત એવા ઇન્દ્ર છે, તેથી ત્યાં મર્યાદાનું ઉલ્લંઘન એ દૂષણ નથી પણ ભૂષણ છે.

**શ્રીહરિરાયજીકૃત સ્વતંત્ર લેખનું વ્યાખ્યાન—**

**શંકા**ઃ–ભગવદ્ભાવનો ઉદ્બોધ કરવો, એ વેણુનાદનો સહજ ધર્મ છે; તો તેના શ્રવણથી અપ્સરાને કામભાવનો ઉદય થઈને મોહની ઉત્પત્તિ કેમ થઈ?

ઉત્તરઃ–તે વેણુનાદની જ કૃપાથી મને આ પ્રકારે જણાય છે–વેણુનાદ સર્વને મૂલથી કામનો ઉદ્બોધક જ કરે છે. એનું પ્રમાણ એ છે કે 'मन्मथस्य अग्रदूतः' 'કામનો પ્રથમ દૂત' એવું વાક્ય છે, અને તેથી જ પૂર્વે પણ સ્વામિનીઓને વેણુનાદના શ્રવણથી તે જ ભાવ ઉત્પન્ન થયો હતો, 'वेणुगीतं स्मरोदयं नाशकन् स्मरवेगेन' વગેરે વાક્ય અહીં પ્રમાણ છે, તેથી સ્વામિનીની માફક જ્યાં વેણુનાદદ્વારા પ્રવેશ કરવાને, અને જ્યાં નદી, વૃક્ષ, લતા, વગેરેમાં સ્વામિનીઓની સાથે વિહાર કરવાને, તેમને તેટલી જ લીલાસંબંધી કાર્યમાં ઉપયોગી કરી દેવાને વેણુનાદ કરે છે; અથવા હરિણી વગેરેમાં જ્યાં દૃષ્ટિની સરખામણીથી સ્વામિનીના ભાવથી દૃષ્ટિ કરનાર પ્રભુ પ્રવેશ કરવાને વેણુનાદ કરે છે, ત્યાં જ પોતપોતાના અધિકારાનુસાર ભગવદ્ભાવનો ઉદય થાય છે; તેથી અહીં અપ્સરાઓને અને બીજા ગીતમાં બ્રહ્મા વગેરેને વેણુનાદના શ્રવણથી કામદ્વારા મોહ જ થયો; પણ રસનો અનુભવ થયો નહિ.

**શંકા**ઃ–ત્યારે તો અપ્સરાઓને, શ્રવણ કરાવવાનું શું પ્રયોજન? ભગવાન્ કાંઈ પણ કાર્ય પ્રયોજનવિના કરતા જ નથી.

**ઉત્તર**ઃ–અહીં વેણુનાદનું પ્રયોજન ભગવાનના વીર્યનો બોધ કરવો એ જ છે; કારણ કે વેણુનાદમાં રહેલા છ ગુણની સિદ્ધિને માટે તે વીર્યનો બોધ આવશ્યક છે, તેથી જ 'वीर्यं देवेषु' વગેરે કારિકા કહી. એમ હોવાથી ગાયને પણ પ્રથમ તો વેણુનાદના શ્રવણથી કામદ્વારા દેવસ્ત્રીની માફક મોહ જ થયો, અને તે જ મોહનું વિવરણ 'गावश्च'માં 'च'કારનો અર્થ કહીને કર્યું. પણ પછી ભગવદીયત્વ, ભગવાન્ સાથે સંગતત્વ, વગેરે ધર્મોને લીધે ખાસ કૃપા થતાં સ્વામિનીની માફક ગાયમાં પણ વેણુનાદદ્વારા પ્રવેશ કરવાને અહીં ભગવાને જે સામગ્રી પ્રકટ કરી તે સામગ્રીનો બોધ કરવાને પહેલાંના નાદથી અધિક પ્રકારના 'બર્હાપીડમ્' શ્લોકમાં નિરૂપણ કરેલા સ્વરૂપાત્મક વેણુનાદનું નિરૂપણ 'સદાનન્દો વાચ્યઃ' વગેરેથી કહ્યું. અહીં આ ભાવ છે–કૃષ્ણનું ગીત, એમ દૂરનો

**સુબોધિનીજી:**–સંગના અને જ્ઞાનના અભાવને લીધે પક્ષીઓને વેણુગીતનું શ્રવણ અસંભવિત છે, એમ માનીને તેની સંભાવનાનું નિરૂપણ કરતા 'प्रायः' વગેરે શ્લોક કહે છે.[૧]

**प्रायो बताम्ब विहगा मुनयो वनेऽस्मिन् कृष्णेक्षणांस्तदुदितं कलवेणुगीतम् ।**
**आरुह्य ये द्रुमभुजान् रुचिरप्रवालान् शृण्वन्ति मीलितदृशो विगतान्यवाचः ॥१४॥**

સંબંધ અહીં અભિપ્રેત છે એમ જણાય છે; તેથી વાચ્યતાસંબંધથી ગીતમાં 'કૃષ્ણ' હોવાથી, ગીતનો અર્થ 'સદાનન્દ' જાણવો, અને તે 'સદાનન્દ–કૃષ્ણ' શ્રીસ્વામિનીજીનો ગૂઢભાવ છે; તેથી ગાયને હૃદયમાં અનુભવને માટે તે ભાવનું જ દાન વેણુગીતદ્વારા ભગવાને કર્યું, એમ જાણવું. વળી તાપભાવ પણ હૃદયમાં ભગવદ્‌અનુભવનું કારણ હોવાથી બહારના અનુભવમાં કામભાવની માફક આંતર અનુભવમાં તાપભાવનું દાન કરવું આવશ્યક છે, તે કારણથી ગીતમાં પરંપરાથી મુખના સંબંધનું પણ નિરૂપણ કર્યું; સાક્ષાત્સંબંધમાં બાહ્યસંબંધના અભાવમાં પણ અતિશય સહનની અશક્તિને લીધે શરીરની સ્થિતિ પણ ન રહે, તેથી જ શ્રીસ્વામિનીજીઓને પણ પંચાધ્યાયીમાં સંયોગનો અનુભવ કરાવીને પછી જ કેવલ આંતર અનુભવ કરાવ્યો. 'મુખ' શબ્દનાં વ્યાખ્યાનમાં વાણીના અધિપતિની પ્રેરણા-વિના વેણુમાં તેનો સંચાર થઈ શકે નહિ, તેથી તાપભાવનો સંબંધ વેણુને વાણીદ્વારા જ છે.

**શંકા:**–અહીં કોઈ પણ સ્થલે વાણીનું નિરૂપણ જ નથી, કે જેના દ્વારા વેણુમાં તાપભાવનો સંબંધ થાય; પણ અહીં તો નાદમાત્રનું જ કથન છે.

**ઉત્તર:**–ગીત મુખમાંથી નિકળે છે, તેથી ગીતના વિશેષરૂપ નિર્ગમન ક્રિયા તે જ વાણીરૂપ છે. લોકની માફક ભગવાનની વાણી કાંઈ તાલુ અને ઓષ્ઠની ક્રિયાથી ઉત્પન્ન થતી નથી, તેથી જ ભગવાનના નિ:શ્વસનક્રિયારૂપ (નિશ્વાસરૂપ) વેદને વાણીરૂપ કહ્યા, અને તેથી જ 'प्रजापतिर्हि वाक्' એ શ્રુતિમાં પ્રજાપતિ વેદાત્મક હોવાથી તેને વાણીરૂપ કહ્યા; વળી આંતર અનુભવમાં બહારના જ્ઞાનનો અભાવ પણ અપેક્ષિત છે, તે કારણથી તેને માટે પણ વેણુનો સંબંધ કહ્યો; કેમકે વેણુ બીજા સર્વને ભુલાવનાર છે, તોપણ જો એમ શંકા થાય કે એ રીતે પણ ગાયમાં યોગ્ય શરીર સિદ્ધ નથી, તેથી આ બધી જ સામગ્રી વ્યર્થ છે, તો તેનો ઉત્તર 'ગીત ભગવદ્વાચક છે, તેથી છ ગુણવાળું છે' એનાથી આપે છે. અસાધારણ છ ગુણ જ ભગવાનને સૂચવે છે, કેમકે 'भगवानिति शब्द्यते' એમ કહ્યું છે. વેદ પણ ગુણદ્વારા જ સર્વાત્મક ભગવદ્વાચક છે, કારણ કે "બંદી અથવા ભાટલોકો ભગવાનના પરાક્રમોનું ગુણગાનથી વર્ણન કરે છે" એમ વાક્ય છે; તે કારણથી આ ગીત ભગવદ્વાચક હોવાથી અસાધારણ જ છે, અને તેથી (ગીતથી) બીજા સર્વની વિસ્મૃતિ થવાથી પોતાના આત્મામાં ગાયોને સ્વામિનીપણાની સ્ફૂર્તિ થાય છે, તેથી ભાવાત્મક સ્વરૂપનો આંતર અનુભવ કાંઈ પણ અડચણવિના થાય, એ યોગ્ય જ છે. આ વેણુગીતનું કાર્ય યશરૂપ છે. આ પ્રમાણે અયોગ્યને યોગ્ય કરવારૂપ અસાધારણ કાર્ય જો વેણુગીત કરે નહિ તો તેનું યશરૂપત્વ જ સિદ્ધ થાય નહિ.

વેણુનાદની સુધાથી પૂર્ણ એવી ગાયો, જેમને હૃદયમાં રહેલા હરિ પ્રિય છે, અને જેઓ અત્યંત ગૂઢ છે, તેઓ પોતાની રજથી મને સ્નાન કરાવો.

[૧] **વિવેચન:**–અહીં 'શ્રવણ'નો અર્થ 'નાદનિષ્ઠ રસના અનુભવરૂપ શક્તિતાત્પર્યનિર્ધાર' કરવો. 'શ્રવણ' શક્તિતાત્પર્યનિર્ધાર નાદમાં રહેલા રસનો અનુભવ છે, તેથી જ અનુવાદમાં 'તેઓએ સર્વ તત્ત્વ જાણ્યું' એમ કહેવાશે. જેમ હરિણીને કૃષ્ણસારના સંગથી અથવા ગાયને કૃપા વડે જ જ્ઞાન-સામગ્રી પ્રકટ થતાં જ્ઞાન સંપાદન થયું તેમ અહીં નથી: તેથી પક્ષીનું શ્રવણ અસંભવિત માનીને મુનિપણાના નિરૂપણપૂર્વક શ્રવણ સિદ્ધ કરે છે.

૧. પાઠભેદ; कृष्णेक्षितम् ॥

હે મા! બહુ આનન્દની વાત છે કે આ વનમાં સુન્દર પ્રવાલવાળા ઝાડોની શાખા-ઉપર ચઢીને કૃષ્ણને વિષે પોતાનું સુખ માનનારાં, નેત્ર મીંચીને બીજી સર્વ વાણીને દૂર કરીને કૃષ્ણે કરેલા સુન્દર વેણુગીતનું શ્રવણ જે પક્ષીઓ કરે છે, તે ઘણુંખરું મુનિઓ છે.૧૪.

સુબોધિનીજી:–આ ગોપીઓ નિર્ગુણ છે, તેથી જ શ્રીયશોદાજીની સાથે તેમનો સ્નેહ છે. અથવા તેઓ શ્રીયશોદાજીના ઘરની કન્યાઓ છે. જેમ ગાયોનો, ધનનો અને રત્નોનો સંગ્રહ કરાય છે તેમ ઉત્તમ કન્યાઓનો સંગ્રહ કરવામાં આવતો; કન્યાઓને દ્રવ્યથી ખરીદ કરીને રાજાને દાનમાં આપવાને માટે ઘરમાં પાળવામાં આવતી, તે શ્રીયશોદાજી અને શ્રી-નન્દરાયજીના ઘરની કુમારિકાઓ 'अम्ब (હે મા!)' એમ સંબોધન શ્રીયશોદાજીને કહે છે. આ પક્ષીઓ મુનિઓ છે, એમ નક્કી કહેતાં નથી; કારણ કે જો નક્કી તેમ કહે તો પક્ષીને મુનિ-તરીકે જાણનાર આ ગોપિકા કોણ છે? (એનું ખરું સ્વરૂપ શું છે?) તેનો ગોપિકાસભામાં સન્દેહ થાય; માટે આ પક્ષીઓ 'ઘણુંખરું મુનિઓ છે' એમ કહ્યું. 'બત' એ પદ ખેદના અર્થમાં છે. આવી યોનિ એને કેમ પ્રાપ્ત થઈ હશે? એમ 'બત' પદથી ખેદ બતાવે છે. અથવા 'બત' એ પદ હર્ષમાટે પણ હોઈ શકે, તે એમ સૂચવે છે કે આ પક્ષીઓએ (પોતે લીલાનો અનુભવ કરવાને) આ બહુ સારો ઉપાય રચ્યો કે પક્ષીયોનિ ધારણ કરી લીધી. 'હે મા!' એ સંબોધન દયાને માટે છે. કોઇક ટીકાકાર એમ કહે છે કે તેનામાં ભગવાનના આવિર્ભાવને લીધે એ સંબોધન છે.[1] તેથી આ બોલનાર ગોપિકાના વાક્યોથી પક્ષીઓ ઘણુંખરું મુનિ જ છે, એમ સિદ્ધ થાય છે.[2] તે પક્ષીઓ મુનિ છે, મનનશીલ છે, તેથી જાણે છે કે અહીં ભગવાન્ પ્રકટ થશે;[3] તે કારણથી જ આ વનની અંદર કૃષ્ણની ભાવનાથી જ જેમની ક્ષણ (સમય) જાય છે, એવાં તેઓ શ્રવણ કરે છે; અથવા કૃષ્ણનું દર્શન કરતાં કરતાં તેમણે ગાયેલા અવ્યક્ત વેણુગીતનું વૃક્ષની શાખાઓ ઉપર ચઢીને શ્રવણ કરે છે, જ્યાંસુધી ભગવાનના વેણુનાદનું શ્રવણ થયું જ ન હતું ત્યાંસુધી ભગવાનના રૂપનાં જ દર્શન કરતાં જ તેઓ સ્થિતિ કરી રહ્યાં હતાં; પરન્તુ ભગવાને વેણુનાદનો આરંભ કર્યો, ત્યારે રૂપનું દર્શન અને વેણુનાદનું શ્રવણ બન્ને તેઓ કરવા લાગ્યાં.[4] વળી જ્યારે ત્યાંથી ભગવાન્ દૂર પધાર્યા ત્યારે ત્યાંથી ઉડીને બીજી જગ્યાએ જવામાં

[1]વિવેચન:–સર્વાત્મક ભગવાનની માતા તે સર્વની જ માતા, એમ 'અંબ' પદથી સૂચવે છે, એમ કેટલાક ટીકાકારનો મત છે, પણ આ બોલનાર ગોપીજનને વિષે ભગવાનનું પતિપણું આગળ કહેવાશે, તેથી એ વ્યાખ્યાન ઠીક નથી, એમ જણાવવાને 'કોઇક ટીકાકાર' એમ પદ મૂક્યું છે. સિદ્ધાન્તમાં તો એ ઘરની કન્યાઓ છે, તેથી કન્યાતરીકે જ 'મા' પદ વાપરે છે. બીજા પક્ષમાં પણ દયાને માટે એવું સંબોધન ઘટે છે, એ તો કહ્યું જ છે. [2]સાંભળનારતરફ઼ તેમનું મુનિપણું પોતે ઉપપાદન કરે છે કે આ બોલનાર કુમારિકા છે, તેથી ઋષિ છે; અને એ ઋષિવાક્ય હોવાથી ઘણુંખરું આ પક્ષીઓનું મુનિત્વ સિદ્ધ થાય છે. [3]મૂલમાં 'યે (જે)' પદના અર્થમાં 'જે પક્ષીઓ છે તે મુનિઓ છે, અને તેથી જ શ્રવણ કરે છે' એમ પહેલાંની સાથે સંબંધ જાણવો; પાછળની સાથેના સંબંધમાં તો મુનિપણામાં હેતુ 'શ્રવણ' થઈ જાય, શ્રવણમાં હેતુ 'મુનિપણું' ન રહે, અને તેથી ઉત્થા-નિકામાં વિરોધ પ્રાપ્ત થાય. અહીં નાદમાં સુધારૂપ ભગવાનનો પાદુર્ભાવ થશે, એમ આ મનનશીલ મુનિઓ જાણે છે, તેથી જ મુનિપણાથી અથવા ઋષિપણાથી ભવિષ્ય જાણીને આ વનમાં 'કૃષ્ણની ભાવનાથી જ જેમની ક્ષણ જાય છે, એવાં થઈને શ્રવણ કરે છે,' અથવા 'કૃષ્ણમાં જ છે સુખ જેમને,' એવા આ મુનિઓ છે; અથવા 'કૃષ્ણમાં જ છે દર્શન જેમનું' એવા મુનિઓ ભગવદ્દર્શન કરે છે. [4]ઝાડોની શાખા ઉપર ચઢીને, પહેલાં કૃષ્ણેક્ષણ થયા અને પછી તેવાં જ રહીને શ્રવણ કર્યું, તેથી

તો વેણુનાદનો રસ ચાલ્યો જશે, એમ સમજી ત્યાં જ આંખ મીંચીને રહ્યાં. 'કદાચિત્ તે રસ બીજા પ્રકારના રસને અથવા લૌકિકરસને ઉત્પન્ન કરશે, અથવા બીજા રસથી તેનો પ્રતિબંધ થશે,' એમ શંકા કરવી નહિ; કારણ કે વેણુનાદ **અવ્યક્ત મધુર** છે.[૫] તેથી ભગવાન્ પાસેથી નિકળેલું નાદબ્રહ્મરૂપ વેણુગીત છે. વેણુ પણ અવ્યક્ત મધુર છે, અને તેમાંથી મધુર રસ જ ઉત્પન્ન થશે, અથવા ગીત ભગવાને કહેલા પરમ અર્થને પ્રતિપાદન કરવાવાળું છે. આ અર્થમાં 'तदुदितम्' એ વિશેષ્ય સમજવું.[૬] વેદની શાખાની માફક ઝાડોની શાખાઓ ઉપર ચઢીને પડવાની અથવા કોઈએ મારવા વગેરેની શંકાનો અભાવ હોવાથી નિશ્ચિત થઈને પક્ષીઓ શ્રવણ કરે છે. મનનો બીજા કોઈ વિષયમાં સંચાર ન થાય, તેને માટે ભગવાન્ જ્યારે દૂર પધાર્યા ત્યારે આ પક્ષીઓ દર્શનના અભાવમાં મનનનો અભ્યાસ હોવાને લીધે તેઓ આંખો મીંચીને રહ્યાં (કારણ કે ભગવાન્ દૂર પધાર્યા તેથી દર્શનનો સંભવ નથી). બીજા વિષયની વાણીનો ખાસ કરીને તેમણે ત્યાગ કર્યો છે; ભગવાન્‌ને ઉપયોગી વાણીનો તેમણે ત્યાગ કર્યો નથી, તે જણાવવાને 'अन्य (બીજી)' પદ મૂક્યું છે. પક્ષીની આ સ્થિતિ દરરોજની છે, એમ સમજવું; જો એમ ન હોય તો શ્રવણસમયે બોલે તો શ્રવણને અડચણ થાય, તેથી વાણીનો અભાવ સિદ્ધ જ છે; તેથી 'બીજી સર્વ વાણીને દૂર કરીને' કહેવું નિરર્થક થઈ જાય. સાર એ કે 'સર્વદા આ રસનો અનુભવ હૃદયમાં થાય છે' એમ જણાવ્યું. આથી આ નાદનું અલૌકિકત્વ અને દુર્લભત્વ સૂચવ્યું. મુનિઓની અયોગ્ય વસ્તુમાં આસક્તિ સંભવિતી નથી, તેમને બાણ વગેરેના ભયની શંકા નથી, તે **'સુન્દર પ્રવાલવાળા'** પદથી કહે છે.[૭] **પલ્લવો** ઉત્તમ છે, આંબા વગેરે પર રહેલાં કોમળ **પાંદડાં** પણ દૃષ્ટિ મીંચી દેવામાં હેતુ છે; જો ન મીંચે તો પ્રવાલનાં દર્શન થાય. મુખ બંધ કરવામાં પણ હેતુ છે, જો તે બંધ ન રાખે તો પ્રવાલ ભક્ષણ કરવાનું મન થાય, (જો મુખ બંધ ન કરે તો તેઓ બહુ હોવાથી) ઘોંઘાટ–કોલાહલ પણ થાય, શકુન ભાષણ થાય, અથવા એક બીજાને પદાર્થનિરૂપણ તે મુનિ–પક્ષી કરવા મંડે. ૧૪.

---

તેમની આંખ મીંચાઈ ગઈ. કૃષ્ણેક્ષણત્વમાં–કૃષ્ણને નિરખવામાં આંખનું બંધ થવું સંભવતું નથી, તેથી આ પ્રકારે વિભાગથી વ્યાખ્યાન કર્યું.

[૫]**નાદ અવ્યક્ત** છે, તેથી પોતામાં રહેલી સ્વરૂપદર્શનની ઇચ્છા ઉત્પન્ન કરશે નહિ, એમ શંકા ન કરવી. એમ હોત તો ઉડીને બીજી જગ્યાએ ચાલ્યાં જાત. 'પૂર્વે અનુભવ કરેલું કૃષ્ણેક્ષણરૂપ **રસાન્તરથી** ઉડીને ગમન નાદના માધુર્યથી થશે નહિ' એમ આશંકા પણ ન કરવી, કારણ કે વેણુગીત **કલ–અવ્યક્તમધુર** છે, તેથી ભગવાનમાંથી ઉદિત થયલું **નાદબ્રહ્માત્મક છે**; અને વેણુ પણ અવ્યક્ત-મધુર **છે**, તેથી મધુર જ રસ ઉત્પન્ન થશે; આથી વિજાતીય રસની નિવૃત્તિ કહી. [૬]એમ અહીં સુધી વેણુનું **'કલત્વ'** સિદ્ધ કર્યું, અથવા ગીત જ અવ્યક્ત મધુર છે. કારણ કે **ભગવાને કહેલા પરમ અર્થને પ્રતિપાદન કરવાવાળું છે.** અહીં **'ભગવાને કહેલા'** એ પદથી લૌકિક અર્થની નિવૃત્તિ કહીને ગીતમાં રહેલું માધુર્ય સૂચવ્યું. ગીત તેમાંથી ઉત્પન્ન થયું છે; ઉદય થયું છે. બીજા અર્થમાં 'ઉદિત'નો અર્થ 'કથિત' કર્યો. [૭]સુન્દર પલ્લવોથી જ તેમનું અંગ ઢંકાયલું છે, તેથી તેમનું દર્શન કોઈ પારધી–શીકારી વગેરેને થઈ શકતું નથી; તે કારણથી તેમને **બાણ વગેરેનો ભય નથી**, એમ કોઈક ટીકાકાર કહે છે.

**શ્રીગુસાંઈજીનો અર્થઃ**–જો કે આ ઉપર કહેલો હેતુ મુનિપણું સિદ્ધ કરે છે; તોપણ મારા મનમાં આ પ્રકારે સ્ફૂર્તિ થાય છે–આ પક્ષીઓ નાદના રસમાં એટલાં તો આસક્ત છે, કે સ્વરૂપરસનો અન્તરાય પણ સહન કરે છે, તેથી અહીં આ પ્રમાણે બીજું તાત્પર્ય પણ સમજવું. 'ભુજ'પદનું તાત્પર્ય તો પહેલાં જ કહ્યું છે. કદાચિત્ વેષ, શય્યા, વગેરેને સારું ત્યાં ભક્તનું, અથવા સુન્દર પાંદડાં

સુબોધિનીજી:–ભગવાન્‌ના વેણુનાદથી નદી વગેરેમાં જે થયું, તે 'નદ્યસ્તદા' શ્લોકથી કહે છે:–૧

**नद्यस्तदा तदुपधार्य मुकुन्दगीतमावर्तलक्षितमनोभवभग्नवेगाः।**
**आलिङ्गनस्थगितमूर्मिभुजैर्मुरारेर्गृह्णन्ति पादयुगलं कमलोपहाराः ॥१५॥**

તે સમયે તે મુકુન્દ* ભગવાન્‌ના ગીતનું શ્રવણ કરીને ભમરીઓથી(વમળોથી) જણાતા કામદેવથી ભાંગી ગયો છે વેગ જેમનો, એવી નદીઓ કમલની ભેટ લઈને મુરારિ ભગવાન્‌ના આલિંગનમાટે સ્થિર થયલા ચરણયુગલને મોજારૂપી હસ્તથી ગ્રહણ કરે છે. ૧૫.

સુબોધિનીજી:–જ્યારે મુનિઓ ઉપર ભગવાને અનુગ્રહ કર્યો, અને જ્યારે તેમણે વેણુદ્વારા સર્વ સત્ત્વ (ભગવાન્‌ના સ્વરૂપાત્મક રસતત્ત્વને) જાણ્યું, ત્યારે નદીઓ પણ અમે કૃતાર્થ થઈશું, એ હેતુથી મુનિઓના જ્ઞાનના ઉપદેશનો નિશ્ચય કરીને, તે પ્રસિદ્ધ મોક્ષદાતા ભગવાન્‌નું ગીત સાંભળીને ભમરીથી અથવા મૂર્છાથી જણાતો જે આ મનોભવ તે 'સ્તંભજનક મનોભવથી ભાંગી ગયો છે વેગ જેમનો' એવાં તે નદી વગેરે થઈ ગયાં; તેમની સ્વાભાવિક ગતિ કુંઠિત થઈ ગઈ. અહીં 'મનોભવ'નો અર્થ 'વિવેક' સમજવો.[૨] જે ઘણુંખરું અચેતન (જડ) છે તેને પણ ભગવાન્‌ના સંબંધની આકાંક્ષા થાય છે (તેથી તે વિવેકસહિત સમજવું) સ્થિતિમાત્રથી તેની આસક્તિ થતી નથી. 'ઔષધ વગેરેથી પણ તેનો સંભવ છે' તે શંકા દૂર કરવાને કહે છે કે આલિંગન માટે સ્થિર થયલા ભગવાન્‌ના ચરણયુગલને કમલની ભેટ ધરતાં ઊર્મિરૂપ (મોજારૂપ) પોતાના હસ્તથી ગ્રહણ કરે છે. પોતાનું હૃદયકમલ ભગવાન્‌ના ચરણારવિન્દમાં સમર્પીને ભગવાન્‌નું ચરણયુગલ પોતે ગ્રહણ કરે છે. નદીઓ પણ દેવતા હોવાથી તેમની સાથે બીજી કોઈ લીલા સંભવતી નથી,[૩] માટે જ આલિંગનમાટે જ સ્થિતિ કરી તેનું પ્રયોજન એ છે કે ભગવાન્ 'મુરારિ' છે, 'મુર' જલના દોષરૂપ 'અવિદ્યા' છે, તેના 'શત્રુ' ભગવાન્ હોવાથી ભગવાન્‌ના ચરણના સંબંધથી નદીમાં રહેલી અવિદ્યાનો (ભગવાન્‌ને ઉપયોગી નહિ એવા દેહના સંબંધનો) નાશ (ચરણના સંબંધથી ભગવાન્ અવશ્ય કરશે; તે કારણથી નદી એ પ્રમાણે ચરણયુગલને ગ્રહણ કરે છે. ૧૫.

---

વગેરે લેવાને માટે પ્રભુનું આરોહણ (ઝાડ ઉપર ચઢવું તે) થાય, તો પ્રભુના નિકટપણાના રસનો પણ અનુભવ થાય; એ આશાથી તેઓ ત્યાં ચઢ્યાં છે, એમ 'સુન્દર પાંદડાંવાળા' એ વિશેષણનું તાત્પર્ય છે. જો નેત્ર મીંચ્યાં ન હોય તો પાંદડાં લાવવાને માટે ભક્તો નિઃશંક ત્યાં જાય નહિ, તેથી તેઓએ નેત્ર મીંચ્યાં છે; વાણીના નિરોધનો હેતુ તો સ્પષ્ટ જ છે. (૧૪)

[૧]વિવેચન:—અહીં 'आदि (વગેરે) પદથી સરોવરનું અને ઝરણાંનું ગ્રહણ કરવું. જો કે મૂલમાં 'નદી' પદ માત્ર છે, તોપણ વ્રજમાં બીજી નદી પ્રકટ નથી, કેવલ શ્રીયમુનાજી જ બિરાજે છે, તેથી 'नद्यः' એ બહુવચનથી સરોવર વગેરેનું ગ્રહણ કરવાનું જણાવવાને 'नद्यादिषु' પદ મૂક્યું છે.

[૨]વિવેચન:–અહીં કામ વિવેકસહિત છે; દેવસ્ત્રીની માફક સારને દૂર કરનાર નથી, જો તેમ થાય તો ભગવાનની સમીપ નદી પણ જઈ શકે નહિ. [૩]ભગવાને માનુષ ભાવનો સ્વીકાર કર્યો છે, તેથી નદીઓ અમાનુષ હોવાથી તેમનું ભોગ્યપણું સંભવતું નથી. અપ્સરાઓ પણ દેવી હતાં, તેથી તેમનું ભગવાનની પાસે આવવું થયું નહિ, એ પહેલાં કહ્યું જ છે, તે જણાવવાને 'अपि(પણ)' શબ્દ કહ્યો.

---

* આ શ્લોકમાં શ્રી સુબોધિનીજીમાં 'મુકુન્દ' પદનો અર્થ જણાતો નથી, તેનો અર્થ 'મોક્ષદાતા' પ્રસિદ્ધ છે, તેથી પુષ્ટિમાર્ગીય મોક્ષદાતા એવા જે 'મુકુન્દ' તેમના ગીતને, એમ અર્થ ગ્રહણ કરવો.

સુબોધિનીજી:-મેઘને જે થયું, તે 'दृष्ट्वा' એ શ્લોકથી કહે છેઃ—

**दृष्ट्वातपे व्रजपशून् सहरामगोपैः सञ्चारयन्तमनुवेणुमुदीरयन्तम् ।**
**प्रेमप्रवृद्ध उदितः कुसुमावलीभिः सख्युर्व्यधात् स्ववपुषाम्बुद आतपत्रम् ॥१६॥**

તડકામાં વ્રજના પશુઓને રામ અને ગોપોની સાથે સારી રીતે ચરાવતા અને બેણુ-ગીત ગાતા પોતાના સખા ભગવાનનાં દર્શન કરીને પ્રેમથી પ્રવૃદ્ધ થઈને મેઘે પોતાના શરીરથી પુષ્પની વૃષ્ટિ કરીને તેમના પર છત્ર ધર્યું. ૧૬.

સુબોધિનીજી:-શરદ્‌ઋતુના સંબંધી તડકાને વિષે વ્રજનાં પશુઓ જેઓ સર્વદા છાયામાં રહેવાના અભ્યાસવાળાં હતાં, જેમના રક્ષક ગોપ હતા, અને રામ જેની રતિની વૃદ્ધિ કરનાર હતા, રામ અને ગોપની સાથે (અથવા ગોપદ્વારા એવા વ્રજના પશુઓને) સારી રીતે સર્વ સામગ્રીસહિત દેવતા અને વેદસહિત, ધર્મસહિત[1] (પશુઓને) વેણુ વગાડતા, એટલે સર્વેના આધિદૈવિક સ્વરૂપોને ઉદ્દીપન કરતા પ્રભુના ઉપર મેઘે છત્ર ધર્યું. જ્યારે ભગવાન્-પ્રભુ સર્વ શક્તિસહિત (જ્ઞાનક્રિયાધર્મસહિત) ક્રીડા કરે છે ત્યારે અવશ્ય છાયાની અપેક્ષા રહે છે; તે કારણથી ભગવાનના ઉપર સ્નેહને લીધે સખ્યસુધી પહોંચેલા અને તેનાથી જ વૃદ્ધિ પામેલા મેઘે પોતાના શરીરથી પોતાના મિત્ર ભગવાનને છત્ર ધર્યું. 'प्रवृद्धमुदित' પાઠ હોય તો 'વૃદ્ધિ પામેલો અને આનન્દીત થયલો એવો મેઘ' અથવા પ્રેમ જેવી રીતે પ્રવૃદ્ધ થાય તેવી રીતે વધેલા પ્રેમથી ઉદિત થયલા મેઘે છત્ર ધર્યું, એમ અર્થ કરવો. પહેલાં આ મેઘે સખ્યસુધી ભક્તિ કરી હતી, અને હવે તેણે આત્મનિવેદન ભક્તિ પણ સૂક્ષ્મ જલની કણિકા(ઝીણા ઝીણા છાંટા)થી કરી, પ્રેમથી જ એ વધેલો હતો, શ્રવણથી શરુ કરીને સખ્યસુધી તે ગયલો હતો, અથવા સ્નેહને લીધે પુષ્ટ (સ્થૂલ) થયો હતો, કામરૂપી મેઘ ઇચ્છિતરૂપ ધારણ કરી શકે છે, તેથી ચાલતા પ્રસંગમાં ભગવાનના ઉપર સ્નેહને લીધે પોતાને ઇચ્છિતરૂપ ધારણ કર્યું, કે જેથી સર્વના ઉપર છાયા થાય.

શંકા-એમ કરવાથી તો પોતાને પણ ક્લેશ થાય, તો દુઃખથી એમ કરવાનું શું પ્રયોજન?

ઉત્તર-તેને આનન્દ થયો હતો (ક્લેશ કે દુઃખ થયું ન હતું). જન્મથી જ જે ભક્તિથી વધે છે, તે છેવટે (અન્તે) આત્મનિવેદન કરે છે. (શુકદેવ વીરરાઘવ વગેરે) કેટલાક ટીકાકારો એમ કહે છે કે લોકોને ઉપકાર કરવો, નીલ શ્રીઅંગ હોવું અને જીવનદાન આપવું, એ ત્રણ ગુણો સમાન હોવાથો મેઘને અને ભગવાનને સખ્ય છે. 'સર્વસ્વનું દાન કર્યું' એ જણાવવાને માટે 'कुसुमावलीभिः (કુસુમાવલીની સાથે)' એમ કહ્યું. આથી 'છાયા કરી' વગેરે કહેવાથી એમ સૂચવ્યું કે ભગવાન્ સાક્ષાત્ લક્ષ્મીની સાથે ક્રીડા કરતા હતા.[2] તેથી જ આગળ પુલિન્દીઓની સ્તુતિ શ્રીગોપીજનોથી થશે. ગોપોથી ગોચારણ, બલભદ્રથી રક્ષા, વેણુનાદથી પ્રબોધ અને પછી રમણ. આ કારણથી આ મેઘ પણ સખા હોવાથી તેવે સમયે શેષની માફક છાયા કરે, તે ઉચિત જ છે. ૧૬.

---

[1] વિવેચન:-દેવતા વેદ વગેરેથી સામગ્રીનું જ વિવરણ કર્યું. [2] કારણ કે છાયા કરવું વગેરે તે લક્ષ્મીનું અસાધારણ ચિન્હ હોય એમ જણાય છે. આ અર્થને ટેકો આપનાર બીજી વાત પણ કહે છે કે આગળ તે જ કારણથી પુલિન્દીઓની સ્તુતિ શ્રીગોપીજનોથી થશે.

સુબોધિનીજી:—વનમાં વાસ કરનાર હલકી જાતિના ભીલ, તેમની સ્ત્રી તે ભીલડી અથવા પુલિન્દી, તેમને પણ ભગવાનની સમીપતાથી ભક્તિ થઈ, તે 'પૂર્ણાઃ પુલિન્દ્યઃ' શ્લોકથી કહે છેઃ—

**पूर्णाः पुलिन्द्य उरुगायपदाब्जरागश्रीकुङ्कुमेन दयितास्तनमण्डितेन ।**
**तद्दर्शनस्मररुजस्तृणरूषितेन लिम्पन्त्य आननकुचेषु जहुस्तदाधिम् ॥ १७ ॥**

ભગવાનનાં દર્શનથી થતી કામની પીડાવાળાં પુલિન્દી—ભીલડીએ લક્ષ્મીના સ્તનના મંડનરૂપ તૃણઉપર લાગેલું ભગવાનના ચરણકમલના રાગરૂપ કુમ્કુમથી પોતાના મુખ અને કુચઉપર લેપ કરીને કામનું દુઃખ દૂર કર્યું, તે પુલિન્દીઓ પૂર્ણ છે. ૧૭.

સુબોધિનીજી:—સર્વના કરતાં પુલિન્દીજીઓ જ પૂર્ણ છે, કેમકે તેમને સાક્ષાદ્ ભગવચ્ચરણારવિન્દરજનો સંબંધ છે.[૧] ઘણા ભક્તો જેનું ગાન કરે છે, એવા ભગવાન્ ઉરુગાય છે; જે સર્વ પ્રમાણથી સિદ્ધ છે, અને સર્વ ગુણથી પૂર્ણ છે,[૨] તેમનાં બે ચરણકમલ તેમાં રાગવાળી લક્ષ્મી કે જેણે બહુ બિચાર કરીને ભગવાનનું વરણ કર્યું (ભગવાનને વર્યા) તે ભગવાનના ચરણારવિન્દની ભક્ત જે લક્ષ્મી તેણે તૈયાર કરેલું દિવ્ય કુમ્કુમ; અર્થાત્ લક્ષ્મીએ પોતે જ ભગવાનના ચરણારવિન્દમાં લગાડેલું કુમ્કુમ; તે પાછું પોતાની દયિતા(પ્રિયા) જે લક્ષ્મી તેને રસદાન કરતી વખતે અમુક બંધવિશેષમાં તેના સ્તનઉપર મંડિત થયલું; અથવા તે લક્ષ્મીએ પોતાના હૃદયમાં ધારણ કરેલું; અથવા લક્ષ્મીએ આધિદૈવિક શક્તિઓના સ્તનમાં મંડન કરેલું[૩] અને ત્યાંથી ચરણારવિન્દમાં આવેલું; (હવે 'तृणरूषितम्' પદનો બીજો અર્થ કરે છે) અથવા તૃણથી કરીને કુમ્કુમ જ મકરિકા(મઘરના જેવા આકારવાળાં)પત્રની માફક મંડિત થયલું,[૪] પછી એ કુમ્કુમસહિત તૃણ ભગવાનના હસ્તમાં રહેલું, તે ભૂમિ ઉપર પડ્યું. અથવા ભગવાનના ચરણારવિન્દમાંથી તૃણોને લાગેલું, એવા કુમ્કુમનાં દર્શન કરીને, અથવા લક્ષ્મીની સાથે, અથવા શક્તિઓની સાથે, ભગવાનના સંભોગનાં દર્શનથી જેમને કામની પીડા થઈ છે, એવાં પુલિન્દીજીઓએ તે પીડાની શાન્તિમાટે પોતાના મુખ અને કુચ—સ્તનના ઉપર તે કુમ્કુમનો લેપ કરીને કામની

[૧] વિવેચનઃ—'તૃણને વિષે લાગેલું' એવો અર્થ લઈએ તો કુમ્કુમ રજવાળું થાય છે, તેવા કુમ્કુમનું તેઓ ગ્રહણ કરે છે; તેથી તેઓ સાક્ષાદ્ રજના સંબંધવાળાં છે. અમે એ કુમ્કુમનું ગ્રહણ 'અમે તો ઉત્તમ છીએ,' એવી ભાવનાથી કરતાં નથી, તેથી અમને સાક્ષાદ્ રજનો સંબંધ નથી. પહેલાં 'વૃન્દાવન દેવકીસુતના ચરણકમલનાં ચિહ્નવાળું છે' એમ પ્રસિદ્ધ કર્યું છે; તેવા વૃન્દાવનમાં આ પુલિન્દીજીઓ હંમેશાં રહે છે, તેથી સાક્ષાદ્ રજના સંબંધથી તેઓ પૂર્ણ થઈ ગયાં. પૂર્ણતાનું સ્વરૂપ શ્લોકના અંતમાં નિરૂપણ કરવામાં આવશે. અમને તો આરાધનથી ફલ સિદ્ધ થયું, તેથી સાધનને અનુરૂપ જ ફલ પ્રાપ્ત થયું.' તે તો 'यातावलाः' એ શ્લોકમાં કહેવાશે. અલૌકિક દેહ વગેરે ક્રમથી સેવાફલમાં કહેલાં ત્રણ ફલની પ્રાપ્તિ તો 'રજ'થી જ થાય છે, તેથી તે પુલિન્દીજી જ પૂર્ણ થયાં. [૨]એમ 'ઉરુગાય' પદના બન્ને પદનો અર્થ કર્યો. [૩]આધિદૈવિક શક્તિને લક્ષ્મીએ પ્રસાદતરીકે આપેલા કુમ્કુમનું મંડન પણ તે શક્તિઓના સ્તનમાં તે લક્ષ્મીએ જ કર્યું, તેથી આ પક્ષમાં 'લક્ષ્મીએ ક્રિયાશક્તિના સ્તનમાં મંડિત કરેલા કુમ્કુમથી,' એમ મૂલનો અર્થ સિદ્ધ થયો. [૪]પ્રથમ પક્ષમાં તો લક્ષ્મીએ અથવા શક્તિએ પોતાના સ્તનપર રહેલા કુમ્કુમનું દાન પુલિન્દીજીને કર્યું, અને તે કુમ્કુમનો પુલિન્દીજીએ પોતાના સ્તનપર તૃણથી લેપ કર્યો, એમ 'तृणरूषितम्' પદનો અર્થ થાય છે. બીજા પક્ષમાં ભગવાને—દયિતા લક્ષ્મીના અથવા શક્તિના સ્તનપર મંડન કરેલા

પીડાનો ત્યાગ કર્યો.[૫] તે કુમ્કુમ મુખ અને સ્તનઉપર લગાડીને તે પુલિન્દીઓ પણ ઉપસ્થિત થયાં, ત્યારે તે કુમ્કુમદ્વારા લક્ષ્મીના પ્રવેશથી તેમનો પણ ઉપભોગ સિદ્ધ થયો, તેથી તેઓ પૂર્ણ છે.[૬] આ અલૌકિક ભગવત્કથા છે, કારણ કે 'उरुगाय' પદ કહેવાથી એમ જણાય છે કે પુલિન્દીજીઓએ પણ ભગવાન્નું શ્રવણ કર્યું છે. આ બધું વનમાં જવાથી જ સંભવે અને આપણાથી વનમાં જઈ શકાતું નથી માટે આપણે અપૂર્ણ રહ્યાં, તેથી વસ્તુતઃ મનની પીડારૂપ કામ રહ્યો.[૭] ૧૭.

---

કુમ્કુમથી, એમ અર્થ થાય છે. [૫]'કુમ્કુમનો સ્તનઉપર લેપ કરતાં પુલિન્દીજી' એમ કહેવાનું છે, તોપણ કોઈપણ અવયવઉપર તે કુમ્કુમના લેપથી કામની વ્યથાનો ત્યાગ થવાથી સ્તનઉપર જે લેપ કરવો, એવું અત્યંત ઇચ્છિત નહિ હોવાથી 'સ્તનના ઉપર' એમ સાતમી વિભક્તિ કહી. [૬]આ કુમ્કુમ લક્ષ્મીનો અસાધારણ ધર્મ હોવાથી તેના લેપથી જ લક્ષ્મીનો આવેશ થતાં અયોગોલક-ન્યાયથી* પુલિન્દીજીનું લક્ષ્મીત્વ સિદ્ધ થયું, તેથી તેમનો ઉપભોગ સિદ્ધ થયો; અને ઉપભોગથી જ તેમનું કામનું દુઃખ મટ્યું. અહીં શ્રીપુલિન્દીજીસાથે ભગવાન્ના રમણમાં કામની વ્યથાનો ત્યાગ કર્યો, તેથી લક્ષ્મીના પ્રવેશથી પુલિન્દીજીનો પણ ઉપભોગ પ્રભુએ કર્યો, એમ જણાય છે; નહિ તો લક્ષ્મીસંબંધી કુમ્કુમના મુખ અને સ્તનઉપર લેપથી કામની વ્યથાનો જ સંભવ થાય, નહિ કે પીડાની નિવૃત્તિ થાય; તેથી પીડાની નિવૃત્તિનું કથન જ મૂલમાં કરત નહિ, પણ 'जहुस्तदाधिम्–દુઃખ દૂર કર્યું' પદથી દુઃખના ત્યાગનું કથન તો કર્યું જ છે, તેથી તેમની સાથે રમણ થયું જ છે એમ જાણવું; કારણ કે રમણ જ કામની વ્યથાને નિવૃત્ત કરે છે. રજથી યોગ્યતા સિદ્ધ થતાં કુમ્કુમના ધારણથી લક્ષ્મીનો આવેશ પ્રાપ્ત થતાં ઉપભોગથી તેમની વ્યથા નિવૃત્ત થઈ ગઈ, તેથી તે **પુલિન્દીજી જ પૂર્ણ છે;** અમને તો કામની વ્યથા રહી જ. આ અલૌકિક ભગવત્કથા છે, કારણ કે 'उरुगाय' પદ અહીં વાપર્યું છે, તેથી તેમણે પણ ભગવાન્નું શ્રવણ કર્યું જણાય છે. આગલા શ્લોકમાં આ કથાના અલૌકિકપણાનું સૂચન છે, તેથી ઉત્થાપનભોગ સમયની આ કથા છે; તે સમયે તેમને તેવું કુમ્કુમ પ્રાપ્ત થયું, અને લક્ષ્મીજીના પધારવાથી પુલિન્દીજીનું રમણ પણ થયું. આ રમણકથા લક્ષ્મીને અજ્ઞાત છે. પુલિન્દીજીએ ભગવાન્નું સ્મરણ કર્યું– અર્થાત્ ત્યાંસુધી 'उरु' જે લક્ષ્મીના સખા છે, તેમણે ગાન કર્યું; પુલિન્દીજીસાથે ભગવત્કથા કરી, તેથી તેમને પણ ભગવાન્નું શ્રવણ સિદ્ધ થયું. [૭]કામ પીડાજનક છે, એમ શંકા થાય કે તમારામાં આન્તર ભગવાન્નું પ્રાકટ્ય છે, તોપણ તમે અપૂર્ણ છો, એમ કેમ કહો છો ? તેનું નિવારણ કરતાં કહે છે કે અમારો તો કામ પીડાનો નિવર્તક નથી, પણ ઉલટો ઉદ્બોધક છે, અમારો તો **કામ મનની પીડારૂપ જ રહ્યો.**

**શંકા**–ગોપિકાનો પણ કામ ભગવદ્વિષયક હોવાથી તેઓ પણ ધન્ય છે, તો પછી **'પુલિન્દીજી પૂર્ણ છે,'** એમ તેઓ પુલિન્દીજીની સ્તુતિ કેમ કરે છે ?

**ઉત્તર**–કામ કાંઈ ધન્યપણામાં હેતુ નથી, કારણ કે સંયોગના અભાવમાં કામ દુઃખરૂપ હોય છે; તેથી અમે ધન્ય નથી, પણ ધન્ય તો પુલિન્દીજી જ છે. એ જ આશયને સ્ફુટ કરે છે કે કામ તો **વસ્તુતઃ મનની પીડારૂપ રહ્યો.** વિયોગાવસ્થામાં ભગવદ્વિષયક કામ પ્રભુપીડાને જ ઉત્પન્ન કરે છે, તેથી અમને તો કેવલ દુઃખનો જ અનુભવ છે, તેથી અમે ધન્ય નથી. ભુખ લાગવી એ કાંઈ સુખનો હેતુ નથી, પરન્તુ ભુખ લાગીને અન્નભોગ થાય તે સુખનો હેતુ છે; તેમ **ભગવદ્વિષયક કામ હોઈને સુખકર ભગવદ્ભોગ જેમને છે, તેવાં પુલિન્દીજી જ ધન્ય છે.**

---

* લોઢાના ગોળામાં અગ્નિનો પ્રવેશ થાય તેમ પુલિન્દીજીમાં લક્ષ્મીનો પ્રવેશ થયો.

સુબોધિનીજી:-નિર્ગુણ ગોપીજન 'हन्त' એ શ્લોકથી કહે છે:—

**हन्तायमद्रिरबला हरिदासवर्यो यद् रामकृष्णचरणस्पर्शप्रमोदः ।**
**मानं तनोति सहगोगणयोस्तयोर्यत् पानीयसूयवसकन्दरकन्दमूलैः ॥ १८ ॥**

હન્ત (બહુ ખેદની વાત છે કે) હે અબલાઓ! રામ અને કૃષ્ણના ચરણારવિન્દના સ્પર્શથી આનન્દમાં આવેલો આ ગિરિરાજ ગાયોના ટોળાંઓની સાથે, જલ, સૂયવસ (કુમળુ ઘાસ-દુર્વા.વગેરે), કંદરા અને કંદમૂલથી તેમનો આદર કરે છે, તેથી તે હરિદાસોમાં શ્રેષ્ઠ છે.

સુબોધિનીજી:-'પુલિન્દીજી આવાં (ભગવદીય) કયે પ્રકારે થયાં?' એમ શંકા થાય તો 'ભગવદ્ભક્તના સંગથી એવાં થયાં' એમ કહેવાને ગોવર્ધનનું ભગવદીયપણું કહે છે.[૧]

## 'पूर्णाः पुलिन्द्यः' ઉપર સ્વતંત્ર લેખ:—

ભગવાનના મનને ઇચ્છિત દિવસે રસની પૂર્તિ શ્રીગોપીજનને નથી, તેથી તેઓ પોતાને અપૂર્ણ માને છે; અને આ શ્લોકથી પુલિન્દીજીમાં પૂર્ણતા કહે છે. પુલિન્દીજી પૂર્ણ હોવાથી ભગવાનની પીડાનો ત્યાગ કરાયો, અહીં 'जहुः' ક્રિયાપદમાં પૂર્ણ પુલિન્દીજીએ ભગવાનની પીડાનો ત્યાગ કરાવ્યો. ભગવાન્ ઉરુગાય હોવાથી ઉરુઓ પણ જે ભગવાન્‌નું ગાનમાત્ર જ કરે છે-ઉપભોગ કરી શકતા નથી; એવા ઉરુગાય ભગવાનના એ ચરણકમલમાં અનુરાગથી લક્ષ્મીજીએ સંપાદન કરેલા કુમ્કુમથી મુખ અને સ્તનપર લેપ કરતાં પુલિન્દીજી જ પૂર્ણ છે. કુમ્કુમના લેપથી એવા ભાવની ઉત્પત્તિ કયે પ્રકારે થાય ? એવી શંકાના ઉત્તરમાં કહે છે કે ભગવાનને અત્યંત પ્રિય દયિતાના વિરહસમયના ઉત્કટ તાપની નિવૃત્તિને અનુભવતાં પ્રિય ભગવાને રસથી પરવશ થઈને પોતાના એ ચરણ ધર્યાં છે, તેના સ્પર્શનો સાત્ત્વિકભાવ જે સ્વેદ, તે સ્વેદથી યુક્ત સ્તનપર મંડિત કુમ્કુમ. 'તે સ્તનના કુમ્કુમની પ્રાપ્તિ તેમને તો અસંભવિત છે' એમ શંકા થાય તો તેનો ઉત્તર-'तृणरूषितम्' પદથી આપે છે. દયિતાના સ્તનસંબંધી એ ચરણમાં સાત્વિકભાવથી તૃણમાં લેપાયલું, અને તેથી તેવા જ સજાતીય કુમ્કુમના લેપથી તેવા ભાવની ઉત્પત્તિમાટે પોતાના સ્વરૂપનું પ્રદર્શન ભગવાને કરાવ્યું, તે 'तद्दर्शन' વગેરે પદથી શ્લોકમાં કહ્યું છે; 'તે દર્શનથી થઈ છે કામની પીડા જેમને' એવાં શ્રીપુલિન્દીજી. 'એમને એવા ભાવની ઉત્પત્તિ થઈ, તેથી તેવા ભાવનું દાન ભગવાને તેમને કર્યું' એમ જ કહેવું ઠીક હતું, પણ 'ભગવાનની પીડાની નિવૃત્તિ તેમણે કરી' એમ કહેવું ઉચિત નથી, એમ શંકા ન કરવી; કેમકે પોતાના દર્શનથી થયલી રમણની ઇચ્છા, તેને વશ થઈને તાપક્લેશના દર્શનથી ભગવાનને પણ તાપ થાય, એ ઉચિત જ છે; નહિ તો 'ये यथा माम्' એ પ્રતિજ્ઞાની હાનિ જ થાય. આભાસમાં "એ બાબતનું પુલિન્દીજીનું ભગવાને કરેલું પીડાનિવારકપણું સ્પષ્ટ જ છે, તેથી સમાપ્તિમાં 'ननु भगवति' વગેરે પૂર્વપક્ષ યોગ્ય નથી; અને સમાધાનમાં પણ પુલિન્દીજીનું પોતાના તાપથી થયલું ભગવાનનો તાપ હરવાપણું કહ્યું, એમ આભાસનો વિરોધ પ્રાપ્ત થાય;" એમ શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે આ બાબતમાં ભગવાનની પીડાનું નિવારકપણું ગમે તેને મળતું નથી, પરન્તુ ભગવાનના દર્શનથી જેને રમણની ઇચ્છા થાય છે, અને તેને લીધે તાપક્લેશ થાય છે, અને તે તાપક્લેશથી જે ભગવાનને પણ પીડા ઉત્પન્ન કરે છે, એવા જ ભક્તને થાય છે; તેથી પુલિન્દીજીમાં આવા ભગવદીયત્વનો અભાવ હોવાથી 'ભગવાનની પીડા નિવર્તન કરવી કયે પ્રકારે તેમને સંભવે ?' એમ પૂર્વ પક્ષનો આશય છે, અને 'એ પુલિન્દીજીઓ ભગવાનના તાપને દૂર કરે છે' એમ સમાધાનનો આશય છે.(૧૭.)

[૧] વિવેચન:-પર્વતની પ્રેરણાથી કંદ, મૂલ, વગેરે લાવવામાં કુમ્કુમની પ્રાપ્તિ તેમને થઈ ગઈ.

૧. વૈદિક પ્રયોગથી દીર્ઘ.

'હન્ત' પદ એ ખેદના અર્થમાં છે. જો આપણે પણ ગોવર્ધનઉપર રહેતાં હોત તો આપણને પણ કામની પીડા એ પ્રકારે દૂર થાત, પણ આપણાથી તેમ થઈ શકતું નથી, તેથી ખેદ થાય છે. આ પર્વત-ગિરિરાજ હરિદાસોમાં શ્રેષ્ઠ છે, તેનો હેતુ એ છે કે રામ અને કૃષ્ણના ચરણારવિન્દના સ્પર્શથી એને પુષ્કળ આનન્દ થાય છે. ભગવદીયોમાં શ્રેષ્ઠ તે જ કે જે ભક્તિમાર્ગના સ્પર્શમાં પણ આનન્દયુક્ત થાય; વળી એ સાત્વિક છે, અથવા ગુણાતીત જ છે; કેમકે પોતે નિર્ધન હોવા છતાં પણ રામ અને કૃષ્ણનું બન્નેનું સન્માન કરે છે, અને તે પણ ગાયો અને દેવરૂપ બાલકો એ સર્વની સાથે સન્માન કરે છે.[૨] અહીં તે સર્વનું જલ, કોમળ ઘાસ, કન્દરા (ગુફા), અને કંદમૂલ, એ ચારે પદાર્થથી તેમની પરોણાગત કરે છે. જલ અને કોમળ ઘાસ ગાયોને માટે; કંદરા બેસવાનું સ્થાન છે; કંદમૂલ ખાવાના પદાર્થ છે; કારણકે 'તૃણ, ભૂમિ, જલ અને મીઠાં વચન વગેરે' એ વાક્યમાં કહ્યાપ્રમાણે ગૃહસ્થના ઘરમાં આ ચાર સંપત્તિનો ઉચ્છેદ થતો નથી' એમ કહ્યું છે, તેથી અહીં પણ તે ચાર સંપત્તિ કહી. આથી એમ સૂચવ્યું કે તેમાં કોમળ દૂર્વા ગાયોના ખાવાને માટે અને બીજાઓને પાથરવાને માટે ઉપયોગમાં આવે છે, અહીં કન્દરા જ ભૂમિ છે. 'કન્દરા' શબ્દના પ્રયોગથી જણાય છે કે આ સમયે ઘણુખરું ત્યાં વર્ષા થાય છે, તેથી રામકૃષ્ણ શ્રીગિરિરાજની કન્દરામાં ગાયો અને ગોપાલોસહિત વિરાજમાન થઈ ગયા છે; સુંદર વાણીને સ્થાને અહીં કંદમૂલ છે, કેમકે સર્વનો અભાવ હોય ત્યારે જ વાણીથી ચલાવી લેવાનું છે. ભક્તમાં સંતોષ અધિક છે.[૩] 'અબલા' એ સંબોધનથી એમ સૂચવ્યું કે આપણે સર્વ ત્યાં જવાને સામર્થ્યવાળાં નથી. કંદને ભૂંજવાની અપેક્ષા રહે છે, અને મૂલ તો તેવાં જ ખાઈ શકાય છે. માત્ર એક જ રસ સમર્પણ કર્યો નથી, તે જણાવવાને કંદ અને મૂલ એ બે કહ્યાં, અથવા એક (કંદ) અન્નની જગ્યાએ અને બીજું (મૂલ) વ્યંજન(સંભાર)ની જગ્યાએ, એમ અન્ન અને મશાલાના ભાવથી બન્નેનું કથન કર્યું. તેમાં પણ જુદી જુદી જાતના ભેદ ઘણા છે, તે જણાવવાને 'કંદમૂલ' બહુવચન વાપર્યું છે.[૪] આથી અબલાઓનો આક્રોશ (મનનું કલ્પાંત) પણ પ્રદર્શિત કર્યો, જે 'આપણે તો ભગવાન્ જ્યારે નવનીત (માખણ) વગેરે ખાતા હતા ત્યારે મન કટાણું કરી દુઃખી થતાં હતાં;' માટે આપણે અપૂર્ણ છીએ, તે યોગ્ય જ છે. પહેલાં કહી ગયલાં પુલિન્દીજી જ આ છે, તેથી ગોવર્ધનની પ્રેરણાથી જ કંદમૂલ વગેરે તેઓ લાવે છે, એમ જણાય છે.[૫] ૧૮.

[૨]દાસ તો માનનો જ વિસ્તાર કરે, ત્યારે જ દાસત્વ સિદ્ધ થાય; પણ તેથી દાસમાં કાંઈ ઉત્તમત્વ સિદ્ધ થાય નહિ, તેથી 'નિર્ધન હોવા છતાં પણ' એમ વ્યાખ્યાન કર્યું. જો કે વ્રજ સમૃદ્ધિમાન્ છે, તોપણ આ ગિરિરાજ તો ગુણાતીત છે તેથી નિર્ધન છે. એવા નિર્ધને તો જલ, કંદ, વગેરેનો પોતાના સ્વાર્થને માટે જ સંગ્રહ કરવો જોઈએ; તોપણ ભગવાનને તે સમર્પી દે છે, તેથી હરિ-દાસોમાં ઉત્તમ છે. [૩]નિર્ધનપણાથી જો કે તે સર્વ સમર્પે છે, તોપણ તેથી તો ધાર્મિકત્વ જ સિદ્ધ થાય-કાંઈ દાસત્વ સિદ્ધ થાય નહિ' એમ શંકા કરીને 'જલ વગેરે વિશેષણોથી' દાસત્વ સિદ્ધ થાય છે, એમ 'ભક્તમાં સંતોષ અધિક છે' એ પદથી કહ્યું. [૪]કંદમૂલમાં પણ અવાન્તર બહુ પ્રકારના ભેદ છે, તેથી સર્વનો સંગ્રહ કરવાને 'કંદ' પદ અને 'મૂલ' પદ એ બન્ને પદમાં બહુવચન 'કંદાનિ' અને 'મૂલાનિ' એમ બહુવચને સમાસ છોડવવો; પણ લૌકિક રીતે છોડવવામાં તો 'કંદમૂલ' પદના બહુવચનના અન્તેથી કહેવાના અર્થની ઇચ્છા સિદ્ધ થાય છે, એમ જણાવ્યું, તેથી નાના પ્રકારના કંદમૂલનું સમર્પણ હરિદાસમાં શ્રેષ્ઠ ગિરિરાજ કરે છે,' એમ સિદ્ધ થયું. [૫]ગોવર્ધન કામરૂપ છે, એમ આગળ કહેવાશે. તેથી કોઈક સ્વરૂપે શ્રીગોવર્ધનનું દર્શન આ પુલિન્દીજીને થાય છે, અને તે સ્વરૂપે તે તેને પ્રેરે છે. (૧૮.)

સુબોધિનીજીઃ—અમે તો (ભગવાનનાં) સજાતીય (ગોપીઓ) છીએ, એવાં અમારો ત્યાગ કરીને શ્રીગિરિરાજની ઉપર અને શ્રીપુલિન્દીજીની ઉપર શામાટે ભગવાન્ કૃપા કરે છે?[1] એવી શંકા થાય તો તેના ઉત્તરમાં 'गा गोपकैः શ્લોક કહે છેઃ—

**गा गोपकैरनुवनं नयतोरुदारवेणुस्वनैः कलपदैस्तनुभृत्सु सख्यः ।**
**अस्पन्दनं गतिमतां पुलकस्तरूणां निर्योगपाशकृतलक्षणयोर्विचित्रम् ॥१९॥**

હે સખિ! નાના ગોપોની સાથે વનેવનમાં ગાયોને દોરી જતા નિર્યોગ અને પાશના ચિન્હવાળા બે જણનું ઉદાર વેણુના રવોથી અને અવ્યક્ત પદોથી ગતિવાળાઓમાં સ્તંભન કરવું અને વૃક્ષોમાં રોમાંચ કરવાં, એ દેહધારીઓમાં વિચિત્ર છે. ૧૯.

સુબોધિનીજીઃ—ભગવચ્ચરિત્ર તો વિપરીત છે, (પ્રમેયની મર્યાદાનો નાશ કરનાર છે). ભગવાન્ સાક્ષાત્ કાંઈ પણ કરતા નથી, તે છતાં સાક્ષિમાત્ર રહેવાથી જ ગતિવાળાઓને સ્તંભન થઈ જાય છે (ગતિ અટકી જાય છે), અને તરુઓને રોમાંચ થાય છે,[2] તે જ પ્રમાણે આપણે જે યોગ્ય છીએ તે અયોગ્ય થઈ જઈએ છીએ, અને પુલિન્દીજીઓ અયોગ્ય છે તે યોગ્ય થઈ જાય છે; એ પ્રમાણે વિપરીત કરવામાં ત્રણ હેતુ કહે છે—'નાના ગોપોની સાથે વનેવનમાં ગાયોને દોરી જાય છે' એ એક હેતુ, 'વેણુના રવ કરવા' એ બીજો હેતુ, અને "જે વેણુમાં અવ્યક્ત પદો છે, એમ 'કલપદ' વિશેષણ, અથવા 'કલપદ' ચરણ" એ ત્રીજો હેતુ.[3] ગાયોને દરેક વનમાં દોરી જવામાં આવવાથી સર્વે વનોની શુદ્ધિ સિદ્ધ થાય છે, અને તેથી એમની શુદ્ધિ અને ધર્મ ત્યાં જાય છે. વનના નિર્દોષપણામાં હેતુ કહે છે કે ગાયો અને ગોપોના સંબંધથી તેઓમાં રહેલી 'શુદ્ધિ અને ધર્મ' વનમાં પ્રવેશ કરે છે, ત્યારે વન નિર્દોષ થઈ જાય છે.[4] પછી ઉદાર વેણુરવ અથવા ઉદાર જે વેણુ, તેમાંથી વેણુના ભોગ કરતાં બાકી રહેલું તેઓ ભોગ કરે છે; તે કારણથી તેમને રોમાંચ થાય તે ઉચિત જ છે.[5] વળી જેઓ ગતિમાન્ છે, તેઓ જ્યારે

---

[1]વિવેચનઃ—અમારામાં રહેલા રસનો ત્યાગ કરીને તેમનામાં રહેલા કંદ વગેરેનો ભોગ શામાટે કરે છે? [2]તે પ્રમાણે અહીં તો ગોવર્ધનમાં અને પુલિન્દીજીમાં તો ભગવાનનો સાક્ષાત્કાર છે, તો ત્યાં વિપરીતતા હોય તેમાં કહેવું જ શું! એમ કૈમુત્યન્યાયથી દૃષ્ટાંત સમજવું. [3]ગાયોનું વનમાં લઈ જવું, તે જ્ઞાનની ઉત્પત્તિદ્વારા પરંપરાથી રોમાંચમાં હેતુ છે; 'વેણુરવ' સાક્ષાદ્ હેતુ છે, અને વેણુમાં રહેલાં 'કલપદ' અથવા 'ભગવાનનાં પગલાં' એ ગતિમાનના અટકી જવામાં હેતુ છે, એમ વિભાગ સમજવો. કલકલ અવાજ કરતા નૂપુરને લીધે 'પદ'નું કલત્વ આગળ સ્પષ્ટ કહેવાશે.

[4]અહીં 'શુદ્ધિ' પદથી અશુદ્ધિની નિવૃત્તિ કહી, ખરી રીતે તો વસ્તુના તત્ત્વના અજ્ઞાનના હેતુવાળા વૃક્ષનો સ્વભાવ, એજ અહીં 'અશુદ્ધિ' પદનો અર્થ સમજવો. પહેલાં 'कृष्णमुखनिर्गत' એ શ્લોકમાં પશુ છતાં પણ પશુપણાનું ઉલ્લંઘન કરીને આ રસનો અનુભવ કરાવે એવી સામગ્રી કહી હતી; તેથી ગાયને તે ફલની સિદ્ધિ છે, અને તે ગાયનો સંબંધ થવાથી વનને પણ તરુપણું વગેરે સ્વભાવનું ઉલ્લંઘન કરીને રસની પ્રાપ્તિ થાય છે. ગોપમાં જે રસિકત્વ સ્પષ્ટ છે, તે જ 'ધર્મ' પદથી કહ્યું; આ સર્વ આશયથી એમ કહ્યું કે 'એની શુદ્ધિ અને ધર્મ ત્યાં જાય છે.' ગાયમાં 'तस्थुः (ઉભી રહી)' એ પદથી ક્રિયાની નિવૃત્તિ પણ કહી હતી; તેથી અહીં વનમાં પણ ગાયના સંબંધથી તેવી જ રીતે ક્રિયાની નિવૃત્તિ જાણવી. તે ક્રિયાની નિવૃત્તિ 'પર્વતના શિખર' વગેરેથી વૃન્દાવનમાં જ કહી હતી, તેથી 'ગતિવાળાઓનું અટકી જવું' એ પદથી સર્વ વનમાં ક્રિયાની નિવૃત્તિ ગાયના જ સંબંધથી કહી. [5]વેણુના ભોગપછી બાકી રહેલાના ભોગથી પુષ્પ-મધુધારારૂપ રોમાંચ થાય છે, અને વેણુની અને રવની ઉદારતાના કહેવાથી વસ્તુના સ્વભાવથી

ભગવાન્ દોહનને માટે પાસે આવે છે ત્યારે મનપૂર્વક પોતામાં રહેલું અમૃત આપવામાટે અને તેમાં વિઘ્ન ન થાય તેને માટે સર્વ મૌન ધારણ કરે છે.[૬] અવાજ થવાની શંકાથી ચાલતાં પણ નથી, તેથી ચલનના અભાવની સિદ્ધિને માટે ભગવાનનાં પગલાં પણ 'કલ' એટલે અવ્યક્ત અને મધુર થાય છે, કારણ કે પોતે ધીમેથી ગમન કરે છે. આ દોહનનો સમય છે. 'सख्यः- હે સખિ !' એ સંબોધન ત્યાં જે સખી જઈ આવેલાં અને તેમને દર્શન થએલાં હોવાથી તેમની સંમતિને માટે છે. આથી દેહધારીઓમાં, સ્થાવર અને જંગમમાં વિચિત્રપણું આવે છે, તે અવસ્થાને અથવા ગતિમાન્‌ની અટકાવવાની અવસ્થાને 'નિર્યોગપાશ' વગેરે પદથી જણાવે છે. ગાયો અને વાછરડાંનો યોગ જેનાથી સારી રીતે થાય છે, તે નિર્યોગપાશ (દોરડું). હસ્તમાં એ બંને પાશનું જેમણે ગ્રહણ કર્યું છે, અથવા તો તેનાથી ગાયોના બન્ને પગ જેમણે બાંધ્યા છે, એવા રામ અને કૃષ્ણ; તેને લઈને સર્વે ગોપિકા વગેરે જંગમને બ્હીક લાગી કે રામકૃષ્ણ અમને પણ એમ જ બાંધશે.[૭] સ્થાવરોને તો ભયથી એની મેળે જ મધુધારા થાય છે[૮] ૧૯.

---

આ નાદનું કાર્ય પ્રાસંગિક છે; ભગવાને કાંઈ એ જ ઉદ્દેશથી નાદ કર્યો નથી એમ જણાવ્યું. એવા પ્રાસંગિક કાર્યથી જ્યાં વૃક્ષમાં આવી રીતે રોમાંચ થયાં, તો પછી એ નાદવિષય જે શ્રીસ્વામિનીજીઓ છે તેમનામાં તો કહેવું જ શું ! 'વેણુના રવો' વગેરેથી કુલવધૂત્વ; અને તેમને પણ રોમાંચ થાય, એ વિપરીતતાનું જ પોષક છે. એમ જણાવ્યું. [૬]વેણુમાં રહેલા 'કલ' પદના શ્રવણમાટે **'ગતિમાન્‌નું અટકી જવું'** એ સર્વના અનુભવથી સિદ્ધ જ છે; તેથી તે નહિ કહેતાં ભગવાનના ચરણનો હેતુ સિદ્ધ કરે છે, તે **'વળી'**થી શરુ કરી **'મૌન ધારણ કરે છે'** વગેરેથી કહે છે. [૭]ત્યારે રામકૃષ્ણના પ્રયાસના ભયથી યુક્ત તેઓ હાલ્યાચાલ્યાવિના રસ સમર્પણ કરશે. ગાયમાં રહેલા રસને ગ્રહણ કરવામાટે બંધન વગેરેનો પ્રયાસ જેમ કરે છે તેમ અમારેવિષે પ્રયાસ મા કરો ! એવા આશયથી પ્રભુના પ્રયાસની બ્હીકથી ગોપિકાઓ પોતે જ રસ સમર્પણ કરી દે છે. [૮]તરુમાં વિશેષ કહે છે કે **સ્થાવરોને તો ભયથી એની મેળે જ મધુધારા થાય છે**; જંગમને તો અટકી જવાથી પ્રતિબંધનો અભાવ- માત્ર છે; રસનું પ્રાકટ્ય તો ભગવાનના ઉદ્યમથી જ થાય છે; પરન્તુ ભગવાન્ જ્યારે વનમાં પધારે છે ત્યારે સ્થાવર તો પ્રભુના પ્રયાસના ભયથી મધુધારા પોતાની મેળે જ સમર્પણ કરે છે.

આ શ્લોકમાં પદોનો સંબંધ આ પ્રકારે સમજવો—**ગાયને લઈ જતા રામકૃષ્ણના વેણુ- રવથી તરુને રોમાંચ થાય છે, અને નિર્યોગપાશના લક્ષણવાળા રામકૃષ્ણના કલ (અવ્યક્ત) પદ(ચરણ-પગલાં)થી ગતિમાન્ અટકી જાય છે.** દેહધારીઓમાં આ વિચિત્ર થાય છે, વેણુનિષ્ઠ **'કલપદ'** 'वेणुस्वनैः'ની આવૃત્તિ કરવાથી, અથવા વિશેષણથી જ વિશેષ્ય સમજી લેવું. (૧૯.)

### શ્રીગુસાંઇજીકૃત બીજું વ્યાખ્યાન—

અહીં જે ઇચ્છા-કહેવાની અપેક્ષા છે, તેનું નિરૂપણ ગુપ્તપણે કરે છે; **ગોપની મારફતે અથવા ગોપોની સાથે વનમાં ગાયોને પ્રવેશ કરાવવાથી** પ્રિય ભગવાનને બીજું કાંઈ કર્તવ્ય રહ્યું નથી, એમ સૂચન કર્યું. પછી સ્વચ્છન્દરમણને માટે તેને યોગ્ય ભક્ત આવે, તેને માટે 'વેણુરવ' કર્યો. દૂર રહેલા ભક્તના આગમનને માટે પ્રથમ 'તીવ્રસ્વર' પછી આવવા નિકળેલા ભક્તને પ્રિયની સ્થિતિનું સ્થાન જણાવનાર 'મધ્યમસ્વર' અને ત્યારપછી પાસે આવેલા ભક્તને માટે 'મંદ્રસ્વર' એ પ્રમાણે 'વેણુરવ' કર્યો. જુદા જુદા ભક્તના નામ ગ્રહણ કરવાથી પણ 'રવ'માં બહુપણું છે; બીજાને જ્ઞાન ન થાય, તેથી તે અવ્યક્ત છે; અને પોતાનું નામ જણાવે છે, તેથી તે મધુર છે; તેથી અવ્યક્ત-મધુર નામરૂપ જેમાં છે, એવા 'કલપદ'વાળા અવાજથી ગતિમાન્‌નું

અટકી જવું, તેમ જ વૃક્ષને રોમાંચ થવો, એ વિચિત્ર છે. આ આવવું દિવસે છે, અને સર્વની સમક્ષ દિવસે આવવું અશક્ય છે, તોપણ વેણુના 'રવ'થી સર્વને માલૂમ ન પડે એવી રીતે નિઃસંદેહ આવવું થાય છે; ઉપર કહેલા 'વેણુરવ'થી તે ભક્તનું શરીરધારી છતાં તે 'રવ'થી 'અસ્પન્દન–અટકી જવું' વિચિત્ર છે. 'उदारवेणुस्वनैः' અને 'कलपदैः' પદની આવૃત્તિથી પણ પદનો સંબંધ સમજવો. પ્રિય ભગવાનના સંગમના અભાવની દશામાં શરીરનું અનુસંધાન ન હોવાથી '**કલપદ**'વાળા વેણુરવથી શરીરનું અનુસંધાન થાય છે, તેથી શરીરધારી ભક્તોમાં જે શરીરધારણકરવાપણું છે, તે '**કલપદ**'થી જ છે. પોતાની ગોષ્ઠીમાં સર્વ ગોપીઓ એવાં જ છે, તેથી સંમત્તિને માટે 'सख्यः' (હે સખિ!)એ સંબોધન મૂક્યું છે. જે ઉદાર હોય તે પાત્ર અપાત્ર વગેરેનો વિવેક કર્યાવિના દાન કરે છે, અને નાનાને પણ મોટું દાન આપે છે; તેથી સ્થાવરનું રોમાંચકપણું યુક્ત છે; તેને લઈને વૃક્ષનું રસને ઉપયોગી પુષ્પ અને મધુધારાપણું યુક્ત છે. '**ગાયોના વનમાં પ્રવેશ કરાવવાથી**' એમ કહેવાથી આ ચરિત્ર દિવસસંબંધી છે એમ કહ્યું. પછી પાછા આવ્યાપછી **નિર્યોગ** વગેરેથી સંધ્યાસંબંધી ચરિત્ર કહે છે, તે '**લક્ષણ**' પદથી ગોદોહનને અનુકૂલ તે સમયના સર્વે વેષનું કથન કર્યું. એવા રામ અને કૃષ્ણના દર્શનથી જ ઉપર કહેલાં એ કાર્ય 'અટકી જવું' અને 'રોમાંચ થવો' એ પૂર્વથી પણ વિચિત્ર છે. તોપણ પારકામાં રહેલા રસનું ગ્રહણ કરવાનો ઉદ્યોગ કરતા રામ અને કૃષ્ણના દર્શનથી તેમનું તે પ્રમાણે થવું તે તેથી પણ વિચિત્ર છે; કારણ કે સ્વભાવિક જ્ઞાનનું પણ તિરોધાન સંભવિત છે, તેથી જ '**વિચિત્ર**'માં '**વિ**' ઉપસર્ગ કહ્યો. વેણુએ કરીને બ્રહ્માનન્દને તુચ્છ કરવાથી શરીરરહિત મુક્તને પણ તે દાન કરે છે એમ જણાય છે. પરન્તુ તે મુક્ત તો તનુરહિત છે, તેથી તેમને વિષે ઉપર કહેલું કાર્ય સંભવતું નથી, એમ '**વેણુ**' પદ અને '**તનુભૃત્**' પદના સરખા વપરાશથી જણાય છે. ગાયમાં રહેલા ભોગ્યરસનું ગ્રહણ કરવાને ઉદ્યોગ કરતા પ્રભુને જોઈને 'ગાયમાંથી પ્રયત્નપૂર્વક રસનું ગ્રહણ કરે છે, અને અમે તો પ્રયત્નવિના જ **અમારી મેળે અમારામાં** રહેલા રસને સમર્પીશું,' એમ વિચારીને તેમ કરે છે. પ્રથમ વૃક્ષમાં રૂપનું જ્ઞાન વિચિત્ર છે, 'निरीक्ष्य रूपं यद् गोद्विजद्रुममृगा' એ વાક્યથી 'તરુ'ને રૂપજ્ઞાન છે એમ માનવું, અને દોહનસમયે તે રૂપજ્ઞાન કલપદવાળા, અમૃતવાળા વેણુગીતના ભાવથી–રૂપના મહિમાથી જ છે–**નિર્યોગપાશ** વગેરેથી જ છે; આથી સ્વરૂપસંબંધી **સર્વ–નિર્યોગપાશ** વગેરે 'વિપરીત છે;' એટલે **પ્રમેયમર્યાદાનું નાશક અને સ્વરૂપાનન્દને આપનાર** છે, તે આશ્ચર્ય છે; એમ જણાવ્યું. '**નિર્યોગ**' વગેરેનો અર્થ કહે છે કે ત્યાં રૂપજ્ઞાનમાં પણ રસવાનમાંથી રસ લેવાની ઇચ્છા પ્રભુને થઈ, એમ પ્રભુના મનોધર્મનું જ્ઞાન અતિ વિચિત્ર છે. એમ હોવાથી પ્રભુને રસવાનની અપેક્ષા છે, તે જ્ઞાનથી પોતે પણ રસવાળાં હોવાથી પોતાનો ઉપયોગ પ્રભુને થશે, તે જ્ઞાનથી આનન્દિત થઈને પોતામાં રહેલા રસને પ્રકટ કરે છે, એમ જણાય છે; તેથી અન્તઃપૂર્ણ રસના વધી જવાથી સ્થાનના અભાવથી દરેક છિદ્રમાંથી બહાર નીકળવાથી રોમાંચ થાય છે, અને તે જ અહીં દરેક અવયવથી '**મધુધારા**' અને 'પુષ્પફલ' એમ સમજવું.

### શ્રીગુસાંઇજીકૃત સ્વતંત્ર ત્રીજું વ્યાખ્યાન—

ગોપદ્વારા અથવા ગોપોસહિત ગાયોને લઈ જતા નિર્યોગપાશના લક્ષણવાળા રામકૃષ્ણના કલપદવાળા વેણુરવથી ઉપર કહેલાં એ કાર્યો વિચિત્ર છે, એમ દરેક પદની સાથે 'ચિત્ર'પદ જોડવું. દોહનને માટે બહુ ધીરે ધીરે ચાલવાથી નૂપુરનો અવાજ પણ અવ્યક્ત અને મધુર હોય છે, તેથી ચરણને પણ કલવત્ત્વ છે; અથવા આસપાસ ગાયો વિંટલાયલી હોવાથી ચરણકમલનું કોઇક વાર દર્શન થાય છે, તેથી અવાજ અવ્યક્ત હોય છે. ગાયનું ગતિરાહિત્ય પાશથી ગાયના ચરણ બાંધવાને લીધે નથી, પરન્તુ **કલપદને લીધેજ** છે. **નિર્યોગલક્ષણ** તો ગોદોહનના ચિન્હતરીકે જ ધર્યું છે

સુબોધિનીજીઃ–'एवंविधा' એ શ્લોકથી શ્રીશુકદેવજી ઉપસંહાર કરે છેઃ—

**एवंविधा भगवतो या वृन्दावनचारिणः।**
**वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥ २० ॥**

વૃન્દાવનમાં વિહાર કરતા ભગવાન્‌ની, એ પ્રકારની ક્રીડાને પરસ્પર વર્ણન કરતાં ગોપિકાઓ તન્મય થઈ ગયાં. ૨૦.

સુબોધિનીજીઃ–આ તો (લીલાઓમાંનો એક પ્રકાર કહ્યો, એવી રીતે તો કરોડો લીલાઓ છે; તેનો હેતુ 'भगवतः' પદથી કહે છે. 'भग'થી કહેવાતા ઐશ્વર્ય વગેરે છ ગુણ અને ધર્મી ભગવાનના મિશ્રણથી કોટિશઃ વિસ્તાર થાય છે. વળી, મર્યાદામાં તો તે વિસ્તારની હદ પણ હોઈ શકે, પણ જ્યારે ભગવાન્ વૃન્દાવનમાં પ્રવેશ કરે છે, અને સ્વેચ્છાચારી થાય છે, તે વખતે ભગવાન્‌માં મર્યાદા હોતી નથી; તેથી લીલાનો વિસ્તાર પણ અસંખ્ય જ હોય છે. આથી એ પ્રમાણે તેનું પરસ્પર વર્ણન કરતાં ગોપિકાઓ તન્મય થઈ ગયાં–ક્રીડામય થઈ ગયાં. જાગ્રત્‌માં અને સ્વપ્નમાં આસક્તિભ્રમન્યાયથી ક્રીડાનું જ દર્શન કર્યા કરે છે.[1] અહીં 'ययुः( થઈ ગયાં )' એમ પૂર્ણભૂતકાલ વાપરવાથી એમ સૂચવ્યું કે સંસારમાં તેમનું આગમન થયું જ નથી. ૨૦.

---

એમ જણાય છે. 'પુલક' પદનો સંબંધ આવૃત્તિથી પહેલાં 'गतिमताम्' અને પછી 'तरूणाम्' એમ બન્નેની સાથે છે, એમ જાણવું. આથી 'બર્હાપીડ' શ્લોકનું જ તેર શ્લોકથી વિસ્તારપૂર્વક વિવરણ કરવાથી, અને એવા ભગવાનનો વૃન્દાવનપ્રવેશ કહેવાથી, 'સર્વ રસભોક્તા ભગવાન્ વૃન્દાવનમાં વિજયથી સ્થિતિ કરે છે' એમ નિરૂપણ કર્યું. ૧૯.

[1] વિવેચન 'વિરહમાં ત્રિભુવન પણ તન્મય થઈ જાય છે' વગેરેમાં જે આસક્તિભ્રમન્યાય પ્રસિદ્ધ છે, તેથી તેનાં જ દર્શન કર્યા કરે છે. અથવા 'આસક્તિ હોવાથી જે ફરી ફરીને તેનો વિચાર આવવારૂપ ભ્રમ' તે ન્યાયથી જેમ સમુદ્રના તરંગમાં પડેલો ફરીથી આવતો નથી તેમ આસક્તિભ્રમમાં પડેલો પણ ફરીથી આવતો નથી; તેથી 'આસક્તિ'નું રસસમુદ્રપણું અને 'ભ્રમ'નું આવર્તપણું યુક્ત જ છે, અને તેથી જ કોઈક જાણકારે કહ્યું છે કે રસસિન્ધુના કુંડાળામાં ડુબેલો શું પાછો આવી શકે છે? અને તેથી જ શ્રીગોપીજન પણ આસક્તિભ્રમન્યાયથી તન્મય થઈ ગયાં; ગોપિકાઓ સર્વથા મિથ્યાભ્રમમાં પડેલાં નથી. 'સર્વાત્મભાવ' એ બ્રહ્મના સાક્ષાત્કારનું કારણ છે, તે ભાષ્યના ત્રીજા અધ્યાયના 'विधैव तु निर्धारणात्' એ સૂત્રમાં સિદ્ધ કર્યું છે. (૨૦.)

આ પ્રકારે સાત અધ્યાયથી પંચપર્વા અવિદ્યાનિવૃત્તિપૂર્વક અન્તર્ભગવત્પ્રાપ્તિરૂપ મધ્યમ નિરોધનું નિરૂપણ સમાપ્ત થયું.

ગોપીરત્નસ્તુતાશેષવેણુવાદ્યવિશારદાય નમઃ, ગોચારણચારુવિચિત્રચરિત્રાય નમઃ,
ગોપિકાધૈર્યવિમોચકવેણુનાદાય નમઃ, ગોપાઙ્ગનાનયનપાનૈકપાત્રાય નમઃ,
શ્રુતિરૂપગોપિકાવર્ણિતનિખિલગુણાય નમઃ, ગોપીકામપ્રબોધકાય નમઃ.

**શ્રીવેણુગીત સમાપ્ત**

## શ્રીમદ્ભાગવત દશમસ્કન્ધ અ૦૫થી ૧૭સુધી.

દશમસ્કન્ધના પહેલા ચાર અધ્યાયથી જન્મપ્રકરણનું વર્ણન કરીને ૭૨ કારિકાથી બીજા તામસ-પ્રકરણનો વિચાર કરે છે; તેના અઠ્ઠાવીશ અધ્યાય છે, અને સાત સાત અધ્યાયના ચાર પેટા પ્રકરણ છે–પ્રમાણપ્રકરણ, પ્રમેયપ્રકરણ, સાધનપ્રકરણ અને ફલપ્રકરણ. એ અઠ્ઠાવીશ અધ્યાયની લીલા વ્યૂહરૂપથી કરી નથી, પણ પુરુષોત્તમરૂપથી કરેલી છે. સાર એ કે નટની માફક પ્રાકૃત-ભાવ કરીને પ્રાકૃત લીલા કરતાં તામસ ભક્તોનો ઉદ્ધાર શ્રીપુરુષોત્તમે પોતાના રૂપથી કર્યો છે, તે આ પ્રકરણમાં કહેવામાં આવ્યું છે; માટે આ પ્રકરણ પ્રથમના જન્મપ્રકરણને પોષક હોવાથી પોષ્યપોષકભાવની સંગતિ બે પ્રકરણ વચ્ચે છે, તેથી આ વાસુદેવલીલા નથી એમ બોધ કર્યો. (કા. ૪૧½)

હવે પ્રથમ પ્રમાણપ્રકરણનો અર્થ કહે છે. જો એમ આકાંક્ષા થાય કે આ પ્રકરણને પ્રમાણપ્રકરણ શા માટે કહે છે? તો તેના ઉત્તરમાં કહે છે કે અહીં દરેક અધ્યાયમાં ભગવાનના ચરિત્રમાં પ્રમાણને શોધી કહાડવાનું દર્શન થાય છે, તેથી એને પ્રમાણપ્રકરણ કહે છે.

**શંકા:**–ભગવાન્ જે જે ચરિત્ર કરે છે, તે ત્યાં ત્યાં રહેલા ભક્તોના જાણવામાં આવે છે; તો પછી કયા પ્રમાણને શોધવાની અપેક્ષા છે, કે જેથી આ પ્રકરણને પ્રમાણપ્રકરણ કહે છે?

**સમાધાન:**–ભક્તિથી સારી રીતે જોડાયલું જે અજ્ઞાન, અને ભગવાનના સ્વરૂપનું અન્યથા-જ્ઞાન (ઉલટું જ્ઞાન), તે જ અહીં અબાધિત હોવાથી પ્રમાણ છે. (ભગવાનને ભગવાન ન સમજતાં બાલકરૂપે સમજવા તે અજ્ઞાન, અને નન્દયશોદાજીના પુત્રરૂપે સમજવા તે અન્યથાજ્ઞાન).

આ પ્રકરણમાં જુદી જુદી લીલાઓ અને જુદા જુદા ભક્તોને જાણવામાં આવે છે, તેથી એને પ્રમાણપ્રકરણ કહે છે. (કા.૪૩.) તામસપ્રકરણમાં તો તામસ ભક્તોની ભગવદાસક્તિસહિત પ્રપંચ-વિસ્મૃતિ કહેવી જોઈએ, તોપછી આ પ્રકરણના ચાર પેટા વિભાગ કરવાનું શું પ્રયોજન? એવી શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છે કે પહેલા સાત અધ્યાયના પ્રમાણપ્રકરણમાં પુરુષોની આસક્તિ ભગવાનમાં થાય છે, તેનું વર્ણન છે; બીજા પ્રમેયપ્રકરણમાં અને પછી ફલપ્રકરણમાં જુદી જુદી જાતની સ્ત્રીઓની આસક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રમાણે જેમનો નિરોધ કરવાનો છે, તે ભક્તોમાં ભેદ હોવાથી પ્રકરણનો ભેદ કરેલો છે, તેથી જે ભક્તોનો નિરોધ કહેવાનો છે, તેમના સ્વરૂપ વગેરેનો બોધ કરવાનું પ્રયોજન છે તે કહે છે–પુરુષોની પ્રમાણમાં નિષ્ઠા હોય છે, સ્ત્રીઓની પ્રમેયમાં નિષ્ઠા હોય છે, સર્વેની સાધનમાં નિષ્ઠા હોય છે, અને ફલ સ્ત્રીઓમાં પ્રતિષ્ઠિત થઈને રહેલું છે. (કા. ૪૪).

આ પ્રકારે પેટા પ્રકરણનું પ્રયોજન કહીને દરેક અધ્યાયનું પ્રયોજન કહે છે, અને લીલાના સાત પ્રકાર સ્ફુટ કરે છે. જો કે કૃષ્ણને મથુરામાંથી ગોકુલ કંસના ભયથી રક્ષણમાટે લઈ જવામાં આવ્યા છે, તોપણ કૃષ્ણ જ્યાં પધારે છે, ત્યાં સર્વ ઉત્સવો પ્રવર્તાવે છે; માટે આ પ્રકરણના પહેલા અધ્યાયમાં (મૂલથી પાંચમા અધ્યાયમાં) ઉત્સવનું નિરૂપણ કરતાં ભગવાનના ૭ ગુણમાંના **'ઐશ્વર્ય'**નું નિરૂપણ કરે છે. પછી બીજા (છઠ્ઠા) અધ્યાયમાં પૂતનામારણલીલા છે, તે **'વીર્ય'**નું નિરૂપણ કરે છે. ત્રીજા (સાતમા) અધ્યાયમાં શકટભંજન, તૃણાવર્તવધ અને વિશ્વદર્શનની લીલાઓ છે, તે ભગવાનના **'યશ'**નું વર્ણન કરે છે; તેમાં 'શકટ' ભારી હોવાને લીધે તામસ છે, 'તૃણાવર્ત' ચલ અથવા ગતિમાન્ હોવાને લીધે રાજસ છે, અને પુત્રભાવથી લાલન અને મોહ, એ જ્ઞાનપૂર્વક હોવાથી સાત્વિક છે એમ સમજવું. સાત્વિક બે પ્રકારના છે–જેમની શાસ્ત્રમાં નિષ્ઠા નથી તે એક પ્રકાર; અને જેમની શાસ્ત્રમાં નિષ્ઠા છે તે બીજો પ્રકાર, એમ બે પ્રકારના હોવાથી એ બે લીલા સાત્વિક છે. યશનું લક્ષણ પ્રથમસ્કન્ધસુબોધિનીજીમાં નીચે પ્રમાણે આપ્યું છે કે વિસર્પિ (સર્વ સ્થળે પ્રસરતો) ગુણ છે, અને તે પોતાના આધારનો (જેનો યશ કહેવાનો હોય તેનો) ઉત્કર્ષ સિદ્ધ કરે છે, અને સર્વજનને આનન્દ આપે છે; અથવા સુન્દરરૂપે વર્ણન કરવાયોગ્ય ગુણ, ક્રિયા,

વગેરેનું પુષ્કલપણું છે. યશના આ અર્થ ચારે લીલામાં સિદ્ધ થાય છે, માટે તે ચારે લીલા 'યશ'ની નિરૂપક છે. સુડતાલીશમી કારિકામાં 'तथा' પદ મૂક્યું છે, તેથી તૃણાવર્તપ્રસંગમાં ભગવાને પોતાનું સ્વરૂપ એકદમ ભારી કર્યું અને એથી ગરિમા લીલાનો પણ સંગ્રહ 'तथा' પદથી કરી લેવો; એટલે એ પાંચે લીલા 'યશ'ની નિરૂપક છે. ચોથા (આઠમા) અધ્યાયમાં નામકરણલીલા છે, તેમાં 'શ્રી' ગુણનું વર્ણન છે, અને તેની પછી રિંગણ વગેરે લીલા છે, તે પણ 'શ્રી'સૂચક છે; એ લીલાઓ 'શ્રી' રૂપ છે, કારણ કે તે સર્વ વિપત્તિઓની નિવારક છે, તે ગર્ગાચાર્યના વચનમાં સ્ફુટ છે. પાંચમા (નવમા) અધ્યાયમાં બ્રહ્મત્વજ્ઞાનનો બોધ કરાવનાર બંધનલીલા છે, તે 'જ્ઞાન'ની નિરૂપક છે. (કા. ૪૭.) છઠ્ઠા (દશમા) અધ્યાયમાં યમલાર્જુન—બે વૃક્ષોની મુક્તિ, એ 'વૈરાગ્ય' ગુણનું નિરૂપક છે, અને સાતમા (અગિઆરમા) અધ્યાયમાં સ્વતંત્રતાથી લીલા કરેલી હોવાથી ધર્મીરૂપ ભગવાન્‌નું નિરૂપણ છે. આ પ્રમાણે જે જે પ્રકરણમાં સાત અધ્યાય હોય તે તે પ્રકરણમાં ૭ ધર્મ અને સાતમા ધર્મી એમ ક્રમ સમજવો. (કા. ૪૮.)

કેટલાક ટીકાકાર પ્રમાણપ્રકરણપણું બીજી રીતે સ્વીકાર કરે છે, તેઓ કહે છે કે જે પ્રમાણમાં આવી શકતા નથી તેને પ્રમાણમાં લાવવાની બુદ્ધિ તે પ્રમાણ. શ્રીવલ્લભાચાર્યજીને આ કેમ રુચતું નથી, તેનું કારણ સ્પષ્ટ કહ્યું નથી, તોપણ આવી બુદ્ધિ તો બીજા પ્રકરણોમાં પણ જોવામાં આવે છે, માટે પ્રમાણનો આ અર્થ લઈએ તો બીજાં પ્રકરણોમાં તેની અતિવ્યાપ્તિ થાય, એટલે બીજાં પ્રકરણોને પણ પ્રમાણપ્રકરણ કહેવાં પડે, તેથી અરુચિ થવાથી પોતે તેનો સ્વીકાર કર્યો નથી. આ પ્રકરણમાં "ભગવાનના સ્વરૂપનાં અજ્ઞાન અને અન્યથાજ્ઞાન"રૂપ પ્રમાણના જ્ઞાનની શોધ કરવામાં આવી છે, તેથી આ પ્રકરણને પ્રમાણપ્રકરણ કહેવામાં આવ્યું છે. 'એમ જીજ્ઞાસા થાય કે તે શાથી સમજવું?' તો તેના ઉત્તરમાં કહે છે કે જેઓ એવા જ્ઞાનનો નિશ્ચય કરે છે, તેમના વિચારથી જ એ સિદ્ધ થાય છે. અહીંઆં આઠ પ્રમાણ છે; પ્રમાણ શબ્દનો અર્થ કશાથી બાધિત ન થાય એવું જ્ઞાન અને જે બાધયોગ્ય હોય તે સિવાયનું જ્ઞાન, એ બન્નેસંબંધી જે 'પ્રમાતા' એટલે કોઈ પણ વસ્તુને જોઈને તેનું સ્વરૂપ નક્કી કરનાર, જ્ઞાનનો વિષય, અને જ્ઞાન કરવું; એ સર્વ 'પ્રમાણ' શબ્દના અર્થમાં આવી જાય છે, એમ બીજા સ્કન્ધમાં "अत्र प्रमाणम्०"—'અહીં પ્રમાણ ભગવાન્ બ્રહ્મા છે' એ શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં કહેલું છે, તેથી અહીં 'પ્રમાણ' શબ્દથી 'જ્ઞાન' સમજવું. 'તે કેવી રીતે સમજવું?' એમ આકાંક્ષા થાય તો કહે છે કે ભગવાન્‌ની લીલારૂપ અજ્ઞાન અને અન્યથાજ્ઞાન, એ બંને એક અધ્યાયમાં કહેલું છે; તેથી એક પ્રમાણ અધિક હોવાથી બધાં મળી આઠ પ્રમાણ થયાં. (કા. ૪૯.) પ્રથમ પ્રમાતા (જ્ઞાન કરનારા) વસુદેવજી છે. નન્દરાયજીને પોતાના આવવા વિષયનું અજ્ઞાન અને પોતાના પુત્ર ભગવાન્‌માં નંદરાયજીનું પોતાના પુત્રતરીકે જ્ઞાન (અન્યથા જ્ઞાન), એ બંનેનો નંદરાયજીના વાક્યોથી એમને વિચાર થયો; માટે તે આ અધ્યાયમાં શોધવામાં આવ્યું છે. એ જ પ્રમાણે બીજા અધ્યાયમાં શ્રીનન્દરાયજીએ પણ "नन्दः स्वपुत्रमादाय—નંદરાયજી પોતાના પુત્રને લઈ ને" એ શ્લોકમાં કહેવા પ્રમાણે ભગવાન્‌ને પોતાના પુત્રતરીકે જ જાણેલા છે, તે જ અહીં અબાધિત હોવાથી પ્રમાણતરીકે શોધવામાં આવ્યું છે. એ પ્રમાણે તૃતીય અધ્યાયમાં પણ બાલકો શકટભંગના પ્રમાતાઓ (જ્ઞાન કરનારા) છે, અને સ્ત્રીઓ તૃણાવર્તના ભંગનો જ્ઞાન કરનાર છે, ત્યાં "તેઓને શ્રદ્ધા થઈ નહિ" અને "હણનાર પોતાના પાપથી જ હણાઈ ગયો" એમ બીજાઓને હેતુના અજ્ઞાનથી ત્યાં પ્રમાણની શોધ કરવામાં આવી છે; ચોથા અધ્યાયમાં પણ ગર્ગાચાર્ય જે પ્રમાતા છે, તેમને શ્રીનંદરાયજીમાં રહેલું અજ્ઞાન અને અન્યથાજ્ઞાન તેનું જ્ઞાન થયું, તેથી તે એ શોધવામાં આવ્યાં છે; તે પ્રમાણે પાંચમા અધ્યાયમાં શ્રીયશોદાજી પણ ભગવાન્‌ને સ્વપુત્રતરીકે જ સમજ્યાં, છઠ્ઠા અધ્યાયમાં યમલાર્જુનો પણ 'नलकूवरादि' અવસ્થામાં

ઉલૂખલને બાંધેલા જ ભગવાનને આમંત્રણ કરતી વખતે નન્દપુત્રતરીકે જ સમજ્યા, એમ જણાય છે; સાતમા અધ્યાયમાં ઉપનન્દ પણ "આ અથવા કોઈ બીજો" એમ કહેતાં ભગવાનને લૌકિક બાલકવત્ સમજ્યા એમ સ્ફુટ છે; આ પ્રમાણે પ્રમાતાના વિચારથી તે સિદ્ધ થાય છે. (કા.૫૧.)

સાત પ્રકારે લીલા કરવાનું કારણ સાડાત્રણ કારિકાથી કહે છે-દેશના દોષનો ભ્રમ કૃષ્ણે વિવિધ પ્રકારથી દૂર કર્યો, પ્રથમ અધ્યાયમાં 'ઐશ્વર્ય'થી ભગવન્માર્ગમાં જે બહુ બાધકો હતાં તે દૂર કર્યાં; બીજા અધ્યાયમાં 'વીર્ય'થી કૃષ્ણથી જ તે બાધકોનો અભાવ થાય છે એમ કહ્યું; તૃતીય અધ્યાયમાં 'યશ' સકલ પુરુષાર્થનો સાધક છે, એમ નિરૂપણ કર્યું; ચોથા અધ્યાયમાં 'શ્રી'ભક્તિનું દાન કરનાર છે એમ કહ્યું; પાંચમા અધ્યાયમાં ભક્તિથી ભગવાન્ વશ થાય છે એમ 'જ્ઞાન' આપ્યું; છઠ્ઠા અધ્યાયમાં ભગવાન્ સર્વના ઉદ્ધારનો પ્રયત્ન કરે છે, અને સર્વેના સર્વ દોષ દૂર કરે છે, એમ 'વૈરાગ્ય' ગુણનું નિરૂપણ કર્યું; સાતમા અધ્યાયમાં 'ધર્મી' સ્વરૂપે પરમાનન્દનું દાન કરે છે એમ વર્ણન કર્યું. સાર એ કે ભગવાન્‌નું સ્વરૂપ અને ધર્મ વગેરે ગુણ જાણવાની ઇચ્છા કરનારને 'ભગવાન્ આ સર્વ ધર્મવાળા છે,' એમ જણાવવાને આ સર્વ લીલા કરવાનું પ્રયોજન છે.(કા.૫૪½.)અવતાર સમયના ભક્તોમાં સાત પ્રકારની લીલાથી સિદ્ધ ફલદાન આપનાર જે કાર્ય થયું તે કહે છે કે પ્રમાણબલ પ્રાપ્ત કરીને સર્વે ભક્તોને ગોકુલમાં સર્વ પ્રપંચની વિસ્મૃતિ થઈ, અને ભગવાન્‌માં આસક્તિ થઈ, એ સ્ફુટ છે.(કા.૫૫.)

એ પ્રમાણે ચઉદ કારિકાથી પ્રમાણપ્રકરણનો વિચાર કર્યો, તેમાં ઘણુંખરું દરેક અધ્યાયમાં પુરુષોની જ મુખ્યત્વે વ્યાપારકથા જોવામાં આવે છે, તેથી જ તેમની નિષ્ઠા ભગવાન્‌માં પ્રમાણપ્રકરણથી સિદ્ધ થઈ. (કા.૫૫½).

પ્રમેય પ્રકરણ—હવે ભગવાન્‌માં માતૃચરણ શ્રીયશોદાજી વગેરેની નિષ્ઠાનો બોધ કરવાને ૧૩½ કારિકાથી પ્રમેયપ્રકરણનો વિચાર કરે છે. તેમાં પહેલી ત્રણ કારિકાથી 'પ્રમેયપ્રકરણ' નામ સિદ્ધ કરે છે. ભગવાનના સ્વરૂપના અજ્ઞાનસહિત અન્યથાજ્ઞાન એટલે નંદપુત્રતરીકેનું જ્ઞાન પ્રાપ્ત કરીને ભગવાને જુદી જુદી લીલાઓ પ્રમાણપ્રકરણમાં કરી હતી, એવો નિર્ણય કરેલો છે, તે બાલરૂપ પ્રમેયમાં પણ ચાલુ છે. નન્દમહોત્સવથી, પૂતનાભયથી, કૌતુકથી, ખાસ કરીને ગર્ગાચાર્યનાં વાક્યોથી, મુગ્ધ ભાવોથી, અતિ આશ્ચર્ય નિરૂપણથી, યમલાર્જુનના ભંગથી, બકાસુરના વધ વગેરેથી, તથા સર્વ દુઃખમાંથી છોડાવવાથી કૃષ્ણને વિષે આસક્તિનું વર્ણન કરવામાં આવે છે, તેથી પ્રમેયસંપત્તિ થયાપછી જે કૃષ્ણને વિષે આસક્તિ થાય છે, તેનો બોધ આ પ્રકરણમાં કરાતો હોવાથી આ પ્રકરણનું નામ પ્રમેયપ્રકરણ છે.(કા.૫૮½.) જો એમ શંકા થાય કે પૂર્વે પ્રમાણપ્રકરણમાં ભગવાન્‌માં આસક્તિ સિદ્ધ થયલી જ છે, તો પછી તે ફરીથી નિરૂપણ કરવામાં શું લાભ? તો તેના સમાધાનમાં તામસ પ્રકરણના સર્વે પેટા વિભાગનું તાત્પર્ય કહે છે-પ્રથમ પ્રમાણપ્રકરણમાં સર્વથી અધિક સ્નેહ ભગવાન્‌માં છે, એમ નિરૂપણ કર્યું; બીજા પ્રમેયપ્રકરણમાં આસક્તિનું નિરૂપણ થાય છે; ત્રીજા સાધનપ્રકરણમાં વ્યસનનું વર્ણન કરવામાં આવે છે; ચોથા ફલપ્રકરણમાં ફલપ્રાપ્તિનું નિરૂપણ કરવામાં આવે છે. સાર એ કે ફલપર્યન્તની અવસ્થાનો બોધ કરવામાટે ચાર પેટા વિભાગ કરેલા છે; એ પ્રમાણે ચાર પ્રકારે નિરોધ સિદ્ધ થાય છે. શંકાઃ-ત્યારે અહીં સાત અધ્યાય શા માટે? ઉત્તરઃ-પૂર્વે કહેલી રીતિએ ઐશ્વર્ય વગેરે ભાવથી ભગવાન્ લીલા કરે છે, તેથી આસક્તિ સાત પ્રકારે કરેલીછે, તેથી સાત અધ્યાય છે. જે પ્રકારે અહીં ઐશ્વર્ય વગેરે ભાવ છે, તે પ્રકારે પદાર્થો સ્ફુટ કરે છે.

રૂપસૌન્દર્યભાવથી, ક્રિયાથી અને અભીષ્ટ દાનથી; સ્ત્રીઓ, ગાયો અને બાલકોને ભગવાને વશ કર્યાં છે. બારમા અધ્યાયના ૪૨ અને ૪૩મા શ્લોકમાં ભગવાનના રૂપસૌન્દર્યભાવથી સ્ત્રીઓને આસક્તિ થઈ એ વાત સ્ફુટ છે; કાલીયદમનરૂપ ક્રિયાથી ગાયોને આસક્તિ થઈ અને ચઉદમા

અધ્યાયના 'कृष्णं हृदाद्विनिष्क्रान्तम्' થી શરુ થતા ૧૩ થી ૧૮ શ્લોકમાં બાલકો તેમ જ સર્વેને અભીષ્ટ દાનથી કૃષ્ણમાં આસક્તિ થઈ, એ વાત સ્પષ્ટ છે. માટે આ ત્રણ-રૂપસૌન્દર્ય, ક્રિયા અને અભીષ્ટ-ઇચ્છિત હોય એવા દાનથી સ્ત્રીઓ, ગાયો અને બાલકોનાં મન સાધારણ રીતે ત્રણ અધ્યાયમાં વશ થયાં છે એમ કહ્યું.(કા.૬૧.) કાલીયદમનક્રિયાના અધ્યાયમાં ભક્તોને ક્લેશ થયો, તે કહેવાનું તાત્પર્ય કહે છે કે એક ક્ષણ પણ ભગવાન્‌નું દર્શન ન થાય તો તેને મરણ પ્રાપ્ત થાય, એ બીજું પર્વ છે. સાર એ કે પૂર્ણ આસક્તિ જણાવવાને માટે તેનું નિરૂપણ છે. તોપણ અભીષ્ટ દાનના (૧૪મા) અધ્યાયમાં દાવાગ્નિ કહેવાનું શું પ્રયોજન? એમ શંકા થાય તો કહે છે કે માહાત્મ્યજ્ઞાનની સિદ્ધિ-માટે મરણમાંથી ભગવાને તેમને મુક્ત કર્યાં. જો માહાત્મ્યજ્ઞાન ન થાય તો તે આસક્તિ 'ભક્તિ' ન કહેવાય; માટે એ આસક્તિ ભગવાનના માહાત્મ્યજ્ઞાનને લીધે ભક્તિરૂપ થાય, તેને માટે તે વર્ણન કર્યું છે. પંદર, સોળ, સત્તર અને અઢાર અધ્યાયોના અર્થ કહે છે કે સાધારણ રીતે સર્વેની આસક્તિ અને ખાસ કરીને જુદી જુદી રીતે બાલકોની, ગાયોની અને સર્વેની આસક્તિ અને ગોકુલમાં ભોગ્યસ્ત્રીઓની દૃઢાસક્તિનું નિરૂપણ કર્યું છે. (કા. ૬૪.) ભગવાનના રૂપનું સૌન્દર્ય સર્વની દૃષ્ટિને ગોચર થાય છે, તો તેનાથી મુખ્ય રીતે સ્ત્રીઓ જ વશ થાય છે, એમ કેવી રીતે સમજાય? એવી શંકા થાય તો કહે છે કે રૂપનો અનુભવ સ્ત્રીઓમાં થાય છે, તે બાબત પ્રથમ બારમા અધ્યાયમાં 'પીત્વા મુકુન્દ૦' એ શ્લોકમાં કહી છે, અને છેલ્લા અઢારમા અધ્યાયમાં વેણુગીતથી તે અનુભવનો બોધ કરનાર વચન કહ્યાં છે; તેથી મુખ્ય રીતે સ્ત્રીઓ વશ થાય છે, એમ આપણને માલૂમ પડે છે.

**શંકા**-જો આ પ્રમાણે પ્રમાણ અને પ્રમેય, એ બે પ્રકરણની લીલાઓ વડે જ ભગવાન્‌માં પૂર્ણ આસક્તિ સિદ્ધ થાય છે, તો આગલાં સાધનપ્રકરણ વગેરેનું શું પ્રયોજન? **ઉત્તર**:-આસક્તિ અતિશય વધીને બહાર ઉભરાઈ જાય છે, તે જણાવવાને માટે આગળ સાધનપ્રકરણ કહેલું છે.(કા.૬૫.)

'પહેલાં ભગવાને જે શ્રીબલભદ્રજીને ભગવત્ત્વનો બોધ કર્યો અને આગળ જે તેમણે ધેનુકનો વધ કર્યો, તેનું અહીંઆં શું પ્રયોજન છે?' એમ પ્રશ્ન થાય તો તેના ઉત્તરમાં કહે છે કે-બલભદ્રમાં ભગવાનનો આવેશ છે, તેનો બોધ કરવાને માટે ભગવાને તેમને બોધ કર્યો છે; તેથી બલભદ્રનું ચરિત્ર પણ મૂલ ભગવાનનું જ ચરિત્ર છે, તે જણાવવામાટે તે કહ્યું છે. જો એમ શંકા થાય કે તેરમા અધ્યાયમાં આવી કાલીયદમનરૂપ દારુણલીલાના નિરૂપણનું શું પ્રયોજન છે? તો કહે છે કે આસક્તિની પરીક્ષા કાલીયદમનલીલામાં ભગવાને કરી છે. માત્ર સ્નેહથી જ આટલી આસક્તિ થઈ નથી, પણ પોતાના જીવનરૂપી દાન ભગવાને કર્યું; તેથી તેમનામાં આસક્તિ યુક્ત જ છે, તે જણાવવાને માટે દાવાગ્નિમાંથી તેમને છોડાવ્યાં તેનું વર્ણન કરેલું છે. (કા. ૬૮.)

પંદરમા અધ્યાયમાં પ્રલંબનો વધ 'શ્રી' ભાવથી કરેલો છે, તે જણાવવાને કહે છે કે પછી કૃષ્ણની કૃપાથી કાલના દુઃખનું નિવારણ કરેલું છે. સર્વે બાલકોની ભગવાનની સાથે ક્રીડાથી અને દુશ્મનનો નાશ કરવાથી ભગવાન્‌માં દૃઢ આસક્તિ થઈ, દાવાગ્નિમાંથી છોડવવાથી ગાયોની ભગવાન્‌માં દૃઢ આસક્તિ થઈ; અને વર્ષા અને શરદ્ ઋતુના ગુણના વર્ણનથી તે તે કાલના સમાનપણાનો બોધ કરવાથી સર્વેને આધ્યાત્મિક કાલથી થતા દુઃખના નિવારણનો બોધ કર્યો, તેથી વ્રજ-વાસીઓને ભગવાન્‌માં આસક્તિ દૃઢ થઈ. અહીં કાલ પ્રધાન હોવાથી અને પોતે તટસ્થ હોવાથી વૈરાગ્યભાવનું સૂચન કર્યું, તેની પહેલાં દાવાગ્નિપાન જ્ઞાનપૂર્વક કરેલું હોવાથી 'જ્ઞાન' ભાવનું સૂચન કર્યું; તેથી પહેલાં આરોહણ વગેરે ક્રિયામાં પરિવૃઢપણું (પતિપણું) 'શ્રી'યુક્ત હોવાથી 'શ્રી'ભાવનું નિરૂપણ કર્યું; અઢારમા અધ્યાયમાં 'રસો વૈ સઃ' એ શ્રુતિમાં નિરૂપણ કરેલા બ્રહ્મનું સ્ફુટપણું હોવાથી 'ધર્મિ'ભાવ પણ સ્ફુટ છે; એ પ્રમાણે સાડીતેર કારિકાથી પ્રમેયપ્રકરણનો વિચાર કર્યો. (કા. ૭૦.)

## તામસપ્રમેયપ્રકરણમાંનાં પુરુષોત્તમનામસહસ્રનાં નામોનું ભાષાંતર—

**पौगण्डलीलाभिरतिः** ॥૮૧૯॥ સાત વર્ષથી અગીઆરમા વર્ષસુધીની અવસ્થાને **પૌગંડાવસ્થા** કહે છે. તે પૌગંડ અવસ્થાની જે લીલા–ક્રીડા, તેવડે અથવા તે લીલામાં સર્વ પ્રકારે છે રમણ-સુખવિશેષ જેમને. તે ભા.૧૦-૧૨-૧માં " ત્યારપછી પૌગંડવય આપે અંગીકાર કર્યું"વગેરેથી કહ્યું છે.

**गोचारणपरायणः** ॥૮૨૦॥ ગોચારણ એટલે મનગમતા સ્વચ્છ અને સુંદર ઘાસ, જલ, વગેરેથી ગાયોનું સારી રીતે પોષણ કરવું, એ જ જેમનું પરમ–ઉત્તમ સ્થાન છે એવા. ૨.ગાયોનું પોષણ કરવાવડે જ જેમનું અયન–જ્ઞાન છે એવા. ગાયો અને વત્સો ચરાવનાર અન્ય ગોપબાલકો સાથે વૃંદાવનમાં જેમનું હરવું થાય છે, એવા પ્રભુ શ્રીહરિ.

**वृन्दावनलतागुल्मवृक्षरूपनिरूपकः** ॥૮૨૧॥ વૃંદાવનની લતાઓ, નાના વૃક્ષો, મોટા મોટા તરુવરો વગેરેમાં જેમનું જેવું રૂપ, જેમની જેવી શોભા, જેમની જેવી પુલ, ફલ, વગેરેની સંપત્તિ, તે જ પ્રમાણે ઉત્પ્રેક્ષા અલંકાર વડે કરી બરાબર રીતે વર્ણન કરનાર **શ્રીકૃષ્ણ**. તે ભા.૧૦–૧૨–૫માં 'અહો દેવવર! આ વૃક્ષો જે તામસ ભાવે તેમને તરુ જન્મ આપ્યું છે, એ પોતાના તામસ ભાવને દૂર કરાવવા સ્વમસ્તકને નમાવી પુલ, ફલ, વગેરે ભેટ ધરીને દેવોએ વંદન કરેલ આપના ચરણારવિંદને નમન કરે છે.' એથી કહ્યું છે.

**नादब्रह्मप्रकटनः** ॥૮૨૨॥ નાદ–ગાન એ જ શબ્દબ્રહ્મ હોવાથી 'બ્રહ્મ' એમ કહેવાય છે, તેને પ્રકટ કરનાર પરમાત્મા. નાદ–ગાનરૂપ ઓંકાર, એ શબ્દબ્રહ્મનું મૂલ છે; ત્યાંથી જ સર્વ શબ્દો પ્રગટ થયા છે. ઓંકાર અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે, અક્ષરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રનું સ્વરૂપ છે; જેથી શબ્દબ્રહ્મને પ્રકટ કરનાર પ્રભુ 'શ્રીકૃષ્ણ' એમ જણાવે છે. તે ભા.૧૦–૧૨–૧૦માં 'કોઈક સમયે ભ્રમરો ગાન કરે છે, તેની સાથે ભગવાન્ ગાવા લાગે છે.' વગેરેથી કહ્યું છે.

**वयःप्रतिकृतिस्वनः** ॥૮૨૩॥ પક્ષીઓના શબ્દો સાંભળી તે જ પ્રમાણે પ્રતિશબ્દો સાંભળી, તે જ પ્રમાણે પ્રતિશબ્દો કરનાર બાલકૃષ્ણ પ્રભુ. તે ભા. ૧૦–૧૨–૧૧માં 'અને કોઈક સમયે કલ હંસોના' વગેરેથી કહ્યું છે.

**बर्हिनृत्यानुकरणः** ॥૮૨૪॥ મોરોના નૃત્યનું અનુકરણ કરનાર; અર્થાત્ મોર જેમ નૃત્ય કરે છે, તે પ્રમાણે અનુકરણ કરી નૃત્ય કરનાર **શ્રીનટવરવેશધારી શ્રીકૃષ્ણ**.

**गोपालानुकृतिस्वनः** ॥૮૨૫॥ ગાયોનું પાલન કરનાર, ગોપાલોના શબ્દોને અનુસરી શબ્દ કરનાર; તે પ્રમાણે આચરણ કરનાર ગોપરૂપધારી **શ્રીહરિ**.

**सदाचारप्रतिष्ठाता** ॥૮૨૬॥ સત્પુરુષોના આચારનું સ્થાપન કરનાર. સત્પુરુષોનો આચાર એવો હોય છે કે "કનિષ્ઠ ભ્રાતાએ પોતાના મોટા ભાઈ શ્રમિત થયા હોય તે સમયે તેમના ચરણ ચાંપવા વગેરે સેવા કરવી જોઈએ" તેવા સદાચારનું સદાચારપણું સ્થાપન કરનાર; તે ભા. ૧૦–૧૨–૧૪માં 'કોઈક વાર ક્રીડા કરતાં થાકી જાય છે, ત્યારે ગોપના ખોળામાં માથું રાખી તેના સાથળનું ઓસીકું કરીને બળદેવજી પોઢે છે, ત્યારે તેમના ચરણનું સંવાહન આપશ્રી કરે છે' વગેરેથી કહ્યું છે.

**बलश्रमनिराकृतिः** ॥૮૨૭॥ પોતાના વડીલ બંધુ બલદેવજીના શ્રમને (પગચંપી, વાયુ ઢોળી, વગેરે કરી) દૂર કરનાર.

**तरुमूलकृताशेषतल्पशायी** ॥૮૨૮॥ વૃક્ષના મૂલપાસે ગોપબાલકોએ રચેલી(કોમલ નવપલ્લવ તથા પુષ્પની) શય્યા, તેમાં પોઢવાના સ્વભાવવાળા એટલે પર્ણપુષ્પની શય્યા–સેજમાં પોઢનાર.

તે ભા. ૧૦-૧૨-૧૬માં 'કોઈક વાર પલ્લવશય્યા બનાવી...વૃક્ષના મૂલનો આશ્રય લઈ પોઢે છે' વગેરેથી કહ્યું છે.

**सखिस्तुतः ॥८२९॥** સરખા સ્વભાવવાળા-સ્વસમાનશીલ વ્યસનવાળા મિત્રજનોએ જેમનું યશોગાન ગાયું છે, એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**गोपालसेवितपदः ॥ ८३० ॥** ગોપબાલકોએ પગચંપી કરીને જેમના ચરણકમલનું સેવન કર્યું છે, એવા ગોવિન્દ ભગવાન્.

**श्रीलालितपदाम्बुजः ॥८३१॥** શ્રી-લક્ષ્મીવડે સ્નેહપૂર્વક જેમના બે ચરણારવિંદો સેવાયલા છે, એવા મનોહર પરમાત્મા. તે ભા.૧૦-૧૨-૧૯માં 'સાક્ષાત્ લક્ષ્મી જેના ચરણની સેવા કરે છે, એવા ઈશ્વર થઈને પણ ગામડાના જીવનના રસના અનુભવમાટે ગામડીયા જેવી ચેષ્ટા કરે છે.' એથી કહ્યું છે.

**गोपसंप्रार्थितफलदाननाशितधेनुकः ॥८३२॥** સુદામા તથા સુબલ વગેરે ગોપબાલકોએ ભોજન કરવા પ્રાર્થના કરી માગેલાં તાડના ઝાડોનાં ફલો; તેનું દાન કરવાને ગર્દભ-ગધેડાના આકારવાળા ધેનુકાસુર નામના બલવાન્ દૈત્યનો વિનાશ કરનાર શ્રીકૃષ્ણચંદ્ર.

**कालीयफणिमाणिक्यरंजितश्रीपदाम्बुजः ॥८३३॥** કાલીય નાગના ફણિમંડલપર નૃત્ય કરવાથી તેના મસ્તકઉપર રહેલા માણેક-મણિવડે લાલ બનેલાં અત્યંત રમણીય જેમનાં ચરણકમલો છે એવા; ૨.કાલીય નાગની ફણિઓના માણેકથી રક્ત જેમનાં લક્ષ્મીસંબંધી ચરણો છે એવા; કાલીયનું દમન કરનાર શ્રીકૃષ્ણ.

**दृष्टिसंजीविताशेषगोपगोगोपिकाप्रियः ॥८३४॥** અમૃતમયી દૃષ્ટિની વૃષ્ટિવડે સંજીવન કરેલા સમગ્ર ગોપો, ગાયો, અને ગોપિકાઓના પ્રિય-પ્રાણરૂપ જીવનરૂપ શ્રીવ્રજચંદ્ર પૂર્ણપુરુષોત્તમ.

**लीलासंपीतदावाग्निः ॥८३५॥** ૧.લીલામાત્રમાં-અનાયાસે-સહજ દાવાનલનું સારી રીતે પાન કરનાર-પીનાર પરમાત્મા; ૨.લીલા-ક્રીડા-આનંદ કરવાસારું દાવાગ્નિનું પાન કરનાર પ્રભુ. તે ભા.૧૦-૧૪-૨૫માં 'આ પ્રકારે સ્વજનોનું વિકલપણું જોઈને જગતના ઈશ્વર અને અનંત શક્તિને ધારણ કરનાર ભગવાને તે અગ્નિનું પાન કર્યું અને સ્વીયને સંકટથી મુક્ત કર્યા' એમ કહ્યું છે.

**प्रलम्बवधपंडितः ॥८३६॥** પ્રલંબાસુરદૈત્યનો વધ કરવા શ્રીબલરામને જ્ઞાન કરાવવામાં ચતુર.

**दावाग्न्यावृतगोपालदृष्ट्याच्छादनवह्निपः ॥८३७॥** દાવાનલવડે ઘેરાયલા ગોપબાલકોની આંખો મીંચાવીને દાવાગ્નિનું પાન કર્યું, એવા દાવાગ્નિ પીજનાર પરમદયાલ શ્રીકૃષ્ણચંદ્ર.

**वर्षाशरद्विभूतिश्रीः ॥८३८॥** વર્ષાઋતુ, અને શરદૃઋતુ એ બન્નેની તે તે સમયમાં પ્રકટ થયલી વિભૂતિ-સંપત્તિ તેના વડે જેમનામાં શોભા-સુંદરતા છે એવા. ૨.વર્ષા તથા શરદ ઋતુની તે તે કાલમાં ઉપજેલી સામગ્રી, તેના સૌન્દર્યરૂપ-શોભારૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ. તે ગી. ૧૦-૪૧માં 'જે જે શોભાવાળું છે, તે સર્વ મારા તેજના અંશથી ઉત્પન્ન થયલું છે,' એ વાક્યથી જણાય છે.

**गोपीकामप्रबोधकः ॥८३९॥** ગોપીજનોમાં પ્રકર્ષ રીતે કામનો બોધ કરનાર-મદનરસનો ઉદય કરનાર; તે ભા.૧૦-૧૮-૩માં 'કામને ઉદ્દીપન કરનાર તે વેણુગીતને સાંભળીને કૃષ્ણની પરોક્ષમાં કોઈ ગોપી પોતાની સખીની સાથે વર્ણન કરવા લાગી', એથી કહ્યું છે.

**गोपीरत्नस्तुताशेषवेणुवाद्यविशारदः ॥ ८४० ॥** ગોપીજન એજ રત્નો, તેમના વડે સ્તુતિ કરાયલા, સમગ્ર વેણુવાદ્યના વિશારદ-પ્રકાશક, એટલે ગોપીજનોમાં વેણુવાદ્યનું વર્ણન કરવા સ્તુતિ થાય તેમ કરવા વિવિધ પ્રકારના ધ્વનિનો પ્રકાશ કરનાર, શ્રીમુરલીધર પ્રભુ. ૨. સર્વ શ્રેષ્ઠ ગોપીજનોથી સ્તુતિ કરાય-વખણાય તેવી રીતે વાદ્યને વગાડનાર.

## વેણુગીતલીલામનોરથયોજના

**સ્થલ.** ૧.વૃન્દાવન–તેમાં યમુના નદી અને તેનાં ઝરણાં; પર્વતો અને તેનાં નાનાં નાનાં શિખરો; તેમાં ભ્રમર, કમલો અને પક્ષીઓનાં ટોળેટોળાં વસે છે. ગોવર્ધન પર્વત, તેમાં ગુફા છે. ઝરણાંમાં કમલો વગેરે છે, કિનારે પુષ્પના છોડ છે, તેપર પુષ્પો ખિલેલાં છે, જેથી મંદમંદ સુગંધયુક્ત પવન આવે છે. કોમલ દુર્વા ઉગેલી છે, વૃક્ષો છે, ઋતુ શરદ છે, તેથી જલ સ્વચ્છ છે.

૨.ગોકુલ–વ્રજ. ગોવાળીઆઓના ગોષ્ઠ એટલે ફળીયાં છે, જ્યાં નાનાં નાનાં ઝુપડાં છે. ત્યાં સરખે સરખી ગોપિકાઓ દિવસના પ્રભુનાં ગુણગાન કરે છે. વેણુનું શ્રવણ કરે છે. વેણુદ્વારા દાન કરેલ અધરસુધા તેમના કર્ણમાં પ્રવેશ કરે છે, અને તે આખા શરીરમાં સર્વત્ર પ્રસરી મુખદ્વારા છલકાઈ વર્ણનરૂપે બહાર નિકળે છે, તેથી ગોપિકાઓ પ્રભુનું વર્ણન કરતાં કરતાં તન્મય થઈ જાય છે, અને ચારે તરફ રમણ કરે છે.

૩. ગોવર્ધન પર્વત–ત્યાં ભીલડીઓ કંદમૂલ લઈને પ્રભુને અર્પણ કરવા જાય છે. આ ભીલડીઓ પ્રભુના ચરણારવિંદથી જમીનપર સ્પર્શ કરેલા કંકુને તૃણવડે શરીરે ચોપડે છે, જેથી ભગવત્સાક્ષાત્કાર થાય છે.

૪. શ્રીયમુનાજી–જલ સ્વચ્છ છે, જલનો વેગ સ્થંભી ગયો છે, તેમાં કમળો ભરપુર છે, ઝરણારૂપ હસ્તથી પ્રભુના ચરણમાં કમળોની ભેટ કરે છે.

૫. આકાશ–ઘણુંખરું વાદળાંથી ઘેરાયલું છે, ઝરમર ઝરમર વર્ષાદ પણ આવતો હશે, વિમાનમાં દેવીઓ બેઠેલી છે, તેમને વેણુશ્રવણથી મૂર્છા આવે છે; તેથી તેમની વેણીનાં ફુલ ખરી પડે છે, અને ચણીઆની ગાંઠ ઢીલી થઈ જાય છે.

૬. ભૂમિ–કેટલીક રસાળ છે, ત્યાં પ્રભુના ચરણનાં ચિન્હ દેખાય છે, તેમાં ધ્વજા, વજ્ર, અંકુશ અને કમલનાં ચિન્હ છે.

૭. ઝાડો–કેટલાંક વાંસનાં વગેરે ઝાડો છે, તેમાંથી મકરંદ મધુધારારૂપે ટપકે છે.

**પાત્રો.** ૧. શ્રીકૃષ્ણ–નટના જેવો પહેરવેષ, વરના જેવો નૂતન વેષ, મયૂરપિચ્છના ગુચ્છનો મુકુટ, કાનમાં કર્ણિકાર પુષ્પ તથા આંબાની કુપલો, વગેરે ધારણ કરેલાં છે; પીળું ઉપવસ્ત્ર મુગુટની નીચે ધારણ કરેલું છે, કટિપર સોનેરી પીતાંબર ધારણ કરેલું છે, શ્રીઅંગપર વનમાલા ધારણ કરેલી છે, અને વેણુ વગાડે છે. વેણુને સાત છિદ્રો છે, તેમાં અધરસુધા પૂરે છે, રંગ શ્યામ મેઘના જેવો; વય વર્ષ ૯–૧૦.

૨. બલદેવજી–વર્ણ ગૌર, વય ૧૧–૧૨. નીલવસ્ત્ર, શણગાર શ્રીકૃષ્ણના જેવો.

૩. સવારે વ્રજમાંથી શ્રીકૃષ્ણ તથા બલદેવજી ગાયો, ગોવાળો સાથે વનમાં પ્રવેશ કરે છે; વનમાં ગોવાળો વગેરે ગાયોને ચરાવે છે. ગોવાળો નાની મોટી સર્વ ઉમ્મરના છે, સંધ્યા સમયે વનમાંથી રામ તથા કૃષ્ણ ખભાપર બે દોરડાં ધારણ કરીને ગાયોના ટોળા સાથે પાછા પધારે છે.

૪. પશુઓ–જ્યારે વેણુનાદ થાય છેત્યારે ગાયો કાન ઉંચા કરી ઘાસ ચરવું છોડી દઈ વેણુનાદનું શ્રવણ કરે છે અને ભગવાન્નો હૃદયમાં સાક્ષાત્કાર કરે છે, તેમના આંઉમાંથી દૂધ ઝરે છે. આંખમાંથી અશ્રુબિન્દુ ટપકે છે. સુંદર નેત્રવાળી હરિણીઓ હરિણ સાથે વનમાં ફરે છે, તે પણ ભગવાન્નો સાક્ષાત્કાર કરે છે. વાછરડાં ગાયને ધાવે છે તે દૂધનો ઘુંટડો મોંમાં જ રહે છે અને તે પેટમાં નહિ જતાં બહાર નિકળે છે, તેઓ ભગવાન્નો સાક્ષાત્કાર કરે છે.

૫. પક્ષીઓ–મયૂર નૃત્ય કરે છે, ભ્રમર ગુંજારવ કરે છે, પક્ષીઓનાં ટોળે ટોળાં છે, તેઓ ઝાડપર કુમળાં પત્તાંથી નીચે ઢંકાઈને આંખ મીંચી એકાગ્રચિત્તથી વેણુનાદનું શ્રવણ કરે છે.

# શુદ્ધિપત્ર*

| પાન | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૩૫ | યમેવેષ | યમેવૈષ |
| ૮ | ૯ | પદ્યાકર | પદ્માકર |
| ૧૦ | ૧૭ | આ સર્વ. | આ સર્વં |
| ૧૦ | ૩૭ | શૃગાર– | શૃંગાર– |
| ૧૧ | ૧૬-૨૨ | સ્થાયીભાવ | સ્થાયિભાવ |
| ૧૨ | ૨૮ | સબંધી | સંબંધી |
| | ૩૨ | પાદુર્ભાવ | પ્રાદુર્ભાવ |
| ૧૪ | ૨૧ | અસગતિ | અસંગતિ |
| | ૨૫ | બ્રજસ્ત્રિય | વ્રજસ્ત્રિય |
| | ૩૦ | આસ્રુત્ય | આશ્રુત્ય |
| ૧૮ | ૧૪ | પાદુર્ભાવ | પ્રાદુર્ભાવ |
| ૨૧ | ૬ | વેણુના | વેણુનાં |
| | ૧૩ | તેના | તેનાં |
| | ૨૪ | સૂવર્ણના | સુવર્ણના |
| | ૨૫ | વૈજ્યન્તી | વૈજયન્તી |
| ૨૩ | ૮ | ભક્તનીષ્ટ | ભક્તનિષ્ઠ |
| | ૧૬ | ભગવદ્દ– | ભગવદ્– |
| ૨૫ | ૧૧ | આશક્તિ | આસક્તિ |
| | ૨૯ | મદ્યપાતી | મધ્યપાતી |
| ૨૬ | ૧૨ | પ્રસાદ્રૂપ | પ્રસાદરૂપ |
| ૨૭ | ૧૨ | હોવાથી | હોવાથી, |
| | ૧૩ | ગોપો | તે ગોપો |
| ૨૯ | ૪ | ગઢ | ગૂઢ |
| | ૬ | રે વું | રહેવું |
| ૩૦ | ૧૯-૩૪ | ૦પૃથક | ૦પૃથક્ |
| ૩૨ | ૭ | ૧૬)મા | ૧૬મા) |

| પાન | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૫ | ૨૬ | વ્યવસ્થા | વ્યવસ્થા* |
| ૩૬ | ૩૬ | સબધ | સંબંધ |
| ૩૭ | ૩૩ | ભગદ્દુ૦ | ભગવદ્દુ૦ |
| ૩૯ | ૧૦ | છં, | છે, |
| ૪૦ | ૧૨ | મ ૨૦ | મયૂર૦ |
| ૪૩ | ૧૩ | 'નટં૦ | 'નટ'૦ |
| ૪૫ | ૧૯ | ૦પ્રાસિત | ૦પ્રાસીત્ |
| | ૨૦ | નિશ્ચય | નિશ્ચય |
| ૪૬ | ૬ | ચિત્ત અંશ | ચિદંશ |
| ૪૯ | ૨૯ | અન્તરભાવ | અન્તર્ભાવ |
| ૫૦ | ૩૭ | કામના | કામનો |
| ૫૨ | ૫ | ૦દ્ધર્મે | ૦દ્ધર્મના |
| ૬૪ | ૩૮ | ઉતમતા | ઉત્તમતા |
| ૬૭ | ૨૬ | પ્રવૃત | પ્રવૃત્ત |
| ૬૯ | ૮ | પ્રયાવ૦ | પ્રણયાવ૦ |
| ૭૨ | ૩૭ | સુત્ર | સૂત્ર |
| ૭૩ | ૨૦ | પ્રગટ | પ્રકટ |
| ૭૫ | ૨૧ | મૂર્છિત | મૂર્ચ્છિત |
| ૭૭ | ૧૬ | પ્રગટ | પ્રકટ |
| ૭૮ | ૩૭ | ગટિ | ગટી |
| ૮૧ | ૩૩ | પાદુર્ભાવ | પ્રાદુર્ભાવ |
| ૮૨ | ૧૬ | સંભવિતી | સંભવતી |
| | ૩૨ | માધૂર્ય | માધુર્ય |
| ૮૪ | ૯ | ગોપદ્ધારા | ગોપદ્વારા |
| ૮૫ | ૩૦ | બન્ને | અવાન્તર બન્ને |
| ૮૮ | ૨૦ | કર્યુ | કર્યું |

*છાપતાં ા િ ી ુ ૂ ે ં ' વગેરે જે નિકળી ગયાં હોય તે, અથવા ભાગી જવાથી જે ટાઈપો બરાબર વંચાતા ન હોય તે સર્વે, તેમજ જે ભૂલો સુધારવી રહી ગઈ હોય તે સર્વે, વાંચનારે પોતે કૃપા કરી સુધારી લેવી, અને અમોને જણાવશે તો તે બીજી આવૃત્તિમાં સુધારવામાં આવશે.

—૦—

## નવીન યોજના

કોઈ પણ વૈષ્ણવને **તામસસાધનપ્રકરણ** તથા વેણુગીતનાં ગુજરાતી ભાષાંતરનાં પુસ્તકો વાંચવામાટે જોઈતાં હશે, તો તેઓને કોઈ પણ જાતનું લવાજમ લીધાસિવાય તેના નોંછાવરના રૂ૦૨-૮-૦ ડીપોઝીટતરીકે લઈ ૧૫ દિવસ વાંચવામાટે ઘેર આપવામાં આવશે. તેમાં કાંઈ પણ લખાણનો ઉમેરો કે પુસ્તકને નુકશાન કર્યાસિવાય પાછાં આપવાથી ડીપોઝીટ રકમ પાછી આપવામાં આવશે. પુસ્તક મેળવવાનો વખત ૯ થી ૧૦. **પરીખ** C/o ચુનીલાલ પરીખની કું. ૪૭૮ ડંકનરોડ મુંબઈ નં.૪.

—જયશ્રીકૃષ્ણ—